અશ્લીલતાથી દૂર રહી,
સ્વચ્છતા અને સંસ્કારિતાને
અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને
વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૬-૧૦-૨૦૨૧ બુધવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૪.૫૩
પાઉન્ડ	૧૦૧.૫૦
યુરો	૮૬.૩૭
સઉદી રિયાલ	૧૯.૮૭
સોનુ (૧૦ ગ્રા.૨૪ કૅરેટ)	૪૮,૦૬૫
ચાંદી (૧ કિલો)	૬૦,૬૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૬૯ ● ૨૮ સફર હિજરી ૧૪૪૩ ● 6 OCTOBER- 2021 ● PAGES 12 ● ₹ ૫.૦૦

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોથી ભાજપ નેતાઓનું જૂઠ્ઠાણું બહાર આવ્યું

થારે ટક્કર મારી, ફોર્ચ્યુનરે કિસાનોને કચડ્યા : વીડિયોમાં ઘટસ્ફોટ

ટિકુનિયામાં માર્ગ પર જઈ રહેલા કિસાનોને એક નહીં પણ ત્રણ-ત્રણ કારો દ્વારા ટક્કર મારી હવામાં ફંગોળ્યા બાદ કચડવામાં આવ્યા હોવાનો વીડિયો વાયરલ થયો, થારમાંથી ઊતરીને ભાગી રહેલા યુવક પણ દેખાય છે

(એજન્સી) લખીમપુર ખેરી, તા.૫

લખીમપુર ખેરીના ટિકુનિયામાં કારથી લોકોને કચડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં બર્બરતા સ્પષ્ટ નજરે પડે છે. માર્ગ પર જઈ રહેલા દેખાવકારોને પાછળથી થાર કારે આવીને જોરદાર ટક્કર મારી અને બાદમાં તેની પાછળ આવી રહેલી ફોર્ચ્યુનર તેમને કચડીને પસાર થઈ ગઈ હતી. આસપાસ ઉભેલા કિસાનો આ કારોની ટક્કરથી હવામાં ફંગોળાયા હતા અને જમીન પર પટકાયા હતા. ટિકુનિયા હિંસા મામલે કેન્દ્રીય ગૃહરાજ્ય મંત્રી અજય મિશ્રા ટેની તરફથી ભલે પોતાના પુત્ર આશિષ ઉર્ફે મોનુને બચાવવાના પ્રયાસ થતાં હોય પરંતુ આ ઘટનાક્રમને લઈને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં વાસ્તવિકતા સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. આ વીડિયોએ કિસાનોના એ દાવાની પણ પુષ્ટી કરી દીધી છે જેમાં તેઓ પોતાની દરેક વાતને સાચી હોવાનો પુરાવો કહી રહ્યા છે. ટિકુનિયા હિંસાના બે વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર રીતે વાયરલ થઈ રહ્યા છે. પ્રથમ વીડિયોમાં સ્પષ્ટ રીતે દેખાય છે કે, પ્રદર્શનકારી કિસાનો હાથમાં ઝંડા લઈને માર્ગ પર પસાર થાય છે. આ દરમિયાન પાછળથી હુટર બજાવતી ત્રણ કારો પહોંચે છે. પ્રથમ થાર જીપ છે, બીજી ફોર્ચ્યુનર કાર અને ત્રીજી કોઈ અન્ય કાર છે. પૂરઝડપે આવેલી થાર જીપે પહેલાં તો કિસાનોને ટક્કર મારી અને બાદમાં તેમને કચડીને નીકળી ગઈ. કેટલાક સેકન્ડમાં જ પાછળથી આવેલી ફોર્ચ્યુનર કારે પણ માર્ગ પર પડેલા કિસાનોને કચડી નાખ્યા અને જે રોડની બાજુમાં હતા તેમને પણ હવામાં ફંગોળ્યા. કિસાનોને પ્રથમ ટક્કર મારનાર થાર જીપની પાછળ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાનો પોસ્ટર લગ્યો હતો. વાયરલ થયેલા આશરે ૩૦ સેકન્ડના વીડિયોમાં મંત્રીનો પોસ્ટર સ્પષ્ટ રીતે દેખાય છે. ટિકુનિયા હિંસામાં એક અન્ય વીડિયો પણ વાયરલ થયો છે જેમાં સડક કિનારે ઉભેલી થાર જીવમાંથી બે યુવકો બહાર નીકળી નાસી રહેલા જોવા મળે છે. આ વીડિયો કિસાનોને કચડ્યા બાદનો હોવાનું કહેવાય છે. કિસાનોને કચડવા સંબંધિત વીડિયો વિવિધ લોકો દ્વારા ટ્વિટર પર શેર કરવામાં આવી રહ્યો છે. અત્યારસુધી હજારો લોકો આ વીડિયોને રીટ્વિટ કરી ચૂક્યા છે અને લાખો લોકો આ વીડિયોને લાઈક આપી ચૂક્યા છે. તેના જવાબમાં કેટલાક લોકો કારના ગ્રાઈવરનો ફોટો પણ શેર કરી રહ્યા છે જેમાં લખ્યું છે કે, પથ્થર લાગવાથી તે ગાડી પરનું નિયંત્રણ ગુમાવી બેઠો હતો. બાદમાં એક વીડિયોમાં દેખાડાયું છે કે, જીપની પાસે જમીન પર પડેલી એક વ્યક્તિને કેટલાક લોકો ડંડાથી માર મારી રહ્યા છે.

પહેલાં કેન્દ્રીય મંત્રીના પોસ્ટરવાળી થાર જીપે કિસાનોને જોરદાર ટક્કર મારી, પછી તેની પાછળ આવતી ફોર્ચ્યુનરે નીચે પડેલા લોકોને કચડ્યા અને ત્રીજી કાર પણ લોકોને કચડીને નીકળી ગઈ

ત્રણ સોશિયલ મીડિયા એપ્સ બંધ રહેતાં ઝુકરબર્ગને 52 હજાર કરોડ રૂપિયાનું નુકસાન

ફેસબૂક, વ્હોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ ઠપ્પ થતાં માત્ર છ કલાકમાં ઝુકરબર્ગને ૭ બિલિયન ડોલરનું નુકસાન

ફેસબૂક ડાઉન થવાને પગલે કંપનીના શેરમાં ૪.૯ ટકાનો ધરખમ કડાકો બોલાયો, ૨૦૨૦ પછી આ સૌથી મોટો ઘટાડો, ઝુકરબર્ગ વૈશ્વિક અબજપતિઓની યાદીમાં ચોથા ક્રમેથી પાંચમા ક્રમે ધકેલાયા

(એજન્સી) ન્યૂયોર્ક, તા. ૫

સોશિયલ મીડિયા મુઘલ અને ફેસબૂકના સીઈઓ માર્ક ઝુકરબર્ગને ફેસબૂક, વ્હોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ વૈશ્વિક રીતે ઠપ્પ થતાં માત્ર છ કલાકમાં જ ૭ બિલિયન ડોલર એટલે કે પર હજાર કરોડ રૂપિયાનું અંગત નુકસાન થયું છે. ઝુકરબર્ગ પણ અબજોપતિઓની યાદીમાં ચોથા ક્રમેથી પાંચમા ક્રમે ધકેલાઈ ગયો હતો. સોમવાર રાતે ફેસબૂક, વ્હોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ લગભગ ૬ કલાક સુધી ડાઉન રહ્યું. આ દરમિયાન ત્રણે પ્લેટફોર્મ્સના અબજો યુઝર્સે હેરાનગતિનો સામનો કરવો પડ્યો. ટ્વિટર પર મીમ્સ અને ફરિયાદોનો ઢગલો થવા લાગ્યો. આ સમસ્યા સોમવારે રાતે લગભગ ૯:૧૫ વાગ્યે પ્રકાશમાં આવી હતી, તેની અસર અમેરિકાના બજારમાં ફેસબૂકના શેર અને માર્ક ઝુકરબર્ગની કમાણી પર પડી છે. ફેસબૂક ડાઉન થવાના કારણે કંપનીના શેરમાં ૪.૯ ટકાનો ઘટાડો આવ્યો છે. નવેમ્બર ૨૦૨૦ પછી એક દિવસમાં શેરમાં સૌથી મોટો ઘટાડો છે.

ફેસબૂકને આ કારણે રેવન્યૂમાં પણ ઘણુ નુકસાન ઊઠાવવું પડ્યું છે. ડિજિટલ એન્ડ મેનેજમેન્ટ ફર્મ સ્ટાન્ડર્ડ મીડિયા ઈન્ડેક્સના જણાવ્યા મુજબ ડાઉન થવાના કારણે ફેસબૂકને દર કલાકે ૪.૦૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જો કે, આ નુકસાન માત્ર જાહેરાતના કારણે થયું છે. નુકસાનની અસર ફેસબૂકના માલિક માર્ક ઝુકરબર્ગ પર પણ પડી છે. ઝુકરબર્ગની સંપતિ લગભગ પર હજાર કરોડ રૂપિયા ઘટી ગઈ છે. સંપત્તિમાં આ નુકસાનને કારણે બ્લુમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં ઝુકરબર્ગ ચોથા ક્રમમાંથી પાંચમા ક્રમે આવી ગયા છે. ફેસબૂક બંધ રહેવા દરમિયાન ટ્વિટર અને ટિકટોક પર આમ દિવસોની સરખામણીએ વધુ ટ્રાફિક જોવા મળ્યો. ફેસબૂકે એક બ્લોગ પોસ્ટમાં કહ્યું છે કે, એક ફોલ્ટી કન્ફિગ્રેશન ચેન્જના કારણે આ સમસ્યા આવી છે. આ કોઈપણ પ્રકારનો સાયબર એટેક કે હેકિંગનો મામલો નથી. ફેસબૂકના કર્મચારીએ રોયટર્સને નામ ન આપવાની શરતે માહિતી આપી છે કે, ઈન્ટરનલ ટ્રાફિક રાઉટિંગમાં સમસ્યા થવાના કારણે આ મુશ્કેલી આવી છે. જ્યારે ફેસબૂક ડાઉન હતું, તે સમયે કંપનીના પ્રવક્તા એન્ડી સ્ટોને ટ્વિટર પર કહ્યું હતું કે, અમે લોકોને થઈ રહેલી મુશ્કેલીના કારણે માંફી માંગીએ છીએ. અમારી એપ અને પ્રોડક્ટસને એક્સસ કરવામાં લોકોને મુશ્કેલી થઈ રહી છે. અમે ચીજોને ઝડપથી સામાન્ય કરવા માટે કામ કરી રહ્યા છે. વૈશ્વિક રીતે ત્રણેય એપ્સ બંધ રહેતાં ફેસબૂકના શેર્સમાં ભારે ઘટાડો આવ્યા બાદ ઝુકરબર્ગ બિલ ગેટ્સથી પાછળ થઈ ગયા છે. ઝુકરબર્ગે સેવા ખોટકાયા બદલ માફી પણ માંગી હતી. તેમણે મંગળવારે કહ્યું કે, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ ફરીવાર ઓનલાઈન થઈ ગયા છે. સેવા ખોટકાઈ તે બદલ માફી માંગું છું. આ જ રીતે વ્હોટ્સએપ અને ટ્વિટર હેન્ડલે પણ લોકોની માફી માંગી હતી.

પ્રિયંકાએ વીડિયો જાહેર કરી મોદીને મંત્રીની હકાલપટ્ટી નહીં કરવા બદલ પ્રશ્નો કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડરાએ મંગળવારે એક વીડિયો જાહેર કર્યો હતો. જેમાં તેમણે લખીમપુર ખેરીની હિંસામાં સંડોવાયેલા કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાની હજુ સુધી હકાલપટ્ટી નહીં કરવા બદલ અને તેમના પુત્ર આશિષ મિશ્રાની કિસાનો પર ગાડી ચઢાવી દેવા બદલ ધરપકડ નહીં કરાતા મોદી સામે અનેક સવાલો ઉભા કર્યા હતા.

હિન્દીમાં વાયરલ થયેલા વીડિયોમાં પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, મે સાંભળ્યું છે કે, આઝાદીના અમૃત મહોત્સવ માટે તમે લખનૌ આવી રહ્યાં છો, હું તમને પૂછવા માંગું છું કે, શું તમે રવિવારે કિસાનો પર ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રીના પુત્ર દ્વારા ગાડી ચઢાવી દેવાના વીડિયોને જોયો છે. તેમણે મોદીને કહ્યું હતું કે, તમારા મંત્રીમંડળના મંત્રીના પુત્ર દ્વારા જ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા નિર્દોષ ખેડૂતો પર ગાડી ચઢાવી દેવામાં આવી હતી. વિરોધ પક્ષો અને કિસાન સંગઠનોએ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના રાજીનામાની માંગ કરી હતી અને તેમના પુત્ર આશિષ મિશ્રાની હત્યાના ગુના બદલ ધરપકડ કરવાની માંગણી કરી હતી. આશિષ મિશ્રા સામે ધરતીપુત્રો પર પોતાની કાર ચઢાવી દેવાનો આરોપ છે. આ વીડિયોને જુઓ અને દેશને જણાવો કે, તમે શા માટે તે મંત્રીને હજુ સુધી મંત્રીમંડળમાંથી દૂર કર્યા નથી અને તેમના પુત્રની શા માટે હજુ ધરપકડ કરવામાં આવી નથી. બે મિનિટના આ વીડિયોમાં પ્રિયંકાએ જણાવ્યું હતું કે, મંત્રીના પુત્રની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી અને લખીમપુરના પીડિતોની મુલાકાતે જઈ રહેલા વિપક્ષના નેતાઓની ધરપકડ કરવામાં આવી રહી છે. આ હિંસા અંગે મોદી સરકારનું મૌન સ્થિતિને વધુ જટિલ બનાવે છે.

કોંગ્રેસે રવિવારે લખીમપુરમાં થયેલી હિંસાનો વીડિયો પણ વાયરલ કર્યો હતો. કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ વીડિયો શેર કરવામાં આવ્યો હતો. જો કે આ વીડિયો અંગે હજુ સુધી પોલીસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

ખેડૂતો સાથે થયેલી લખીમપુર હિંસા અંગે મોદી સરકારનું મૌન સ્થિતિને વધુ જટિલ બનાવે છે : કોંગ્રેસના નેતા પ્રિયંકા

થોમસ નામના 'હેકર'ને કારણે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વ્હોટ્સએપ ઠપ્પ થઈ ગયા

ફેસબુકના સહ-સ્થાપક અને સીઈઓ માર્ક ઝુકરબર્ગને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ ડાઉન થવાથી ઘણું સહન કરવું પડ્યું છે. ઝુકરબર્ગની નેટવર્થ ૭ અબજ ડોલર (લગભગ ૫૨,૨૧૨ કરોડ રૂપિયા) ઘટી ગઈ છે. અબજોપતિઓની યાદીમાં તે હવે એક સ્થાન નીચે સરકી ગયા છે અને બિલ ગેટ્સથી પાંચમા સ્થાને છે. અગાઉ તે ચોથા સ્થાને હતો. આ સિવાય ફેસબુકનો શેર પણ ૫ ટકા ઘટી ગયો છેસોશિયલ મીડિયાની સૌથી વધુ ઉપયોગમાં લેવાતી એપ અચાનક બંધ થવા પાછળનું કારણ સામે આવ્યું છે. સોમવારે સાંજે અચાનક ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ અને ફેસબુકના સર્વરો બંધ થઈ ગયા. આ ત્રણેય એપની સેવાઓ લગભગ છ કલાક પછી પુન સ્થાપિત કરવામાં આવી હતી. હવે માહિતી સામે આવી રહી છે કે થોમસ નામના હેકરને કારણે ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ અને ફેસબુકની સેવાઓ અટકી ગઈ હતી. જેને અમેરિકાની ગુપ્તચર સંસ્થા હ્વ્રૈં પકડશે. આની જવાબદારી એફબીઆઈ સાયબર ક્રાઈમ ઓફિસર જોન મેકક્લેનને આપવામાં આવી છે. વ્હોટ્સએપની સેવાઓ લગભગ છ કલાક સુધી બંધ રહી હતી. જેના કારણે સમગ્ર વિશ્વમાં લોકોને હાલાકી ભોગવવી પડી હતી. ફેસબુકે આ મામલે કોઈપણ પ્રકારનો ભંગ થયો હોવાનો ઈનકાર કર્યો હતો. કંપનીએ એક નિવેદનમાં કહ્યું, 'સેવાઓ સ્થગિત થવાનું મૂળ કારણ કોન્ફિગરેશનમાં ફેરફારને કારણે હતુ. સેવાઓ અટકી જવાને કારણે વપરાશકર્તાના ડેટાના ભંગના કોઈ પુરાવા નથી. અમે વિશ્વભરના લોકો અને વ્યવસાયોના વિશાળ સમુદાય પર નિર્ભર છીએ. અમે તેમની માફી માંગીએ છીએ. અમને જણાવવામાં આનંદ થાય છે કે આ સેવાઓ હવે ફરીથી ઓનલાઈન પૂર્વવત થઈ ગઈ છે. ફેસબુક ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપની માલિકી સ્વરુપની કંપની છે. જ્યારે સેવાઓ અટકી ગઈ હતી ત્યારે આઈફોન અને એન્ડ્રોઇડ બંને પર વ્હોટ્સએપ વપરાશકર્તાઓ ફોન અથવા વિડીયો કોલ કે મેસેજ કરી શક્યા ન હતા આ ત્રણેય સોશિયલ મીડિયા એપના વપરાશકર્તાઓ કોઈ મેસેજ મોકલવા કે પ્રાપ્ત કરવામાં સક્ષમ નહોતો. આ ત્રણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વપરાશકર્તાઓ લાંબા સમય સુધી એરર આવતુ હતું. સેવાઓ પુનઃ સ્થાપિત કર્યા પછી, ફેસબુકના ચીફ ટેક્નોલોજી ઓફિસર માઇક શ્રોફરે જણાવ્યું હતું કે, "ફેસબુક સેવાઓ હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. સંપૂર્ણરીતે કાર્યરત થવામાં થોડો સમય લાગી શકે છે. હું દરેક નાના અને મોટા બિઝનેસ, પરિવાર અને અમારા પર નિર્ભર દરેકની માફી માંગુ છું.

મોદીને લખીમપુરની મુલાકાત લેવા પ્રિયંકાની અપીલ : ડ્રોન દ્વારા પ્રિયંકા પર નજર રાખવામાં આવી રહી છે : કોંગ્રેસ

ખેડૂતો પર ગાડી ચઢાવી ચાર કિસાનોનાં મોત નિપજાવનારા કેન્દ્રીય મંત્રીના પુત્રની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી જ્યારે પીડિતોની મુલાકાતે જઈ રહેલા વિપક્ષના નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી છે, આ કેવો ન્યાય છે ? : પ્રિયંકા ગાંધી

મોદીએ લખીમપુરના પીડિતોની મુલાકાત લઈ તેમની પીડા સમજવી જોઈએ કેમ કે, ખેડૂતો દેશને અનાજ પૂરું પાડે છે અને તેમની સંતાનો સરહદ પર દેશ માટે લડે છે : પ્રિયંકા ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

લખીમપુર ખેરીની મુલાકાત લેવાનો પ્રયાસ કરવા બદલ અંતે ઉત્તરપ્રદેશ પોલીસે અટકાયતના લગભગ ૩૪ કલાક બાદ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડરાની ધરપકડ કરી હતી. રવિવારે થયેલી હિંસામાં માર્યા ગયેલા ચાર ખેડૂતોના પરિવારોની ખબર પૂછવા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી લખીમપુર ખેરી માટે રવાના થયા હતા. પણ તેમને રસ્તામાં જ અટકાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસે તેમની અટકાયત કરી હતી અને હવે શાંતિ ભંગ કરવાના ગુના બદલ તેમની ધરપકડ કરવામાં આવી છે. દરમ્યાન મંગળવારે પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી કે, એક વીડિયો શેર કરી પ્રિયંકા ગાંધીએ મોદીને લખીમપુરની મુલાકાત લેવા કહ્યું હતું. આ વીડિયોમાં પ્રિયંકાએ મોદીને પ્રશ્ન પણ કર્યો હતો કે, શું તેમણે રવિવારે કિસાનો પર ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રીના પુત્ર દ્વારા ગાડી ચઢાવી દેવાના વીડિયોને જોયો છે. તેમણે મોદીને કહ્યું હતું કે, તમારા મંત્રીમંડળના મંત્રીના પુત્ર દ્વારા જ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા નિર્દોષ ખેડૂતો પર ગાડી ચઢાવી દેવામાં આવી હતી. વિરોધ પક્ષો અને કિસાન સંગઠનોએ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના રાજીનામાની માંગ કરી હતી અને તેમના પુત્ર આશિષ મિશ્રાની હત્યાના ગુના બદલ ધરપકડ કરવાની માંગણી કરી હતી. આશિષ મિશ્રા સામે ધરતીપુત્રો પર પોતાની કાર ચઢાવી દેવાનો આરોપ છે.

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, ખેડૂતો પર ગાડી ચઢાવી ચાર કિસાનોના મોત નિપજાવનારા કેન્દ્રીય મંત્રીના પુત્રની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી જ્યારે પીડિતોની મુલાકાતે જઈ રહેલા વિપક્ષના નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી છે, આ કેવો ન્યાય છે? ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે લખનૌ ગયેલા મોદીને પ્રિયંકાએ યાદ અપાવ્યું હતું કે, હવે ખેડૂતો આઝાદી માટે લડી રહ્યાં છે અને તેમના પુત્રો સરહદ પર દેશ માટે લડી રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે, મોદીએ લખીમપુરના પીડિતોની મુલાકાત લઈ તેમની પીડાને સમજવી જોઈએ. જેઓ દેશને અનાજ પૂરૂં પાડે છે. તેમને રક્ષણ આપવાની જવાબદારી આપણી છે. દરમ્યાન કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, પ્રિયંકા ગાંધીની હિલચાલ પર નજર રાખવા ડ્રોનનો આશરો લેવામાં આવ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેષ બઘેલે પ્રિયંકા પર નજર રાખતાં ડ્રોનનો વીડિયો પણ શેર કર્યો હતો. તેમણે સાથે સવાલ કર્યો હતો કે, આ ડ્રોન કોની દ્વારા છોડવામાં આવ્યું છે અને કોની સંમતિમાંથી ડ્રોન છોડવામાં આવ્યું છે.

લખીમપુર હિંસા : રાજકીય પતન ૨૦૨૨ની ચૂંટણીમાં તરાઈમાં ભાજપ માટે માઠી અસર પડી શકે છે

(એજન્સી) લખનૌ, તા.૫

૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં જ ભાજપ પર હુમલો કરવા માટે લખીમપુર હિંસાએ વિપક્ષને ખૂબ જ જરૂરી દારૂગોળો આપ્યો છે. બીજી બાજુ, શાસક પક્ષ સંભવિત લાંબા સમય સુધી વિરોધની જ્વાળાઓ કાબૂમાં લેવાના પ્રયાસો કરી રહ્યું છે તેમ છતાં કેટલીક ચિંતા અનુભવી રહ્યો છે. લખીમપુર ખેરી યુપીના તરાઈ ક્ષેત્રનો સૌથી મોટો જિલ્લો છે, જે શીખ ખેડૂતોના સમુદાયનું વર્ચસ્વ ધરાવે છે જે પાકિસ્તાનથી આવ્યા બાદ ત્યાં સ્થાયી થયા હતા. જિલ્લામાં આઠ વિધાનસભા ક્ષેત્રો છે જે તમામને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભગવા લહેર હેઠળ ભાજપ દ્વારા જીતવામાં આવી હતી. જો કે, ૨૦૧૨ની ચૂંટણીમાં ભાજપ માત્ર એક સીટ જીતવામાં સફળ રહ્યું હતું. શીખો સિવાય, ખેરીના અન્ય પ્રભુત્વ ધરાવતા સમુદાયોમાં ઉચ્ચ જાતિના બ્રાહ્મણો, ઓબીસીમાં કુર્મીઓ અને મુસ્લિમોનો સમાવેશ થાય છે. લખીમપુર ખેરી મુખ્યત્વે શેરડીની ખેતી માટે જાણીતું છે. રવિવારની હિંસા બાદ, જ્યારે ૨૦૨૨ની ચૂંટણીમાં વિપક્ષો રાજ્ય સરકાર પર રાજકીય હુમલો કરવા માટે પોતાના પ્રયાસો કરી રહ્યા છે, ત્યારે બીજેપીને એ ડર છે કે, પીલીભીત જેવા નજીકના જિલ્લાઓમાં તેની અસર દેખાશે, જેમાં શાહજહાંપુર, હરદોઈ, સીતાપુર અને બહરાઈચ સામેલ છે, જ્યાં પાર્ટીએ ૨૦૧૭ની ચૂંટણીમાં છ જિલ્લાઓમાં ૪૨માંથી ૩૭ બેઠકો જીતીને મોટો ફાયદો મેળવ્યો હતો. ભાજપના પીલીભીત સાંસદ વરૂણ ગાંધીના પત્રો અને ખેડૂત તરફી ટ્વિટ્સ તેનો ઘણો ખુલાસો કરે છે કારણ કે, ગાંધી વંશ એવા ખેડૂતોને વિરોધી બનાવવા માંગતા નથી કે જેઓ તેમની વોટ બેંકનો મોટો હિસ્સો છે. જો કે, ભાજપના એક વરિષ્ઠ નેતાનું માનવું છે કે, રાજ્ય સરકારે વિરોધ કરી રહેલા ખેડૂતોને સફળતાપૂર્વક શાંત કર્યા હતા અને હિંસા બાદ પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. તેમનો દાવો છે કે, ભાજપે રાજ્યમાં ખેડૂતોના કલ્યાણ માટે ઘણું કામ કર્યું છે. ૨૦૧૭માં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનમાં હતા. સપાએ માત્ર ચાર બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ખાતું ખોલાવ્યું ન હતું. બસપા તેરાઈ પ્રદેશમાંથી માત્ર એક બેઠક જીતવામાં સફળ રહી હતી. અજય મિશ્રા, જેમના પુત્રની આ હિંસામાં અને ખેડૂતોના મૃત્યુમાં ભૂમિકા હોવાનું માનવામાં આવે છે, તેમણે ભાજપ માટે નિગાસન વિધાનસભા બેઠક પરથી બેઠક જીતી હતી, આ ઘટના રવિવારે આ સ્થાને બની હતી. ૧૯૯૩થી ભાજપ ત્રણ વખત આ વિધાનસભા બેઠક જીતી ચૂક્યું છે. ૨૦૦૭માં અજય મિશ્રા આ બેઠક પરથી ચૂંટણી હારી ગયા હતા. વધુમાં લખીમપુર ખેરીમાં ભાજપનો મત હિસ્સો પણ ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૭માં નોંધપાત્ર રીતે વધ્યો હતો. આ ઉપરાંત તમામ આઠ બેઠકો જીતીને પાલિયા વિધાનસભા ક્ષેત્રમાં ૨૦૧૨માં ૧૧%ની સરખામણીમાં ભાજપે ૫૧% મત નોંધાવ્યા હતા, ગોલા ગોરકરનાથમાં ૩.૯%ની સરખામણીમાં ૪૯%, ધૌરાહરામાં ૫.૮%ની સરખામણીમાં ૩૬% અને અનામત બેઠક કસ્તામાં ૫.૮%ની સરખામણીમાં ૪૪% મતની ટકાવારી નોંધાવી હતી.

લખીમપુર ખેરી : શરદ પવારે કહ્યું ભાજપે ભારે કિમંત ચૂકવવી પડશે

(એજન્સી) તા.૫

એનસીપી સુપ્રીમો શરદ પવારે મંગળવારે ભાજપને ચેતવણી આપી હતી કે તેને લખીમપુર ખેરી ઘટનાની ભારે કિમંત ચૂકવવી પડશે અને ભારપૂર્વક કહ્યું કે સમગ્ર વિપક્ષ ખેડૂતોની સાથે છે. આ હિંસાને ખેડૂતો પર હુમલો ગણાવતા પૂર્વ કેન્દ્રીય કૃષિ મંત્રી પવારે કહ્યું કે તેની જવાબદારી કેન્દ્ર અને ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકારની છે, આ ઘટનાને પગલે લોકો તેમને તેમની જગ્યા બતાવશે. આ વર્તમાન સરકાર ભલે કેન્દ્રમાં હોય કે ઉત્તરપ્રદેશમાં તેઓ કોઈપણ સ્થાને બિલકુલ સંવેદનશીલ નથી. જલિયાવાલા બાગમાં જે પ્રકારની પરિસ્થિતિ સર્જાઈ હતી તેવી જ સ્થિતિ અમે ઉત્તરપ્રદેશમાં પણ જોઈ રહ્યા છીએ. આજે કે કાલે, તેઓએ તેની ભારે કિમંત ચૂકવવી પડશે. ઘટનામાં ખેડૂતોના થયેલ મૃત્યુ પર શરદપવારે દુઃખ વ્યક્ત કર્યું હતું અને ખાતરી આપી હતી કે સમગ્ર વિપક્ષ તેમની સાથે છે અને ટૂંક સમયમાં આ અંગે ભવિષ્યની કાર્યવાહી પર નિર્ણય લેશે. તેમણે સુપ્રીમ કોર્ટના સીટિંગ જજ દ્વારા તપાસની માંગણી પણ કરી હતી. હું તેમને માત્ર એટલું જ કહેવા માંગુ છું કે તેઓ ખેડૂતોનો અવાજ દબાવવામાં સફળ નહી થાય. આખા દેશના ખેડૂતો એકજૂટ છે અને સરકારમાં બેઠેલા લોકો દ્વારા સત્તાના આ દુરુપયોગ સામે લડશે. પવારે ભાજપ સરકાર પર અસંવેદનશીલ હોવાનો આરોપ લગાવ્યો હતો અને આકરા પ્રહાર કરતા કહ્યું કે તેમણે ખેડૂતોના મૃત્યુના મલાજો ના રાખતા તેમને સાંત્વના પણ આપી નથી. આ સિવાય તેમણે સાંસદો અને મુખ્યમંત્રીઓ સહિતના વિપક્ષી નેતાઓને લખીમપુર ખેરીની મુલાકાત લેવાથી રોકવા માટે યુપી સરકારની ઝાટકણી કાઢી હતી. તેમણે એમ પણ આક્ષેપ કર્યો કે લોકશાહીમાં તેમના મૂળભૂત અધિકારોની હત્યા કરવા જેવું છે. આ એક કે બે દિવસ માટે કરી શકાય છે પરંતુ લાંબા ગાળે તેઓ આમ કરવામાં સફળ થશે નહી. લોકો તેમને તેમનું સ્થાન બતાવશે. આ મુદ્દે વિપક્ષ એકજૂટ છે તેવું પવારે કહ્યું. શિવસેના નેતા સંજય રાઉતે પણ મંગળવારે રાજકીય પક્ષો દ્વારા આ જુલમ સામે સંયુક્ત કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. શિવસેના અને કોંગ્રેસ, એનસીપી સાથે મળીને સેનાએ ૨૦૧૯માં ભાજપના નેતૃત્વવાળી એનડીએ ગઠબંધન છોડયા પછી મહારાષ્ટ્રમાં સંયુક્ત રીતે મહાવિકાસ આઘાડી સરકાર ચલાવે છે. લખમીપુર ખેરી હિંસાએ દેશને હચમચાવી દીધા છે, ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા પ્રિયંકા ગાંધીની ધરપકડ તે બતાવે છે કે વિપક્ષી નેતાઓ ખેડૂતોને મળવા માટે પ્રતિબંધિત છે. યુપીમાં સરકાર દ્વારા દમન સામે સંયુક્ત વિપક્ષી કાર્યવાહીની જરૂર છે. રાઉતે ટ્વિટમાં કહ્યું. રવિવારે ખેડૂતોના વિરોધ દરમિયાન હિંસા ફાટી નીકળતા આઠ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં ચાર ખેડૂત હતા જે કથિત રીતે ભાજપના કાર્યકરો દ્વારા ચલાવવામાં આવેલ વાહનો દ્વારા અડફેટે આવ્યા હતા. આ બનાવને પગલે પ્રદર્શનકારીઓએ અન્ય વાહનોમાંથી કાર્યકરોને બહાર કાઢી મારા માર્યા હતા. યુપી પોલીસે કેન્દ્રીયમંત્રી અજય મિશ્રાના પુત્ર સામે કેસ દાખલ કર્યો છે પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

'પૂર્વયોજિત હત્યા' : ખેડૂતોએ લખીમપુર ખેરીમાં હત્યા માટે કેન્દ્રીય મંત્રી અને તેમના પુત્રને જવાબદાર ગણાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીની ઘટના બાદ વિરોધ પ્રદર્શનમાં 'અમર શહીદોં કા બલિદાન, યાદ રખેગા હિંદુસ્તાન' નારા લાગ્યા હતા. મૃતકોના પરિવારે તેમને શહીદ ગણાવ્યા હતા. રાજિન્દર કૌર પોતાના પ્રિય ૨૦ વર્ષના ભાઈ ગુરવિંદર સિંહ માટે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ઘટનામાં મૃત્યુ પામેલા ચારેય કિસાનો શીખ હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા લગભગ એક વર્ષથી ખેડૂતો મોદી સરકાર દ્વારા લવાયેલા ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. લોકોએ આરોપ પણ લગાવ્યો હતો કે, ઘટના બાદ નાયબ મુખ્યમંત્રી મૌર્ય ઘટનાસ્થળે આવ્યા ન હતા અને રૂટ ચેન્જ કરી લીધો હતો. કિસાનોએ એવો આરોપ લગાવ્યો હતો કે, અમે પરત જઈ રહ્યા હતા ત્યારે જ એક એસયુવી કાર પૂરઝડપે આવી હતી અને લોકોને બેરહેમીથી કચડી નાખ્યા હતા.તાજેતરમાં જ ઈંગ્લીશ લેન્ગવેજની ટેસ્ટ પાસ કર્યા બાદ ઓસ્ટ્રેલિયા જવાની તૈયારી કરતો ૧૯ વર્ષનો લવપ્રીતસિંહ ઘટનામાં મોતને ભેટ્યો હતો. વિદેશમાં જઈ તે પોતાના પરિવારને ખુશ કરવા માગતો હતો. ઘટનાને નજરે જોનારા કરનજીતસિહે કહ્યું કે, દેખાવકારો પર કાર ચડાવાયા બાદ લોકો કારમાં બેઠેલા યુવક પાછળ દોડ્યા હતા. ઘટના બાદ ખરેખર લોકોનો ગુસ્સો કાબુમાં ન હતો. આ આક્રોશને બંને વાહનોને સળગાવી દેવાયા તેના પરથી જ અંદાજ લગાવી શકાય છે.વાહનોમાં બેઠેલા ત્રણ લોકોની ત્યાં જ હત્યા કરી દેવાઈ હતી. કારમાં બેઠેલી ચોથી વ્યક્તિ મંત્રી અજય મિશ્રાનો ડ્રાઈવર હોવાનું કહેવાય છે. અહેવાલ અનુસાર કાફલામાંથી એકકા હંકારી રહેલો મંત્રીનો પુત્ર આશિષ હતો અને તેણે ભાગવાનો રસ્તો ના મળતાં ગુરવિંદર સિંહના માથામાં ગોળી મારી હતી. આ ઘટના હથિયારધારી પોલીસની હાજરીમાં બની હતી. પરગટસિંહે આરોપ લગાવ્યો હતો કે, અમારા યુવકને ગોળી માર્યા બાદ તે હવામાં ફાયરિંગ કરવા લાગ્યો અને તેની પાછળ પોલીસે પણ આવું જ કર્યું. પરંતુ તેની કાર શેરડીના ખેતરમાં ધસી ગઈ હતી. મૃતકોના પરિવારોએ મંત્રી અને તેમના પુત્રને સજાની માગણી કરી છે.

લખીમપુર ખેરીની ઘટના અંગે સંજય રાઉતે રાહુલ ગાંધીની મુલાકાત લીધી, પૂછ્યું- શા માટે પ્રિયંકા જેલમાં છે અને મંત્રી મુક્ત ફરી રહ્યા છે ?

ખેડૂતોની હત્યા બદલ ભાજપે ભારે કિંમત ચૂકવવી પડશે, સમગ્ર વિપક્ષ કિસાનો સાથે છે : શરદ પવાર

(એજન્સી) લખીમપુર ખેરી, તા.૫

ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીની કરૂણ ઘટનામાં ચાર કિસાનો સહિત આઠ લોકોનાં મોત બાદ તમામ વિપક્ષી દળોએ કેન્દ્રની મોદી સરકાર સામે અવાજ ઉઠાવ્યો છે. શિવસેનાના નેતા સંજય રાઉતે આ દરમિયાન નવી દિલ્હીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી સાથે મુલાકાત પહેલાં તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, ''પ્રિયંકા ગાંધીની ધરપકડ થઇ છે તેથી રાહુલ ગાંધીને મળવું જરૂરી છે. જો કાયદોબધા માટે સરખો હોય તો શા માટે પ્રિયંકા ગાંધી જેલમાં છે અને મંત્રી મુક્ત રીતે ફરી રહ્યા છે ?'' આરએલડી પ્રમુખ જયંત ચૌધરીએ આરોપ લગાવ્યો કે, યોગી સરકાર સત્યનો અવાજ દબાવવાનો પ્રયાસ કરે છે. યોગી સરકારે મંગળવારે પ્રિયંકા ગાંધીની ધરપકડ કરીને તેમની સામે શાંતિ ડહોળવાનો આરોપ લગાવ્યો હતો. પ્રિયંકા ગાંધીએ પોતાના ટ્વિટમાં લખ્યું કે, વડાપ્રધાન મોદી લખીમપુર ખેરીની મુલાકાત નથી લઈ રહ્યા. આ દરમિયાન આમ આદમી પાર્ટી સહિત તમામ વિપક્ષોએ પ્રિયંકાની ધરપકડનો વિરોધ કર્યો છે. એનસીપીના પ્રમુખ શરદ પવારે ચેતવણી આપી છે કે, આ ઘટના માટે ભાજપે ભારે કિંમત ચૂકવવી પડશે અને ભારપૂર્વક કહ્યું હતું કે, સમગ્ર વિપક્ષ ખેડૂતોની સાથે છે. પવારે કહ્યું આ ઘટના ખેડૂતો પર હુમલો છે અને આની તમામ જવાબદારી કેન્દ્ર તથા યુપી સરકારની છે. હવે લોકો તેમને તેમનું સ્થાન દેખાડશે.

લખીમપુર ખેરી હિંસાની તપાસ સીબીઆઈ દ્વારા થવી જોઈએ : વકીલોએ ચીફ જસ્ટિસને પત્ર લખ્યો

(એજન્સી) લખનઉ, તા.૫

વકીલોએ ભારતના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખ્યો છે કે, લખીમપુર ખેરીમાં બનેલી ઘટનાઓ, જ્યાં ખેડૂતોને કેન્દ્રીય મંત્રીના પુત્ર દ્વારા ચલાવવામાં આવતી કાર દ્વારા કથિત રીતે કચડી નાખવામાં આવ્યા હતા, તેની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ દ્વારા તપાસ થવી જોઈએ.

આ વાર્તાના ટોચના ૧૦ મુદ્દાઓ.

૧. લખીમપુર ખેરી ખાતેની ઘટનાઓ, જ્યાં ખેડૂતોને કેન્દ્રીય મંત્રીના પુત્ર દ્વારા ચલાવવામાં આવતી કાર દ્વારા કથિત રીતે કચડી નાખવામાં આવ્યા હતા, તેની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ દ્વારા તપાસ થવી જોઈએ, એવું જણાવતા વકીલોએ ભારતના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખ્યો છે.
૨. એક અરજીમાં ઉત્તરપ્રદેશના વકીલોએ મુખ્ય ન્યાયાધીશ એન વી રમનાને રવિવારે બનેલી ઘટનામાં સામેલ મંત્રીઓ વિરૂદ્ધ પ્રથમ માહિતી અહેવાલ દાખલ કરવા અને સજાની ખાતરી કરવા ગૃહ મંત્રાલયને નિર્દેશ આપવા જણાવ્યું હતું.
૩. મૃત્યુ પામેલા ત્રણ ખેડૂતોના પરિવારોએ ખેડૂત નેતા રાકેશ ટીકાઈત અને રાજ્ય પોલીસ વચ્ચે કલાકોની વાટાઘાટો બાદ મૃતદેહોના અગ્નિસંસ્કાર કર્યા હતા. કથિત રીતે બંદૂકની ગોળીથી મૃત્યુ પામેલા ચોથા ખેડૂતનો મૃતદેહ બીજા પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવે તેવી શક્યતા છે, જો કે ખેડૂત નેતાઓએ દિલ્હીની હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવવાનો આગ્રહ રાખ્યો હતો.
૪. અહેવાલો સૂચવે છે કે તમામ આઠ મૃતદેહોના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મૃત્યુ ઈજાઓ અને મગજ રક્તસ્રાવને કારણે થયું છે.
૫. ૧૯ વર્ષના લવપ્રીતના પિતા સતનામ સિંહે અંતિમ સંસ્કારના થોડા સમય પહેલા કહ્યું હતું કે "મારા પુત્રને કાર નીચે કચડી નાખવામાં આવ્યો હતો ... તેઓએ જવાબદાર વ્યક્તિ સામે કોઈ કાર્યવાહી કરી નથી. વહીવટ આ ઘટનાને દબાવી દેવાનો પ્રયાસ કરી રહ્યો છે,".
૬. કોંગ્રેસની નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા, જેમની ગઈ કાલે ઉત્તરપ્રદેશ પોલીસે લખીમપુર ખેરી જતી વખતે ધરપકડ કરી હતી, તેમણે ટ્વીટ કર્યું છે કે: "સરકારના એવા દાવાઓ કે મૃત ખેડૂતોના પરિવારજનો અત્યાર સુધી કરેલી કાર્યવાહીથી સંતુષ્ટ છે" એ સરકાર માટે શરમજનક વાત છે.
૭. શ્રીમતી ગાંધી વાડ્રા અને પક્ષના સાથી દીપેન્દ્ર સિંહ હુડા, હજુ પણ કસ્ટડીમાં છે અને આરોપ છે કે તેમને ગેરકાયદેસર રીતે રાખવામાં આવી રહ્યા છે. દીપેન્દર હુડા અને અજય કુમાર લલ્લુ સામે અટકાયત સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.
૮. કેન્દ્રીય મંત્રી અજય મિશ્રા અને તેમના પુત્ર આશિષ મિશ્રા - જેમના પર હત્યાનો આરોપ છે - તેઓએ રવિવારે સ્થળ પર પોતાના હોવાની વાતને નકારી છે. બંનેએ કહ્યું છે કે તેઓ નાયબ મુખ્યમંત્રી કેશવ મૌર્ય સાથે એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા.
૯. એક વીડિયોમાં, જેમાં દેખીતી રીતે એક એસયુવી વિરોધીઓની ભીડમાં ઘૂસી ગઈ હતી અને તેમાંથી ઘણા લોકોને કચડી નાખ્યા હતા તે ક્ષણ કેદ કરવામાં આવી છે, અને સોશિયલ મીડિયામાં આ વિડીયો વાઈરલ થઈ રહ્યો છે. ઘણા વિપક્ષી નેતાઓ ઉપરાંત, ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ પણ ટ્વિટ કર્યું હતું કે, આ ઘટના "આત્માને હચમચાવી દે છે".
૧૦. આજે પણ, રાજ્ય પોલીસે રવિવારની હિંસાના ગ્રાઉન્ડ ઝીરોની મુલાકાત લેતા વિપક્ષી નેતાઓને રોક્યા હતા. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશબહેલને લખનઉ એરપોર્ટની બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

હિંદુત્વવાદી વિચારધારા ધરાવતા શખ્સોએ મધ્યપ્રદેશની દરગાહમાં તોડફોડ કરી વ્યવસ્થાપક સહિત મુલાકાતીઓ સાથે મારપીટ કરી લૂંટ ચલાવી

(એજન્સી) તા.૫

જમણેરી વિચારધારા ધરાવતા લગભગ ૨ જેટલા શખ્સોએ મધ્યપ્રદેશના નિમચ જિલ્લામાં આવેલી એક દરગાહમાં તોડફોડ કરી હતી અને ત્યાંના વ્યવસ્થાસ્થાપક સહિત ત્રણ લોકો સાથે મારપીટ કરી લૂંટ ચલાવી હતી. આ હુમલાખોરોએ ત્યાં ધમકીભર્યો એક પત્ર પણ છોડયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે જો આ દરગાહનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું તો આસપાસના વિસ્તારમાં વસતા મુસ્લિમોને મારી નાખવામાં આવશે. તેમણે પત્રમાં આ દાવો પણ કર્યો હતો કે દરગાહમાં ધર્માતરણની પ્રવૃતિ ચાલી રહી છે. આ પત્રમાં કહેવામાં આવ્યું હતું કે, જો હિન્દુઓ આ દરગાહમાં જશે તો અમે મુસ્લિમોને લક્ષ્યાંક બનાવીશું. દરગાહના વ્યવસ્થાસ્થાપક નુરશાહે જણાવ્યું હતું કે હુમલાખોરોએ દરગાહને વિસ્ફોટકો વડે ધ્વસ્ત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસે આ ઘટના અંગે એફઆઈઆર દાખલ કરી છે. નિમચના એસ.પી. સુરજકુમાર વર્માએ કહ્યું હતું કે વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ બોલાવવામાં આવી હતી જો કે વિસ્ફોટકો અંગે ચોક્કસ ખાતરી થઈ નથી. અમે નમુના ફોરેન્સિક તપાસ માટે મોકલ્યા છે.

તે 'સાચી કોંગ્રેસી' છે હાર નહીં સ્વીકારે : બહેન પ્રિયંકા ગાંધીની અટકાયત પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી,તા.૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હિંસાગ્રસ્ત લખીનપુર ખેરી તરફ જઈ રહેલા કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીની અટકાયત પછી મંગળવારે ટવીટ કર્યું હતું કે તેમની બહેન નિડર અન સાચી કોંગ્રેસી છે જે હાર નહીં સ્વીકારે તેમણે આ પણ કહ્યું હતું કે આ સત્યાગ્રહ બંધ નહી થાય રાહુલ ગાંધીએ #Farmers Protestનો ઉપયોગ કરી ટવીટ કર્યું હતું કે જેને કસ્ટડીમાં રાખવામાં આવી છે. જે એક નીડર અને ાસચી કોંગ્રેસી છે તે હાર નહીં સ્વીકારે આ સત્યાગ્રહ નહીં રોકાય નોંધનીય છે કે લખીનપુર ખેરીમાં હિંસા ફાટી નીકળ્યા પછી ખેડૂતોને સમર્થન આપવા માટે જઈ રહેલા પ્રિયંકા ગાંધીની સીતાપુર ખાતે અટકાયત કરવામાં આવી હતી.

આજે રાહુલ ગાંધી યુપીના લખીમપુરમાં પીડિત ખેડૂત પરિવારો સાથે મુલાકાત કરશે

પ્રિયંકાની ધરપકડ વચ્ચે કોંગ્રેસની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી બુધવારે ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં રવિવારે થયેલી હિંસાના પીડિત ખેડૂત પરિવારો સાથે મુલાકાત કરશે. ઉત્તરપ્રદેશની સરકાર વિપક્ષના નેતાઓને પીડિત પરિવારોથી મળવાથી અટકાવી રહી છે તેમજ રાહુલ ગાંધીની બહેન અને કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ પીડિત પરિવારોને મળવાનો પ્રયાસ કરતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી, તે વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ જાહેરાત કરી હતી કે, બુધવારે રાહુલ ગાંધી હિંસા પીડિત ખેડૂત પરિવારોની મુલાકાત લેશે. બીજી તરફ ઉત્તરપ્રદેશના સીતાપુરમાં હરગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદને આધારે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સામે પ્રતિબંધાત્મક આદેશોનું ઉલ્લંઘન કરવા મામલે પણ કાર્યવાહી કરાઈ હતી. હરગાંવ પોલીસ સ્ટેશનના એસએચઓના જણાવ્યા અનુસાર, ૧૧ લોકો સામે શાંતિ ભંગ કરવાના આરોપ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમની સામે ફરિયાદ કરવામાં આવી છે તેમાં પ્રિયંકા ગાંધી વાડરા, દિપેન્દ્ર હૂડા અને અજ્યકુમાર લલ્લુનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, પ્રિયંકા ગાંધીની હિલચાલ પર નજર રાખવા ડ્રોનનો આશરો લેવામાં આવ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેષ બઘેલે પ્રિયંકા પર નજર રાખતાં ડ્રોનનો વીડિયો પણ શેર કર્યો હતો. તેમણે સાથે સવાલ કર્યો હતો કે, આ ડ્રોન કોની દ્વારા છોડવામાં આવ્યું છે અને કોની સંમતિમાંથી ડ્રોન છોડવામાં આવ્યું છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે, પ્રિયંકાને ૩૦ કલાકથી ગેરકાયેદસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા છે.

મંત્રીના પુત્રની ધરપકડ કરો, પ્રિયંકા ગાંધીને મુક્ત કરો સિદ્ધુએ લખીમપુર ખેરી તરફ કૂચ કરવાની ધમકી આપી

(એજન્સી) તા.૫

પંજાબ કોંગ્રેસના પૂર્વ વડા નવજોતસિંહ સિદ્ધુએ મંગળવારે ધમકી આપી હતી કે, જો રવિવારના હિંસા કેસના આરોપીઓની ધરપકડ નહીં થાય અને યુપી સરકાર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાને છોડશે નહીં તો તેઓ અન્ય પાર્ટી કાર્યકરો સાથે લખીમપુર ખેરી તરફ કૂચ કરશે. સિદ્ધુએ કહ્યું છે કે, જો કાલ સુધીમાં ખેડૂતોની ક્રૂર હત્યાના કથિત આરોપી કેન્દ્રીય મંત્રીના પુત્રની ધરપકડ નહીં થાય અને અમારા નેતા પ્રિયંકા ગાંધી ગેરકાયદેસર રીતે ધરપકડ કરવામાં આવી છે જેઓ ખેડૂતો માટે લડી રહ્યા છે તેઓને છોડવામાં નહીં આવે તો પંજાબ કોંગ્રેસ લખીમપુર ખેરી તરફ કૂચ કરશે. સિદ્ધુ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ટેનીનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમના પુત્ર આશિષ મિશ્રા પર રવિવારે ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં ચાર પ્રદર્શનકારીઓને કચડી નાખવાનો આરોપ છે. જો કે, મંત્રી અને તેમના પુત્રએ આ આરોપને નકાર્યા છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાની સોમવારે અટકાયત કરવામાં આવી હતી અને લખીમપુર ખેરીની મુલાકાત લેવાના પ્રતિબંધિત આદેશોનો ભંગ કરવા બદલ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. તેણી પર કલમ ૧૫૧ (જ્ઞાનાત્મક ગુનાઓને અટકાવવા માટે ધરપકડ) અને ૧૦૭ (અન્ય કેસોમાં શાંતિ જાળવવા માટે સુરક્ષા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. કોંગ્રેસના અન્ય ધારાસભ્યો સાથે નવજોતસિંહ સિદ્ધુની સોમવારે ચંદીગઢમાં રાજભવન બહાર વિરોધ પ્રદર્શન કર્યા બાદ અટકાયત કરવામાં આવી હતી. બાદમાં તેને સારંગપુર પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

પંજાબના મુખ્યમંત્રી ચન્નીએ લખીમપુર ખેરીની ઘટના મુદ્દે ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી

(એજન્સી) તા.૫

પંજાબના મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્નીએ મંગળવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે કહ્યું હતું કે, આ બેઠક દરમ્યાન મેં ગૃહમંત્રી સમક્ષ લખીમપુર ખેરીની હિસાનો મુદ્દો ઊઠાવ્યો હતો. જે યુપીમાં થયું તે અમે સાંખી નહીં લઈએ. તેમણે કેન્દ્રીય ગૃહમંત્રીને નવા કૃષિ કાયદાઓ પરત ખેંચવાની પણ અપીલ કરી હતી. આ બેઠક દરમ્યાન કરતારપુર કોરિડોર અંગે પણ ચર્ચા થઈ હતી.

'કારમાં મંત્રી અજય મિશ્રાનો દીકરો જ હતો' : ઘાયલ કિસાનનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં હિંસા દરમિયાન ચાર ખેડૂતો સહિત આઠ લોકોનાં મોતના બે દિવસ બાદ એક ઘાયલ દેખાવકારે આરોપ લગાવ્યો છે કે, કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાનો પુત્ર આશિષ જ કિસાનોને કચડનારી કારને ચલાવી રહ્યો હતો. મેદાન્તા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા તેજિન્દર વિર્કે કહ્યું કે, એ કમનસીબ બાબત છે કે, ઘટનાના ૭૨ કલાક બાદ પણ આ વ્યક્તિની ધરપકડ નથી થઈ. વિર્ક કાર્યક્રમ માટે વિસ્તારની મુલાકાત લેનારા કેન્દ્રીય મંત્રી વિરૂદ્ધ રવિવારે પ્રદર્શન કરવાની યોજના ઘડી હતી. ગંભીર ઈજાની સારવાર લઈ રહેલા વિર્કે જણાવ્યું કે, આ અમારી હત્યા કરવાનું ષડ્યંત્ર હતું. અજય મિશ્રાએ એક દિવસ પહેલાં જ નિવેદન આપ્યું હતું કે, માત્ર લખીમપુર જ નહીં આખા ઉત્તરપ્રદેશમાં કિસાનોને ઘૂસવા દેશે નહીં. અમે આ નિવેદનનો વિરોધ કરી રહ્યા હતા. અમે પોલીસ અને વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં હતા. તેમને કાળા વાવટા દેખાડવા અમે એક લાઈનમાં ઊભા હતા. અમને બપોરે ત્રણ વાગે કહેવાયું કે તેમનો રૂટ બદલાઈ ગયો છે. અમે શાંતિપૂર્ણ રીતે પરત ફરી રહ્યા હતા. અચાનક પાછળથી પૂરઝડપે આવતી કારે અમને ઉડાવી દીધા. કાર ૧૦૦ કિ.મી. પ્રતિકલાકથી પણ વધુ ઝડપથી દોડી રહી હતી. તેમણે ઈરાદાપૂર્વક કચડ્યા હતા. અજય મિશ્રાનો પુત્ર અને તેના લોકો કારમાં જ હતા. ત્યારબાદ હું બેભાન થઈ ગયો હતો. વિર્કે કહ્યું કે, ગુસ્સે ભરાયેલા ટોળાએ બાદમાં કાફલા પર હુમલો કર્યો હતો. અમારા લોકોએ તેમનામાંથી કેટલાકને બચાવ્યા અને પોલીસને સોંપ્યા હતા. વિર્કે માંગ કરી હતી કે, કેન્દ્રીય મંત્રીની હકાલપટ્ટી કરવામાં આવે. હું જુબાની આપવા તૈયાર છું. યોગી આદિત્યનાથ સરકાર હુમલાખોરોને મદદ કરી રહી છે. એક ખેડૂત સિમરનજીતસિંહે કહ્યું કે, કારના કાફલામાં પૂરઝડપે જઈ રહેલા લોકો ફાયરિંગ કરતાં અને નાસી જતાં જોયા છે. પરંતુ તેણે કહ્યું કે, એસયુવી કાર કોણ હંકારી રહ્યું હતું તે જોઈ શક્યો નહીં. મંત્રીના કાફલાને કાળા વાવટા દેખાડવાનુ રદ થવાની ત્રણ મિનિટમાં જ દેખાવકારો પર કાર ફરી વળી હતી અને લોકો પડી ગયા હતા. તેણે કહ્યું કે, કારોમાંથી ઉતરેલા છથી સાત લોકો ફાયરિંગ કરી રહ્યા હતા. આ ઘટનાક્રમ ઝડપથી થયું હતું. થારની આગળ ઘણા લોકો ઊભા હતા. કારો ખૂબ જ ઝડપથી જઈ રહી હતી. મને લાગતું હતું કે, બધું શાંતિપૂર્ણ રીતે થશે પણ કાંઈક થવાનું હતું અને કારોએ અમારા લોકોને કચડી નાખ્યા.

લખીમપુર ખેરીમાં કાર દ્વારા ખેડૂતોને કચડવાનો વીડિયો બહાર આવ્યો, ભાજપના સાંસદ વરૂણ ગાંધીનું પણ ટ્વિટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ભાજપ માટે શરમજનક ઘટનામાં યુપીના લખીમપુર ખેરીમાં ખેડૂતો પર કાર ચડાવી મોતને ઘાટ ઉતારવાનો વીડિયો સામે આવ્યો છે. જોકે, સમાચાર વેબસાઈટે આ વીડિયોની ખરાઈ કરી નથી પરંતુ કહ્યું છે કે, આ ઘટનામાં ચાર ખેડૂતો સહિત આઠ લોકોનાં મોત થયા છે. અહેવાલોમાં કહેવાયું છે કે, ખેડૂતોની હત્યા કરનારી કારને કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાનો પુત્ર જ ચલાવી રહ્યો હતો. આ વીડિયો અંગે પ્રતિક્રિયા આપતાં ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ ટ્વિટમાં લખ્યું કે, કોઈની પણ વેદનાને ધ્યાનમાં લીધા વિના લખીમપુર ખેરીમાં ખેડૂતો પર કાર ચડાવવાનો વીડિયો લવાયો છે. પોલીસે આ વીડિયોની ગંભીર નોંધ લઈને કારના માલિક, તેને ચલાવનાર તથા સામેલ અન્યો સામે આકરા પગલાં લેવા જોઈએ. પ્રિયંકા ગાંધીએ પણ શેર કરેલા વીડિયોમાં પીએમ મોદીને ટેગ કરતાંલખ્યું છે કે, લોકો પર કાર ચડાવી દેનાર વ્યક્તિની હજુ સુધી ધરપકડ કેમ નથી થઈ. તેમણે પોતાને ૨૮ કલાક સુધી અટકાયતમાં લેવા મામલે પણ સવાલ ઉઠાવ્યો હતો. લખીમપુર ખેરીની ઘટનામાં ખેડૂતોના મોત બાદ ભાજપની ચારેકોરથી ટીકા થઈ રહી છે. આ ઘટનામાં ૩૫ વર્ષના પત્રકાર રમન કશ્યપનું પણ મોત થયું હતું.

રૂરકીમાં વિહિપ તથા અન્ય જમણેરી પાંખના સભ્યોએ હુમલો કર્યો, પ્રાર્થના કરનારાઓને નિશાન બનાવ્યા

સવારે ચર્ચમાં પ્રાર્થના માટે એકઠા થયેલા લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં અનેક લોકો ઘવાયા હતા, ચર્ચના પાદરીની પત્ની પ્રીયો સાધના લેન્સે દ્વારા નોંધાવાયેલી FIR અનુસાર ૨૦૦ મહિલા અને પુરૂષો જેઓ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ભાજપની યુવા પાંખ સાથે સંકળાયેલા હતા, તેઓએ ચર્ચ પર હુમલો કરી દીધો હતો

(એજન્સી) તા.૫

રવિવારે ૩ ઓક્ટોબરે રૂરકીમાં ચર્ચમાં તોડફોડ અને તેમાં પ્રાર્થના કરનારા લોકો પર હુમલો કરનારા આશરે ૨૦૦ જેટલા લોકોની ઓળખ કરવામાં આવી છે. તેમાં મહિલા અને પુરુષો બંને જ સામેલ હતા. આ હુમલાખોરો જમણેરી પાંખના સંગઠનના સભ્યો હતા. માહિતી અનુસાર સવારે ચર્ચમાં પ્રાર્થના માટે એકઠા થયેલા લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં અનેક લોકો ઘવાયા હતા. ચર્ચના પાદરીની પત્ની પ્રીયો સાધના લેન્સે દ્વારા નોંધાવાયેલી એફઆઈઆર અનુસાર ૨૦૦ મહિલા અને પુરુષો જેઓ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ભાજપની યુવા પાંખ સાથે સંકળાયેલા હતા, તેઓએ ચર્ચ પર હુમલો કરી દીધો હતો. આ ઓચિંતા હુમલામાં તેઓએ લોકો પર લાકડીઓ અને દંડા વડે હુમલો કરી દીધો હતો અને ચર્ચમાં ભારે તોડફોડ મચાવી હતી. આશરે ૧૦ વાગ્યે આ હિન્દુવાદી લોકોનું ટોળું લાકડીઓ અને રોડ લઈને ચર્ચમાં ઘૂસી આવ્યું હતું અને દરેક વસ્તુઓ તોડવા લાગ્યા હતા. તેઓએ ચર્ચના ફોટાઓને પણ નુકસાન પહોંચાડ્યું હતું. ધ વાયર સાથેની ટેલિફોનિક વાતચીતમાં લેન્સેએ કહ્યું કે હુમલાખોરો જાણે કોઈ યોજના બનાવીને જ આવ્યા હતા કે તેઓ આ રીતે હુમલો કરશે. તેઓ વંદે માતરમ અને ભારત માતા કી જય જેવી નારેબાજી પણ કરી રહ્યા હતા. તેઓએ વોલેન્ટિયરોને પણ માર્યા હતા.

પોલીસે રૂરકી ચર્ચ હુમલાના પીડિતો સામે એફઆઈઆર દાખલ કરી, હજુ સુધી કોઈ ગુનેગારોની ધરપકડ થઈ નથી

(એજન્સી) દહેરાદૂન, તા.૫

રૂરકી ચર્ચમાં પ્રાર્થના કરનારા લોકો પર ૨૦૦થી વધુ લોકોના ટોળા દ્વારા હિંસક હુમલો કર્યાના એક દિવસ પછી ઉત્તરાખંડ પોલીસે કોઈની ધરપકડ કરી નથી પરંતુ પ્રિયો સાધના લાન્સ જે ચર્ચનું સંચાલન કરી રહી હતી તેના પર અવિશ્વાસ કરતા તેના સહિત અન્ય નવ લોકો પર કવિતા નામની મહિલાને ડરાવવા અને હુમલો કરવા વિરૂદ્ધનો કેસ નોંધ્યો હતો. રૂરકી ચર્ચમાં ધર્માંતરણ થાય છે તે બાબતને લઈને સ્થાનિક રહીશોએ કરેલા હુમલાખોરોની ધરપકડ કરવાના બદલે હુમાલોનો ભોગ બનેલા લોકો સામે સ્થાનિક પોલીસે એફઆઈઆર દાખલ કરી છે અને તે માટી ડીજીકક્ષાના પોલીસ અધિકારીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ચર્ચની સંચાલિક સાધના લન્સે પોલીસ અધિકારીને કહ્યું કે ટૂંકમાં ચૂંટણીઓ આવી રહી હોવાના લીધે આ એક રાજકીય કાવતરૂં છે. રૂરકી ચર્ચ ખાતે પ્રાર્થના કરી રહેલા લોકો ઉપર ૨૦૦ લોકોએ હિંસક હુમલો કર્યા પછી પણ પોલીસે કોઈની ધરપકડ કરી નથી. ચર્ચના સંચાલિકા સાધના લાન્સે હુમલા માટે જવાબદાર કવિતા નામની મહિલા અને અન્ય નવ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે. ગત સોમવારે જ્યાં ચર્ચ છે તે સોલાનીપુરમ ખાતે મોટાપાયે પોલીસ કર્મચારીઓનો કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો અને કોઈને ચર્ચમાં પ્રવેશવા દેવાતા નહોતા. તે વખતે પત્રકારો પણ ત્યાં હાજર થઈ ગયા હતા. પરંતુ પડોશમાં રહેતા લોકો તેમનાથી દૂર રહ્યા હતા. ચર્ચ સંચાલિકા સાધના લાન્સે કહ્યું કે એ સ્પષ્ટ દેખાય છે કે ઉત્તરાખંડ પોલીસ ચોક્કસ દબાણ હેઠળ છે. તેના કારણે કોઈની ધરપકડ કરાઈ નથી. જ્યારે ચોંકાવનારી વાત એ છે કે પોલીસે અમારી સામે ફરીયાદ નોંધી છે. તેના જવાબમાં ડીઆઈજી રેન્કના પોલીસ અધિકારીએ કહ્યું કે હુમલાગ્રસ્તો સામે એફઆઈઆર નોંધાઈ છે તે શંકાસ્પદ છે. આજે અમારી ટીમે ચર્ચની નજીકના ઘરમાં જે સીસીટીવી કેમેરા હતા તેની વિગતો મેળવી લીધી છે અને જે બીજી એફઆઈઆર નોંધવામાં આવી છે તે બોગસ છે અને ટૂંકમાં તેને રદ કરી દેવાશે. ચર્ચ ઉપર હુમલો કરવાની ફરિયાદમાં જે નામ દર્શાવવામાં આવ્યા છે તેને શોધીને તેમની ધરપકડ કરવામાં આવશે. રાજયના ભાજપ પ્રમુખ મદન કૌશિકે દાવો કર્યો હતો કે ચર્ચમાં હિંદુઓનું ખ્રીસ્તી ધર્મમાં રૂપાંતરણ કરવામાં આવે છે તેનાથી કોલોનીમાં વસતા રહીશો નારાજ હતા. જેને હુમલામાં ખપાવવામાં આવ્યા તે હકીકતમાં પડોશીઓ વચ્ચેનો આંતરિક મામલો છે. તેને જરૂર કરતાં વધારે ચગાવવામાં આવ્યો છે. ચર્ચ સામે ફરિયાદ કરનાર કવિતાનું કહેવું છે કે રવિવારની પ્રાર્થનામાં સામેલ થવા મારી ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. તેણે ફરિયાદમાં લખાવ્યું છે કે મને કહેવામાં આવ્યું હતું કે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા પછી તેને રૂપિયા ૨ લાખ આપવામાં આવશે જ્યારે કવિતાએ સામે દલીલ કરવાનું શરૂ કર્યું તે પછી સમસ્યા ઊભી થઈ હતી. પ્રાર્થના વખતે હાજર ૧૦ લોકોની સામે તેણે ફરિયાદ નોંધાવી છે. ધર્માંતરણના આરોપોને ફગાવી દેતા સંચાલિકા સાધના લાન્સે કહ્યું કે ધર્માંતરણનો આરોપ ખોટો છે. હું એક શિક્ષિકા હતી અને રિટાયર થયા પછી હું મારી બચત અને પેન્શનમાંથી ચર્ચના ખર્ચા કરૂં છું. ધર્માંતરણનો આરોપ રાજકારણ પ્રેરિત છે કારણ કે અહીંયા ટૂંક સમયમાં ચૂંટણીઓ આવવાની છે.

છત્તીસગઢ ટાઉનમાં ઈદે મીલાદુન્નબીના ઝંડાઓ મામલે હિંસા ફાટી નીકળી

હિન્દુ સેનાના કાર્યકરોને ઝંડા નહીં સળગાવવા સમજાવાયા હતા છતાં તેઓ અટક્યા ન હતા, ત્યારબાદ બંને ધર્મના લોકો વચ્ચે અથડામણ થઈ હતી

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

છત્તીસગઢના કાવરધા જિલ્લામાં ઈદે-મિલાદ-ઉન-નબીના ઝંડાઓ મામલે હિન્દુ અને મુસ્લિમો વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. સોમવારે લીલા રંગના ઝંડા લહેરાવવા અંગે આ અથડામણ થઈ હતી. આગામી દિવસોમાં આવી રહેલ ઈદે-મિલાદ-ઉન-નબીના તહેવારને પગલે શહેરને લીલા રંગના ઝંડાઓથી શણગારવામાં આવ્યું હતું. કટ્ટરવાદી હિન્દુ સેનાના કાર્યકરોએ આ ઝંડા ઉખાડી ફેંક્યા હતા. કેટલાક કાર્યકરોએ ઝંડાઓમાં આગ લગાવી દીધી હતી, જેથી મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણી દુભાઈ હતી. કેમ કે, લીલો રંગ તેમની શ્રદ્ધાના પ્રતિક સમાન માનવામાં આવે છે. લોહારા નાકા ખાતે ઝંડાઓ લહેરાવવા અંગે બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી, જેના પગલે તંગદિલી વ્યાપી ગઈ હતી. વિવાદસ્પદ સ્થળ ખાતે પોત પોતાના ધર્મના ઝંડા લહેરાવવા અંગે બંને સમુદાયના લોકો આમને-સામને આવી ગયા હતા. મીડિયા અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે, પહેલાં સામ-સામે બોલાચાલી શરૂ થઈ હતી ત્યારબાદ છૂટા હાથની મારામારી શરૂ થઈ ગઈ હતી. જોત જોતામાં બંને તરફથી પથ્થરમારો શરૂ

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, હિન્દુ સેનાને એવું લાગ્યું હતું કે, આ લીલા રંગના ઝંડા પાકિસ્તાનનો ધ્વજ, જેથી ગેરસમજના કારણે ઘર્ષણની ઘટના બની હતી

થઈ ગયો હતો. અલબત્ત સ્થાનિક સૂત્રોએ આરોપ લગાવ્યો હતો કે, હિન્દુ સેનાના કાર્યકરોએ લીલા રંગના ઝંડા ફાડવાનું અને સળગાવવાનું શરૂ કરતાં મુસ્લિમ સમુદાયના લોકોએ તેમને આવું નહીં કરવા સમજાવ્યું હતું. પણ તેઓ અટક્યા ન હતા પરિણામે હિંસા ફાટી નીકળી હતી. જો કે, હિન્દુ સેનાના લોકો એવું સમજ્યા હતા કે, આ પાકિસ્તાનનો ઝંડો છે, ગેરસમજને કારણે હિંસા થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. હિંસા બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો હતો. ઘટનાની કલાકમાં પોલીસ ગોઠવવામાં આવી હતી. જો કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હોવા છતાં મારામારી બંધ થઈ ન હતી. પોલીસે હિંસાના સીસીટીવી ફૂટેજના આધારે બંને તરફના લોકોને ઓળખી તેમની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

લખીમપુર ખેરી : અટકાયતના લગભગ ૩૪ કલાક બાદ પ્રિયંકા ગાંધીની ધરપકડ : પીએસીના ગેસ્ટહાઉસમાં રાખવામાં આવ્યાં

છત્તીસગઢના મુખ્યમંત્રી સહિતના કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે, ડ્રોન દ્વારા પ્રિયંકાની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઉત્તરપ્રદેશના સીતાપુરમાં હરગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદને આધારે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સામે પ્રતિબંધાત્મક આદેશોનું ઉલ્લંઘન કરવા મામલે પણ કાર્યવાહી કરાઈ હતી. હરગાંવ પોલીસ સ્ટેશનના એસએચઓના જણાવ્યા અનુસાર, ૧૧ લોકો સામે શાંતિ ભંગ કરવાના આરોપ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમની સામે ફરિયાદ કરવામાં આવી છે તેમાં પ્રિયંકા ગાંધી વાડરા, દિપેન્દ્ર હૂડા અને અજય કુમાર લલ્લુનો પણ સમાવેશ થાય છે.

પ્રિયંકા ગાંધીને જે પીએસી ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવ્યા છે તે કામચલાઉ જેલ તરીકે ઓળખાય છે. પ્રિયંકા ગાંધી અને અન્યો સામે ભારતીય બંધારણની કલમ ૧૫૧, ૧૦૭ અને ૧૧૬ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. એમ હરગાંવના પોલીસ સ્ટેશન ઓફિસરે એક નિવેદનમાં જણાવ્યું હતું. આ અગાઉ મંગળવારે સવારે પ્રિયંકાએ ટ્વિટ કરી લખીમપુર ખેરી હિંસાનો વીડિયો વાયરલ કર્યો હતો. અને પ્રશ્ન કર્યો હતો કે, ચાર ખેડૂતોની હત્યામાં સામેલ વ્યક્તિની હજુ સુધી ધરપકડ શા માટે કરવામાં આવી નથી. જ્યારે તેમને એફઆઈઆર વિના ૨૮ કલાકથી અટકાયત હેઠળ રાખવામાં આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, પ્રિયંકા ગાંધીની હિલચાલ પર નજર રાખવા ડ્રોનનો આશરો લેવામાં આવ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેષ બઘેલે પ્રિયંકા પર નજર રાખતાં ડ્રોનનો વીડિયો પણ શેર કર્યો હતો. તેમણે સાથે સવાલ કર્યો હતો કે, આ ડ્રોન કોની દ્વારા છોડવામાં આવ્યું છે અને કોની સંમતિમાંથી ડ્રોન છોડવામાં આવ્યું છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે, પ્રિયંકાને ૩૦ કલાકથી ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા છે. બઘેલ મંગળવારે બપોરે

પ્રિયંકા ઉપરાંત દિપેન્દ્ર હૂડા, અજય કુમાર સહિતના ૧૧ લોકો સામે શાંતિ ભંગ કરવાનો કેસ નોંધાયો

લખનૌ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા પણ તેમને અટકાવાતાં તેઓ ઘરણાં પર બેસી ગયા હતા. સિતાપુરમાં પીએસી ગેસ્ટ હાઉસ બહાર સેંકડોની સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો એકઠા થયા છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, તેમને જ્યારે પણ કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવશે ત્યારે તેઓ સૌ પ્રથમ લખીમપુર ખેરીના પીડિત પરિવારો સાથે મુલાકાત કરશે.

યુકે અને કેનેડામાં ભારતીય મૂળના સાંસદોએ લખીમપુર ખેરીમાં માર્યા ગયેલા ખેડૂતો માટે ન્યાયની હાકલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કેનેડા અને યુકેમાં ભારતીય મૂળના ધારાસભ્યોએ ૩ ઓક્ટોબરના રોજ ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં ચાર ખેડૂતો સહિત ઓછામાં ઓછા આઠ લોકોની હત્યાની સખત ટીકા કરી છે, જે દર્શાવે છે કે ખેડૂતોનો વિરોધ હજુ પણ રાજકીય રીતે વિસ્તૃત થઈ રહ્યો છે. રવિવારે, ખેતીના કાયદાના વિરોધમાં ભાગ લેનારા ઓછામાં ઓછા ચાર ખેડૂતોને જીપ દ્વારા કચડી નાખવામાં આવ્યા હતા, જેના પગલે હિંસા ભડકી હતી. ભાજપના બે કાર્યકરો અને એક પત્રકાર સહિત ચાર અન્ય લોકો પણ માર્યા ગયા હતા, દેખીતી રીતે જ ખેડૂતો પર કાર ચઢાવી દેવામાં આવ્યા બાદ આ અથડામણ થઈ હતી. જો કે અન્ય ચારના મૃત્યુની કોઈ સત્તાવાર આવૃત્તિ બહાર આવી નથી. ખેડૂતોએ એવો દાવો કર્યો છે કે આ વાહન કેન્દ્રીય મંત્રી અજય કુમાર મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા ચલાવી રહ્યા હતા. મંત્રી અને તેમના પુત્રએ આ વાતને નકારી કાઢી હતી કે આશિષ ઘટનાસ્થળે હાજર હતો, જો કે તેની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કેનેડિયન લિબરલ સંસદના સભ્ય રૂબી સિંહ સહોટાએ ટ્વીટ કર્યું હતું કે, ભારતના લખીમપુર ખેરીમાં વિરોધ કરનારા ખેડૂતો પર નિર્દેશિત હિંસા વિશે જાણીને તેઓ ખૂબ જ દુખી છે. સહોટાએ ગયા વર્ષે નવેમ્બરમાં કેનેડાની સંસદમાં ખેડૂતોના વિરોધનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. કેનેડામાં મોટી સંખ્યામાં ભારતીય મૂળના લોકો પંજાબના છે, ત્યાં ભારતીય ખેડૂતો સાથે એકતામાં તેઓ દ્વારા અનેક પ્રદર્શન કરવામાં આવ્યા છે. તાજેતરની સંઘીય ચૂંટણી દરમિયાન પ્રભુત્વ ધરાવતા મતવિસ્તારોમાં ખેડૂતોનો વિરોધ પણ ચૂંટણીનો મુદ્દો બની ગયો હતો. આ મુદ્દો ભારત અને કેનેડા વચ્ચે દ્વિપક્ષીય વાતચીતમાં પણ સામે આવ્યો છે, જેમાં કેનેડાના ધારાસભ્યોએ સરકારના વિરોધીઓ સામે બળના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેના એક મહિના પછી, ભારતમાં ખેડૂતો માટે શાંતિપૂર્ણ વિરોધના અધિકારને ટેકો આપતા વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની ટિપ્પણી પર ભારતે ભારતમાં કેનેડાના ભૂતપૂર્વ હાઈ કમિશનર

નાદિર પટેલને બોલાવ્યા હતા. કન્ઝર્વેટિવ સાંસદ ટિમ ઉપ્પલે પણ લખીમપુર ખેરીમાં વિરોધ કરી રહેલા ખેડૂતો પર હુમલો થયો જેમાં ચાર ખેડૂતો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા તે અંગે ટ્વિટ કર્યું હતું. ભૂતપૂર્વ ફેડરલ સ્ટેટ મિનિસ્ટર ગુરુ નાનકની ૫૫૦મી જન્મજયંતિ નિમિત્તે વર્ચ્યુઅલ રેડિયો પ્રોગ્રામનો પણ ભાગ હતા, જે દરમિયાન ટ્રુડોએ એવી ટિપ્પણી કરી હતી જેનાથી ભારત સરકાર નારાજ છે. સમગ્ર એટલાન્ટિકમાં, યુકે ની પ્રથમ મહિલા શીખ સાંસદ પ્રીત કૌર ગિલે જણાવ્યું હતું કે ચાર ખેડૂતોનું મૃત્યુ 'ખૂબ જ ચિંતાજનક' છે અને તેમણે મૃતકોના નામ અને ઉંમર પણ ટ્વીટ કરી હતી. ગિલે ફેબ્રુઆરીમાં બ્રિટિશ વિદેશ સચિવને પત્ર લખીને પૂછ્યું હતું કે યુકે સરકાર ભારતમાં ખેડૂતોના વિરોધને લઈને શું પગલાં લઈ રહી છે. લેબર પાર્ટીના તનમનજીત સિંહ, ખેડૂતોના વિરોધના મુદ્દે યુકે ના ભારતીય મૂળના સાંસદો પૈકી સૌથી વધુ અવાજ ઉઠાવનાર છે, લખીમપુર ખેરીમાં શાંતિપૂર્ણ કાર્યકરો અને અન્ય લોકોના 'કચડી નાખવા' પર તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. યુકે ની સંસદે 'પ્રેસ ફ્રીડમ એન્ડ સેફ્ટી ઓફ પ્રોટેસ્ટર્સ' પર ચર્ચા કર્યા બાદ આ વર્ષે માર્ચમાં ભારતે બ્રિટિશ હાઇ કમિશનર એલેક્સ ઇલિસને બોલાવ્યા હતા. વિદેશ મંત્રાલયે તેને 'ગેરવાજબી અને ખોટી વલણપૂર્ણ' ચર્ચા કહી હતી અને ભારતના આંતરિક બાબતોમાં 'એકંદર દખલગીરી' ગણાવી હતી.

પ્રિયંકા ગાંધીને મળવા લખનૌ એરપોર્ટ પર પહોંચેલા છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને અટકાવાતા ધરણા પર બેઠા

(એજન્સી) લખનૌ, તા.૫

મંગળવારે ઉત્તરપ્રદેશ કોંગ્રેસ ઓફિસની મુલાકાત તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધીને મળવા માટે લખનઉ એરપોર્ટ પર પહોંચેલા છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને એરપોર્ટ પર જ અટકાવાયા હતા. લખીમપુર ખીરીમાં થયેલી હિંસાક ઘટનાનો વિરોધ કરવા માટે અને યુપીનીકોંગ્રેસ ઓફિસે પહોંચવા માટે બઘેલને પરવાનગી ન અપાતાં તેઓ એરપોર્ટ પર જ ધરણા પર બેસી ગયા હતા. તેમણે ત્યારબાદ પોતાના ધરણા પર બેઠેલો ફોટો શેર કર્યો હતો. આ પહેલાંતેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, 'હું લખનઉ જવા રવાના થયો છું. ખેડૂતો સાથે ન્યાય થશે. સીએમ બઘેલે એક વીડિયો પણ શેર કર્યો છે. આ વીડિયોમાં સુરક્ષા કર્મચારીઓ તેને એરપોર્ટની બહાર નીકળતાં અટકાવતા જોવા મળી રહ્યા છે.

ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં વિરોધ કરી રહેલા ખેડૂતોના મોત બાદ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ લખનઉ એરપોર્ટ પર પહોંચ્યા. લખનઉ એરપોર્ટ પર ઉતર્યા બાદ ત્યાં હાજર પોલીસ કર્મચારીઓએ તેઓને બહાર નીકળતાં અટકાવ્યાં હતાં.જે બાદ ભૂપેશ બઘેલ એરપોર્ટ પર જ ધરણા પર બેઠા હતા. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પોતાના ટ્વિટર હેન્ડલ દ્વારા બહાર નીકળતાં રોકવામાં આવ્યાં હોવાની માહિતી આપી હતી. આ સંદર્ભે તેમણે કહ્યું કે, મને કોઈ પણ આદેશ વગર લખનઉ એરપોર્ટની બહાર જવાથી રોકવામાં આવી રહ્યો છે. ધરણા પર બેઠેલા બઘેલે પોતાનો એક ફોટો પણ શેર કર્યો છે. જેમાં તે ફ્લોર પર બેઠેલો જોવા મળે છે અને તેની આસપાસ સુરક્ષાકર્મીઓ તૈનાત છે. ઘટના બાદ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ એરપોર્ટ પર જ ધરણા પર બેઠા હતાં. જ્યાં તેઓએ ટ્વિટ કરીને લખ્યું કે, "મને કોઈ પણ આદેશ વગર લખનઉ એરપોર્ટની બહાર જવાથી રોકવામાં આવી રહ્યો છે."

પોલિટિકલ સાયન્સના પુસ્તકમાં ઈસ્લામ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી મામલે જયપુરમાં હોબાળો

પ્રકાશન દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, ઈસ્લામિક આતંકવાદનો શું અર્થ છે? આ પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે, ઈસ્લામિક રાષ્ટ્રો ત્રાસવાદના રસ્તે ચાલતાં હોવાથી ઈસ્લામિક આતંકવાદ પ્રચલિત થયો છે

(એજન્સી) જયપુર , તા.૫

પોલિટિકલ સાયન્સના પુસ્તકમાં ઈસ્લામ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી મામલે જયપુરમાં ભારે હોબાળો થયો હતો. રાજસ્થાનના જયપુરમાં સંજય પ્રકાશન દ્વારા 'વન વીક' સિરીઝમાં ઈસ્લામ ધર્મ વિશે ધસાતું લખવામાં આવતાં મુસ્લિમ સમુદાય દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. એમએ (પોલિટિકલ સાયન્સ)ના ફાઈનલ વર્ષના પેપરમાં 'ઈન્ટરનેશલ રિલેશન્સ એન્ડ કન્ટેમ્પોરરી પોલિટિકલ ઈસ્યુ' મથાળા હેઠળ સવાલ પૂછવામાં આવ્યો હતો કે, ઈસ્લામિક આતંકવાદનો શું અર્થ છે? આ પ્રશ્નના જવાબમાં લેખક દ્વારા લખવામાં આવ્યું હતું કે, ઈસ્લામિક રાષ્ટ્રો ત્રાસવાદના રસ્તે ચાલતાં હોવાથી ઈસ્લામિક આતંકવાદ પ્રચલિત થયું છે.

આ અગાઉ જયપુર સ્થિત સંજીવ પ્રકાશન દ્વારા પણ 'વન વીક સિરીઝ'માં પણ આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તે સમયે ભારે વિવાદ સર્જાયો હતો. મુસ્લિમ કાઉન્સિલ ઓફ રાજસ્થાન દ્વારા આ મામલે કોટવાલી પોલીસ સ્ટેશનમાં અરજી આપી ફરિયાદ નોંધવાની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સંજય પ્રકાશનના માલિક તેજપાલ જૈને મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, અમે નથી જાણતાં કે, લેખકે શું લખ્યું છે. અમે માત્ર વન વીક સિરીઝ પુસ્તકમાંથી સીધું તે લખાણ કોપી કર્યું છે. જો આ લખાણ બદલ કોઈકની ધાર્મિક લાગણી દુભાઈ હોય તો હું માફી માંગુ છું. તેમણે જણાવ્યું હતું કે, અમે બજારમાં વેચવા માટે મુકાયેલ તમામ નકલો પરત મેળવી લઈશું. અમારી કોઈ ધર્મ સાથે દુશ્મનાવટ નથી. જો અમને પહેલાંથી જાણ હોત કે, આ પ્રકારનું લખાણ છે તો અમે ક્યારેય આ લખાણને પ્રકાશિત ન કરતાં. જમાત-એ-ઈસ્લામિ હિન્દ રાજસ્થાનના સચિવ નઈમ રબ્બાનીએ જણાવ્યું હતું કે, આ અગાઉ પણ ઈસ્લામને ત્રાસવાદ સાથે જોડતું લખાણ પ્રકાશિત કરવામાં આવ્યું હતું. અમે અગાઉ પ્રકાશકો સામે ફરિયાદ નોંધાવી હતી. પણ તેમની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. હવે નવા મામલાથી ફરી એક વખત લોકોમાં રોષ વ્યાપી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પુસ્તકોમાં આ પ્રમાણે ઈસ્લામ વિરૂદ્ધ લખાણ લખી મુસ્લિમો સામે નફરત ફેલાવવાનું કામ કરી રહ્યાં છે. ઈસ્લામ વિરૂદ્ધ નવી પેઢીમાં ખોટી છબી પેદા કરવામાં આવી રહી છે.



પ્રકાશકોએ માફી માંગી તમામ પુસ્તકો પરત ખેંચી લેવાની ઘોષણા કરી

લખીમપુર ખેરીનો વીડિયો વાયરલ

કોંગ્રેસ-AAPએ પોસ્ટ કર્યો વીડિયો, કહ્યું આ તો હત્યા છે

કોંગ્રેસે લખ્યું કે, ન તો ખેડૂતો ઉપદ્રવ મચાવી રહ્યા હતા, ન તો કોઈ ખેડૂતો ગાડી પર પથ્થરબાજી કરી રહ્યા હતા

(એજન્સી) લખીમપુર ખેરી, તા.૫

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ટેનીના દીકરા આશિષ મિશ્રાની ગાડીથી કચડીને થયેલા ખેડૂતોના મોત અને ત્યારબાદ ઊભા થયેલા ઘર્ષણ બાદ અનેક વીડિયો સામે આવી રહ્યા છે. એક નવો વીડિયો હાલના સમયમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે જેને ઉત્તર પ્રદેશ કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ સહિત તમામ નેતાઓએ પોતાના ટ્વીટર હેન્ડલથી શેર કરતાં આ દુર્ઘટના નહીં હત્યા કરાર કરી છે. વીડિયોને ટ્વિટ કરીને ઉત્તરપ્રદેશ કોંગ્રેસે લખ્યું કે, ન તો કોઈ ખેડૂત ઉપદ્રવ મચાવી રહ્યા હતા, ન તો કોઈ ખેડૂત ગાડી પર પથ્થરબાજી કરી રહ્યા હતા. મંત્રીના દીકરો પોતાના પિતાના આદેશનું પાલન કરી રહ્યો હતો. ખેડૂતોને નિષ્ઠુરતાથી પાછળથી કચડી રહ્યો હતો, હવે બધું જ સામે આવ્યું છે. આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે પણ વીડિયો ટ્વીટ કરી લખ્યું કે, શું હજુ પણ કોઈ પ્રમાણની જરૂર છે. તેમણે કેટલીક મીડિયા ચેનલ ઉપર પણ સવાલ ઊભા કર્યા છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે લખીમપુર વહીવટીતંત્ર અને ખેડૂતોની વચ્ચે અનેક રાઉન્ડની બેઠક બાદ સહમતિ સધાઈ ગઈ હતી. ત્યારબાદ લાશોને રાખીને પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ વિરોધ ખતમ કરી લાશોને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાની મંજૂરી આપી હતી. વહીવટીતંત્રએ ખેડૂતોની તમામ માંગોને માની લીધી છે. મૃતક ખેડૂતોના પરિજનોને ૪૫-૪૫ લાખ રૂપિયાનું વળતર, ઘાયલોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

મૃતક ખેડૂતોના પરિવારના એક સભ્યને યોગ્યતા અનુસાર સરકારી નોકરી, મામલાની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજની આઠ દિવસમાં મામલાની તપાસ કરી દોષિતોની ધરપકડ કરવામાં આવશે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાએ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને આખી ઘટનાને ષડયંત્ર બતાવ્યું હતું. તેમણે કહ્યું કે એ વાત સામે આવી રહી છે કે જે એક વ્યક્તિ મર્યો છે જે તે બહરાઈચના નાનપારાનો રહેવાસી છે જે સમાજવાદી પાર્ટીની રુદ્રપુર યુનિટનો જિલ્લાધ્યક્ષ છે. આ ઘટનામાં આવા ઘણા લોકો સામેલ છે. મામલામાં એફઆઈઆર નોંધીને તપાસ થવી જોઈએ. તેમણે કહ્યું કે બીજેપી કાર્યકર્તાઓ પર લાકડીઓ અને તલવારથી હુમલો કરવામાં આવ્યો છે. મારા પુત્ર સામે આરોપ પુરી રીતે નિરાધાર છે. જો તે સ્થળ પર હોત તો તેની પિટાઈ કરીને હત્યા કરી દેવામાં આવી હોત.

વડોદરાના હાઈપ્રોફાઈલ રેપ કેસમાં મોટો ઘટસ્ફોટ

પીડિતા સાથે જે દિવસે દુષ્કર્મ આચરવામાં આવ્યું તે દિવસે અશોક જૈન વડોદરામાં જ ન હતો...!!!

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરાના હાઈ પ્રોફાઈલ રેપ કેસમાં રોજે રોજે નવા ખુલાસાઓ થઈ રહ્યાં છે. હાઈ પ્રોફાઈલ રેપમાં કેસમાં અનેક લોકો સંડોવાયેલા હોવાથી જેટલાના નામો ખુલી રહ્યાં છે પોલીસ તેમની ઊંડાણપૂર્વક તપાસ કરી રહીં છે. આ કેસના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ થાય તે માટે પોલીસે SIT ની રચના કરી છે. તેમજ અશોક જૈનના જામીન મંજૂર ન થાય તે માટે પોલીસે ગત રોજ કોર્ટમાં સોગંદનામુ રજુ કર્યું હતુ. જેને લઈને હાઈ પ્રોફાઈલ રેપ કેસમાં ફરી એક વખત મોટો ઘટસ્ફોટ થયો છે.

વડોદરાના ગોત્રી પોલીસ મથકમાં ૧૯ સપ્ટેમ્બરના રોજ શહેર નજીકની ખાનગી યુનિવર્સીટીમાં એલ.એલ.બીનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ સીએ અશોક જૈન અને પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી રાજુ ભટ્ટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદથી લઈ આજદિન સુધી અશોક જૈન ફરાર છે. જ્યારે અન્ય આરોપી રાજુ ભટ્ટ અને તેને મદદ કરનાર કાનજી મોકરીયાની પોલીસે ધરપકડ કરી લીધી છે. દરમિયાન દુષ્કર્મ કેસમાં આરોપી અશોક જૈનના વકીલ દ્વારા વડોદરાની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. આગોતરા જામીન અરજી મુક્યા બાદ મામલાની તપાસ કરી રહેલી પોલીસે ગત રોજ સોગંદનામું રજૂ કર્યું હતું.

પોલીસે કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યા પ્રમાણે, તા/૨ અથવા ૩/૦૯/૨૧ના રોજ અશોક જૈને પીડિતાના ફ્લેટ પર (નિસર્ગ એપાર્ટમેન્ટ) ટીફીન લઈ આવી પીડિતાને જમવાનું કહેતા

આરોપીના વકીલ દ્વારા કોર્ટમાં પુરાવા રજૂ કરાયા

તેણીએ ના પાડી હતી. જેથી અશોક જૈને ઉશ્કેરાઈને પીડિતાના વાળ પકડી બેડરૂમમાં લઈ જઈ માર મારી દુષ્કર્મ આચર્યું હતું. તો બીજી તરફ આજરોજ અશોક જૈનના વકીલ દ્વારા કોર્ટમાં સોગંદનામામાં જણાવ્યાની તારીખે અહિંયા નહિ હોવાનું અને પ્રવાસ અર્થે શહેર બહાર હોવાનું જણાવતા જરૂરી પુરાવા એવી ફ્લાઈટની ટીકીટો રજૂ કરી હતી.

વકીલે રજૂ કરેલા પુરાવા મુજબ, ૧ – ૩ સપ્ટેમ્બરના રોજ અશોક જૈન લખનૌની હોટેલમાં હતા. ૧ સપ્ટેમ્બરના રોજ તેઓની વડોદરાથી દિલ્હી અને દિલ્હીથી લખનૌની ફ્લાઈટ હતી. અશોક જૈન ૩ સપ્ટેમ્બરના રોજ લખનૌથી દિલ્હી પહોંચ્યાં અને ત્યારબાદ ૪ સપ્ટેમ્બરના રોજ દિલ્હીથી વડોદરા ફ્લાઈટમાં પરત ફર્યા હતા. પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલુ સોગંદનામું અને આરોપીના વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવામાં ભારે વિસંગતતા જોવા મળી રહી છે. હવે આ મામલે શું થાય છે તેના પર સૌ કોઈની નજર રહેલી છે.

દુષ્કર્મ કેસમાં આરોપી અશોક જૈનના આગોતરા જામીનની વધુ સુનવણી ૮ ઓક્ટોબર નાર રોજ હાથ ધરવામાં આવશે. ૮ ઓક્ટોબરના રોજ કોર્ટના ચુકાદા પર સૌ કોઈની નજર રહેશે.

ભિલોડામાં ટ્રાફિકની સમસ્યા વકરતા મામલતદાર સહિતનાને આવેદન

ભિલોડા, તા.૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે દિન-પ્રતિ-દિન વાહનો અને ગેરકાયદેસર બાંધકામ, દબાણોનું પ્રમાણ વધતા ટ્રાફિકની ભયંકર સમસ્યા સર્જાતા રાહદારીઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડા જન કલ્યાણ યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પી.એસ.આઈ, નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ સહિત ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને આવેદનપત્ર આપ્યું હતું. ટ્રાફિક સમસ્યા સત્વરે હલ કરવા સંદર્ભે ન્યાયિક રજૂઆત કરાઈ હતી.

મેઘરજમાં IPL પર સટ્ટા રમાડતા પાનના ગલ્લાવાળાની અટકાયત : ૧૬ સામે ફરિયાદ

મેઘરજ, તા.૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં આઈપીએલ ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમાતો હોવાની બાતમી આધારે મેઘરજ પોલીસે પાનના ગલ્લા ઉપર રેડ કરી સટ્ટાના ઉપયોગ માટે વપરાતો ફોન ઝડપાતા ફોનની ડીટેલના આધારે મેઘરજ પોલીસે રૂા.૧૪૩૨૦ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી અન્ય ૧૫ સહિત ૧૬ ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેને ડભોઈની નોબલ પબ્લિક સ્કૂલની મુલાકાત લીધી

ડભોઈ, તા.૫

ડભોઇ નજીક આવેલા મોટા હબીપુરા ગામ પાસે આવેલી નોબલ પબ્લિક સ્કૂલ ખાતે વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન અશ્વિનભાઈ પટેલે શાળાની મુલાકાત લીધી હતી મુલાકાત દરમિયાન શાળામાં કઈ પ્રકારનું શિક્ષણ અપાય છે અને કઈ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેની પોતે જાત તપાસ કરી શિક્ષણ સાથે બાળકોનું સર્વગી વિકાસ થાય તેવું વાતાવરણ જોવા મળ્યું હતું અને ૧૨ સાયન્સમાં પ્રેક્ટીકલ તમામ સાધનોથી સજ્જ હોવાથી વિદ્યાર્થીઓ અને વડોદરા સુધી અભ્યાસ માટે જવું નહીં પડે તેવી આશા વ્યક્ત કરી હતી અને જિલ્લામાં સૌપ્રથમ ફાયર સેફ્ટીની સુવિધા સાથે અંગ્રેજી માધ્યમ સહિત બી સી એ તથા બીસીસી અને એમ.એસ.ડબલ્યુના કોર્સ ચાલે છે તે જોઈ સંસ્થાના પ્રમુખ એ એ માધવાણીને ચેરમેને શિક્ષણ જગતને આગવી સૂઝબૂઝને લઈ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજપારડી ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

રાજપારડી, તા.૫

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના રાજપારડી ગામે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી. અત્રે પાણિની પ્રજ્ઞા પરબ શાળા ખાતે સામાજિક વનીકરણ વિભાગ ભરૂચના ડીએફઓ ભાવનાબેન દેસાઈ અને ઝઘડીયા આરએફઓ મહિપાલસિંહ ગોહિલની સુચના અને માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, રાજપારડી વનવિભાગના ફોરેસ્ટર એચ.કે.કુલકર્ણી, કિરણભાઈ વસાવા તેમજ અરૂણભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકોને વન્ય પ્રાણીઓ સંબંધિત જાણકારી આપવામાં આવી હતી, તેમજ વન્ય પ્રાણીઓ આપણને વિવિધ રીતે ઉપયોગી થાય છે તેની વિસ્તૃત માહિતિ આપવામાં આવી હતી. રાજપારડી ફોરેસ્ટર કુલકર્ણીએ આ પ્રસંગે જણાવ્યું કે વનવિભાગ દ્વારા ગાંધી જયંતીના દિવસથી એક સપ્તાહ સુધી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે.

વડોદરા અને સાવલી તાલુકા પંચાયતની બે બેઠક ઉપર ભાજપનો વિજય

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરા અને સાવલી તાલુકા પંચાયતની બે બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીનું આજે પરિણામ જાહેર થતાં બંને બેઠકો ભાજપે જાળવી રાખી છે. વડોદરા તાલુકાની રાયપુરા અને સાવલી તાલુકાની પોઈચા બેઠકના બે ઉમેદવારોના મૃત્યુ થતા ખાલી પડેલી બેઠક પર તા ૩જી એ ચૂંટણી યોજાઈ હતી. આજે મતગણતરી થતાં વડોદરા તાલુકા પંચાયતની રાયપુર આ બેઠક પર ભારે રસાકસી સર્જાઈ હતી. ભાજપના ઉમેદવાર અર્જુન પરમારને ૩૧૦૩ તેમજ મહેન્દ્ર પરમારને ૩૦૯૫ મત મળતા ભાજપના ઉમેદવારનો માત્ર ૮ મતથી વિજય થયો હતો. કોંગ્રેસના ઉમેદવારે ફરીથી મતગણતરી માંગણી કરતા એકાઉન્ટમાં પણ ભાજપને ૮ વધુ મળ્યા હતા. તો બીજી તરફ સાવલી તાલુકા પંચાયતની પોઈચા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર સેજલબેન ગોહિલનો ૯૮૯ મતથી વિજય થયો હતો.

હિંમતનગર ભાજપ દ્વારા મફત નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા.૫

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૨ની જન્મ જયંતી નિમિત્તે ભારતીય જનતા પાર્ટી હિંમતનગર દ્વારા વિવિધ જનસેવા લક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભારતીય જનતા પાર્ટી હિંમતનગરના ચિકિત્સા (ડોક્ટર) સેલ દ્વારા મફત નેત્રમણિ પ્રત્યારોપણ અને હરસ, મસા-ભગંદરના નિદાન માટે મફત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજન ડોક્ટર સેલના સંયોજક સમીર શાહ અને સહસંયોજક સી.ડી.પટેલ દ્વારા કરવામાં આવ્યું. જેમાં નેત્ર માટેના કુલ ૧૪૧ જેટલા લાભાર્થીઓએ નિદાન કરાવ્યું અને ૩૮ જેવા હરસ, મસા-ભગંદર જેવી તકલીફથી પીડિત વ્યક્તિઓએ નિદાન કરાવ્યું.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા, હિંમતનગર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં શહેર યુવા મોરચા પ્રમુખ ધ્રુવ શાહ તથા તેમની ટીમ દ્વારા કુલ ૩૯ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું.

ડીસામાં જન આશીર્વાદ યાત્રાનું સ્વાગત અને મંત્રી ગજેન્દ્રસિંહનું સન્માન કરાયું

ડીસા, તા.૫

ગુજરાત સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે બનાસકાંઠા જિલ્લાના ટોટાણાથી જન આશીર્વાદ યાત્રાના શ્રીગણેશ કર્યા હતા. ટોટાણાથી શરૂ થયેલી યાત્રા ડીસા પહોંચી હતી અને ડીસાના જલારામ મંદિર ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જલારામ મંદિર ખાતે આવેલા સભા ખંડમાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાહેર સભામાં ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં કરવામાં આવેલા વિકાસના કામોનું વર્ણન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં ડીસા પહોંચેલી આ જન આશીર્વાદ યાત્રામા પ્રવિણભાઈ પુનડીયા, શહેર પ્રમુખ ભરતભાઈ પરમાર મહામંત્રી , બાબુભાઈ શ્રીમાળી શક્તિ કેન્દ્રના પ્રમુખ, અશોકભાઈ વારેચા મંત્રી બનાસકાંઠા જિલ્લા ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા. અને મંત્રીનું સન્માન કર્યું હતું.

ફિરદોશબાનુએ જંબુસરના કાવલી ગામનું ગૌરવ વધાર્યું

જંબુસર, તા.૫

જંબુસર તાલુકાના કાવલી ગામના વતની અને સત્યમ્ કોલેજ ઑફ એજ્યુકેશન ભરૂચની વિદ્યાર્થિની હલદરવા ફિરદોશબાનુ ઈદ્રીશભાઈએ બી.એડ્. (પ્ર.શિક્ષણ)ના બીજા વર્ષના પરિણામમાં ૯.૩૦ એસ.જી.પી.એ. ડિસ્ટિંકશન (૧૦માંથી)માર્ક્સ મેળવી મોલેસલામ ગરાસિયા સમાજ તેમજ કોલેજ અને કાવલી ગામનું ગૌરવ વધાર્યું છે.

આણંદમાં કોંગ્રેસની કોવિડ-૧૯ ન્યાયયાત્રા અંતર્ગત કોરોનામાં મૃત્યુ પામેલાઓનાં પરિવારજનોની મુલાકાત કરતા ધારાસભ્ય પરમાર

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫

કોવિડ-૧૯ ન્યાયયાત્રા અંતર્ગત કોરોનાના કારણે મૃત્યુ પામનાર મૃતકોના પરિવારજનો સાથે આણંદ વિધાનસભાના ધારાસભ્ય કાન્તીભાઈ સોઢાપરમાર દ્વારા રૂબરૂ મુલાકાત કરી સાંત્વના પાઠવાઈ હતી. આણંદ શહેરના વિવિધ વિસ્તારો બાલુપુરા, કલ્પના સીનેમા સામે, મિસ્ત્રી સોસાયટી, લોટિયા ભાગોળ લીમડી ચોક વિસ્તારમાં મૃતકના પરિવારજનોને મળીને એમને વળતર મળે તેની લડત માટે કોંગ્રેસે સતત લડતની માહિતી આપી અવગત કર્યા હતા.

આ સાથે આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેન્દ્ર પરમાર, આણંદ શહેર પ્રમુખ અલ્પેશ પઢીયાર, ફકીર ડાહ્યાભાઈ મકવાણા, પ્રમુખ વલ્લભવિદ્યાનગર શહેર કોંગ્રેસ સમિતિ, આગેવાન મહેશ સોલંકી, વિરોધ પક્ષના નેતા શલીમસા દીવાન, સોશિયલ મીડિયાના ઉપપ્રમુખ વિજય જોષી તેમજ મહિલા કાઉન્સિલરો હાજર રહ્યા હતા.

રોડ, રસ્તા અને અન્ય પ્રશ્નો થોડા સમયમાં ઉકેલાઈ જશે

"સંપૂર્ણ સાવરકુંડલા" બનાવવાની બાંહેધરી આપતા નગરપાલિકા પ્રમુખ તૃપ્તિબેન

(સંવાદદાતા દ્વારા)

સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલામાં ચાલી રહેલા બિસ્માર રસ્તા, પાણી વિતરણ, કચરા અને ગટરોની સમસ્યાઓ અને એવા અનેક જાહેર જનતાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સાવરકુંડલા નગરપાલિકા સંપૂર્ણ તત્પર હોય તેવી બાંહેધરી આપતા નગરપાલિકાના પ્રમુખશ્રી તૃપ્તિબેન દોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું. સ્પષ્તા કરૂં છું કે શહેરનો અમરેલી મહુવા રોડ નેશનલ હાઈવે ઓથોરિટીમાં આવે છે આ બાબતે અમોએ એમ.પી. નારણભાઈ કાછડીયાને રજૂઆત કરેલ છે. આ ઉપરાંત અન્ય રોડ જૂના બસસ્ટેશન , જેસર રોડ , ખરાબ છે તે હકીકત છે પરંતુ એ આયોજનમાં છે અને એક માસની અંદર કામ શરૂ કરવાના પ્રયાસો કરી રહ્યા છીએ અને એ સાથે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે નગરપાલિકામાં ભાજપનું શાસન સ્થાપિત થયાને માત્ર ૧૯૦ દિવસ થયા છે. ૧૯૦ દિવસમાં સાવરકુંડલા નગરપાલિકા કાઉન્સિલર મિત્રો, ગુજરાત સરકાર, સાંસદ નારાયણભાઈ જિલ્લા પ્રમુખ કૌશિકભાઈ તથા શહેર જિલ્લા સંગઠનનો સહકાર લઈ ૬ કરોડના ખર્ચે ૧૭૫ સીસી રોડ જેના ટેન્ડરો ૨૦ દિવસમાં પ્રસિદ્ધ થશે ત્યારબાદ એક માસમાં જ કાર્ય ચાલુ થશે અને બે કરોડના ખર્ચે રિવરફ્રન્ટ જેની સાધારણ સભા મળેલ અને સર્વાનુમતે મંજૂર થઈ અને કાર્યવાહી જેટ ગતિએ આગળ વધી રહી છે. આ ઉપરાંત નદીમાં નાગરિક બેંક સામે ત્રિકોણબાગ બનાવવાનો પ્લાન બની રહ્યો છે તે ટૂંક સમયમાં સાકાર થશે દરેક વિસ્તારમાં ટાંકી દ્વારા એક જ સમયે ફિલ્ટર કરેલું મહિનું પાણી વિતરણ કરવાની યોજના છે. જેનો સર્વે પણ થઈ ગયેલ છે જેના ખર્ચ અંદાજે ૨૫ કરોડ છે. આ ઉપરાંત નેસડી રોડ પર લાઈટિંગનો પ્રોજેક્ટ પણ મંજુર થઈ ગયેલ છે. " સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ" ગુજરાતની માત્ર ૯ નગરપાલિકા નામંજૂર થયેલ છે જે ગંદા પાણીને શુદ્ધ કરી ખેતરોમાં પાણી આપશે જે કામની પ્રક્રિયા બે માસમાં કાર્યરત થશે.

ડીસામાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઈ

ડીસા, તા.૫

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા નશાબંધી પ્રચારના કાર્યક્રમનું આયોજન કરાયું હતું અને આ પ્રસંગે લોકોને નશાનો ત્યાગ કરાવવા માટે સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા હતા. ભારતમાં વર્ષે દહાડે અસંખ્ય લોકોના મોત અલગ-અલગ વ્યસનના લીધે થાય છે. ત્યારે વ્યસનોના લીધે લોકોના નીપજી રહેલા મોતને પગલે નશાબંધી વિભાગ દ્વારા દર વર્ષે તા.૨ ઓક્ટોબરથી તા. ૯ ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ડીસા ખાતે પણ નશાબંધી વિભાગ દ્વારા ડીસા નગરપાલિકા હોલમાં નશાબંધી સપ્તાહ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નશાબંધી વિભાગના નિયામક સુનિલકુમાર, બનાસકાંઠાના પી.આઈ. એન.ડી.દેવાણી, ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યા, ડીસા વિભાગીય પોલીસ અધિક્ષક ડૉ. કુશલ ઓઝા, ડીસા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ડીસા તાલુકા પંચાયત પ્રમુખ જીજાબેન ગોકવાડીયા અને ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢિયાર સહિત મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લા NSUI દ્વારા S.T. ડેપો મેનેજરને આવેદન

સુરેન્દ્રનગરમાં હાલમાં જ્યારે શાળાઓ અને કોલેજો ખુલવા પામી છે ત્યારે એસ.ટી બસની અગવડતાના લીધે સાયલા ચુડા વઢવાણ વગેરે જેવા ગામોના રૂટ પરથી અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓને ખૂબ હાલાકી પડી રહી છે જેથી સુરેન્દ્રનગર જિલ્લા NSUIના પ્રમુખ ધ્રુવરાજસિંહ ચુડાસમા, પાર્થરાજસિંહ ઝાલા વગેરે એ સુરેન્દ્રનગર એસ.ટી. ડેપોના મેનેજરને રૂબરૂ મળી લેખિતમાં આવેદન પાઠવી આ પ્રશ્નનું જલ્દી નિરાકારણ લાવવા માંગ કરી છે. નિવારણ નહીં આવે તો આગામી સમયમાં વિદ્યાર્થીઓને સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી છે.

બાળકોને ભણવું છે....શિક્ષકોને ભણાવવું છે પણ

આ તો કઈ રીતે ભણે ગુજરાત : ઝૂંપડાંમાં ભણવા મજબૂર જાલમપુર ગામના બાળકો

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૫

ગુજરાતમાં વિવિધ પ્રકારના ઉત્સવો-ઉજવણીઓ પાછળ કરોડોનું એંધાણ કરવા ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન, ગુણોત્સવ, પ્રવેશોત્સવ જેવા આયોજન સાથે ભણે ગુજરાતની મોટા ઉપાડે વાતો કરનારી ભાજપ સરકારના શાસનમાં શાળાના બાળકો જ્યાં પ્રાથમિક જ્ઞાન મેળવે છે તેવી પ્રાથમિક શાળાઓમાં પૂરતા ઓરડા ન હોવાથી મેદાનમાં કે ઝાડ નીચે અથવા અન્ય સ્થળે બાળકોને ભણવું પડે છે. ભાજપના વિકાસના દાવાઓને પોકળ સાબિત કરતા દ્રશ્યો અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના જાલમપુર ગામમાં જોવા મળ્યા હતા. જાલમપુર ગામમાં પ્રાથમિક શાળા ઝૂંપડામાં ચાલી રહી છે. ઝૂંપડામાં ચાલતી પ્રાથમિક શાળામાં બાળકો જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે.

રાજ્યની પ્રાથમિક અનેક શાળાઓ જર્જરીત અને ઓરડાની ઘટ છે. એસી ચેમ્બરમાં બેસીને શાળા પ્રવેશોત્વ અને ગુણોત્સવ ઉજવતી સરકારને ક્યાં ખબર છે. ગુજરાતના નાનકડાં ગામડાંઓની શાળાઓ હજુ પણ ઓરડામાં નહીં ઝૂંપડામાં ચાલે છે. બાળકોના સર્વાંગી

વિકાસની વાતો જ્યાંથી જોર શોરથી થઈ રહી છે તેવા ગાંધીનગરના નાક નીચે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના જાલમપુર ગામ જોજનો દૂર છે. જાલમપુર દેવીપૂજક ફળિયામાં આવેલી પ્રાથમિક શાળાના ૩૨ જેટલા બાળકો હજુ પણ ઝૂંપડામાં ભણવા માટે મજબૂર છે.

જાલમપુર ગામના દેવીપૂજક વસાહતના બાળકો અભ્યાસથી વંચીત ન રહે તે માટે બે વર્ષ અગાઉ વર્ગ શાળા શરૂ કરવામાં આવી છે. શાળાનો કોડ અને શિક્ષક પણ ફાળવાઈ ગયા છે. શિક્ષક અને ગ્રામજનોએ જાત-મહેનતના અંતે એક ઝૂંપડુ બનાવ્યું છે. જેમાં ધોરણ ૧થી ૫ સુધીના ૩૨ બાળકો અભ્યાસ કરી રહ્યાં છે. આ શાળામાં શિક્ષક બાળકોને અભ્યાસ પણ કરાવી રહ્યા છે ઓરડાના અભાવે શિક્ષક અને ગ્રામજનો ઝૂંપડામાં વર્ગ શાળા ચલાવવા મજબૂર બન્યા છે. શાળા માટે ઓરડાની ગ્રાંટની ફાળવણી પણ થઈ ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે ત્યારે ઓરડાની ગ્રાન્ટની ફાઈલ કેટલે અટકી છે તેનો જવાબ કોઈ પાસે નથી.

જાલમપુર ગામના ગ્રામજનોના જણાવ્યા અનુસાર, શાળા માટે પાકા મકાનની માંગ સાથે તંત્રને અનેક રજૂઆતો અને ફરિયાદો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. બીજી તરફ ધનસુરાના પ્રાથમિક શિક્ષણ અધિકારીને પૂછવામાં આવતા તેમણે પોતાની નવી નિમણૂંક થઈ હોવાથી તેમને કોઈ ખબર ના હોવાનું જણાવી પોતાના હાથ અદ્ધર કરી દીધા છે. શિક્ષણ વિભાગના અધિકારીઓના આવા ઉડાઉ જવાબો અને સરકારની લાલિયાવાડીની ચરમસીમાના કારણે મજૂરી કરીને પોતાનું પેટિયું રળતા પરિવારના બાળકો આખરે જાય ક્યાં ? શું આ ગુજરાતનું ભાવિ અંધકારમાં નથી.

ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર અને ઠાકરશીભાઈનું ઉદ્બોધન

ગાંધીજીની વિચારધારાને ફેલાવવા આપણે સૌએ કટિબદ્ધ બનવું પડશે

અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા ગાંધીજયંતી નિમિત્તે કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૫

મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર તથા માજી ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયાએ ગાંધીના વિચારો અને તેમના મૂલ્યોને પુનઃ સ્થાપિત કરવા જનજાગૃતિ અભિયાન ચલાવી વર્તમાન શાસકોની વિચારધારાને નેસ્તનાબૂદ કરી દેશમાં શાંતિ, અમન અને ભાઈચારાનું વાતાવરણ ઊભું કરવાની આપણે સૌ પરિવારજનો (કોંગ્રેસજનો)ની ફરજ છે. ત્યારે આજના દિને આ વિચારધારાને ફેલાવવા આપણે સૌ કટિબદ્ધ બનવું પડશે. મહાત્મા ગાંધી અને શાસ્ત્રીજીના આદર્શો અને વિચારોનો વ્યાપક પ્રચાર થાય તેમ કોંગી નેતાઓએ જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસી અગ્રણીઓ શંભુભાઈ દેસાઈ, અર્જુનભાઈ સોસા, અરવિંદભાઈ સીતાપરા, જીતુભાઈ વાળા, જે.પી. ગોળવાળા, રફીકભાઈ મોગલ, કે.કે.વાળા, ટીકુભાઈ વરૂ, હિતેષભાઈ માંજરીયા,ઘ નારણભાઈ મકવાણા, ઈમ્તિયાઝભાઈ શેખ, જમાલભાઈ મોગલ, જયુભાઈ ઠુંમર સહિત કોંગી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને પુષ્પમાળાથી સન્માનિત કરેલ તેમ એક અખબારી યાદીમાં જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નરેશભાઈ અધ્યારૂએ જણાવ્યું છે.

ધાર્મિક કાર્યક્રમ

પ્રાંતિજ ખાતે હજરત પીરપંથી બાવા(ર.અ.)નો ઉર્સ ઉજવાશે

પ્રાંતિજ ખાતે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ હઝરત પીરપંથી બાવા (ર.અ.)ના ઉર્સની ઉજવણી થનાર છે. જે નિમિત્તે તા. ૬ - ૧૦-૨૧ને બુધવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે જ. મો.શફી લાકડાવાલાના ઘરેથી સંદલ નીકળશે. જ્યારે તા.૭-૧૦-૨૧ને ગુરૂવારે ઉર્સ મનાવવામાં આવશે. તે નિમિત્તે વ્હોરા જમાતખાનામાં ફક્ત બાળકો માટે ન્યાઝ ખવડાવવામાં આવશે. તેમ દરગાહ ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

સામાજિક વનીકરણ રેન્જ આમોદ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

આમોદ, તા.૫

સામાજિક વનીકરણ રેન્જ આમોદ દવારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આમોદ તાલુકાની વિવિધ પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર એમ.એમ.ગોહિલ તથા ફોરેસ્ટર વી.બી. પંડ્યા તથા એચ.પી.યાદવ તથા વનરક્ષક વી.એન. પરમાર દ્વારા વન્ય પ્રાણીઓ વિશે શાળાના બાળકોને સમજણ આપવામાં આવી હતી. તેમજ બાળકોને વન્ય પ્રાણીઓની ઓળખ આપી તેમનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે માટે ફોરેસ્ટર વી.બી.પંડ્યા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ શાળામાં નિબંધ લેખન, ચિત્રકામ, વક્તૃત્વ સ્પર્ધા વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શહેરામાં આલાહઝરતનું ૧૦૩મું ઉર્ષ ઉજવાયું

શહેરા નગરમાં આલાહઝરતનું ૧૦૩મું ઉર્ષ ઉજવવામાં આવ્યું. ઉર્ષનું જૂલુસ નગીના મસ્જિદથી નીકળ્યું હતું. આલાહઝરત ઈમામ અહેમદ રઝાખાં ફાઝીલે બરેલીનું ૧૦૩મું ઉર્ષની ઉજવણી સાદગીથી કરવામાં આવી. જે નગીના મસ્જિદના પેશ ઈમામ મૌલાના સલીમ અશરફી સાહબ, મદીના મસ્જિદના ઈમામ સૈયદ સાહબ અને કસ્બા પ્રમુખની સરપરસ્તીમાં ઉર્ષ મનાવવામાં આવ્યું. જે શહેરા નગરની નગીના મસ્જિદથી મદની ચોક થઈ કાનુગાહ બાબાના મઝારને સલામ પેશ કરી હુસૈની ચોકથી થઈ પરત નગીના મસ્જિદ પાસે ઉર્ષને ખતમ કરવામાં આવ્યું હતું અને રાત્રે ઈશાની નમાઝ અદા કર્યા પછી વાઈઝ બયાનનું અને નિયાઝનું પ્રોગ્રામ રાખવામાં આવ્યું હતું.

બલવંતસિંહ રાજપૂત દ્વારા સિદ્ધપુર ખાતે ખાદી ખરીદીનો કાર્યક્રમ યોજાયો

સિદ્ધપુર, તા.૫

ગાંધીજંયતિ નિમિત્તે ગુજરાત રાજય જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂત દ્વારા ખાદી ખરીદીનો કાર્યક્રમ ગાંધી નીકેતન સમોડા ગ્રામોધોગ ભંડાર સિદ્ધપુર મુકામે યોજાયો તેમાં ભારત સરકાર દ્વારા ગાંધીજયંતિ નિમિત્તે ૩૦% કન્સેશન તેમજ વિશેષમાં ઉપસ્થિત રહેલા કાર્યકર્તા માટે ચેરમેન દ્વારા તેમના તરફથી વધુમાં ૧૦% કન્સેશન આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા ઉપપ્રમુખ જસુભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ ચીનુભાઈ બ્રહભટ્ટ, અશોકભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, પ્રમોદભાઈ પટેલ સહિતના મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકરો હાજર રહ્યા હતા.

વેરાવળના કબ્રસ્તાનમાં હાઈ મસ્ટ લાઈટ ટાવર લગાવવા રજૂઆત કરાઈ

વેરાવળ, તા.૫

વેરાવળના મુખ્ય કબ્રસ્તાનમાં હાઈ મસ્ટના બે ટાવર નાખવા વેરાવળ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ઈમરાનભાઈ જમાદારે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે. આ માગણીમાં તેમને જણાવેલ કે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની હદમાં આવેલ આ મુસ્લિમ સમાજના મુખ્ય કબ્રસ્તાનમાં નગરપાલિકા દ્વારા ફિટ કરાયેલ સ્ટ્રીટ લાઈટ પૂરતા પ્રમાણમાં ના હોઈ અને આ કબ્રસ્તાન આશરે ૩૦થી ૪૦ વીઘામાં હોઈ અને રાત્રીના સમયમાં દફનવિધિ કરવામાં લોકોને હાલાકી પડતી હોઈ જેથી આ વેરાવળના મુખ્ય કબ્રસ્તાનમાં હાઈ મસ્ટના બે લાઈટ ટાવર નાખવા લેખિત રજૂઆત કરેલ છે. આ રજૂઆત કરવામાં ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખ કાસમભાઈ ભાડેલા તથા લઘુમતી મોરચાના કાર્યાલય ઈન્ચાર્જ જિશાનભાઈ બ્લોચ સાથે રહેલ હતા.

ધારાસભ્યો સહિતના મુસ્લિમ આગેવાનોનું પ્રતિનિધિમંડળ DGPને મળ્યું

ઈદે મિલાદના જુલૂસ સહિતના કાર્યક્રમો સરકારી ગાઈડલાઈન સાથે ઉજવવા મંજૂરી આપવા માંગ

DGPએ હકારાત્મક રીતે સાંભળી યોગ્ય નિર્ણય લેવા ખાતરી આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

આગામી ૧૯ અથવા ૨૦ ઓક્ટોબરના રોજ ઈદે મિલાદુન્નબીનો પવિત્ર તહેવાર આવી રહ્યો હોવાથી જુલૂસ સહિતના કાર્યક્રમો માટે સરકારી ગાઈડલાઈનના ચુસ્ત પાલન સાથે ઉજવણી કરવાની મંજૂરી આપવા ત્રણે મુસ્લિમ ધારાસભ્યો સહિતના મુસ્લિમ આગેવાનોના પ્રતિનિધિમંડળે રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયાને રૂબરૂ મળી આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

ઈદે મિલાદુન્નબી પર્વના જુલૂસની મંજૂરી બાબતે મુસ્લિમ આગેવાનોએ ગુજરાતના ડીજીપીની રૂબરૂ મુલાકાત કરી હતી. જેમાં ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, ધારાસભ્ય મુહમ્મદ જાવેદ પીરજાદા, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાન પઠાણ,

ઈકબાલ શેખ એડવોકેટ, જુનેદ શેખ, મુનીર કલીમી (ઈદે મિલાદ કમિટીના ટ્રસ્ટી), રફીકભાઈ કાદરી, જી.પી. ચાવાલા, ઉસ્માનભાઈ કુરેશી, સલીમ ઘીવાલા, શાહીદ શેખ (સિવિલ એન્જિનિયર), આબીદ એડવોકેટ હાજર રહ્યા હતા. ડીજીપીની મુલાકાત દરમિયાન સમગ્ર ગુજરાતમાં ઈદે મિલાદુન્નબીના જુલૂસ માટે અને શાંતિપૂર્વક કોરોનાની ગાઈડલાઈન મુજબ તહેવાર ઉજવવા સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજ તરફથી માગણી કરવામાં આવી છે. ઉપરોક્ત માગણીને ડીજીપી દ્વારા હકારાત્મક રીતે સાંભળવામાં આવી હતી. હાલ કોરોના ગાઈડલાઈન, એસઓપી તેમજ રથયાત્રા-ગણેશ ઉત્સવ-નવરાત્રિ જેવા તહેવારો અને વર્તમાન સંજોગોને અનુરૂપ પર્વોને ધ્યાનમાં રાખી આવતા સપ્તાહ સુધી હકારાત્મક યોગ્ય નિર્ણય લેવાની ખાત્રી આપી હતી.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં કયા વોર્ડમાં કોણ જીત્યું ?

ક્રમ નં.	વોર્ડ નંબર	પક્ષ	વિજેતા મળેલા મત	
૧	વોર્ડ-૧ ૨૫-૨૬ -રાંધેજા ભાજપ	ભાજપ	મીનાબેન સોમાભાઈ મકવાણા	૪૧૯૮
૨	વોર્ડ-૧ ૨૫-૨૬ -રાંધેજા ભાજપ	ભાજપ	અંજનાબેન સુરેશભાઈ મહેતા	૫૨૨૭
૩	વોર્ડ-૧ ૨૫-૨૬ -રાંધેજા ભાજપ	ભાજપ	નટવરજી મથુરજી ઠાકોર	૫૧૧૧
૪	વોર્ડ-૧ ૨૫-૨૬ -રાંધેજા ભાજપ	ભાજપ	રાકેશકુમાર દશરથભાઈ પટેલ	૪૯૩૪
૫	વોર્ડ-૨ પેથાપુર-જી.ઈ.બી	ભાજપ	પારૂલબેન ભુપતજી ઠાકોર	૫૪૦૭
૬	વોર્ડ-૨ પેથાપુર-જી.ઈ.બી	ભાજપ	દીપીબેન મનીષકુમાર પટેલ	૬૨૨૩
૭	વોર્ડ-૨ પેથાપુર-જી.ઈ.બી	ભાજપ	અનિસિંહ મહોબતસિંહ વાઘેલા	૭૦૮૨
૮	વોર્ડ-૨ પેથાપુર-જી.ઈ.બી	કોંગ્રેસ	ગજેન્દ્રસિંહ કનુસિંહ વાઘેલા	૬૦૭૦
૯	વોર્ડ-૩ ૨૪-૨૭-૨૮	ભાજપ	સોનાલીબેન ઉરેનકુમાર પટેલ	૪૩૪૬
૧૦	વોર્ડ-૩ ૨૪-૨૭-૨૮	ભાજપ	દિપીકાબેન સવજીભાઈ સોલંકી	૪૨૩૧
૧૧	વોર્ડ-૩ ૨૪-૨૭-૨૮	ભાજપ	ભરતભાઈ મનજીભાઈ ગોહિલ	૪૦૮૭
૧૨	વોર્ડ-૩ ૨૪-૨૭-૨૮	કોંગ્રેસ	અંકિત અશ્વિનકુમાર બારોટ	૫૫૯૮
૧૩	વોર્ડ-૪ પાલજ-ધોરકુવા	ભાજપ	દક્ષાબેન વીક્રમજી મકવાણા	૬૦૬૯
૧૪	વોર્ડ-૪ પાલજ-ધોરકુવા	ભાજપ	સવિતાબેન હેમતાજી ઠાકોર	૫૭૦૦
૧૫	વોર્ડ-૪ પાલજ-ધોરકુવા	ભાજપ	ભરતભાઈ શંકરભાઈ દિક્ષિત	૫૭૦૧
૧૬	વોર્ડ-૪ પાલજ-ધોરકુવા	ભાજપ	જસપાલસિંહ પ્રવિણસિંહ બિહોલા	૬૫૬૬
૧૭	વોર્ડ-૫ પંચદેવ	ભાજપ	કૈલાસબેન ગુણવંતભાઈ સુતરીયા	૪૫૪૪
૧૮	વોર્ડ-૫ પંચદેવ	ભાજપ	હેમાબેન મંથનકુમાર ભટ્ટ	૪૬૯૦
૧૯	વોર્ડ-૫ પંચદેવ	ભાજપ	પટેલ કિંજલકુમાર દશરથભાઈ	૪૯૫૨
૨૦	વોર્ડ-૫ પંચદેવ	ભાજપ	પદમસિંહ ભરતસિંહ ચૌહાણ	૪૬૨૪
૨૧	વોર્ડ-૬ મહાત્મા મંદિર	ભાજપ	ભાવનાબેન વિક્રમસિંહ ગોલ	૪૦૬૨
૨૨	વોર્ડ-૬ મહાત્મા મંદિર	ભાજપ	પ્રેમલત્તાબેન નિશકુમાર મહેરીયા	૩૮૨૫
૨૩	વોર્ડ-૬ મહાત્મા મંદિર	ભાજપ	વ્યાસ ગૌરાંગ રવિન્દ્ર	૪૪૯૨
૨૪	વોર્ડ-૬ મહાત્મા મંદિર	આપ	પરીખ તુષાર મણીલાલ	૩૯૭૪
૨૫	વોર્ડ-૭ કોલવડા-વાવોલ	ભાજપ	સોનબેન ઘનશ્યામસિંહ વાઘેલા	૬૩૯૪
૨૬	વોર્ડ-૭ કોલવડા-વાવોલ	ભાજપ	કિંજલબેન દિનેશજી ઠાકોર	૫૭૪૬
૨૭	વોર્ડ-૭ કોલવડા-વાવોલ	ભાજપ	પ્રેમલસિંહ પુંજાજી ગોલ	૬૫૮૧
૨૮	વોર્ડ-૭ કોલવડા-વાવોલ	ભાજપ	પટેલ શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ	૬૩૧૪
૨૯	વોર્ડ-૮ ૪-૫-અંબાપુર-સરગાસણ	ભાજપ	ઉષાબેન વિષ્ણુજી ઠાકોર	૭૨૭૦
૩૦	વોર્ડ-૮ ૪-૫-અંબાપુર-સરગાસણ	ભાજપ	છાયા કાંતીલાલ ત્રિવેદી	૭૧૩૦
૩૧	વોર્ડ-૮ ૪-૫-અંબાપુર-સરગાસણ	ભાજપ	હિતેશકુમાર પુનમભાઈ મકવાણા	૬૨૮૨
૩૨	વોર્ડ-૮ ૪-૫-અંબાપુર-સરગાસણ	ભાજપ	રાજેશકુમાર રાવજીભાઈ પટેલ	૭૪૦૧
૩૩	વોર્ડ-૯ ૨-૩-કુડાસણ	ભાજપ	અલ્પાબેન કૌશિકભાઈ પટેલ	૮૨૯૩
૩૪	વોર્ડ-૯ ૨-૩-કુડાસણ	ભાજપ	શૈલાબેન સુનિભાઈ ત્રિવેદી	૭૦૬૩
૩૫	વોર્ડ-૯ ૨-૩-કુડાસણ	ભાજપ	રાજુભાઈ શંકરલાલ પટેલ	૭૬૪૬
૩૬	વોર્ડ-૯ ૨-૩-કુડાસણ	ભાજપ	સંકેત રમેશભાઈ પંચાસરા	૭૨૯૬
૩૭	વોર્ડ-૧૦ ૬-૭-કોબા	ભાજપ	મીરાબેન મિનેષકુમાર પટેલ	૮૬૩૫
૩૮	વોર્ડ-૧૦ ૬-૭-કોબા	ભાજપ	તેજલબેન યોગેશકુમાર વાફેદ	૮૪૬૪
૩૯	વોર્ડ-૧૦ ૬-૭-કોબા	ભાજપ	મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ	૮૬૩૭
૪૦	વોર્ડ-૧૦ ૬-૭-કોબા	ભાજપ	પોપટસિંહ હેમતુજી ગોહિલ	૮૫૦૯
૪૧	વોર્ડ-૧૧ ભાટ-ખોરજ	ભાજપ	સેજલબેન કનુભાઈ પરમાર	૬૮૧૪
૪૨	વોર્ડ-૧૧ ભાટ-ખોરજ	ભાજપ	ગીતાબેન ચંદ્રકાંત પટેલ	૭૩૨૬
૪૩	વોર્ડ-૧૧ ભાટ-ખોરજ	ભાજપ	માણેકજી ખોડાજી ઠાકોર	૬૪૯૬
૪૪	વોર્ડ-૧૧ ભાટ-ખોરજ	ભાજપ	જશવંતલાલ અંબાલાલ પટેલ (જશુભાઈ)	૬૯૩૮

સમાજ માટે પ્રેરણારૂપ : હાઈકોર્ટનો પ્રશંસનીય પ્રયાસ

છૂટાછેડાને તિલાંજલિ : પુત્રી માટે દંપતી દોઢ વર્ષ પછી ફરીવાર એક થયું

છૂટાછેડા માટે ૬ વર્ષ સુધી કોર્ટમાં કેસ લડ્યા, જો કે દીકરીના પ્રેમ અને લાગણીની જીત થઈ

અમદાવાદ, તા.૫

સામાન્ય રીતે દંપતી ત્યારે છૂટાછેડા લેવાના નિર્ણયે આવે છે જ્યારે તેમના સંબંધમાં કંઈજ બચ્યું નથી હોતું. તેમજ એકવાર છૂટા પડ્યા પછી આવા દંપતી વચ્ચે એટલું મોટું અંતર આવી ગયું હોય છે કે તેઓ ભાગ્યે જ મિત્રવત રહી શકે છે. આવા જ એક કિસ્સામાં અમદાવાદનું એક દંપતી લગ્નના ૯ વર્ષ પછી છૂટાછેડા લેવા માટે વર્ષો સુધી કોર્ટમાં લડ્યું. છૂટાછેડા પણ મેળવ્યા પરંતુ પછી દીકરીના ભવિષ્ય માટે બધુ જ ભૂલાવીને ફરી એક થઈ ગયું. હકીકતમાં દંપતીએ ગુજરાત હાઈકોર્ટમાં સંતાનની કસ્ટડી મેળવવા અરજી કરી હતી. માતા-પિતાના ઝઘડા વચ્ચે સંતાનની કફોડી સ્થિતિને જાણીને હાઈકોર્ટે સમજાવતા દંપતીએ ફરીથી એક થવાનો નિર્ણય લીધો હતો. મળતી માહિતી પ્રમાણે અમદાવાદમાં મેડિકલ સ્ટોર ચલાવતા પતિએ ફેમિલી કોર્ટમાં સંતાનની કસ્ટડી માતાને આપવાના હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જેની સુનાવણી દરમિયાન એવી હકીકત સામે આવી હતી કે ૯ વર્ષના લગ્ન જીવન દરમિયાન તેમના ઘરે દીકરીનો જન્મ થયો હતો. જો કે બન્ને વચ્ચે માથાકૂટ અને વિવાદ વધતા છેવટે પતિએ છૂટાછેડા લેવા માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. છૂટાછેડાનો આ કેસ ૬ વર્ષ સુધી ફેમિલી કોર્ટમાં ચાલ્યો બાદ કોર્ટે છૂટાછેડાની ડીક્રી આપી હતી. ફેમિલી કોર્ટે દિકરીની કસ્ટડી માતાને સોપી અને પિતાને મળવાના અધિકાર માટે સમય નક્કી કર્યો હતો. છૂટાછેડા મળ્યાનાં દોઢ વર્ષ બાદ દીકરીની કસ્ટડી મેળવવા પિતાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે દ્વારા પતિ-પત્નીને એકબીજા માટે જે પ્રશ્નો હતા તેને કઈ રીતે દૂર કરી શકાય તે અંગે સમજાવ્યા હતા. બન્ને એકબીજાના એક-એક મુદ્દાને અવગણીને સંતાનના ભવિષ્ય માટે ફરીથી એક થવા પ્રયત્ન કર્યો હતો. છૂટાછેડા લીધા તેના દોઢ વર્ષ બાદ બન્નેએ ફરીથી ભેગા રહેવાનો નિર્ણય લીધો હતો. જ્યારે ફેમિલી કોર્ટે પિતાને મળવાના અધિકાર આપ્યા તેમાં દિવસો એ રીતે નક્કી કર્યા હતા. જોકે આમાં સૌથી વધુ મરો માસુમ દીકરીનો થઈ રહ્યો હતો. પિતાને મળેલા અધિકાર મુજબ તહેવારના દિવસે સવારે માતા સાથે અને બપોર પછી પિતા સાથે રહેવાનો સમય નક્કી કર્યો હતો. શનિવારે માતા સાથે અને રવિવારે પિતા સાથે, દિવાળી વેકેશનમાં માતા સાથે અને ઉનાળુ વેકેશન પિતા સાથે રહેવું તેવા કોર્ટના હુકમને લીધે દિકરીની માનસિક સ્થિતિ દયનીય બની હતી. કોર્ટે પતિ-પત્ની અને દિકરી સાથે વાત કરતા માતા-પિતા પણ દીકરીની વાતોથી ગભરાઈ ગયા હતા. કોર્ટે તેમને દીકરીના ભવિષ્ય માટે પોતાના ઈગોને મુકીને નિર્ણય લેવા સમજાવતા બન્ને પતિ-પત્નીએ સોંગદનામું કરીને સાથે રહેવા બાંહેધરી આપી હતી. આ સમયે કોર્ટમાં હાજર દરેકના ચહેરા પર એક ખુશી હતી. આ ઘટના એટલું તો ચોક્કસ સમજાવી જાય છે કે આજકાલ દંપતી વચ્ચે નાની નાની વાત થતા ઈગોના ટકરાવથી અંતે ભોગવવાનું બંને પક્ષે છે.

વ્યક્તિ જ્યારે છૂટાછેડા લે છે ત્યારે હકીકતમાં તે ધારે એટલું સહજ જીવન આગળ હોતું. જેને તમે એક સમયે પોતાનું અંગત ગણ્યું હોય તે જ વ્યક્તિ જો અલગ થઈને રહેતી હોય ત્યારે મનમાં એક પીડા સતત ખણકતી રહેતી હોય છે. જ્યારે છૂટાછેડાનો સૌથી મોટો ભોગ આવા દંપતીને જો બાળકો હોય તો તે બનતા હોય છે. આવા બાળકોના કુમળા માનસ પર જે અસર પડતી હોય છે તેનાથી સમાજ પ્રત્યે જોવાની તેની રીતભાત બદલાઈ જતી હોય છે જેથી આગળ જતાં તે ઈમોશનલ ઈન્સિકયોરિટીનો ભોગ બને છે.

ચૂંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતીથી ચૂંટી કાઢવા બદલ

ભાજપના મુખ્ય ચૂંટણી નિરીક્ષક ચુડાસમાએ મતદારોનો આભાર માન્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં હાલ યોજાયેલી ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ભવ્ય દેખાવ કર્યો તે બદલ ભાજપના મુખ્ય ચૂંટણી નિરીક્ષક ભૂપેન્દ્ર ચુડાસમાએ મતદારોનો અભાર વ્યક્ત કર્યો છે. રાજ્યમાં યોજાયેલી ગાંધીનગર મહાનગરપાલિકા, ભાણવડ, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી જિલ્લા પંચાયતની ૮, તાલુકા પંચાયતની ૩, મનપાની ૩ તથા નગરપાલિકાની ૪૫ બેઠકો માટેની પેટાચૂંટણીમાં વધુમાં વધુ બેઠકો કબજે કરવા ભાજપે પૂર્વ શિક્ષણમંત્રી અને સિનિયર નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મુખ્ય ચૂંટણી નિરીક્ષક તરીકેની જવાબદારી સોંપી હતી, જેમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માઈક્રો પ્લાનિંગ અને બુથ મેનેજમેન્ટ દ્વારા ચૂંટણી જીતવા તેમનો અનુભવ કામે લગાડ્યો હતો. આજના પરિણામો જોતા ભાજપે કુલ ૨૨૮ બેઠકો પૈકી ૧૭૫ બેઠકો કબજે કરી સપાટો બોલાવી દીધો છે.

ચાંદખેડા અને ઈસનપુરની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય

અમદાવાદ , તા.૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે બાજી મારી છે. જેમાં અમદાવાદના ચાંદખેડા અને ઈસનપુર વોર્ડમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં ભગવો લહેરાયો છે. બંને વોર્ડમાં ભાજપના કોર્પોરેટરોની જીત થઈ છે. જેમાં ઈસનપુર વોર્ડમાં ભાજપના મૌલિક પટેલ તથા ચાંદખેડા વોર્ડમાં ભાજપના રીટાબેન પટેલની જીત થઈ છે. નોંધનીય છે કે, એક કોર્પોરેટરે રાજીનામું આપતા અને એક કોર્પોરેટરનું અવસાન થતાં આ બંને સીટ પર પેટાચૂંટણી યોજાઈ હતી. રવિવારે થયેલા મતદાનમાં ચૂંટણી પંચ મુજબ આ બંને વોર્ડની ચૂંટણીમાં સરેરાશ ૨૨ ટકા મતદાન થયું હતું. જેમાં ઈસનપુર વોર્ડમાં ૨૩.૬૦ ટકા જ્યારે ચાંદખેડા વોર્ડમાં ૨૦.૩૨ ટકા મતદાન નોંધાયું હતું. આ બંને વોર્ડની સીટો પર ઈસનપુરમાં ૩ અને ચાંદખેડામાં ૪ ઉમેદવાર મેદાનમાં હતા. ચાંદખેડા વોર્ડમાં ભાજપમાંથી રીના પટેલ જ્યારે કોંગ્રેસમાંથી દિવ્યા રોહિત વચ્ચે મુખ્ય જંગ હતી. તેમજ ઈસનપુર વોર્ડમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સ્વ.ગૌતમ પટેલના પુત્ર મૌલિક પટેલને ટીકિટ મળી હતી. જ્યારે કોંગ્રેસે ભાવેશ દેસાઈને મેદાનમાં ઉતાર્યા હતા.

અમદાવાદની ૧૨૬ સ્કૂલોમાંથી ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા લેવાશે

- ૩૦ હજાર જેટલા ઉમેદવારો માટે પરીક્ષા કેન્દ્રોના ૧૨૮૩ વર્ગોમાં વ્યવસ્થા કરાઈ
- રવિવારના રોજ હિસાબી અધિકારી-ઓડિટર વર્ગ-૩ની પરીક્ષા લેવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજ્યમાં ૧૦ ઓક્ટોબર, રવિવારના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા હિસાબી અધિકારી-ઓડિટર વર્ગ-૩ની પરીક્ષા ૧૦ ઓક્ટોબરના રોજ લેવામાં આવનાર છે. આ પરીક્ષા સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા દરમિયાન યોજવામાં આવશે. આ માટે અમદાવાદ શહેરમાં આવેલી સ્કૂલોને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવી છે. આ કેન્દ્રો પરથી ૩૦ હજાર કરતા વધુ ઉમેદવારો પરીક્ષા આપશે. આ માટે સ્કૂલના ૧૨૮૩ જેટલા CCTVથી સજ્જ વર્ગોનો ઉપયોગ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પરીક્ષા કેન્દ્ર તમામ સ્કૂલોને પરીક્ષા પહેલા સજ્જ રહેવા માટે તાકીદ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હિસાબિ અધિકારી-ઓડીટર વર્ગ-૩ની પરીક્ષા ૧૦ ઓક્ટોબરના રોજ લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે અમદાવાદ શહેરની ૧૨૬ જેટલી સ્કૂલોને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવી છે. આ કેન્દ્રો પરથી ૩૦ હજાર કરતા વધુ ઉમેદવારો પરીક્ષા આપશે. આ માટે સ્કૂલના ૧૨૮૩ જેટલા CCTVથી સજ્જ વર્ગોનો ઉપયોગ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પરીક્ષા કેન્દ્ર તમામ સ્કૂલોને પરીક્ષા પહેલા સજ્જ રહેવા માટે તાકીદ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમાં ૩૦૭૯૨ ઉમેદવારો પરીક્ષા આપશે. આ પરીક્ષા સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા દરમિયાન યોજવામાં આવશે. આ માટે અમદાવાદ શહેરમાં આવેલી સ્કૂલોને પરીક્ષા કેન્દ્ર નક્કી કર્યા છે. જેથી સ્કૂલોના આચાર્યએ જિલ્લા શિક્ષણાધિકારીની પુર્વ મંજુરી સિવાય કોઈ એજન્સીને પરીક્ષા કેન્દ્ર ફાળવવાના રહેશે નહીં તેવી સુચના આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આ પરીક્ષા માટે ૧૨૬ સ્કૂલો પસંદ કરવામાં આવી છે. જેમાં ૩૦૭૯૨ ઉમેદવારો પરીક્ષા માટે ઉપસ્થિત રહેશે. આ માટે સ્કૂલના ૧૨૮૩ વર્ગો ઉપયોગમાં લેવામાં આવનાર છે. પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનારા તમામ વર્ગખંડો CCTVથી સજ્જ કરવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે. આમ, ૧૦ ઓક્ટોબરના રોજ લેવાનારી પરીક્ષાને લઈને સ્કૂલોને અત્યારથી જ તૈયારી કરવા માટે સૂચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. હાલમાં શાળાઓમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે ત્યારે પરીક્ષા વખતે મુશ્કેલી ન પડે તે માટે રવિવારના રોજ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૩ કેસ : વધુ એક દર્દીનું મોત

૧૪ દર્દીઓ સાજા થયા : રિકવરી રેટ ૯૮.૭૬ ટકાએ સ્થિર

અમદાવાદ, તા.૫

રાજ્યમાં કોરોનાની બીજી લહેરનો હવે લગભગ અંત આવી ગયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૧૪ દર્દી સાજા થયા છે. તો રાજ્યમાં ૩૨મા દિવસે કોરોનાથી એકનું મોત થયું છે. ૨૦ સપ્ટેમ્બરે પહેલી અને બીજી લહેરના સૌથી ઓછા ૮ કેસ નોંધાયા હતા.

સૌથી વધુ ૭ કેસ વલસાડમાં નોંધાયા છે. જ્યારે ૪ શહેર અને ૨૮ જિલ્લામાં એકપણ નવો કેસ નોંધાયો નથી. તેમજ રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૬ પર સ્થિર રહ્યો છે. અગાઉ ૧૨ ઓગસ્ટે રાજકોટ શહેર, ૨૧ ઓગસ્ટે રાજકોટ, ૨૫ ઓગસ્ટે જામનગર અને ૩ સપ્ટેમ્બરે ભાવનગર જિલ્લામાં એક-એક દર્દીનું મોત થયું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૬ સપ્ટેમ્બર સુધી સતત ૫૦ દિવસ સુધી ડબલ ડિજિટમાં ક્વાંય કેસ નોંધાયા ન હતા.



રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ લાખ ૨૬ હજાર ૫૮ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦ હજાર ૮૩ થયો છે. તેમજ અત્યાર સુધીમાં ૮ લાખ ૧૫ હજાર ૭૮૦ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૮૦ એક્ટિવ કેસ છે, જેમાંથી ૩ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે ૧૭૭ દર્દીની હાલત સ્થિર છે.

ઓમાનના દરિયામાં સલાયાના માંડવીના જહાજની જળસમાધિ

જહાજના ૮ ક્રૂ મેમ્બરોને સહી સલામત બચાવી લેવાયા

ભૂજ, તા.૫

કચ્છની માલિકીનું જહાજ ઓમાનના દરિયામાં ડૂબી જવાના સમાચાર પ્રાપ્ત થયા છે. જો કે જહાજની અંદર રહેલા આઠ ક્રૂ મેમ્બરોને સહી સલામત બચાવી લેવાયા છે. કચ્છના અખાતમાંથી ઉદભવેલા શાહીન વાવાઝોડાની અસર ઓમાનના દરિયામાં જોવા મળી હતી અને કચ્છના માંડવી સલાયાનું 'યુસુફી' નામનું જહાજ વાવાઝોડાની ઝપેટમાં આવ્યું હતું. તા.૩-૧૦ રવિવારના રોજ બપોરે આ જહાજ ઓમાન-મસ્કત ખાતે જેટી ઉપર લાંગરવામાં આવ્યું હતું પરંતુ વાવાઝોડાના કારણે તોફાની બનેલા સમુદ્રમાં ઊંચા મોજા ઉછળતા આ જહાજ વારંવાર જેટી સાથે ટકરાતા જહાજના પાટિયા તૂટી પડ્યા હતા. જહાજમાં પાણી ભરાવા લાગતા જહાજે જળસમાધિ લીધી હતી. આ દરમ્યાન જહાજના તમામ આઠ ક્રૂ મેમ્બરને સલામત રીતે જેટી ઉપર બચાવી લઈ સલામત સ્થળે ખસેડાયા હતા. માંડવી સલાયાના હુસૈન અલીની માલિકીનું આ જહાજ હતું.

અભયમની ટીમે વધુ એક વૃદ્ધાને આશ્રય અપાવ્યો

લ્યો બોલો ! ત્રણ પુત્ર-બે પુત્રી છતાં વૃદ્ધાને રાખવા કોઈ તૈયાર ન હતું

અભયમની ટીમ દ્વારા કાઉન્સિલિંગ બાદ દરેક દીકરો માતાને વારા ફરતી ત્રણ-ત્રણ મહિના માટે રાખશે

અમદાવાદ, તા.૫

આજકાલ ઘણાં એવા કિસ્સા સામે આવતા હોય છે જે સંબંધોને શર્મસાર કરતા હોય છે. અમદાવાદ શહેરથી પણ એવો જ એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં ૮૨ વર્ષીય વૃદ્ધ માતાના ૩ દીકરા અને બે દીકરીઓ હોવા છતાં કોઈ રાખવા માટે તૈયાર નહોતું. પાંચ બાળકો હોવા છતાં વૃદ્ધા બેઘર બન્યા હતા. એક વ્યક્તિ તરફથી અભયમની ટીમને આ બાબતે જાણ કરવામાં આવી, જેમણે દીકરાઓનું કાઉન્સિલિંગ કર્યું અને રસ્તો કાઢવો કે દરેક દીકરો વારાફરથી માતાને ૩-૩ મહિના માટે રાખશે. અભયમની ટીમે વાતચીત કરીને સમગ્ર બાબતને થાળે પાડી હતી. નોંધનીય છે કે શહેરના એક વિસ્તારમાંથી એક વ્યક્તિએ અભયમની ટીમને ફોન કરીને જણાવ્યું કે, એક ૮૨ વર્ષીય વૃદ્ધાને ત્રણ દીકરા અને બે દીકરીઓ છે પરંતુ તેમને કોઈ રાખવા તૈયાર નથી. અભયમની ટીમ ઘટના સ્થળ પર પહોંચી અને તેમણે વૃદ્ધાની પૂછપરછ કરી હતી. વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે, તેમના પતિનું ૧૫ વર્ષ પહેલા અવસાન થઈ ગયુ હતું. પતિના અવસાન પછી ૩ દીકરાઓએ સરખા ભાગે મિલકતની વહેંચણી કરી લીધી હતી. ઉંમરના કારણે વૃદ્ધાના વર્તનમાં ચિડિયાપણું આવી ગયુ હતું અને તેઓ કારણ વગર બોલ બોલ કરતા હતા. તેઓ દીકરાઓને અને તેમના પરિવારને પણ સતત સલાહ સૂચન આપતા રહેતા હતા, જેનાથી કંટાળીને સંતાનો તેમને રાખવા તૈયાર નહોતા. થોડા દિવસ પહેલા સુધી તે દીકરી સાથે રહેતા હતા પરંતુ ૧૫ વર્ષ સાથે રાખ્યા પછી તેણે પણ માતાને રાખવાની ના પાડી દીધી હતી. વૃદ્ધા જ્યારે મોટા દીકરાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે પુત્રવધુએ તેમને જોઈને ઘરને અંદરથી તાળુ મારી દીધુ હતું. બપોરે એક વાગ્યાથી લઈને સાંજના પાંચ વાગ્યા સુધી તે ઘરની બહાર બેસી રહ્યા હતા. અભયમની ટીમ દ્વારા વૃદ્ધાના ત્રણેય દીકરાઓનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યુ હતું અને માતાને ૩ મહિના રાખવાની સમજ આપી હતી. અત્યારે તે મોટા દીકરાના ઘરે છે. અભયમની ટીમની મદદને કારણે બેઘર બનેલા માતાને છત મળી છે અને સમગ્ર મામલો થાળે પડ્યો છે.

ઈઝરાયેલ સંચાલિત તાલીમ શિબિરમાં પનામાના પોલીસ અધિકારીઓએ અરબ પોશાક પહેરેલા લક્ષ્યાંકો પર ગોળીબાર કર્યો

(એજન્સી) તા.૫

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા ફોટામાં દેખાય છે કે ઈઝરાયેલ દ્વારા આપવામાં આવતી તાલીમમાં ભાગ લઈ રહેલા પનામાના પોલીસ અધિકારીઓ પરંપરાગત અરબ પોશાક પહેલા લક્ષ્યાંકો પર ગોળીબાર કરી રહ્યા છે. નેશનલ પોલીસ અને સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટવીટર પર આ વિવાદાસ્પદ ફોટાઓ પોસ્ટ કરવામાં આવ્યા હતા. જો કે પાછળથી તેમને ડિલિટ કરી દેવામાં આવ્યા હતા. પનામાનિઅન કમિટી ઓફ સોલિડારીટી વીથ પેલેસ્ટાઈને પણ આ ફોટાઓની ટીકા કરતા કહ્યું હતું કે તે હિંસા અને વંશવાદને પ્રોત્સાહન આપે છે. હિજાબ અથવા તેનાથી ભળતો કોઈપણ પોશાક પહેરનારા બધાને આતંકવાદી તરીકે વર્ગીકૃત ન કરી શકાય. આ સંગઠને પનામા સરકારને અપીલ કરી હતી કે તે સુરક્ષા દળોની તાલીમમાંથી અન્ય દેશોની

દરમ્યાનગીરીને દુર કરે. આ સંગઠનની અપીલના જવાબમાં પનામા પોલીસે એક નિવેદન બહાર પાડી માફી માંગી હતી. આ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, અમે બધી સંસ્કૃતિઓ, ધર્મો અને વંશીય પરંપરાઓનો આદર કરીએ છીએ. આ પ્રકારની પરિસ્થિતિ અંગે અમે અફસોસ વ્યકત કરીએ છીએ.

ઈરાન, સઉદી અરબ યમન માટે વ્યવહારિક તંત્ર શોધવા અંગે સહમત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

ઈરાનની એક સમાચાર વેબસાઈટે જણાવ્યું છે કે, યમનમાં ઉકેલ લાવવા માટે કોઈ વ્યવહારિક તંત્ર શોધવા સઉદી અરબ અને ઈરાન સહમત થયા છે. નામ ન આપવાની શરતે એક અરબ રાજદ્વારીએ જણાવ્યું હતું કે, ૨૧મી સપ્ટેમ્બરના રોજ બગદાદ એરપોર્ટ પર ઈરાન અને સઉદી અરબના અધિકારીઓની બેઠક દરમિયાન આ સહમતી સાધવામાં આવી હતી. નામ ન આપવાની શરતે સૂત્રે જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે સારા માહોલમાં ખુલ્લી ચર્ચાના સ્તરે આ મંત્રણા યોજાઈ હતી જેમાં ઘણી સફળતા જોવા મળી છે. આમાં યમનમાં ઉકેલ લાવવા માટેની પ્રક્રિયા આગળ વધી છે અને સૈદ્ધાંતિક માળખામાંથી બહાર આવીને પ્રાયોગિક અમલના ક્ષેત્રમાં પ્રક્રિયાને આગળ વધારવામાં આવે અને

જમીન પર સંબંધિત પક્ષોને હાલમાં તેમના આગામી પગલાંઓની જાણ કરવામાં આવી રહી છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે, આગામી તબક્કાની બેઠક દરમિયાન બંને દેશો દ્વીપક્ષીય મંત્રણાને આગળ વધારવામાં પણ સહમત થયા છે. આ પહેલાં સઉદીના વિદેશ મંત્રી ફૈસલ બિન ફરહાન અલ સઉદે સ્પષ્ટતા કરી હતી કે, તેમના દેશ અને ઈરાન વચ્ચે ચોથા રાઉન્ડની મંત્રણા યોજવામાં આવી છે.

હમાસે ઈઝરાયેલની ચિંતામાં વધારો કરતા ચાર મિસાઈલોનું પરીક્ષણ કર્યું

(એજન્સી) તા.૫

જાયોની સૂત્રોએ સૂચના આપી છે કે પેલેસ્ટીનના હમાસ સંગઠને ગાઝાપટ્ટીથી દરિયા તરફ ચાર મિસાઈલોને ફાયર કરી હમાસે પોતાની સૈન્ય ક્ષમતામાં વૃદ્ધિના પરિપ્રેક્ષ્યમાં આજે સવારે ચાર નવા પ્રક્ષેપાસ્ત્રોનું પરીક્ષણ કર્યું જાણ થાય કે હમાસ દર થોડાક સમગ્ર પછી સૈન્ય ક્ષમતામાં વૃદ્ધિના ઉદ્દેશથી પોતાના નવા પ્રક્ષેપાસ્ત્રોનું પરીક્ષણ કરતું રહ્યું છે. આજ સંબંધમાં હિબ્રુ ભાષામાં સંચાર માધ્યમોએ બે અઠવાડિયા પહેલા પણ સમાચાર આપ્યા હતા કે હમાસ પોતાની સૈનિક તેમજ પ્રક્ષેપાસ્ત્રીક ક્ષમતાને મજબૂત કરવાના ઉદ્દેશથી એક નવી મિસાઈલને ફાયર કરી છે. હમાસ પોતાની સૈન્ય ક્ષમતાને મજબૂત કરવા અને ઈઝરાયેલના હુમલાઓનો જવાબ આપવાના પરિપ્રેક્ષ્યમાં પોતાની

નવી મિસાઈલોનું પરીક્ષણ કરે છે. ઉલ્લેખનીય છે કે ઘણા બધા પેલેસ્ટીનોનું માનવુ છે કે જાયોની શાસનના હુમલાઓ અને અતિક્રમણોથી સામનો કરવાનો શ્રેષ્ઠ વિકલ્પ સશસ્ત્ર પ્રતિરોધ છે. કારણ કે ઈઝરાયેલ માત્ર શક્તિની જ ભાષા સમજે છે.

ગાઝાવાસીઓને ધીમું ઝેર અપાઈ રહ્યું છે, ૯૭ ટકા પાણી પીવાલાયક નથી : માનવ અધિકાર જૂથ

(એજન્સી) ગાઝા સિટી, તા. ૫

યુરો-મેડીટેરાનિયન માનવ અધિકાર મોનિટર અને પાણી માટેની વૈશ્વિક સંસ્થા એનવાયરમેન્ટ એન્ડ હેલ્થે સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર પરિષદની ૪૮મી બેઠકમાં એક સંયુક્ત નિવેદમાં જણાવ્યું છે કે, ઈઝરાયેલ દ્વારા જો લાંબા સમય સુધી પ્રતિબધો ચાલુ રહેશે તો ગાઝા પટ્ટીમાં ભયાનક રીતે પાણીનું સંકટ સર્જાશે જેમા પ્રદૂષિત પાણીની સમસ્યાથી સ્વાસ્થ્ય પર મોટી અસર પડી શકે છે. તેમણે કહ્યું કે, ઈઝરાયેલ દ્વારા લગાવાયેલા પ્રતિબંધોને કારણે અહીંનું ૯૭ ટકા પાણી પ્રદૂષિત થઈ ચૂક્યું છે જ્યારે એક ઘેરાયલા થાણાની સ્થિતિમાં રહેતા લોકોને ધીમા ઝેરનું શિકાર બનવું પડી રહ્યું છે. યુરો-મેડ મોનિટરના મોહમ્મદ શેહદેહે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં જણાવ્યું હતું કે, તેમની સંસ્થા ઉપરોક્ત સવાલ ઉભા કરનારી સંસ્થાઓ સાથે ગાઝા પટ્ટીમાં પાણીના ભયાનક સંકટ અંગે તમારૂં ધ્યાન

દોરવા માગી રહ્યા છીએ જેમાં મુખ્યત્વે ઈઝરાયેલ દ્વારા લગાવાયેલા પ્રતિબંધો જવાબદાર છે ઉપરાંત સમયાંતરે આ ગરીબ લોકો પર સૈન્ય દ્વારા હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. શેહદેહે કહ્યું કે, એક તરફ વિજળીનું સંકટ માથે ઉભેલું છે ત્યારે કુવાઓમાં પાણીનું સ્તર નીચે જતું જાય છે જેના કારણે ૮૦ ટકા લોકો દરિયાનું પાણી લેવા માટે મજબૂર બન્યા છે જ્યારે ૨૦ ટકા સુધી જ પીવાના પાણીની સુવિધા છે જે લાંબા સમય સુધી ચાલી શકે તેમ નથી.

તાલિબાને હઝારા સમુદાયના ૧૩ લોકોની ઠંડે કલેજે હત્યા કરી

(એજન્સી) તા.૫

એમનેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલી એક તપાસમાં ખુલાસો થયો છે કે, તાલિબાને અફઘાનિસ્તાનના દાયકુંડી પ્રાંતમાં એક ૧૭ વર્ષીય છોકરી સહિત હઝારા સમુદાયના ૧૩ લોકોની હત્યા કરી છે. આ તપાસના અહેવાલ મુજબ ૩૦ ઓગસ્ટના રોજ ખિદિર જિલ્લાના કાહોર ગામમાં આ હત્યાકાંડ સર્જાયો હતો. ૧૧ મૃતકો અફઘાન નેશનલ ડિફેન્સ સિક્યુરિટી ફોર્સિસ (ANDSF)ના પૂર્વ સભ્યો હતાં. જ્યારે બે નાગરિકો હતા. આ લોકોએ આત્મસમર્પણ કરી લીધું હોવા છતાં તાલિબાને તેમની હત્યા કરી હતી. માર્યા ગયેલા બે નાગરિકોમાં એક ૧૭

વર્ષની છોકરી પણ સામેલ હતી. તાલિબાને ઘટનાસ્થળે એકત્ર થયેલા ટોળા પર ગોળીબાર કરતા તે બંનેને ગોળી વાગી હતી. એમનેસ્ટી ઈન્ટરનેશનલના મહાસચિવ એગ્નેશ કાર્લમાર્ડે કહ્યું હતું કે, આ ઠંડે કલેજે કરવામાં આવેલી હત્યાઓ આ વાતનો પૂરાવો છે કે, તાલિબાને આ પ્રકારના ભયાવહ કૃત્યો ચાલુ રાખ્યા છે.

ઈરાનની સઉદી અરબ સાથે સારી રીતે મંત્રણા થઈ રહી છે : સઈદ ખતીબજાદે

(એજન્સી) તા.૫

ઈરાને જણાવ્યું છે કે સઉદી અરબ સાથે મંત્રણા સારી રીતે આગળ વધી રહી છે. કોઈ પ્રકારની કોઈ પૂર્વ શરત નથી અને અમે પરસ્પર સમજૂતીથી સંબંધોને સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા સઈદ ખતીબજાદેએ જણાવ્યું કે ઈરાન અને સઉદી અરબની વચ્ચે મંત્રણા બગદાદમાં જારી છે જેમાં ક્ષેત્રીય મુદ્દાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. તેની સાથે જ પ્રવકતાએ આ સમાચારને નકારી કાઢ્યા કે સઉદી અરબના પ્રતિનિધિ મંડળે તેહરાનમાં પોતનું વાણિજ્યવાસ ફરી ખોલવા માટે તહેરાનનો પ્રવાસ કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા સઈદ ખતીબજાદેએ ઈરાનના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ દોહા

પ્રવાસનો હવાલો આપતા જણાવ્યું કે પ્રવાસનો સંદેશ આ છે કે ઈરાન પોતાની વિદેશ નીતિમાં પાડોશી દેશોને વધુ મહત્ત્વ આપે છે. રાજનૈતિક મામલાઓના ઉપવિદેશ મંત્રી અલી બાકેરી કની એક પ્રતિનિધિ મંડળની સાથે દોહાનો પ્રવાસ કરવાના છે.

દુબઈમાં રહેતા ભારતીયને લાગી ૨૦ કરોડની લોટરી

તા.૫

ભારતીય નહીલ નિઝામુદ્દીને ૨૦ કરોડનું બમ્પર ઈનામ જીત્યું. ડ્રો રવિવારે યોજાયો હતો, જેમાં નેલે ૨૬ સપ્ટેમ્બરે ખરીદેલી ટિકિટ પર ઈનામ જીત્યું હતું, તેનો નંબર ૨૭૮૧૦૯ હતો.કેરળના રહેવાસી નહીલ નિઝામુદ્દીને UAEમાં ૨૦ કરોડ રૂપિયાની લોટરી જીતી છે. પરંતુ લોટરી જીત્યા બાદથી જ તેનો કોઈ સંપર્ક નથી થઈ રહ્યો. તેના પરિવારજન સતત તેને કોલ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ તેના ફોન પર ઈનકમિંગની સુવિધા બંધ હોવાનો મેસેજ તેમને મળી રહ્યો છે જેનાથી તેમનો પરિવાર હાલ ચિંતામાં ગરકાવ છે. આ સિવાય તેમનો એક અન્ય નંબર પણ પહોંચની બહાર બતાવી રહ્યો છે.

યુનાઈટેડ અરબ એમિરેટ્સમાં આ પ્રકારની લોટરી યોજાતી હોય છે. જ્યારે લોટરીની રકમ લેવા માટે નહીલ ન પહોંચ્યો ત્યારે અધિકારીઓએ પણ તેનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ નિષ્ફળ રહ્યા. જ્યારથી તેને લોટરી લાગી છે ત્યારથી કોઈ તેનો સંપર્ક નથી સાધી શક્યુ અગાઉ પણ દુબઈમાં રહેતા એક ભારતીય પ્રવાસીએ દુબઈના મહઝૂઝ મિલિયોનેર ડ્રોમાં ભાગ લીધો હતો. આ નિર્ણયથી તે રાતોરાત કરોડપતિ બની ગયો. જોવાની વાત તો એ છે કે તેમણે છેલ્લી ઘડીએ સ્પર્ધામાં ભાગ લેવાનો નિર્ણય લીધો હતો. દુબઈના વતની મીરે વિજેતાના નામની જાહેરાતના માત્ર પાંચ કલાક પહેલા જ તેમાં ભાગ લીધો હતો. મીર આ વર્ષે માત્ર ડ્રોના ૧૫ માં કરોડપતિ બન્યા છે. ઈનામ જીતનાર મીરે જણાવ્યુ હતુ કે મને આશા જ નતી કે મને લોટરી લાગશે આજ કારણ છે કે મે લોટરીની જાહેરાત બાદ નંબર પણ ચેક નતો કર્યો. જોવાની વાત તો એ છે કે બીજું ઈનામ સાઉદી અરેબિયામાં રહેતા ભારતીય પ્રવાસી એન્જેલો ફર્નાન્ડિસે જીત્યું છે. તેમણે ૨૫ સપ્ટેમ્બરે ખરીદેલી ટિકિટ નંબર ૦૦૦૧૭૬ પર જીત મેળવી છે.

રોહિંગ્યા શરણાર્થીઓનું દુ:ખ વિશ્વની સામે રજૂ કરનાર મોહિબુલ્લાની હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૫

રોહિંગ્યા શરણાર્થીઓની એક ઉભરતી રાજનૈતિક હસ્તી મોહિબુલ્લાહની હત્યા પર માનવઅધિકાર સંગઠનોએ દુ:ખ વ્યક્ત કર્યું છે. સમાચાર મુજબ બાંગ્લાદેશમાં રોહિંગ્યા શરણાર્થીઓના કેમ્પમાં તેમના એક નેતા મોહિબુલ્લાહની હત્યા પર પોતાની પ્રતિક્રિયામાં માનવ અધિકાર સંગઠનોએ દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું છે કે તેઓ રોહિંગ્યા મુસ્લિમ શરણાર્થીઓનો અવાજ હતા. એચઆરડબ્લ્યુના દક્ષિણી એશિયાના પ્રભારી મિનાક્ષી ગંગોલીએ મોહિબુલ્લાહને રોહિંગ્યા શરણાર્થીઓનો અવાજ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે મોહિબુલ્લાહની હત્યાએ બતાવી દીધું કે તે લોકો જે અત્યાચારથી લડવામાં ઊભા થશે

તેમને કયા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. ૪૮ વર્ષીય મોહિબુલ્લાહ, રોહિંગ્યા મુસ્લિમોની સમસ્યાઓને વિશ્વની સામે રજૂ કરતા હતા તે વ્યવસાયે એક શિક્ષક હતા. તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર રોહિંગ્યા શરણાર્થીઓ પર થતા અત્યાચારોને રજૂ કરતા હતા. તેમણે રોહિંગ્યાં મુસ્લિમો સાથે થતા દુર્વ્યવહાર અને તેમની મુશ્કેલીઓને વિશ્વની સામે રાખવાનો સંકલ્પ કર્યો હતો જે કેટલાક લોકોને ગમ્યું નહીં જેના પરિણામમાં તેમની હત્યા કરવામાં આવી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
બુધવાર ૬ ઓક્ટોબર ૨૦૨૧
૨૮ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ અમાસ સંવત ૨૦૭૭

ગંભીર ઊર્જા સંકટના મુખમાં ધકેલાઈ રહેલું વિશ્વ

કોરોના મહામારીના કારણે છેલ્લા બે વર્ષથી વિશ્વમાં આર્થિક સંકટ તો ઊભું થયું જ પરંતુ હવે વિશ્વમાં ગંભીર વીજળી સંકટ પણ પેદા થઈ ગયું છે. આજકાલ દુનિયાભરમાં ગંભીર ઊર્જા સંકટ ચિંતાનો વિષય બન્યું છે. ચીન આ સમયે ભારે વીજકાપમાંથી પસાર થઈ રહ્યું છે અને ત્યાં લાખો ઘર અને ફેકટરીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ચીનના પૂર્વોત્તર ભાગના ઔદ્યોગિક હબમાં આ સમસ્યા વધુ ગંભીર થઈ રહી છે કારણ કે હવે ત્યાં ઠંડી આવી રહી છે. ચીનના વીજ સંકટની વિશ્વ પર અસર પડી શકે છે. કુદરત આધારિત ઈંધણોની અછતના મામલામાં ટોચના દેશોમાં સામેલ ચીને થોડાક મહિના પહેલા જ વીજ વપરાશ ઘટાડવાની ક્વાયત શરૂ કરી. કોરોના મહામારી પછી જેમજેમ સંપૂર્ણ વિશ્વ ફરી એક વખત ખુલવા લાગ્યું તો ચીનના ઉત્પાદનોની માંગ ફરી વધવા લાગી અને તે માટે ફેકટરીઓને વધુ વીજળીની જરૂર પડી. ૨૦૬૦ સુધી દેશને કાર્બનમુક્ત બનાવવા માટે ચીને જે નિયમ બનાવ્યા છે. તેના કારણે કોલસાનું ઉત્પાદન પહેલાથી જ ધીમું કરવામાં આવ્યું તેમ છતાં પોતાની અડધાથી વધુ ઊર્જા આવશ્યકતાને પૂરી કરવા માટે ચીન આજે પણ કોલસા પર આધારિત છે. વીજળીની માંગ વધી તો કોલસા પણ મોંઘા થઈ ગયા. ચીનની સરકાર વીજળીના દરોને નિયંત્રિત કરે છે. બીજી તરફ ત્યાંના પાવર પ્લાન્ટ ખોટમાં કામ કરવા માટે તૈયાર નથી. તેમણે ઉત્પાદનમાં ઘટાડો કરી દીધો. વીજ સપ્લાય ઘટતા ચીનના અનેક રાજ્ય પાવર કટથી પીડાઈ રહ્યા છે. તેનાથી ત્યાં એલ્યુમિનિયમ, સિમેન્ટ અને લોખંડ સંબંધિત ઉદ્યોગો પર સૌથી વધુ અસર પડી કે જ્યાં વીજળીની વધુ જરૂરત છે. વીજ સપ્લાય અંગે દર્શાવવામાં આવી રહેલી ચિંતાઓ પછી આંતરરાષ્ટ્રીય રોકાણ બેંકોએ પોતાના અંદાજથી ચીનના આર્થિક વિકાસ દરને ઘટાડી દીધો છે. ગોલ્ડમેન સાકસ મુજબ ચીનનો વિકાસ દર ૭.૮ ટકા રહેશે. જ્યારે તેણે પહેલા ૮.૨ ટકા રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. આ વર્ષના અંતમાં થનારી ખરીદીની ઋતુમાં ચીની વસ્તુઓનો સપ્લાય પ્રભાવિત થઈ શકે છે.

બીજી તરફ યુરોપના ઊર્જા બજારમાં આ દિવસો દરમ્યાન કુદરતી ગેસ અંગે વિવિધ પેટ્રોલિયમ પદાર્થોના ભાવ ઈતિહાસમાં સૌથી વધુ છે. બ્રિટનની રાજધાની લંડનમાં અનેક ગેસ સ્ટેશન બંધ છે. નોર્વેના ગ્રિડથી અનેક યુરોપીય શહેરો અને ઉદ્યોગોને વીજ પૂરવઠો અપાય છે. પરંતુ ત્યાં પણ પાણીની અછતથી ઉત્પાદન પ્રભાવિત થાય છે. યુરોપમાં ગત ઠંડીની સિઝનમાં વપરાશ વધી ગયો હતો. જેનાથી સંગ્રહમાં રાખેલા ઈંધણના સંગ્રહમાં ઘટાડો થયો. યુરોપમાં ભારે પ્રમાણમાં ગેસ સપ્લાય કરનારા રશિયા જેવા દેશ પોતાના સંગ્રહનો ઉપયોગ કરી રહ્યા છે. પેટ્રોલિયમ પદાર્થોના વધતા ભાવના કારણે કોલસાનો ઉપયોગ વધવાથી પ્રદૂષણને રોકવાના તમામ પ્રયાસ નિષ્ફળ થઈ જશે. પેટ્રોલ-ડીઝલ, સીએનજી, પીએનજીના વધતા ભાવથી સામાન્ય માણસના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે. બીજી તરફ જે દેશ ઈંધણની આયાત કરે છે તે પણ તેને ભેગું કરવાની રેસમાં છે. કાચા તેલનો ભાવ હાલ ૮૦ ડોલર પ્રતિ બેરલથી પણ વધુ છે અને કોલસાનો ભાવ ૧૩ વર્ષમાં સૌથી વધુ છે.

ભારત તો પેટ્રોલિયમ ઉત્પાદનોનું મોટું આયાતકાર છે. તેનાથી સરકારનો ખર્ચ ઘણો વધી રહ્યો છે. શું ચીનમાં વીજકાપ બ્રિટનના પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો અને જથ્થાબંધ બજારમાં તેલ-ગેસ અને કોલસાના વધતા ભાવનો પરસ્પર કોઈ સંબંધ છે? આ સંબંધ સ્પષ્ટ નથી કારણ કે વિશ્વમાં વિચિત્ર વસ્તુઓ થઈ રહી છે. બ્રિટનના લોકો આ વિચારીને ગાડીઓમાં પેટ્રોલ ભરાવવા લાગ્યા કે ટેન્કર ડ્રાઈવરોની અછતથી તેલનો સપ્લાય ઘટી જશે. યુરોપમાં ઊર્જા સંકટના અનેક કારણ હાજર છે ત્યાં પવનચક્કીઓ અને સૌર ઊર્જાનું ઉત્પાદન ઘટ્યું છે. તેલ કંપનીઓ કહી રહી છે કે બ્રિટનમાં પેટ્રોલની કોઈ અછત નથી પરંતુ લોકોએ અંધાધૂંધ પેટ્રોલ ખરીદી લીધું. બ્રિટનમાં ટેન્કર ડ્રાઈવરોની અછત એટલા માટે પણ થઈ ગઈ કારણ કે કોરોનાના કારણે અનેક ડ્રાઈવર પોતાના ઘર જતા રહ્યા અને તેમના સ્થાને નવા આવી શક્યા નથી. મહામારીના કારણે ભારે સંખ્યામાં હેવી ગુડ્સ વ્હીકલ ડ્રાઈવર ટેસ્ટ નથી થયા. યુરોપ અને ચીનની જેમ ઊર્જાનું ભારે સંકટ આપણે ત્યાં પણ આવી શકે છે. ભારતમાં પણ કોરોના પછી ઔદ્યોગિક ગતિવિધિઓ વધી રહી છે. ત્યારે આપણે ઊર્જાનો ઉપયોગ બહુ સમજીને કરવો જોઈએ. ઊર્જાની વૈકલ્પિક રીતો શોધવી જોઈએ. આપણે ગ્રીન વીજળી તરફ વધવું જોઈએ. લોકોએ પણ વિચારવું જોઈએ કે પોતાની ઊર્જા જરૂરતોનો ખૂબ સાચવીને ઉપયોગ કરે.

હિમાન્તા સરમા હેઠળ આસામમાં હકાલપટ્ટીથી કેમ બંગાળી મુસ્લિમો પહેલા કરતા વધારે ડરી ગયા છે

સમુદાયને લાગે છે કે તાજેતરની હકાલપટ્ટી કોમવાદી રાજકારણને કારણે છે, જમીનને કારણે નહીં. આસામી મુસ્લિમો આ વાતમાં સંમત છે

મનિકાજન બીબીને પોતાનું ઘર ગુમાવવાનો ડર છે. તે એક બારી વગરનો રૂમ છે જે લાકડાના બીમ દ્વારા એકસાથે ટીન શીટ્સ સાથે બાંધવામાં આવેલ છે. ભયના કારણે, તેણીએ આ સિઝનમાં ચોખાની લણણીને બે બોરીમાં ભેગા કરી દીધી છે, તેની સાડીઓ ભૂરા રંગની રેક્ઝિન બેગમાં છે. કાટવાળી પેટીમાં બાકીનું બધું છે - મોટેભાગે દસ્તાવેજોનો સમૂહ જેના દ્વારા તે પુરવાર કરી શકે કે તે ખરેખર ભારતીય નાગરિક અચમુદ્દીન અહમદની પુત્રી મનિકાજન બીબી છે. બીબી આસામમાં બ્રહ્મપુત્રા નદીની મધ્યમાં સ્થળાંતરિત રેતીના પટ્ટાઓ પરના, ચારના ગામ નિઝ સલમારાની રહેવાસી છે. નિઝ સલમારા દારંગ જિલ્લાના સીપાઝાર વિસ્તારમાં છે. એ જ ચારની નીચે ધોલપુર આવેલું છે, જ્યાં ઓર્ગેનિક એગ્રીકલ્ચર પ્રોજેક્ટ માટે જગ્યા બનાવવા, ગયા અઠવાડિયે ગામોના સમૂહને સાફ કરવામાં આવ્યું. ૨૩ સપ્ટેમ્બરના રોજ, જ્યારે ખાલી કરાવવા સામે પ્રતિકાર થયો, ત્યારે પોલીસે ગોળીબાર કર્યો, જેમાં ૧૨ વર્ષના છોકરા સહિત બે લોકો માર્યા ગયા. નિઝ સલમારાના રહેવાસીઓને હજુ સુધી ઘર ખાલી કરવાની નોટિસ મળી નથી પરંતુ તેમને ડર છે કે તેઓ આગળની લાઈનમાં હોઈ શકે છે. બીબીએ કહ્યું, "સરકારના શબ્દો અને ક્રિયાઓ પરથી લાગે છે કે તેઓ અમે મિયા મુસ્લિમોને અહીં રહેવા દેશે નહીં. તેથી જો તેઓ અહીં આવે ત્યારે અમારા ઘરોને ભુલડોઝ કરતા પહેલા ખાતરી આપવી પડશે કે અમે ઓછામાં ઓછું અમારી સંપત્તિને બચાવી શકીએ." ગયા સપ્તાહે જે ૧૨૦૦ જેટલા પરિવારોના ઘર તોડી પાડવામાં આવ્યા હતા. તેમાંથી લગભગ તમામ બંગાળી મૂળના મુસ્લિમો હતા, જેમને મિયા મુસ્લિમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આસામમાં ખાલી કરાવવું એ સામાન્ય બાબત બની ગઈ છે, અને હવે નિઝ સલમારાના રહેવાસીઓને ડર છે કે બે લોકોના મૃત્યુથી પણ સરકાર વિરામ લે તેવી શક્યતા નથી. છેવટે, મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ અપરાધિકતા દાખવી છે અને આગ્રહ કર્યો છે કે પોલીસ પર વધુ બળજબરીના આક્ષેપો હોવા છતાં તેમને ખાલી કરાવવામાં આવશે.

૨૩ સપ્ટેમ્બરે સિપાઝારમાં હિંસા ફાટી નીકળ્યાની થોડી ક્ષણો પહેલા, દારંગ પોલીસ વડા સુશાંત બિસ્વા સરમા કેમેરામાં કેદ થઈ ગયા હતા અને વિરોધ કરી રહેલા લોકોને ચેતવણી આપી હતી. હકાલપટ્ટી ચાલુ રહેશે, એ પોલીસ અધિકારી કે જેઓ મુખ્યમંત્રીના ભાઈ પણ છે, કહ્યું, "ભલે દુનિયા ઊંધી-સીધી થઈ જાય."

ગામમાંથી ૨૨ વર્ષીય વાણિજ્ય સ્નાતક દિલદાર હુસૈને જણાવ્યું હતું કે, "આ પહેલા પણ ભાજપની સરકાર હતી જેણે ઘર ખાલી કરાવ્યા હતા.પરંતુ (આસામના પૂર્વ મુખ્યમંત્રી સર્બાનંદ) સોનોવાલ આટલા ક્રૂર ન હતા."

મનિકાજન બીબી તેના ઘરે.

'વિચાર ધ્રુવીકરણ કરવાનો છે'

આસામમાં, જમીન હંમેશા દુર્લભ છે, જે દર વર્ષે બ્રહ્મપુત્રા અને તેની ઘણી ઉપનદીઓ દ્વારા ખવાઈ જાય છે. તે માત્ર નદીના તોફાનો જ નથી કે જે રાજ્યમાં જમીનની આટલી અછત ઊભી કરે છે.

આસામી વંશીય સ્થાનિકો પણ માને છે કે જમીનને બાંગ્લાદેશના "ગેરકાયદેસર વસાહતીઓ" દ્વારા ઘેરી લેવામાં આવી છે, જે રાજ્યમાં રહેતા બંગાળી ભાષી સમુદાયો પર લગાવેલું લેબલ છે. બાંગ્લાદેશના મૂળ "બહિરાગત", અથવા બહારના, હિન્દુ અને મુસ્લિમ બંને હોવાનું માનવામાં આવે છે. પરંતુ જેમનું ધોલપુરમાં ઘર ગયા અઠવાડિયે તોડી પાડવામાં આવ્યું હતું, કહ્યું કે, "તફાવત એ છે કે હવે ખાલી કરાવવાનો હેતુ ફક્ત અમને અમાનવીય બનાવવાનો છે, નવા મુખ્ય પ્રધાન હેઠળ ખાલી કરાવવું એ હવે ખાલી કરાવવાની પ્રક્રિયા રહી નથી; તે આયોજિત કોમવાદી કૃત્યો બની ગયા છે."

આસામમાં હકાલપટ્ટીમાં લાંબા સમયથી સાંપ્રદાયિક વલણ હતું, ટીકાકારો કહે છે કે સરમાની સરકારે તેમને નિયમિત અમલદારશાહી કવાયત તરીકે રજૂ કરવાનો ઢોંગ પણ હવે છોડી દીધો છે. લોઅર આસામના બારપેટા જિલ્લાના એક કાર્યકર્તા અને સંશોધક અબ્દુલ કલામ આઝાદે જણાવ્યું હતું કે, "(એવિક્શન્સ) હંમેશા થયું છે પરંતુ નવું એ છે કે મુખ્યમંત્રીએ આના વિશે ગીતો ગાયા અને નૃત્ય કર્યું છે. આણે ખરેખર મિયા લોકોને માનસિક રીતે પરેશાન કર્યા છે."

હિંસક હકાલપટ્ટી પછી તરત જ સિપાઝાર ખાતે મુખ્યમંત્રી સરમાએ મીડિયાને સંબોધન કર્યું અને જૂની અથડામણોની વાત કરી જેના કારણે આસામી ભાષી લોકો મરી ગયા હતા. તેમણે આસામ આંદોલનની યાદોને તાજી કરી, ૧૯૮૦ના દાયકામાં છ વર્ષ લાંબી ચળવળ દરમિયાન જ્યાં આસામી રાષ્ટ્રવાદીઓએ રાજ્યમાંથી "બહારના લોકો"ને હાંકી કાઢવાની માગણી કરી હતી. તેમણે કહ્યું કે, ૧૯૮૩માં અહીં લોકો માર્યા ગયા હતા. "અહીં તાજેતરમાં પણ લોકો માર્યા ગયા છે, અમે આસામને આવા ઘૂસણખોરોને સોંપી શકતા નથી ... તેઓએ મંદિરોમાં પણ અતિક્રમણ કર્યું છે." મંગલદોઈ મતવિસ્તારના કોંગ્રેસના ભૂતપૂર્વ સંસદસભ્ય અને સિપાઝારના જનતા દળના ભૂતપૂર્વ ધારાસભ્ય માધબ રાજબોંગશીએ આગ્રહ કર્યો હતો કે તાજેતરની હકાલપટ્ટી જમીન વિશે બિલકુલ નથી. "તમે આસામ આંદોલનની યાદોને તાજી કરી રહ્યા છો, ભૂતકાળમાં લોકો માર્યા ગયા હોવાની વાત કરી રહ્યા છો, તમે શું પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છો?" રાજબોંગશીએ કહ્યું. અખિલ ગોગોઈ, જમીન અધિકાર કાર્યકરથી રાજકારણી બન્યા, જેઓ હવે શિવસાગર વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ રાજબોંગશી સાથે સંમત થયા. તેમણે આક્ષેપ કર્યો કે, "આવનારી પેટાચૂંટણી પહેલા ધ્રુવીકરણ કરવાનો આ વિચાર છે." રાજ્યમાં પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી ઓક્ટોબરમાં યોજાનાર છે. ભાજપ સરકાર માટે, હકાલપટ્ટી એ સૌથી શક્તિશાળી સાધન છે કારણ કે તે આસામીઓની ચિંતામાં વધારો કરી શકે છે, જોકે તેમને તેની કોઈ પરવા નથી.

'સરકાર મુસ્લિમોને નિશાન બનાવી રહી છે'

સિપાઝારમાં ગત સપ્તાહે હકાલપટ્ટી દ્વારા સરકાર એક ચોક્કસ સમુદાયને નિશાન બનાવી રહી છે, તે માત્ર ગેરકાયદેસર રીતે કબજે કરવામાં આવેલી જમીન ખાલી કરાવતી નથી પણ તેમના દ્વારા ખેતરો અને ઘરોને પણ બાળી નાખવામાં આવ્યા હતા, મસ્જિદો તોડી પાડવામાં આવી હતી જેથી કૃષિ પ્રોજેક્ટ માટે માર્ગ બનાવી શકાય જેનાથી આસામના સ્વદેશી ગણાતા સમુદાયોના યુવાનોને રોજગારી મળે. આ વર્ષની શરૂઆતમાં રજૂ થયેલા રાજ્યના બજેટમાં આ પ્રોજેક્ટ માટેની યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. તેના માટે રૂા. ૯.૬૦ કરોડની રકમ ફાળવવામાં આવી હતી. પદ્મા હઝારિકા, જે ઈમિગ્રન્ટ વિરોધી રાજકારણનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે, તેમને કેબિનેટ રેન્કના હોદ્દા પર લાવવામાં આવ્યા જેથી તેઓ આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી શકે.

ગત સપ્તાહે ધોલપુરમાં લગભગ ૧૨૦૦ પરિવારોના ઘરો તોડી પાડવામાં આવ્યા હતા.

મૂળના મુસ્લિમો જ નથી કે જેઓ કૃષિ પ્રોજેક્ટમાંથી બાકાત રહ્યા છે.

પાણીની એક ધારા નદીના કાંઠે આવેલા ગામ સનુવાથી ચાર પર નિઝ સલમારાને અલગ કરે છે. જ્યારે નિઝ સલમારા બંગાળી મૂળના મુસ્લિમોનું ઘર છે, સનુવામાં આસામી ભાષી મુસ્લિમો વસે છે, જેને "ખીલોંજીયા" અથવા સ્વદેશી તરીકે ઓળખવામાં આવે છે. સમુદાય, જે પોતાને ધર્મને બદલે તેની વંશીય ઓળખ દ્વારા વધુ વ્યાખ્યાયિત કરે છે, તેઓ ઘણી વખત બંગાળી મૂળના મુસ્લિમો પ્રત્યે અણગમો વ્યક્ત કરે છે. ભૂતકાળમાં, સનુવાના કેટલાક રહેવાસીઓનો આરોપ છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવા હિન્દુ રાષ્ટ્રવાદી સંગઠનોના સભ્યોને આ પ્રોજેક્ટનો હવાલો સોંપવામાં આવ્યો છે. "જે થઈ રહ્યું છે તે ઘણું સ્પષ્ટ છે," સનુવાના ખેડૂત મોહમ્મદ મોફીદુલ હકે કહ્યું, "તેઓ ઇચ્છે છે કે અમારા લોકો બહાર નીકળે અને તેમના લોકો અંદર પ્રવેશે."

'ગેરકાયદેસર અતિક્રમણકારનારા' કોણ છે?

રાજ્ય સરકાર કહે છે કે તે માત્ર "ગેરકાયદેસર અતિક્રમણકરનારાઓ" દ્વારા કબજે કરેલી સરકારી જમીનને જ ખાલી કરાવી રહી છે. પરંતુ એવા રાજ્યમાં "ગેરકાયદેસર અતિક્રમણકરનાર" કોણ છે જ્યાં પૂર અને ધોવાણના બારમાસી ચક્રમાંથી બચવા વસ્તીના મોટા ભાગને સતત સ્થળાંતર કરવાની ફરજ પાડવામાં આવે છે? આસામના જળ સંસાધન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યનો ૪૦% જેટલો જમીન વિસ્તાર પૂરની સંભાવના ધરાવે છે. પૂરને કારણે સતત જમીનનું ધોવાણ - સરેરાશ વાર્ષિક ૮૦૦૦ હેક્ટર - જીવનને વધુ અનિશ્ચિત બનાવે છે. સરકારી રેકોર્ડ બતાવે છે કે, રાજ્ય છેલ્લા છ દાયકામાં ધોવાણને કારણે લગભગ ૮% જમીનનો વિસ્તાર ગુમાવી ચૂક્યું છે. નદીના આ અવિરત પ્રવાહોનો સામનો કરી રહેલા લોકો પાસે ખાલી સરકારી જમીન પર વસવાટ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી - ભલે તેમને "ગેરકાયદેસર અતિક્રમણ કરનારા"નું લેબલ લાગે. તેમ છતાં, મુખ્યમંત્રી સરમાએ બંગાળી મૂળના મુસ્લિમ સમુદાયો પર પૂર અને ધોવાણનો ઉપયોગ સરકારી જમીન પર "કબજો" કરવા માટે એક "બહાના" તરીકે કર્યો હોવાનો આરોપ લગાવ્યો છે. હાલમાં જે જમીન કૃષિ પ્રોજેક્ટ માટે સાફ કરવામાં આવી રહી છે તે કદાચ એક ઉદાહરણ છે કે કટોકટી કેટલી તીવ્ર છે. બજેટ દસ્તાવેજમાં, સરકારે દાવો કર્યો હતો કે આ પ્રોજેક્ટ ૭૭,૪૨૦ વીઘા અથવા ૧૦,૩૫૨ હેકટરમાં ફેલાયેલી સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો હતો - અને તે "અતિક્રમણ" વિસ્તારને મુક્ત કરવા માટે હકાલપટ્ટી ચલાવી રહી છે.' મુખ્યમંત્રીએ અનેક પ્રસંગોએ આ વાતનું પુનરાવર્તન કર્યું છે. પરંતુ ૧૦,૩૫૨ એકરમાંથી લગભગ પોણા ભાગની હવે અસ્તિત્વમાં નથી. ઓગસ્ટમાં રાજ્ય વિધાનસભામાં આ બાબતે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી જોગેન મોહને જણાવ્યું હતું કે માત્ર ૨૧,૮૪૩ વીઘા, અથવા ૨૯૨૨ હેક્ટર જમીન બચેલી છે.

'કાનૂની કાલ્પનિક વાર્તા'

ઓગસ્ટમાં રાજ્ય વિધાનસભામાં સરકાર દ્વારા રજૂ કરાયેલા ડેટા મુજબ, સાત લાખથી વધુ પરિવારો હાલમાં સરકારી જમીન પર રહે છે અને ખેતી કરે છે. તે રાજ્યની વસ્તીના આશરે ૧૦% જેટલા છે. તકનીકી રીતે, તે તમામ "ગેરકાયદેસર અતિક્રમણકરનારા" છે, કોઈપણ જમીન કે જે ખાનગી માલિકને ટાઇટલ ડિડ ફાળવવામાં ન આવે તેને સરકારી જમીન ગણવામાં આવે છે, સિવાય કે અન્યથા જણાવવામાં આવે.

આ પરિવારોનો મોટો હિસ્સો રાજ્યના સ્વદેશી ગણાતા સમુદાયોનો છે. દાખલા તરીકે, રેકોર્ડ બતાવે છે કે એ જિલ્લો જ્યાં સૌથી વધુ પરિવારો સરકારી જમીન પર "કબજો" કરી રહ્યા હોવાનું બતાવવામાં આવે છે તે ધેમાજી છે, જે મોટાભાગે એવા સમુદાયોનું ઘર છે જે સદીઓથી આ રાજ્યમાં રહે છે. ધેમાજીમાં લગભગ ૯૦,૦૦૦ પરિવારો, સરકારી રેકોર્ડ મુજબ, "અતિક્રમણ કરનારા" છે. આ આશ્ચર્યજનક નથી-નીચાણવાળો રકાબી આકારનો જિલ્લો પૂર અને ધોવાણ માટે અત્યંત સંવેદનશીલ છે. વધુમાં, મિશિંગ આદિજાતિ જિલ્લાના મોટા ભાગોમાં વસે છે. તેઓ મોટા ભાગે "સમુદાયની જમીન" પર રહે છે અને ખેતી કરે છે, જેમાં કોઈ ચોક્કસ વ્યક્તિના નામે જમીનનું ટાઇટલ નથી. જેમ રાજકીય વૈજ્ઞાનિક સંજીબ બરુઆએ તેમના પુસ્તક, ઇન ધ નેમ ઓફ ધ નેશન: ઇન્ડિયા એન્ડ ઇઝ નોર્થઈસ્ટ"માં લખ્યું છે: "... ઘણા વસાહતીઓ અને તેમના વંશજો - અને માત્ર મિયા મુસ્લિમો જ નહીં -" જંગલ જમીન "," ચરાઈ જમીન "અને વિવિધ પ્રકારની જાહેર જમીનોમાં રહે છે અને ખેતી કરે છે. આ જમીનનો ઉપયોગ આસામના ઘણા ભાગોમાં કાનૂની કલ્પનાઓ કરતાં વધુ નથી. આ જમીન પરની નક્કર હકીકતો છે એમ માની લેવાથી વિશ્વના કેટલાક સૌથી વધુ વંચિત લોકોને વધુ વંચિત કરી શકાય છે."

સમસ્યા એ હકીકતને કારણે વધારે છે કે ક્રમિક રાજ્ય સરકારોએ આવા લોકોને કાયમી જમીનનું ટાઇટલ આપવા માટે બહું ઓછું કર્યું છે. બીજેપીએ ૨૦૧૬થી "સ્વદેશી" પરિવારોને આશરે ૩.૫ લાખ ટાઇટલ આપ્યા હોવાનો દાવો કર્યો છે - પરંતુ આ પ્રયાસો મોટે ભાગે અસ્ત-વ્યસ્ત રહ્યા છે, કારણ કે સરકાર પાસે હજુ પણ કોને સ્વદેશી ગણવા જોઈએ તેની કોઈ વ્યાખ્યા નથી. ટાઇટલ ફાળવવાની જવાબદારી સોંપવામાં આવેલી સ્થાનિક સમિતિઓ ઘણીવાર તે "આસામી-લાગતી અટક" ધરાવતા લોકોને આપે છે. રાજ્ય વિધાનસભામાં સરકાર દ્વારા રજૂ કરાયેલ ડેટા આંખ ઉઘાડનારો છે. રાજ્યના પાટનગર ગુવાહાટીમાં આવેલા કામરૂપ (મેટ્રો) સિવાય રાજ્યના મોટાભાગના જિલ્લાઓએ દાયકાઓમાં જમીન પતાવટની કોઈ કામગીરી જોઈ નથી. આ એવી કવાયતો છે જેના દ્વારા સરકાર સરકારી જમીન પર લાંબા સમયથી રહેનારાઓને ટાઇટલ આપે છે.

આસામી ભાષી મુસ્લિમો, મોહમ્મદ મોફીદુલ હક (જમણે) અને રિયાઝુલ હક, વિચારે છે કે તમામ મુસલમાનો, આસામી અથવા બંગાળી મૂળને નિશાન બનાવવામાં આવ્યા છે.

જુલાઈ, ૨૦૨૧માં રાજ્ય વિધાનસભામાં સરકાર દ્વારા રજૂ કરાયેલા ડેટા મુજબ, ૧૯૫૮-૫૯થી શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ અને માજુલીમાં કોઈ જમીન વસાહત કામગીરી કરવામાં આવી નથી. વર્તમાન વિવાદનું સ્થળ દારંગમાં, જમીન સમાધાનની કામગીરી છેલ્લે ૧૯૭૩-૭૪માં થઈ હતી. તેવી જ રીતે, ધેમાજી, જ્યાં સૌથી વધુ લોકો સરકારી જમીન પર રહે છે, ત્યાં ૧૯૬૯-૭૦ પછી આવી કામગીરી જોવા મળી નથી. રાજ્યમાં ૨૨૦૦ ચોરસ કિલોમીટરથી વધુ જમીનનો સર્વે જમીન ઉપયોગ કે કબજા માટે ક્યારેય થયો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આસામમાં ઘણા બધા "ગેરકાયદેસર અતિક્રમણ કરનારાઓ" છે કારણ કે સરકારે લોકોને પેઢીઓ સુધી વસવાટ અને ખેતી કરવા છતાં જમીન આપી નથી. રાજ્યના એક કોંગ્રેસી ધારાસભ્યએ કહ્યું, "મારે સ્વીકારવું જ જોઈએ કે તે ભૂતકાળની કોંગ્રેસ સરકારોની બિનકાર્યક્ષમતા છે જેના કારણે આ થયું છે."

'કોઈએ બળપૂર્વક જમીન લીધી નથી'

ગત સપ્તાહે ધોલપુરમાંથી હાંકી કાઢવામાં આવેલા પરિવારો પણ આ સરકારી જડતાનો ભોગ બન્યા હતા. મોટાભાગના લોકો દાયકાઓથી આ વિસ્તારમાં રહેતા હતા તેમના અગાઉના ઘરો નદી દ્વારા ગળી ગયા પછી તેમાંના ઘણાએ સનુવાના રહેવાસીઓ પાસેથી જમીન ખરીદી હતી જ્યાં તેઓ એક સમયે ઢોર ચરાવતા હતા અને ક્યારેક ક્યારેક ચાર પર શાકભાજી ઉગાડતા હતા. આ દાવાને સનુવાના રહેવાસીઓ દ્વારા પુષ્ટિ આપવામાં આવે છે અને તે અસંખ્ય નોટરાઈઝ્ડ વેચાણ કરારોમાં પ્રતિબિંબિત થાય છે. ૧૫ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ સનુવાના રેઝાક અલી અને નિઝ સલામારાના કિતાબ અલી વચ્ચેના આ વ્યવહારને ધ્યાનમાં લો. રિઝાક અલીએ નોટરાઈઝ્ડ પેપર પર લખ્યું: "હું લેખિતમાં રજૂ કરું છું કે હું ત્રણ વીઘા જમીન કે મારા કબજામાં હતી તે ૧૭,૦૦૦ રૂપિયા રોકડના બદલામાં વેચી રહ્યો છું કારણ કે મને પૈસાની જરૂર છે." અલબત્ત, આ કરારોમાં ઓછી કાનૂની કાયદેસરતા હતી, એ જોતાં કે આ તમામ સરકારી જમીન હતી અને સનુવાના રહેવાસીઓ ખરેખર વેચાયેલા પ્લોટની માલિકી ધરાવતા ન હતા. પરંતુ દાયકાઓ સુધી, આ અનૌપચારિક વ્યવસ્થા ચાલુ રહી.

ધોલપુર-૧ના રહેવાસી અબુ સમાએ કહ્યું, "અમને જમીનની જરૂર હતી, તમને પૈસાની જરૂર હતી, અમે ભલે અમારા બાળકોને ગુલામ બનાવીશું પરંતુ પૈસાની વ્યવસ્થા કરીશું કારણ કે જમીન અમારા માટે બધું જ છે."

સરકારી હાઇસ્કૂલમાં ભણાવતા સનુવાના આસામી ભાષી રહેવાસી તફાઝુલ હકે કહ્યું, "તેઓ (બંગાળી મૂળના મુસ્લિમો) સખત મહેનત કરી શકે છે, તેથી અમારા લોકો ઘણીવાર તેમને ભાડા પર જમીન આપતા હતા. અમારા કેટલાક પૂર્વજોએ જ્યારે પુત્રીના લગ્ન માટે રોકડની જરૂર હોય ત્યારે જમીન વેચી હતી. પરંતુ કોઈએ બળપૂર્વક જમીન લીધી નથી. જો કોઈ એવું કહે તો તે અસત્ય છે."

સરકારી હાઈસ્કૂલમાં કામ કરતા તફાઝુલ હકે કહ્યું કે તેમના ગામના આસામી મુસ્લિમોએ સ્વેચ્છાએ બંગાળી મૂળના મુસ્લિમોને જમીન વેચી.

સનુવાના બિઝનેસમેન રિયાઝુલ હક સહમત થયા: "અમારા લોકો પાસે હજુ (ચાર પર) જમીન છે; અમારા ગામની મસ્જિદની ત્યાં જમીન છે. તો કોઈ કેવી રીતે કહી શકે કે તેઓએ અમારી જમીન બળજબરીથી પડાવી લીધી? હા, કેટલાક લોકો કે જેઓ પહેલા તેમના પશુઓને ચરાવતા હતા તેમને કેટલીક ફરિયાદો હતી પરંતુ તે મર્યાદિત હતી.

પરંતુ આ પ્રમાણપત્રોનું મહત્વ અત્યારે ઘણું ઓછું છે કારણ કે ધોલપુરના બંગાળી મૂળના મુસ્લિમો પાસે તેના કાગળોમાં, અમલદારશાહી માટે કુખ્યાત રાજ્યમાં ખરેખર મહત્વની બાબતો નથી: જેમ કે સત્તાવાર જમીનના ટાઇટલ.

ટાઇટલ ડિડ વિના, બંગાળી મૂળના મુસ્લિમોને "ગેરકાયદેસર અતિક્રમણ કરનારાઓ" તરીકે ઓળખવામાં આવે છે અને સરકાર જ્યારે પણ ઈચ્છે ત્યારે તેમને હાંકી કાઢે છે, પછી ભલે તેઓ જમીનના ટુકડા પર ગમે તેટલા સમય સુધી રહ્યા હોય.

આઝાદ, જે એક કાર્યકર્તા અને સંશોધક છે, કહ્યું, "જે થઈ રહ્યું છે તે ખાલી કરાવવા વિશે નથી, આ જમીન પચાવી પાડવાનું કૃત્ય છે."

(સૌ. : ધ સ્ક્રોલ.ઈન)


કિતાબ અલી જમીન ખરીદતી વખતે હસ્તાક્ષર કરેલ એગ્રીમેન્ટ બતાવે છે.


સમાન જમીન કરાર જે બતાવે છે કે સનુવામાંથી આસામી મુસ્લિમો "રોકડની જરૂરિયાત"ને કારણે બંગાળી મૂળના મુસ્લિમોને જમીન વેચી રહ્યા છે.

કરન્ટ ટોપિક

- અરુણાભ સૈકિયા

હદીસ બોધ

અનાજ વેડફો નહીં, દુષ્કાળના વર્ષો માટે તેને સાચવી રાખો. (હદીસ બોધ)

બોધ વચન

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે. - ફ્રોઈડ

આજની આરસી

૬ ઓક્ટોબર બુધવાર ૨૦૨૧
૨૮ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ અમાસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૧૪
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૩

ગુસપુસિયું

પતિ : શું તું મારા મૃત્યુ પર શોક વ્યક્ત કરીશ ?
પત્ની : બેશક
પતિ : મને બતાવ કઈ રીતે કરીશ ?
પત્ની : પહેલા મરીને બતાવો.

પુત્રીના ગેરકાયદેસર રીતે લગ્ન થયા હોવાથી પ્રેમી યુવક પાસેથી તેણીનો કબજો પરત મેળવવા પિતાની હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ, તા.૫

મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકામાં પુત્રી દ્વારા એક યુવક સાથે લગ્ન કરી લેવાના કિસ્સામાં પુત્રીને પરત મેળવવા માટે તેના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ પિટિશન કરી હતી. તેની સુનાવણીના અંતે કોર્ટે રાજ્ય સરકાર અને પોલીસને નોટીસ કાઢીને વધુ સુનાવણી આગામી તા. ૨૨ ઓક્ટોબરના રોજ રાખી હતી.

યુવતીના પિતા દ્વારા પિટિશનમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તેની પુત્રીના કાયદેસર રીતે લગ્ન થયા નથી પરંતુ માત્ર કાગળ પર પૂજારી અને સાક્ષીઓની સહી લઈને લગ્ન થયા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. જે ગેરકાયદેસર છે.

કેસની વિગતો મુજબ મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના એક ગામમાં રહેતા યુવક અને યુવતીએ ગત તા. ૨૭ જુલાઈના રોજ લગ્ન કર્યા હતા. પરંતુ આ લગ્ન માન્ય ગણાય નહિ અને માત્ર કાગળ પર સહી કરાવીને લગ્નની વિધી કરવામાં આવી હોવાનો દાવો યુવતીના પિતાએ કર્યો હતો. યુવતીના પિતાના વકીલ તરફથી કોર્ટ રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી કે, બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના મંદિરમાં જ આ બંને યુવક-યુવતી લગ્ન કર્યા હતા. ત્યાં પૂજારી તથા બે સાક્ષીઓની માત્ર સહી લેવામાં આવી હતી પરંતુ કાયદેસર રીતે જે લગ્નની વિધી હોય કે જેમાં સપ્તપદી કે અન્ય કોઈપણ પ્રકારના જ્ઞાતિના રીત રિવાજ પ્રમાણે લગ્ન વિધિ અનુસરવામાં આવી ન હતી. આ બાબતે પિતાએ લગ્ન સ્થળ પર પહેલા પૂજારી તથા અન્ય બે સાક્ષીઓનું સોગંદનામું પણ કોર્ટ સમક્ષ રજૂ કર્યો છે. જેમાં તેમને સ્વીકાર્યું છે કે તેમની સામે કોઇ પણ પ્રકારની લગ્નની વિધિ નથી કરવામાં આવી, માત્ર સહી જ લેવામાં આવી હતી. યુવતીના પિતા દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે દીકરીને ફોસલવાની ભગાડી જવામાં આવી છે. અરજદારે આ મામલે ઉંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી પરંતુ કોઇ પ્રતિસાદ નહિ મળતા ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. પિતાનો દાવો છે કે યુવકે તેમની દીકરીને ફોસલાવીને અને પ્રેમજાળમાં ફસાવીને પ્રેમ લગ્ન કર્યા તો છે પરંતુ માત્ર તે માત્ર કાગળ પર સહી કરાવીને કર્યા છે. આથી કોર્ટે મહેસાણા જિલ્લા પોલીસ વડા, યુવક સહિતના પક્ષકારોને નોટીસ કાઢીને વધુ સુનાવણી આગામી તા.૨૨ ઓક્ટોબરના રોજ રાખી હતી.

થરા પાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજય

પાલનપુર, તા.૫

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં ૨૪ માંથી ૪ બેઠકો બિનહરીફ થતા ૨૦ બેઠકો માટે રવિવારે મતદાન યોજાયું હતું તેમાં કોંગ્રેસનો કર્મો પરાજય થયો હતો અને ભાજપે ભવ્ય વિજય મેળવતા વિજેતા ઉમેદવારોએ થરા બજારમાં ફટાકડા ફોડી ડીજે ના તાલે વિજય સરઘસ કાઢ્યું હતું.

વોર્ડ નં.૧,૨,૩,૪,૫માં ભાજપની પેનલ તેમજ વોર્ડ નં.૬માં કોંગ્રેસની પેનલનો વિજય થયો હતો, આમ ભાજપે ૨૦ અને કોંગ્રેસે ચાર બેઠક પર વિજય મેળવ્યો હતો.

વેરાવળ-પાટણ સંયુક્ત ન.પા.ના વિરોધ પક્ષના નેતા દ્વારા વિકાસના કામો કરવા રજૂઆત

વેરાવળ, તા.૫

વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના વિરોધપક્ષના નેતા દ્વારા કોંગ્રેસના કાઉન્સિલરોના વિસ્તારમાં વિકાસના કામો કરવા રજૂઆત કરાઈ.

નગરપાલિકાના વિરોધપક્ષના નેતા ગુલામખાને જણાવેલ કે, સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના નગરસેવકોની બેઠક મળેલ જેમાં ૧૩માંથી ૧૧ નગરસેવકો હાજર રહેલ હતા. વોર્ડ નં. ૨, ૫, ૬માં વર્ષોથી ઉપરવાસનું વરસાદી પાણી ભરાઇ જાય છે તેના નિકાલ માટે વર્ષ ૨૦૧૯માં અમૃત યોજના પાસ થયેલ તેની કામગીરી તાત્કાલીક કરવાની માંગ ઉઠેલ તેમજ જૂની ગટરોને નવીનીકરણ કરવા સોમનાથ ટોકીસ પાસે રોડ ક્રોસ કરી પાણીના પાઈપ નાખવા તેમજ સોસાયટી વિસ્તારમાં જ્યાં પીવાના પાણીની લાઇનો નથી તે સ્થળોએ લાઇનો નાખવા અને પાણીનો ટાંકો બનાવવા, ભુગભ ગટર, પીણીની લાઇનો ફીટ થયેલ છે ત્યાં રોડ બનાવવા, સ્ટ્રીટ લાઇટો તથા માસ્ટ ટાવર ફીટ કરવા, કોળી વાડામાં વર્ષો જૂની ગટર આવેલ છે તે નવી બનાવવા અને અધુરા કામો પૂર્ણ કરવા સહીતની કામગીરી બાબતે ચીફ ઓફિસર તથા પ્રમુખને લેખિત રજૂઆત કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

માંડવી તા.પં.ની દઢવાડા બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય

સુરત, તા.૫

માંડવી તાલુકા પંચાયતની દઢવાડા બેઠક પર યોજાયેલ ચૂંટણીનું આજરોજ પરિણામ જાહેર થતાં જ આ બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો છે.

કોરોના મહામારીને પગલે માંડવી તાલુકા પંચાયતની દઢવાલા - ૪ બેઠક પર કોંગ્રેસી સભ્ય અશોક ચૌધરીનું નિધન થવા પામ્યું હતું. પેટા ચૂંટણીમાં ભાજપ દ્વારા કમલેશ ચૌધરીને ચૂંટણી જંગમાં ઉતારવામાં આવ્યા હતા. મત ગણતરીને અંતે ભાજપના ઉમેદવાર કમલેશ ચૌધરી ૧૧૧૦ મતોની બહુમતિ સાથે દઢવાડા - ૪ બેઠક પર ભગવો લહેરાતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં સોપો પડી જવા પામ્યો છે.

ઓમાનના દરિયામાં સલાયાના માંડવીના જહાજની જળસમાધિ

જહાજના ૮ ક્રૂ મેમ્બરોને સહી સલામત બચાવી લેવાયા

ભૂજ, તા.૫

કચ્છની માલિકીનું જહાજ ઓમાનના દરિયામાં ડૂબી જવાના સમાચાર પ્રાપ્ત થયા છે. જો કે જહાજની અંદર રહેલા આઠ ક્રૂ મેમ્બરોને સહી સલામત બચાવી લેવાયા છે. કચ્છના અખાતમાંથી ઉદભવેલા શાહીન વાવાઝોડાની અસર ઓમાનના દરિયામાં જોવા મળી હતી અને કચ્છના માંડવી સલાયાનું 'યુસુફી' નામનું જહાજ વાવાઝોડાની ઝપેટમાં આવ્યું હતું. તા.૩-૧૦ રવિવારના રોજ બપોરે આ જહાજ ઓમાન-મસ્કત ખાતે જેટી ઉપર લાંગરવામાં આવ્યું હતું પરંતુ વાવાઝોડાના કારણે તોફાની બનેલા સમુદ્રમાં ઊંચા મોજા ઉછળતા આ જહાજ વારંવાર જેટી સાથે ટકરાતા જહાજના પાટિયા તૂટી પડ્યા હતા. જહાજમાં પાણી ભરાવા લાગતા જહાજે જળસમાધિ લીધી હતી. આ દરમ્યાન જહાજના તમામ આઠ ક્રૂ મેમ્બરને સલામત રીતે જેટી ઉપર બચાવી લઈ સલામત સ્થળે ખસેડાયા હતા. માંડવી સલાયાના હુસૈન અલીની માલિકીનું આ જહાજ હતું.

કીમ ચોકડી પાસે અકસ્માતમાં બાળકીનું મોત : દંપતીને ઈજા

સુરત, તા.૫

કિમ ચોકડી પાસે ટેમ્પો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક સાથે ટક્કર થતા ટેમ્પો પલ્ટી મારી ગયો હતો. જેના કારણે ટેમ્પામાં બેઠેલી બાળકી ટેમ્પો નીચે દબાઈ જતા તેને ગંભીર ઈજા થઈ હતી. તેમજ તેના મામા અને મામીને પણ ઈજાઓ થઈ હતી. ત્રણેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ડોકટરોએ બાળકીને મૃત જાહેર કરી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પીપોદરા ખાતે રહેતા આકાશીબેન ઘુમડીયા પતિ જયદીપભાઈ ઘુમડીયા ગઈ કાલે ભાણેજ આરતી નરેશ ઘરણીયા (ઉ.વ.૫)ને ટેમ્પો લઈને લસકાણા ખાતે સંબધીના ત્યાં જવા માટે નીકળ્યા હતા.સંબંધીના ઘરે જવાની વાત સાંભળી આરતીએ પણ સાથે જવાની જીદ કરી હતી તેથી તેને પણ સાથે લઇ જતા હતા. ટેમ્પો કિમ ચોકડી પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે અચાનક આવેલી એક બાઇક સાથે ટેમ્પોની ટક્કર થઈ હતી. બાઈકની ટક્કર લાગતા ટેમ્પો પલ્ટી મારી ગયો હતો અને માસૂમ આરતી ટેમ્પો નીચે દબાઈ ગઈ હતી તેમજ મામા-મામી પણ ફેંકાઈ ગયા હતા. અકસ્માતને પગલે કેટલાક લોકો સ્થળ ઉપર ભેગા થઇ ગયા હતા અને ટેમ્પો ઉઠાવી બાળકીને બહાર કાઢી હતી ત્યાર બાદ ૧૦૮માં ત્રણેને સારવાર માટે નવી સિવિલ ખાતે મોકલવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબોએ આરતીને મૃત જાહેર કરી હતી.તેમજ મામા મામીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. એકની એક બાળકીનાં મોતને પગલે પરિવારમાં શોક છવાઇ ગયો છે.

ધોળકાની સરકારી શાળામાં

ફાયર સેફ્ટીની પૂરતી સુવિધા ન હોવાથી આચાર્યની ઓફિસ સીલ

ધોળકા, તા.૫

ધોળકા નગરપાલિકા વિસ્તારમાં અટલ સરોવર નજીક છીપવાડ ઢાળ પાસે આવેલ સરકારી પ્રાથમિક શાળાને ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ-૨૦૧૩ અને નેશનલ બિલ્ડિંગ કોડ ઓફ ઈન્ડિયાની જોગવાઈ અનુસાર જાહેર જનતાની સલામતી અર્થે ફાયર પ્રોટેકશન/ફાયર સેફટીની પુરતી સુવિધાઓ ઉપલબ્ધ ન કરવાના કસુર બદલ સરકારી પ્રાથમિક શાળાની બિલ્ડિંગમાંની આચાર્યની ચેમ્બરને ધોળકા નગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવેલ છે. આચાર્યની ચેમ્બરનું સીલ તોડી અનધિકૃત રીતે ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવશે તો જવાબદારો વિરૂદ્ધ ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ-૨૦૧૩ અને નેશનલ બિલ્ડિંગ કોડ ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની સંબંધિતો એ નોંધ લેવી. એમ ધોળકા નગરપાલિકા દ્વારા જણાવાયું છે. ધોળકા સરકારી પ્રાથમિક શાળામાં સિલીંગ ની કાર્યવાહી વખતે ધોળકા નગરપાલિકાનાં ચીફ ઓફિસર એસ.કે. કટારા અને ફાયર બ્રિગેડ નો સ્ટાફ હાજર રહ્યો હતો.

ટી-૨૦ વર્લ્ડકપમાં ભારત પાકિસ્તાનની મેચની ટિકિટના ભાવ રૂપિયા બે લાખ સુધી પહોંચશે

નવી દિલ્હી ,તા.૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૪મી ઓક્ટોબરે દુબઈમાં રમશે અને આ મેચની સૌથી મોંઘી ટિકિટ લગભગ બે લાખ રૂપિયાની છે જે સામાન્ય કરતાં ૩૩૩ ગણી વધારે છે. અલગ અલગ સ્ટેન્ડની ટિકિટોના ભાવ જુદા જુદા છે. પ્રારંભિક ટિકિટો ૧૨,૫૦૦ રૂપિયામાં મળી રહી છે. આ ઉપરાંત ૩૨,૨૦૦ તથા ૫૪,૧૦૦ રૂપિયામાં ફેન્સ પ્રીમિયમ તથા પ્લેટિનમ સ્ટેન્ડની ટિકિટ ખરીદી શકે છે. આ ત્રણેય કેટેગરીની ટિકિટો લગભગ વેચાઇ ગઇ છે. સ્કાય બોક્સ અને વીઆઈપી સીટના ભાવ હજુ આઈસીસીની સત્તાવાર વેબસાઇટ ઉપર મુકાયા નથી પરંતુ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩૧મી ઓક્ટોબરે રમાનારી મેચ માટે વીઆઈપી સીટના ભાવ એક લાખ ૯૬ હજાર રૂપિયા સુધીનો છે. આ સ્થિતિમાં ભારત અને પાકિસ્તાનની મેચની ટિકિટ હજુ વધારે મોંઘી થઇ શકે છે. ભારત અને ન્યૂઝીલેન્ડની મેચની સૌથી ઓછા ભાવની ટિકિટ ૧૦,૪૦૦ રૂપિયામાં મળી રહી છે.આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે અને આઈસીસીએ ત્રીજી ઓક્ટોબરથી ટૂર્નામેન્ટની મેચોની ટિકિટોનું વેચાણ શરૃ પણ કરી દીધું છે. સ્ટેડિયમમાં ૭૦ ટકા પ્રેક્ષકોને પ્રવેશ આપવામાં આવશે. યુએઈમાં સૌથી ઓછી કિંમતની ટિકિટ ૬૦૦ રૂપિયામાં મળી રહી છે પરંતુ ભારત અને પાકિસ્તાનના હાઈવોલ્ટેજ મુકાબલાની ટિકિટો માટે સમર્થકોએ લાખો રૂપિયા ખર્ચ કરવા પડશે.

ચકલાસી નગર સેવાસદન

ટેન્ડર નોટિસ

આથી ચકલાસી નગરપાલિકા દ્વારા પાણી પુરવઠાના કામ માટેના ભાવો માટે અનુભવી અને માન્ય એજન્સીઓ પાસેથી નીચે મુજબના ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ	(૧) ટેન્ડરની રકમ (૨) અર્નેસ્ટ મની રૂા. (૩) ટેન્ડર ફી રૂા.
ઓફલાઈન ટેન્ડર	
(૧) ૧૪મા નાણાપંચ સને ૨૦૧૯-૨૦ અંતર્ગત ચકલાસી નગરપાલિકા દેવનગર વિસ્તારમાં પંપરૂમ બનાવવાનું કામ	(૧) ૧,૨૧,૮૭૯/- (૨) ૧,૨૨૦/- (૩) ૬૦૦/-
(૨) ૧૪મા નાણાપંચ સને ૨૦૧૮-૧૯ અંતર્ગત ચકલાસી નગરપાલિકા વિસ્તારમાં હેડપંપ બનાવવાનું કામ	(૧) ૨,૬૮,૫૦૬/- (૨) ૨,૬૯૦/- (૩) ૬૦૦/-

શરતો

(૧) ટેન્ડરની તારીખ : ૦૬/૧૦/૨૦૨૧થી ૧૪/૧૦/૨૦૨૧ સાંજના ૬.૦૦ કલાક સુધી
(૨) ટેન્ડર ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ, બાનાની રકમ, રજિસ્ટ્રેશન તથા સ્કેન કરેલ જરૂરી દસ્તાવેજો રજિ.પોસ્ટએડી/સ્પીડ પોસ્ટ/કુરિયરથી રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૬/૧૦/૨૦૨૧
(૩) ટેન્ડર ઓપન કરવાની તારીખ ૧૮/૧૦/૨૦૨૧ અથવા તો નગરપાલિકાનો અનુકૂળ સમય
(૪) ભાવ ભરેલ ઓફલાઈન ટેન્ડર સ્પીડ પોસ્ટ/રજિસ્ટર પોસ્ટ એડીથી જ સ્વીકારવામાં આવશે જેની છેલ્લી તારીખ ૧૬/૧૦/૨૦૨૧ રહેશે. (રૂબરૂ ટેન્ડર સ્વીકારશે નહીં)
(૫) અધુરી વિગતો ભરેલા, શરતી તેમજ મુદ્દત બહારના ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
(૬) અર્નેસ્ટ મની ભર્યા સિવાયના આવેલ ટેન્ડર મંજૂર કરવાની આવશે નહીં.
(૭) કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર યા નામંજૂર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની સામે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં.

વાય. જે. ગણાત્રા	ઐયુબખાન કે.પઠાણ	રાજેશભાઈ આર.વાઘેલા	સંગીતાબેન એસ. વાઘેલા
ચીફ ઓફિસર	કારોબારી અધ્યક્ષ	ઉપપ્રમુખ	પ્રમુખ
ચકલાસી નગરપાલિકા	ચકલાસી નગરપાલિકા	ચકલાસી નગરપાલિકા	ચકલાસી નગરપાલિકા

માહિતી/નડિ/૩૭૭/૨૦૨૧-૨૨

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

ગુરૂવાર, 7 ઓક્ટોબર, 2021; સાંજે 5:30 વાગ્યાથી.
હોટલ કલ્પના, તીન બત્તી, જામનગર.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત બુદ્ધદેવ, મોબાઈલ : 98256 04204.
પૂર્વ નોંધણી જરૂરી છે અને પહેલા આવવાના આધારે પ્રવેશ આપવામાં આવશે.

શુક્રવાર, 8 ઓક્ટોબર, 2021; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ વિજ પાર્ક, વી વી નગર રેલ્વે સ્ટેશન પાસે, વી વી નગર, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોશી, મોબાઈલ : 70166 95863.

શુક્રવાર, 8 ઓક્ટોબર, 2021; સાંજે 6:30 વાગ્યાથી.
એપીટોમ બેન્ક્વેટ, ઘોડાસર, અમદાવાદ.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30થી સાંજે 7:00 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

An Investor Education Initiative
HDFC MUTUAL FUND BHAROSA APNO KA

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ

RELIANCE HOME FINANCE LIMITED

બ્રાન્ચ ઓફિસઃ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ. C/o માય બ્રાન્ચ સર્વિસીસ પ્રા.લિમિટેડ, સાકાર-૨, ઓફિસ નં.૭૦૩ અને ૭૦૪, એલિસબ્રીજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬

રજિસ્ટર્ડ ઓફિસઃ - રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રૂબી ટાવર, ૧૧ મો માળ, નોર્થ વેસ્ટ વિંગ, પ્લોટ નં .૨૯, જે.કે. સાવંત માર્ગ, દાદર મુંબઈ ૪૦૦ ૦૨૮

પ્રતિકાત્મક કબજા નોટિસ (સુરક્ષા વ્યાજ (અમલ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૨) મુજબ)

જ્યારે સિક્યોરિટીઝેશન, ફાઈનાન્શિયલ એસેટ્સનુ પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાની રૂએ અને સુરક્ષા વ્યાજના નિયમ ૮ સાથે વાંચેલા કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨, નીચે જણાવેલ દેણદારો/સહ-દેણદારોને ડિમાન્ડ નોટિસ જારી કરી, નોટિસમાં ઉલ્લેખિત રકમ ઉક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત કરવા જણાવેલ.

ઉધાર લેનાર/સહ-દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે, આથી દેવાદાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો હસ્તાક્ષર હેઠળ લેવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૧૩ (૪) હેઠળ નીચે જણાવેલ તારીખો પર જણાવેલા નિયમોના નિયમ ૮ સાથે વાંચો. ખાસ કરીને ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે. દેણદાર/સહ-દેણદાર /મોર્ગેજ(રો) એ સુરક્ષિત સંપત્તિઓને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી કાયદાની કલમ ૧૩ (૮) ની જોગવાઈ મુજબ આવકારે છે.

દેણદાર/સહદેણદારનું નામ	મિલકતનું વર્ણન	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	કબજા નોટિસની રકમ (રૂા.)
૧) કીર્તિભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિ ૨. મનીષા કીર્તિભાઈ પ્રજાપતિ ૩. મીડિયા હાઉસ	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા ફલેટ નં. એ/૮૦૯ કીર્તિભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિની સ્કીમ તરીકે જાણીતું 'પેરેડાઈઝ ઔરા' મેસર્સ રામદેવ અર્થ મેવર્સ દ્વારા બંધાયેલ સ્થિત જૂના સર્વે નં. ૨૬૪૯ અને સિટી સર્વે નં. ૧૦૧૬ મોજે કાકરખાડ પાર્ટી તા.નડિયાદ અને જિ. ખેડા	૧૧ ડિસેમ્બર, ૨૦૧૯	૧લી ઓક્ટમ્બર, ૨૦૨૧	રૂા. ૧૮,૭૯,૭૦૩/-

સ્થળ : નડિયાદ
તા.૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૧

સહી/- (અધિકૃત અધિકારી)
રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ



ભારતીય શૂટરની કમાલ, તોમરે વિશ્વ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

લીમા, તા.૫

યુવા ભારતીય શૂટર ઐશ્વર્ય પ્રતાપસિંહ તોમરે આઈએસએસએફ જુનિયર વિશ્વ ચેમ્પિયનશીપમાં પુરૂષોની ૫૦ મીટર રાઈફથ્રી પોઝિશનની ફાઈનલમાં વિશ્વ રેકોર્ડ બનાવી સુવર્ણચંદ્રક જીત્યો. તોમરે ક્વોલિફિકેશનમાં ૧૧૮૫નો સ્કોર બનાવી જુનિયર વિશ્વ રેકોર્ડની બરાબરી કરી હતી. આ યુવા ખેલાડીએ ત્યારબાદ ફાઈનલમાં ૪૬૩.૪ પોઈન્ટ બનાવી જુનિયર વિશ્વરેકોર્ડ બનાવ્યો. તે ફ્રાન્સના લુકાસ કઈઝસથી લગભગ સાત પોઈન્ટ આગળ રહ્યો. જેણે ૪૫૬.૫ પોઈન્ટ બનાવી રજત ચંદ્રક જીત્યો. અમેરિકાના ગોવિન બાર્નિકે ૪૪૬.૬ પોઈન્ટ લઈ બ્રોન્ઝમેડલ જીત્યો. ભારતના અન્ય શૂટરોમાં સંસ્કાર હવેલિયા ૧૧૬૦ના સ્કોર સાથે ૧૧મા, પંકજ મુખેઝા ૧૧૫૭ની સાથે ૧૫મા, સરતાઝ તિવાના ૧૧૫૭ની સાથે ૧૬મા અને ગુરમનસિંહ ૧૧૫૩ના સ્કોર સાથે ૨૨મા સ્થાને રહ્યો. આ પહેલા ભારતની ૧૪ વર્ષીય શૂટર નામ્યા કપૂરે ભારતથી જ સ્ટાર શૂટર મનુ ભાકરને પાછળ પાડી મહિલાઓની ૨૫ મીટર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. કપૂરે ફાઈનલમાં ૩૬ પોઈન્ટ બનાવી ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ભારત ૮ સુવર્ણ, ૬ રજત અને ૩ કાંસ્ય સહિત કુલ ૧૭ મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચના સ્થાને ચાલી રહ્યું છે. આ ટોક્યો ઓલિમ્પિક બાદ પહેલી એવી પ્રતિયોગિતા છે જેમાં અનેક સ્પર્ધાઓ રાખેલ છે. ચેમ્પિયનશિપમાં ૩૨ દેશોના લગભગ ૩૭૦ શૂટરો ભાગ લઈ રહ્યા છે.

ભારતની ટીમ એવરેજ છે તે પાકિસ્તાનનો મુકાબલો ના કરી શકે : રઝાકનો બફાટ

નવી દિલ્હી, તા.૫

ટ્વેન્ટી-૨૦ વિશ્વકપ શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે. ભારતને પોતાની પ્રથમ મેચ ૨૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે રમવાની છે. આ દરમિયાન પાકિસ્તાનના પૂર્વ ઓલરાઉન્ડર અબ્દુલ રઝાકે ટીમ ઈન્ડિયાને લઈ એવી ટિપ્પણી કરી છે જેનાથી ભારતીય ક્રિકેટપ્રેમી નારાજ થઈ શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સિરીઝ નહીં રમાતા વિશેની ચર્ચામાં અબ્દુલ રઝાકે તો ત્યાં સુધી કહીં દીધું કે, ટીમ ઈન્ડિયા દ્વિપક્ષીય સિરીઝમાં પાકિસ્તાન સામે એટલા માટે રમતા નથી કારણ કે તે એક સરેરાશ ટીમ છે. ટીમ ઈન્ડિયા વિશે બોલતા રઝાકે કહ્યું કે, પાકિસ્તાન પાસે જે પ્રકારની પ્રતિભા છે તે પૂરી રીતે અલગ છે. આ પ્રતિભા ભારતીય ટીમમાં નથી. આ સાથે જ તેણે કહ્યું કે, મને નથી લાગતું કે, ભારત પાકિસ્તાનનો મુકાબલો કરી શકે છે. તેણે કહ્યું કે બીજા દેશો વચ્ચે મેચ રમાઈ રહી નથી. આ એક રોમાંચક મુકાબલા થતાં હતા. જેમાં ખેલાડીઓ ઉપર એ જોવા મળતું હતું કે, તેઓ કેટલું દબાણ સહન કરી શકે છે. હવે તે ગાયબ થઈ ગયું છે. વિશ્વકપ પહેલા રઝાકની આવી ટિપ્પણી કરવી સ્વાભાવિક વાત છે કે, ભારતીય ટીમ ઉપર દબાણ બનાવવાનો પ્રયાસ છે પણ અત્યારસુધી ત્રણેય ક્રિકેટ ફોર્મેટમાં ભારતીય ટીમ આઈસીસી રેન્કિંગમાં પાકિસ્તાનથી ઘણી આગળ છે. આઈસીસી વન-ડે વિશ્વકપમાં ભારત એકવાર પણ પાકિસ્તાન સામે હાર્યું નથી. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વિશ્વકપનું ટાઈટલ પણ ભારતે પાકિસ્તાનને હરાવીને જ જીત્યું હતું.

રવીન્દ્ર જાડેજા એક પરફેક્ટ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટર છે : માઈકલ વોન

નવી દિલ્હી, તા.૫

ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા દરેક ફોર્મેટમાં ભારતીય ટીમ માટે ઘણો મહત્ત્વનો ખેલાડી છે. હાલ તે આઈપીએલમાં ચેન્નાઈ માટે રમી રહ્યો છે. તે ટ્વેન્ટી-૨૦ વિશ્વકપમાં પણ ભારતીય ટીમ માટે રમતો જોવા મળશે. પોતાની બોલિંગ અને બેટિંગની સાથે જ સૌરાષ્ટ્રના આ ક્રિકેટરની ગણતરી વિશ્વના ટોચના ફિલ્ડરોમાં થાય છે. ઈંગ્લેન્ડના પૂર્વ કપ્તાન માઈકલ વોને જાડેજાને ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ માટે પરફેક્ટ ક્રિકેટર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, જાડેજા શાનદાર ખેલાડી છે. તે બધુ કરી શકે છે. જો તમે એક ટ્વેન્ટી-૨૦ ક્રિકેટરને તૈયાર કરી રહ્યા છો, જો તમે ક્રિસ ગેલની તાકાત અને વિરાટ કોહલીની ચતુરાઈની જરૂર હોય છે પણ તમે શરૂઆતથી એક ક્રિકેટર તૈયાર કરવા માંગો છો તો તમારે રવીન્દ્ર જાડેજાને નજરમાં રાખવો જોઈએ. જાડેજા બધુ કરી શકે છે. તેમણે કહ્યું કે, તે અવિસનીય ફિલ્ડર છે. તે ડાબા હાથે ગજબની સ્પિન બોલિંગ કરી શકે છે. જો પિચમાં ટર્ન છે તો તે વિશ્વના કોઈપણ સર્વશ્રેષ્ઠ સ્પિનરની બરાબર છે. જે તમારી વિકેટ જલદી પડી જાય તો તે ટીમને સંભાળી શકે છે અને જો ફક્ત ૧૫ બોલ બચ્યા છે તો તે પહેલાથી જ આક્રમક બેટિંગ કરી શકે છે. તે એક પરફેક્ટ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટર છે.

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે ઓપરેટર યુવક-/યુવતીઓ કમિશનથી પાર્ટ ટાઈમ ફુલ ટાઈમ અરજન્ટ કોન્ટેક્ટ Whatsapp 8866483844 રિલીફ રોડ

ઘરકામ માટે મહિલાની જરૂર છે 9426500987

વેચવાનું છે

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફર્નિચર, ફ્રિઝ સાથે ફુલ્લી ફર્નિશ્ડ ટાઈટલ ક્લિયર ૧૭ લાખમાં તયબાહ રેસિડેન્સી, જુહાપુરા 8511543313 આબીદભાઈ

બંગલો વેચવાનો છે
400 વારના પ્લોટમાં અદ્યતન બાંધકામ NA વાળો, સનરાઈઝ સોસાયટી, જુહાપુરા 8511543313 આબીદભાઈ

ફ્લેટ ભાડે આપવાનું છે
2 BHK, ખાનપુર સિલ્વર પેલેસમાં મો.97271 00586

પ્લોટ વેચવાનો છે
1400 વારનો જૂની શરતનો સફવાન પાર્ક, જુહાપુરા 8511543313 આબીદભાઈ

ફ્લેટ વેચવાનો છે
3 BHK વેલ ફર્નિશ્ડ, રોડ સાઈડ, અલ-બુર્જ, મકરબા રોડ, પાર્કિંગ સાથે 9825098957

ફ્લેટ વેચવાનો છે
2 BHK રોડ સાઈડ, વેલ ફર્નિશ્ડ, મોઈન ફ્લેટ, મુસ્લિમ સોસાયટી, નવરંગપુરા 9825098957

---

૨ ફ્લેટ વેચવાના છે
૨ રૂમ કિચન-આશરે-60 વાર ૪થો માળ ઈન્ડિયન ફ્લેટ યાશર પાર્ક વિ-૨, મક્કાનગર પાસે, (જૂની શરત) 8141837313- ગુલુચાચા

દુકાન વેચવાની છે
ગ્રાઉન્ડ ફ્લોરની ટ્યુટોરીયલ માર્કેટ ત્રણ દરવાજા, અમદાવાદ. 8511523007

વેચવાનું છે
ફર્નિશ્ડ ફ્લેટ 2 BHK શાહેઆલમ રસુલાબાદ M : 9376136048 M : 9879043284 દલાલ આવકાર્ય

મકાન અને જમીન ભાડે-વેચાણ

વેચાણ આપવાનું છે
ફ્લેટ 1 BHK ફર્સ્ટ ફ્લોર બાગબા રેસિડેન્સી રઝાક મસ્જિદ પાસે ૧૦૦ ફૂટ રીંગ રોડ જુહાપુરા 9321122447

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે આપવા માટે મળો એવન પ્રોપર્ટી કન્સલટન્ટ મતીનભાઈ 8490903000 હૈદરભાઈ 9227777881

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ - ભાડે-લે-વેચ જુહાપુરા - સરખેજ 8141837313- ગુલુચાચા

લગ્ન વિષયક

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા પોતાનો કારોબાર ધરાવતા એજ્યુકેટેડ ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, પાબંદ, બેવા ઉપથી ૪૫ વર્ષીય કોન્ટેક્ટ કરો 9099555987

હદીસ બોધ

અનાજ વેડફો નહીં, દુષ્કાળના વર્ષો માટે તેને સાચવી રાખો.
(હદીસ બોધ)

બોધ વચન

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે.
- ફ્રોઈડ

આજની આરસી

૬ ઓક્ટોબર બુધવાર ૨૦૨૧
૨૮ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ અમાસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૧૪
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૩

ગુસપુસિયું

પતિ : શું તું મારા મૃત્યુ પર શોક વ્યક્ત કરીશ ?
પત્ની : બેશક
પતિ : મને બતાવ કઈ રીતે કરીશ ?
પત્ની : પહેલા મરીને બતાવો.

પુત્રીના ગેરકાયદેસર રીતે લગ્ન થયા હોવાથી પ્રેમી યુવક પાસેથી તેણીનો કબજો પરત મેળવવા પિતાની હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ, તા.૫
મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકામાં પુત્રી દ્વારા એક યુવક સાથે લગ્ન કરી લેવાના કિસ્સામાં પુત્રીને પરત મેળવવા માટે તેના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ પિટિશન કરી હતી. તેની સુનાવણીના અંતે કોર્ટે રાજ્ય સરકાર અને પોલીસને નોટીસ કાઢીને વધુ સુનાવણી આગામી તા. ૨૨ ઓક્ટોબરના રોજ રાખી હતી.

યુવતીના પિતા દ્વારા પિટિશનમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તેની પુત્રીના કાયદેસર રીતે લગ્ન થયા નથી પરંતુ માત્ર કાગળ પર પૂજારી અને સાક્ષીઓની સહી લઈને લગ્ન થયા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. જે ગેરકાયદેસર છે. કેસની વિગતો મુજબ મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના એક ગામમાં રહેતા યુવક અને યુવતીએ ગત તા. ૨૭ જુલાઈના રોજ લગ્ન કર્યા હતા. પરંતુ આ લગ્ન માન્ય ગણાય નહિ અને માત્ર કાગળ પર સહી કરાવીને લગ્નની વિધી કરવામાં આવી હોવાનો દાવો યુવતીના પિતાએ કર્યો હતો. યુવતીના પિતાના વકીલ તરફથી કોર્ટ રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી કે, બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના મંદિરમાં જ આ બંને યુવક-યુવતી લગ્ન કર્યા હતા. ત્યાં પૂજારી તથા બે સાક્ષીઓની માત્ર સહી લેવામાં આવી હતી પરંતુ કાયદેસર રીતે જે લગ્નની વિધી હોય કે જેમાં સપ્તપદી કે અન્ય કોઈપણ પ્રકારના જ્ઞાતિના રીત રિવાજ પ્રમાણે લગ્ન વિધિ અનુસરવામાં આવી ન હતી. આ બાબતે પિતાએ લગ્ન સ્થળ પર પહેલા પૂજારી તથા અન્ય બે સાક્ષીઓનું સોગંદનામું પણ કોર્ટ સમક્ષ રજૂ કર્યો છે. જેમાં તેમને સ્વીકાર્યું છે કે તેમની સામે કોઇ પણ પ્રકારની લગ્નની વિધિ નથી કરવામાં આવી, માત્ર સહી જ લેવામાં આવી હતી. યુવતીના પિતા દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે દીકરીને ફોસલવાની ભગાડી જવામાં આવી છે. અરજદારે આ મામલે ઉંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી પરંતુ કોઇ પ્રતિસાદ નહિ મળતા ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. પિતાનો દાવો છે કે યુવકે તેમની દીકરીને ફોસલાવીને અને પ્રેમજાળમાં ફસાવીને પ્રેમ લગ્ન કર્યા તો છે પરંતુ માત્ર તે માત્ર કાગળ પર સહી કરાવીને કર્યા છે. આથી કોર્ટે મહેસાણા જિલ્લા પોલીસ વડા, યુવક સહિતના પક્ષકારોને નોટીસ કાઢીને વધુ સુનાવણી આગામી તા.૨૨ ઓક્ટોબરના રોજ રાખી હતી.

ભારતે બ્રિટન અને કેનેડા માટે ઈ-વિઝાની સુવિધા પણ હાલ પૂરતી બંધ કરી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫
કેન્દ્ર સરકારની વિશેષ હેલ્થ ટીમ એરપોર્ટમાં તૈનાત થઈ ગઈ છે. આ ટીમ નવા નિયમોનું પાલન થાય છે કે નહીં તેની દેખરેખ રાખે છે. તે સિવાય ભારતે બ્રિટન અને કેનેડા માટે ઈ-વિઝાની સુવિધા પણ હાલ પૂરતી બંધ કરી દીધી છે. બ્રિટન અને કેનેડાથી આવતા મુસાફરોએ રેગ્યુલર સ્ટેમ્પ વિઝા લેવા પડશે. ભારતથી જતાં મુસાફરો માટે આ બંને દેશોએ આકરા નિયમો લાગુ કર્યા હોવાથી ભારતે પણ સામો જવાબ આપ્યો હતો.બ્રિટન સાથે ભારતે જેવા સાથે તેવાની નીતિ અપનાવી છે. બ્રિટનથી ભારત આવેલા ૭૦૦ મુસાફરોને ૧૦ દિવસ માટે ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બધાના ફરજિયાત આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ક્વોરન્ટાઈન પીરિયડ પૂરો થશે પછી પણ ટેસ્ટ કરાવવો પડશે. બ્રિટને ભારતથી આવતા પ્રવાસીઓ માટે કડક નિયમો લાગુ કર્યા હતા. ભારતથી વેક્સિન લીધા પછી બ્રિટન પહોંચતા મુસાફરોને વેક્સિન લીધેલા ગણવામાં આવતા ન હતા. એટલું જ નહીં, તેમને ક્વોરન્ટાઈન કરીને ફરીથી વેક્સિન લેવાનું જણાવવામાં આવતું હતું. ભારત સરકારે આ નિયમોમાં અન્ય દેશોના નાગરિકોને મળે છે એવી છૂટછાટ આપવાની રજૂઆત કરી હતી, છતાં બ્રિટને કડક વલણ જાળવી રાખ્યું હતું. આખરે ભારતે પણ જેવા સાથે તેવાની નીતિ અપનાવી હતી. ભારતે નવા નોટિફિકેશનથી નવો નિયમ લાગુ કર્યો હતો. એ પ્રમાણે બ્રિટનથી આવનારા તમામ પ્રવાસીઓએ ૧૦ દિવસ માટે ક્વોરન્ટાઈન રહેવું ફરજિયાત છે. એ પછી એરપોર્ટ પર જ આરટીપીસીઆર ટેસ્ટ થશે અને ૧૦ દિવસના ક્વોરન્ટાઈન પીરિયડ પછી પણ ફરીથી આરટીપીસીઆર ટેસ્ટ થશે. ટેસ્ટ નેગેટિવ આવશે તો જ તેમને ક્વોરન્ટાઈનમાંથી મુક્ત કરવામાં આવશે. નવો નિયમ સપ્તાહની શરૂઆતથી જ લાગુ કરાયો હતો. એ પછી બ્રિટનથી ત્રણ ફ્લાઈટ દિલ્હી આવી પહોંચી હતી. એમાં ૭૦૦ મુસાફરો ભારત આવ્યા હતા. એ તમામ મુસાફરોને ૧૦ દિવસ માટે ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા હતા. એ પેસેન્જર્સમાં ભારતીય નાગરિકો ઉપરાંત ઘણાં બ્રિટિશ નાગરિકો પણ છે.

બ્રિટનમાં ઈંધણનું સંકટ ક્રિસમસ સુધી રહી શકે છે : જોનસન

(એજન્સી) તા.૫
બ્રિટનના વડાપ્રધાને જણાવ્યું છે કે, દેશમાં જારી ઈંધણનું સંકટ ક્રિસમસ સુધી રહી શકે છે.

સમાચાર મુજબ બોરિસ જોનસને મેન્ચેસ્ટરમાં કંઝર્વેટિવ પાર્ટીના સમારોહને સંબોધિત કરતા આ વાત સ્વીકાર કરી છે કે, મહિનાઓથી દેશના પરિવહન ઉદ્યોગની સમસ્યાઓથી અવગત છે તેમણે જણાવ્યું કે, આ સંકટ ક્રિસમસ સુધી યથાવત રહી શકે છે. આ પહેલા બ્રિટનના પેટ્રોલપંપોના સંઘના પ્રમુખ બ્રાયન મેડરસને શનિવારે કહ્યું કે, દેશમાં ખાસ કરીને રાજધાની લંડનમાં પેટ્રોલનું સંકટ અત્યારે વધુ ગંભીર થશે.

બ્રિટને આ વર્ષના આરંભમાં યુરોપીય સંઘને ત્યાગી દીધું હતું. બ્રેક્ઝિટ સમજૂતી પછી લગભગ ૨૦ હજાર વિદેશીટ્રક ડ્રાઈવર બ્રિટન છોડીને જતા રહ્યા જેના કારણે ત્યાં ઈંધણનું સંકટ સર્જાયું. ઈંધણની અછતને દૂર કરવા માટે હવે બ્રિટનમાં સેનાની મદદ લેવામાં આવી રહી છે. બ્રિટનની સરકાર મુજબ સોમવારથી સૈન્ય બળ દેશમાં ઈંધણના સપ્લાયમાં મદદ કરશે. સરકારનું કહેવું છે કે, દેશમાં ટ્રક ચાલકોની અછતને પૂરી કરવાના ઉદ્દેશથી તે વિદેશી ચાલકો માટે ૫૦૦૦ વીઝા જારી કરવા જઈ રહી છે.

શાહીન વાવાઝોડું નબળું પડ્યું : મૃત્યુઆંક ૧૩

(એજન્સી) દુબઇ, તા.૫
ભારતીય હવામાન વિભાગે આગાહી કરી હતી કે શાહીન વાવાઝોડાની ગતિ હવે ઘટીને પ્રતિ કલાક ૯૦ કિલોમીટરની થઇ ગઇ છે અને હજુ પણ તે ગતિ ઘટી જતાં વાવાઝોડુ નબળુ પડી જશે અને છેવટે શાંત થઇ જશે. ઉલ્લેખનીય છે કે શાહીન વાવાઝોડું જ્યારે લેન્ડફોલ થયું ત્યારે પ્રતિ કલાક ૧૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો.શાહીન વાઝાડોના કારણે મરનારા લોકોની સંખ્યા સોમવાર સુધીમાં ૧૩ ઉપર પહોંચી ગઇ હતી જ્યારે દરિયામાં માછીમારી કરવા ગયેલા ઈરાનના કેટલાંક માછીમારો હજુપણ લાપતા છે પરંતુ તેઓની સંખ્યા જાણી શકાઇ નથી. દરમ્યાન આ વાવાઝોડુ ઓમાન તરફ ફંટાઇને નબળુ પડી ગયું હતું. ઓમાના સત્તાવાળાઓ કહ્યું હતું કે તેમનો એક નાગરિક જ્યારે તેના વાહનમાં જઇરહ્યો હતો ત્યારે તેના ઉપર પૂરના પાણી ફરી વળ્યા હતા, પરંતુ આ ઘટના અંગે કોઇને જાણ નહોતી તેથી તે વ્યક્તિને પોલીસે લાપતા થયેલા લોકોમાં ગણી લીી હતો પરંતુ તેનો મૃતદેહ આજે મળી આવ્યો હતો. રવિવારે આ વાવાઝોડા જમીન ઉપર પછડાયું હતું ત્યારે એક બાળક પાણીમાં તણાઇ ગયું હતું જ્યારે અન્ય એક સ્થળે થયેલા ભૂસ્ખલનમાં એશિયા ખંડના બે વિદેશીઓના મોત થયા હતા એમ તેમણે કહ્યું હતું. ઓમાનની નેશનલ કમિટિ ફોર ઈમરજન્સી મેનેજમેન્ટ દ્વારા સોમવારે જાહેરાત કરાહિતી કે આ વાવાઝોડામાં વધુ સાત લોકોના મોત સથયા હતા. જો કે તેઓના મોત કઇ રીતે થયા હતા તે અંગે સત્તાવાળાઓએ કોઇ ખુલાસો કર્યો નહોતો. બીજી બાજુ ઈરાનની સમાચાર સંસ્થા ઈરનાએ કહ્યું હતું કે ઈરાનના પાકિસ્તાન સાથે જોડાયેલા સરહદી વિસ્તારમાં આવેલા માછીમારોના પાસાબંદર નામના ગામેથી ગૂમ થયેલા બે માછીમારોના મૃતદેહ સોમવારે બચાવ ટુકડીના જવાનોને મળી આવ્યા હતા. આ અગાઉ રવિવારે ઈરાનની સંસદના ડેપ્યુટિ સ્પિકર અલી નિકઝાદે કહ્યું હતું કે તેમને એવી આશંકા છે કે વાવાઝોડાના કારણે છ માછીમારોના મોત થયા હતા. આ વાવાઝોડાના કારણે ઉઠેલી ધૂળની ડમરીઓના કારણે ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતના અનેક શહેરો અને ગામડાઓમાં લોકોના ઘરો અને દુકાનોમાં ધૂળના ઢગલા થઇ ગયા અને અનેક લોકોના નાક, મ્હોં અને આંખોમાં ધૂળ ઘૂસી જતાં ૧૨૨ લોકોને સારવાર માટે હોસ્પિટલ જવાની ફરજ પડી હતી એમ ઝાબોલ શહેરના ગવર્નર અબ્બાસી અર્જમંદીએ કહ્યું હતું.

ટી-૨૦ વર્લ્ડકપમાં ભારત - પાકિસ્તાનની મેચની ટિકિટના ભાવ રૂપિયા બે લાખ સુધી પહોંચશે

નવી દિલ્હી ,તા.૫
ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૪મી ઓક્ટોબરે દુબઇમાં રમશે અને આ મેચની સૌથી મોંઘી ટિકિટ લગભગ બે લાખ રૂપિયાની છે જે સામાન્ય કરતાં ૩૩૩ ગણી વધારે છે. અલગ અલગ સ્ટેન્ડની ટિકિટોના ભાવ જુદા જુદા છે. પ્રારંભિક ટિકિટો ૧૨,૫૦૦ રૂપિયામાં મળી રહી છે. આ ઉપરાંત ૩૨,૨૦૦ તથા ૫૪,૧૦૦ રૂપિયામાં ફેન્સ પ્રીમિયમ તથા પ્લેટિનમ સ્ટેન્ડની ટિકિટ ખરીદી શકે છે. આ ત્રણેય કેટેગરીની ટિકિટો લગભગ વેચાઇ ગઇ છે. સ્કાય બોક્સ અને વીઆઇપી સીટના ભાવ હજુ આઇસીસીની સત્તાવાર વેબસાઇટ ઉપર મુકાયા નથી પરંતુ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩૧મી ઓક્ટોબરે રમાનારી મેચ માટે વીઆઇપી સીટના ભાવ એક લાખ ૯૬ હજાર રૂપિયા સુધીનો છે. આ સ્થિતિમાં ભારત અને પાકિસ્તાનની મેચની ટિકિટ હજુ વધારે મોંઘી થઇ શકે છે. ભારત અને ન્યૂઝીલેન્ડની મેચની સૌથી ઓછા ભાવની ટિકિટ ૧૦,૪૦૦ રૂપિયામાં મળી રહી છે.આઇસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે અને આઇસીસીએ ત્રીજી ઓક્ટોબરથી ટૂર્નામેન્ટની મેચોની ટિકિટોનું વેચાણ શરૃ પણ કરી દીધું છે. સ્ટેડિયમમાં ૭૦ ટકા પ્રેક્ષકોને પ્રવેશ આપવામાં આવશે. યુએઇમાં સૌથી ઓછી કિંમતની ટિકિટ ૬૦૦ રૂપિયામાં મળી રહી છે પરંતુ ભારત અને પાકિસ્તાનના હાઇવોલ્ટેજ મુકાબલાની ટિકિટો માટે સમર્થકોએ લાખો રૂપિયા ખર્ચ કરવા પડશે.

ચકલાસી નગર સેવાસદન
ટેન્ડર નોટિસ

આથી ચકલાસી નગરપાલિકા દ્વારા પાણી પુરવઠાના કામ માટેના ભાવો માટે અનુભવી અને માન્ય એજન્સીઓ પાસેથી નીચે મુજબના ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ	(૧) ટેન્ડરની રકમ (૨) અર્નેસ્ટ મની રૂા. (૩) ટેન્ડર ફી રૂા.
ઓફલાઈન ટેન્ડર	
(૧) ૧૪મા નાણાપંચ સને ૨૦૧૯-૨૦ અંતર્ગત ચકલાસી નગરપાલિકા દેવનગર વિસ્તારમાં પંપરૂમ બનાવવાનું કામ	(૧) ૧,૨૧,૮૭૯/- (૨) ૧,૨૨૦/- (૩) ૬૦૦/-
(૨) ૧૪મા નાણાપંચ સને ૨૦૧૮-૧૯ અંતર્ગત ચકલાસી નગરપાલિકા વિસ્તારમાં હેડપંપ બનાવવાનું કામ	(૧) ૨,૬૮,૫૦૬/- (૨) ૨,૬૯૦/- (૩) ૬૦૦/-

શરતો
(૧) ટેન્ડરની તારીખ : ૦૬/૧૦/૨૦૨૧થી ૧૪/૧૦/૨૦૨૧ સાંજના ૬.૦૦ કલાક સુધી
(૨) ટેન્ડર ફીનો ડિમાન્ડ ડ્રાફટ, બાનાની રકમ, રજિસ્ટ્રેશન તથા સ્કેન કરેલ જરૂરી દસ્તાવેજો રજિ.પોસ્ટએડી/સ્પીડ પોસ્ટ/કુરિયરથી રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૬/૧૦/૨૦૨૧
(૩) ટેન્ડર ઓપન કરવાની તારીખ ૧૮/૧૦/૨૦૨૧ અથવા તો નગરપાલિકાનો અનુકૂળ સમય
(૪) ભાવ ભરેલ ઓફલાઈન ટેન્ડર સ્પીડ પોસ્ટ/રજિસ્ટર પોસ્ટ એડીથી જ સ્વીકારવામાં આવશે જેની છેલ્લી તારીખ ૧૬/૧૦/૨૦૨૧ રહેશે. (રૂબરૂ ટેન્ડર સ્વીકારશે નહીં)
(૫) અધુરી વિગતો ભરેલા, શરતી તેમજ મુદ્દત બહારના ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
(૬) અર્નેસ્ટ મની ભર્યા સિવાયના આવેલ ટેન્ડર મંજૂર કરવાની આવશે નહીં.
(૭) કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર યા નામંજૂર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની સામે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં.

વાય. જે. ગણાત્રા, ચીફ ઓફિસર, ચકલાસી નગરપાલિકા
ઐયુબખાન કે.પઠાણ, કારોબારી અધ્યક્ષ, ચકલાસી નગરપાલિકા
રાજેશભાઈ આર.વાઘેલા, ઉપપ્રમુખ, ચકલાસી નગરપાલિકા
સંગીતાબેન એસ. વાઘેલા, પ્રમુખ, ચકલાસી નગરપાલિકા
માહિતી/નડિ/૩૭૭/૨૦૨૧-૨૨

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

ગુરૂવાર, 7 ઓક્ટોબર, 2021; સાંજે 5:30 વાગ્યાથી.
હોટલ કલ્પના, તીન બત્તી, જામનગર.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત બુદ્ધદેવ, મોબાઈલ : 98256 04204.
પૂર્વ નોંધણી જરૂરી છે અને પહેલા આવવાના આધારે પ્રવેશ આપવામાં આવશે.

શુક્રવાર, 8 ઓક્ટોબર, 2021; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ વિજ પાર્ક, વી વી નગર રેલ્વે સ્ટેશન પાસે, વી વી નગર, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોશી, મોબાઈલ : 70166 95863.

શુક્રવાર, 8 ઓક્ટોબર, 2021; સાંજે 6:30 વાગ્યાથી.
એપીટોમ બેન્ક્વેટ, ઘોડાસર, અમદાવાદ.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30થી સાંજે 7:00 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

An Investor Education Initiative
HDFC MUTUAL FUND BHAROSA APNO KA

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

RELIANCE
RELIANCE HOME FINANCE LIMITED

રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ
બ્રાન્ચ ઓફિસઃ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ. C/o માય બ્રાન્ચ સર્વિસીસ પ્રા.લિમિટેડ, સાકાર-૨, ઓફિસ નં.૭૦૩ અને ૭૦૪, એલિસબ્રીજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬
રજિસ્ટર્ડ ઓફિસઃ - રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રૂબી ટાવર, ૧૧ મો માળ, નોર્થ વેસ્ટ વિંગ, પ્લોટ નં .૨૯, જે.કે. સાવંત માર્ગ, દાદર મુંબઈ ૪૦૦ ૦૨૮

પ્રતિકાત્મક કબજા નોટિસ (સુરક્ષા વ્યાજ (અમલ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૨) મુજબ)

જ્યારે સિક્યોરિટીઝેશન, ફાઈનાન્શિયલ એસેટ્સનું પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાની રૂએ અને સુરક્ષા વ્યાજના નિયમ ૮ સાથે વાંચેલા કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨, નીચે જણાવેલ દેણદારો/સહ-દેણદારોને ડિમાન્ડ નોટિસ જારી કરી, નોટિસમાં ઉલ્લેખિત રકમ ઉક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત કરવા જણાવેલ.

ઉધાર લેનાર/સહ-દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે, આથી દેવાદાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો હસ્તાક્ષર હેઠળ લેવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૧૩ (૪) હેઠળ નીચે જણાવેલ તારીખો પર જણાવેલા નિયમોના નિયમ ૮ સાથે વાંચો. ખાસ કરીને ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે. દેણદાર/સહ-દેણદાર /મોર્ગેજ(રો) એ સુરક્ષિત સંપત્તિઓને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી કાયદાની કલમ ૧૩ (૮) ની જોગવાઈ મુજબ આવકારે છે.

દેણદાર/સહદેણદારનું નામ	મિલકતનું વર્ણન	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	કબજા નોટિસની રકમ (રૂા.)
૧) કીર્તિભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિ ૨. મનીષા કીર્તિભાઈ પ્રજાપતિ ૩. મીડિયા હાઉસ	''સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા ફલેટ નં. એ/૮૦૯ કીર્તિભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિની સ્કીમ તરીકે જાણીતું 'પેરેડાઈઝ ઔરા' મેસર્સ રામદેવ અર્થ મેવર્સ દ્વારા બંધાયેલ સ્થિત જૂના સર્વે નં. ૨૬૪૯ અને સિટી સર્વે નં. ૧૦૧૬ મોજે કાકરખાડ પાટી તા.નડિયાદ અને જિ. ખેડા	૧૧ ડિસેમ્બર, ૨૦૧૯	૧લી ઓક્ટમ્બર, ૨૦૨૧	રૂા. ૧૮,૭૯,૭૦૩/-

સ્થળ : નડિયાદ
તા.૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૧
સહી/- (અધિકૃત અધિકારી)
રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ



ભારતીય શૂટરની કમાલ, તોમરે વિશ્વ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

લીમા, તા.૫
યુવા ભારતીય શૂટર ઐશ્વર્ય પ્રતાપસિંહ તોમરે આઈએસએસએફ જુનિયર વિશ્વ ચેમ્પિયનશીપમાં પુરૂષોની ૫૦ મીટર રાઈફથી પોઝિશનની ફાઈનલમાં વિશ્વ રેકોર્ડ બનાવી સુવર્ણચંદ્રક જીત્યો. તોમરે ક્વોલિફિકેશનમાં ૧૧૮૫નો સ્કોર બનાવી જુનિયર વિશ્વ રેકોર્ડની બરાબરી કરી હતી. આ યુવા ખેલાડીએ ત્યારબાદ ફાઈનલમાં ૪૬૩.૪ પોઈન્ટ બનાવી જુનિયર વિશ્વરેકોર્ડ બનાવ્યો. તે ફ્રાન્સના લુકાસ કઈઝસથી લગભગ સાત પોઈન્ટ આગળ રહ્યો. જેણે ૪૫૬.૫ પોઈન્ટ બનાવી રજત ચંદ્રક જીત્યો. અમેરિકાના ગોવિન બાર્નિકે ૪૪૬.૬ પોઈન્ટ લઈ બ્રોન્ઝમેડલ જીત્યો. ભારતના અન્ય શૂટરોમાં સંસ્કાર હવેલિયા ૧૧૬૦ના સ્કોર સાથે ૧૧મા, પંકજ મુખેઝા ૧૧૫૭ની સાથે ૧૫મા, સરતાઝ તિવાના ૧૧૫૭ની સાથે ૧૬મા અને ગુરમનસિંહ ૧૧૫૩ના સ્કોર સાથે ૨૨મા સ્થાને રહ્યો. આ પહેલા ભારતની ૧૪ વર્ષીય શૂટર નામ્યા કપૂરે ભારતથી જ સ્ટાર શૂટર મનુ ભાકરને પાછળ પાડી મહિલાઓની ૨૫ મીટર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. કપૂરે ફાઈનલમાં ૩૬ પોઈન્ટ બનાવી ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ભારત ૮ સુવર્ણ, ૬ રજત અને ૩ કાંસ્ય સહિત કુલ ૧૭ મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચના સ્થાને ચાલી રહ્યું છે. આ ટોક્યો ઓલિમ્પિક બાદ પહેલી એવી પ્રતિયોગિતા છે જેમાં અનેક સ્પર્ધાઓ રાખેલ છે. ચેમ્પિયનશિપમાં ૩૨ દેશોના લગભગ ૩૭૦ શૂટરો ભાગ લઈ રહ્યા છે.

ભારતની ટીમ એવરેજ છે તે પાકિસ્તાનનો મુકાબલો ના કરી શકે : રઝાકનો બફાટ

નવી દિલ્હી, તા.૫
ટ્વેન્ટી-૨૦ વિશ્વકપ શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે. ભારતને પોતાની પ્રથમ મેચ ૨૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે રમવાની છે. આ દરમિયાન પાકિસ્તાનના પૂર્વ ઓલરાઉન્ડર અબ્દુલ રઝાકે ટીમ ઈન્ડિયાને લઈ એવી ટિપ્પણી કરી છે જેનાથી ભારતીય ક્રિકેટપ્રેમી નારાજ થઈ શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સિરીઝ નહીં રમાતા વિશેની ચર્ચામાં અબ્દુલ રઝાકે તો ત્યાં સુધી કહીં દીધું કે, ટીમ ઈન્ડિયા દ્વિપક્ષીય સિરીઝમાં પાકિસ્તાન સામે એટલા માટે રમતા નથી કારણ કે તે એક સરેરાશ ટીમ છે. ટીમ ઈન્ડિયા વિશે બોલતા રઝાકે કહ્યું કે, પાકિસ્તાન પાસે જે પ્રકારની પ્રતિભા છે તે પૂરી રીતે અલગ છે. આ પ્રતિભા ભારતીય ટીમમાં નથી. આ સાથે જ તેણે કહ્યું કે, મને નથી લાગતું કે, ભારત પાકિસ્તાનનો મુકાબલો કરી શકે છે. તેણે કહ્યું કે બીજા દેશો વચ્ચે મેચ રમાઈ રહી નથી. આ એક રોમાંચક મુકાબલા થતાં હતા. જેમાં ખેલાડીઓ ઉપર એ જોવા મળતું હતું કે, તેઓ કેટલું દબાણ સહન કરી શકે છે. હવે તે ગાયબ થઈ ગયું છે. વિશ્વકપ પહેલા રઝાકની આવી ટિપ્પણી કરવી સ્વાભાવિક વાત છે કે, ભારતીય ટીમ ઉપર દબાણ બનાવવાનો પ્રયાસ છે પણ અત્યારસુધી ત્રણેય ક્રિકેટ ફોર્મેટમાં ભારતીય ટીમ આઈસીસી રેન્કિંગમાં પાકિસ્તાનથી ઘણી આગળ છે. આઈસીસી વન-ડે વિશ્વકપમાં ભારત એકવાર પણ પાકિસ્તાન સામે હાર્યું નથી. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વિશ્વકપનું ટાઈટલ પણ ભારતે પાકિસ્તાનને હરાવીને જ જીત્યું હતું.

રવીન્દ્ર જાડેજા એક પરફેક્ટ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટર છે : માઈકલ વોન

નવી દિલ્હી, તા.૫
ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા દરેક ફોર્મેટમાં ભારતીય ટીમ માટે ઘણો મહત્ત્વનો ખેલાડી છે. હાલ તે આઈપીએલમાં ચેન્નઈ માટે રમી રહ્યો છે. તે ટ્વેન્ટી-૨૦ વિશ્વકપમાં પણ ભારતીય ટીમ માટે રમતો જોવા મળશે. પોતાની બોલિંગ અને બેટિંગની સાથે જ સૌરાષ્ટ્રના આ ક્રિકેટરની ગણતરી વિશ્વના ટોચના ફિલ્ડરોમાં થાય છે. ઈંગ્લેન્ડના પૂર્વ કપ્તાન માઈકલ વોને જાડેજાને ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ માટે પરફેક્ટ ક્રિકેટર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, જાડેજા શાનદાર ખેલાડી છે. તે બધુ કરી શકે છે. જો તમે એક ટ્વેન્ટી-૨૦ ક્રિકેટરને તૈયાર કરી રહ્યા છો, જો તમે ક્રિસ ગેલની તાકાત અને વિરાટ કોહલીની ચતુરાઈની જરૂર હોય છે પણ તમે શરૂઆતથી એક ક્રિકેટર તૈયાર કરવા માંગો છો તો તમારે રવીન્દ્ર જાડેજાને નજરમાં રાખવો જોઈએ. જાડેજા બધુ કરી શકે છે. તેમણે કહ્યું કે, તે અવિસનીય ફિલ્ડર છે. તે ડાબા હાથે ગજબની સ્પિન બોલિંગ કરી શકે છે. જો પિચમાં ટર્ન છે તો તે વિશ્વના કોઈપણ સર્વશ્રેષ્ઠ સ્પિનરની બરાબર છે. જે તમારી વિકેટ જલદી પડી જાય તો તે ટીમને સંભાળી શકે છે અને જો ફક્ત ૧૫ બોલ બચ્યા છે તો તે પહેલાથી જ આક્રમક બેટિંગ કરી શકે છે. તે એક પરફેક્ટ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટર છે.

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે ઓપરેટર યુવક-/યુવતીઓ કમિશનથી પાર્ટ ટાઈમ ફુલ ટાઈમ અરજન્ટ કોન્ટેક્ટ Whatsapp 8866483844 રિલીફ રોડ

ઘરકામ માટે મહિલાની જરૂર છે 9426500987

વેચવાનું છે

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફર્નિચર, ફ્રિઝ સાથે ફુલ્લી ફર્નિશ્ડ ટાઈટલ ક્લિયર ૧૭ લાખમાં તયબાહ રેસિડેન્સી, જુહાપુરા 8511543313 આબીદભાઈ

બંગલો વેચવાનો છે
400 વારના પ્લોટમાં અદ્યતન બાંધકામ NA વાળો, સનરાઈઝ સોસાયટી, જુહાપુરા 8511543313 આબીદભાઈ

ફ્લેટ ભાડે આપવાનું છે
2 BHK, ખાનપુર સિલ્વર પેલેસમાં મો.97271 00586

પ્લોટ વેચવાનો છે
1400 વારનો જૂની શરતનો સફવાન પાર્ક, જુહાપુરા 8511543313 આબીદભાઈ

ફ્લેટ વેચવાનો છે
3 BHK વેલ ફર્નિશ્ડ, રોડ સાઈડ, અલ-બુર્જ, મકરબા રોડ, પાર્કિંગ સાથે 9825098957

ફ્લેટ વેચવાનો છે
2 BHK રોડ સાઈડ, વેલ ફર્નિશ્ડ, મોઈન ફ્લેટ, મુસ્લિમ સોસાયટી, નવરંગપુરા 9825098957

---

૨ ફ્લેટ વેચવાના છે
૨ રૂમ કિચન-આશરે-60 વાર ૪થો માળ ઈન્ડિયન ફ્લેટ યાશર પાર્ક વિ-૨, મક્કાનગર પાસે, (જૂની શરત) 8141837313- ગુલુચાચા

દુકાન વેચવાની છે
ગ્રાઉન્ડ ફ્લોરની ટ્યુટોરીયલ માર્કેટ ત્રણ દરવાજા, અમદાવાદ. 8511523007

વેચવાનું છે
ફર્નિશ્ડ ફ્લેટ 2 BHK શાહેઆલમ રસુલાબાદ M : 9376136048 M : 9879043284 દલાલ આવકાર્ય

મકાન અને જમીન ભાડે-વેચાણ

વેચાણ આપવાનું છે
ફ્લેટ 1 BHK ફર્સ્ટ ફ્લોર બાગબા રેસિડેન્સી રઝાક મસ્જિદ પાસે ૧૦૦ ફૂટ રીંગ રોડ જુહાપુરા 9321122447

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે આપવા માટે મળો એવન પ્રોપર્ટી કન્સલટન્ટ મતીનભાઈ 8490903000 હૈદરભાઈ 9227777881

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ - ફ્લેટ-ડુપ્લેક્ષ - ભાડે-લે-વેચ જુહાપુરા - સરખેજ 8141837313- ગુલુચાચા

લગ્ન વિષયક

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા પોતાનો કારોબાર ધરાવતા એજ્યુકેટેડ ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, પાબંદ, બેવા ઉપથી ૪૫ વર્ષીય કોન્ટેક્ટ કરો 9099555987

ગોધન ન્યાય યોજનાના અમલ બાદ છત્તીસગઢ હવે ગોબરમાંથી વીજળીનું ઉત્પાદન કરશે

છત્તીસગઢમાં ડેમેતારા જિલ્લા વડા મથક ખાતે આયોજિત કિસાનોની પરિષદમાં ગોબરમાંથી વીજ ઉત્પાદનના મહત્ત્વાકાંક્ષી અને ઐતિહાસિક પ્રોજેક્ટ લોન્ચ કરતી વખતે બોલતા બઘેલે જણાવ્યું હતું કે હવેથી છત્તીસગઢમાં ગ્રીન ઊર્જાના ઉત્પાદનમાં ગ્રામજનો, મહિલાઓ અને યુવાનોની ભાગીદારી હશે. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ અત્યારે ગ્લોબલ વોર્મિંગને લઈને ચિંતામાં છે. સર્વત્ર ગ્રીન ઊર્જાની વાત ચાલી રહી છે આથી સરકારે ગોબરમાંથી વીજળી બનાવવાનો નિર્ણય કર્યો છે

(એજન્સી) તા.૫

પ્રતિ કિલો રૂા.૨ના ભાવે ગોબર ખરીદવાની યોજનાના સફળ અમલ બાદ છત્તીસગઢ હવે ગોબરમાંથી વીજળી પેદા કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છત્તીસગઢના મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલે ગ્રામ સ્વરાજનું ગાંધીજીનું સપનુ સાકાર કરવાની દિશામાં એક ડગલું આગળ વધીને ઐતિહાસિક પાવર જનરેશન પ્રોજેક્ટ એટલે કે વીજ ઉત્પાદન યોજના લોન્ચ કરી છે. છત્તીસગઢમાં ડેમેતારા જિલ્લા વડા મથક ખાતે આયોજિત કિસાનોની પરિષદમાં ગોબરમાંથી વીજ ઉત્પાદનના મહત્વાકાંક્ષી અને ઐતિહાસિક પ્રોજેક્ટ લોન્ચ કરતી વખતે બોલતા બઘેલે જણાવ્યું હતું કે હવેથી છત્તીસગઢમાં ગ્રીન ઊર્જાના ઉત્પાદનમાં ગ્રામજનો, મહિલાઓ અને યુવાનોની ભાગીદારી હશે. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ અત્યારે ગ્લોબલ વોર્મિંગને લઈને ચિંતામાં છે. સર્વત્ર ગ્રીન ઊર્જાની વાત ચાલી રહી છે. આથી સરકારે ગોબરમાંથી વીજળી બનાવવાનો નિર્ણય કર્યો છે. છત્તીસગઢના દરેક ગામમાં જ્યાં પશુઓ રાખવામાં આવે છે તે ગોધન ખાતે ગોબરમાંથી વીજનું ઉત્પાદન કરવાનું એક યુનિટ સ્થાપવામાં આવશે. બઘેલે જણાવ્યું હતું કે ગોધન ન્યાય યોજના હેઠળ ખેડૂતો પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલ ગોબરનો હવે વીજળીના ઉત્પાદન માટે ઉપયોગ કરાશે. તેનાથી પર્યાવરણને પણ ફાયદો થશે અને ગોબર પ્રાપ્તિ કાર્ય કરી રહેલા મહિલાઓના સ્વયંસહાય સમૂહોને પણ લાભ થશે. સુરાજ ગાવ યોજના હેઠળ છત્તીસગઢના ૬૦૦૦ ગામોમાં રુરલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના સ્વરુપમાં ગૌથાનને વિકસાવવામાં આવ્યાં છે. આ માટે ડેમેતારા જિલ્લામાં રાખી ખાતે અને દુર્ગમાં સિકોલા ખાતે અને રાઈપુર જિલ્લામાં બાનચારોદા ખાતે ગોબરમાંથી વીજ ઉત્પાદનના એકમો પ્રથમ તબક્કામાં સ્થાપવામાં આવ્યાં છે. આ માટે ગોબરમાંથી વીજળીનું ઉત્પાદન કરવા ગૌથાન ખાતે બાયો ગેસ પ્લાન્ટ, સ્ક્રબર્સ અને જનરેટર સેટ લગાવવામાં આવ્યાં છે. ગોબર ઉમેરીને બાયો ગેસ તૈયાર કરાશે અને બાયોગેસ ટેંકમાં પાણી રાખવામાં આવશે જેના કારણે મિથેન ગેસ ૫૦ ટકા જથ્થામાં ઉપલબ્ધ બનશે અને તેમાંથી જનરેટર સેટ ચલાવીને વીજળીનું ઉત્પાદન કરાશે. આ માટે છત્તીસગઢમાં ઉદ્યોગ સ્થાપવામાં આવશે જે યુવાનોને રોજગાર પૂરા પાડશે અને ખેડૂતોને તેમના પાકના વ્યાજબી ભાવો મળશે.

અમેરિકાના અનેક શહેરોમાં મહાત્મા ગાંધીની જન્મજયંતીએ યોજાયેલ ઈવેન્ટ્સમાં IAMCએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

(એજન્સી) તા.૫

ભારતના બહુલતાવાદી અને સહિષ્ણુ સિદ્ધાંતોને સુરક્ષિત કરવા માટે સમર્પિત એડવોકેસી ઓર્ગેનાઈઝેશન ધી ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલે (આઈએએમસી) ડલાસ અને શિકાગોમાં ઉજવણી સહિત મહાત્મા ગાંધીની જન્મ જયંતીએ સમગ્ર અમેરિકામાં ઉજવણીમાં ભાગ લીધો હતો. ગાંધી જયંતી તરીકે ઓળખાતી જન્મ જયંતી એ આધુનિક ઈતિહાસના સૌથી પ્રતિષ્ઠિત માનવ અધિકાર સંરક્ષકના જીવન અને વિરાસતને એક પ્રકારની શ્રદ્ધાંજલિ છે. આ ઉજવણીમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો અને તેમાં ભોજન અને અન્ય ઉત્સવો યોજાયાં હતાં. ડલાસમાં ૨૦૦ જેટલા લોકોએ આઈએએમસી નેશનલ એક્ઝિક્યુટીવ, ચેપ્ટર લીડર્સ, યુવા સ્વયંસેવકો તેમજ શહેરના મેયર કેનેડાલે બ્રાયન જહોન્સનના ભાષણો સાંભળ્યા હતા. ડલાસમાં ભારત પરના દેશભક્તિના ગીતો સહિત વિવિધ કાર્યક્રમો યોજાયાં હતાં. મહાત્મા ગાંધીનું સન્માન કરતી કવિતાઓનું પણ પઠન થયું હતું. આઈએએમસી ટેક્સ્ટરના પ્રમુખ યુસુફ દદાનીએ સમુદાય સમક્ષ આઈએએમસીની ડલાસ ટીમનો પરીચય આપ્યો હતો. આઈએએમસી ડલાસના ઉપપ્રમુખ નૂર બેગે જણાવ્યું હતું કે આજની ઉજવણી એ સુંદર દિવસે એક શ્રેષ્ઠ આઉટડોર ઈવેન્ટ છે જેમાં સમુદાયને સાથે મળવાની તક મળે છે. મેયર જહોન્સને યુરોપ, અમેરિકા અને ભારતમાં રાષ્ટ્રવાદી ચળવળના ઉદયનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે આજે જ્યારે આપણે એકત્ર થયાં છીએ ત્યારે આપણે સતર્ક રહેવાની જરુર છે. આઈએએમસીના પ્રમુખ સૈયદ અલીએ પોતાના વિધાનમાં જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી અને અહિંસા એક બીજાના પર્યાય છે. બ્રિટીશ શાસન પાસેથી સ્વતંત્રતા માટેના ભારતના સંઘર્ષ દરમિયાન ગાંધીએ પોતાના અધિકારો માટે કઈ રીતે અડીખમ ઊભા રહેવું અને હિંસા કર્યા વગર ગમે તેવા કટ્ટર દુશ્મન સામે વિજય કઈ રીતે હાંસલ કરવો તે વિશ્વને શીખવ્યું હતું. તેમણે એવું પણ દોહરાવ્યું હતું કે ભારતમાં આજે ગાંધીજી દ્વારા પ્રેરીત શાંતિ, બહુલતાવાદ, સામાજિક ન્યાય અને તમામ નાગરિકો માટે સમાનતાના સિદ્ધાંતોનું અવમૂલ્યન થઈ રહ્યું છે અને એક વિચારસરણી દ્વારા તેની સામે ખતરો ઊભો થયો છે કે જે તેમની હત્યા માટે જવાબદાર હતી અને તેનો મકસદ ભારતના બંધારણનો વિધ્વંસ કરવાનો હતો. ગાંધીએ પોતાના સમગ્ર જીવન દરમિયાન હિંદુ-મુસ્લિમ એકતાની હિમાયત કરી હતી અને બહુમતીવાદ અને સેક્યુલર ભારતના જતન માટે અનુરોધ કર્યો હતો. તેની સામે હિંદુત્વ ચળવળ ભારતને બંધારણીય રીતે સેક્યુલર રાષ્ટ્રમાંથી વંશીય ધાર્મિક હિંદુ રાષ્ટ્રમાં રૂપાંતર કરવા માગે છે.

અદાલત ઈન્ફર્મેશન પેનલના રૂલિંગ સામે મનાઈહુકમ આપે છે જે RTI એકટ માટે ખતરારૂપ છે : પૂર્વ CIC શૈલેષ ગાંધી

શૈલેષ ગાંધીએ જણાવ્યું કે કાયદો, બંધારણ અને સુપ્રીમકોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન કરીને ઈન્ફર્મેશન કમિશનના રૂલિંગ સામે ચેલેન્જ દાખલ કરાઈ છે તે ચિંતાજનક છે

(એજન્સી) તા.૫

પૂર્વ સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનર (સીઆઈસી) શૈલેષ ગાંધીએ એવો દાવો કર્યો છે કે માહિતી આયોગના વિવિધ આરટીઆઈ આદેશો પર મનાઈ હુકમ મેળવવા માટેની કાનૂની કાર્યવાહીમાં હાઈકોર્ટમાં રીટ પિટિશનના સ્વાંગમાં અપીલો દાખલ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે આ બધું કાયદો, બંધારણ અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓના ઉલ્લંઘન સમાન છે. રીટ જ્યુરીશડીક્શનના કહેવાતાં દુરુપયોગને અટકાવવા માટે અન્ય બે પૂર્વ માહિતી કમિશનર સાથે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને અપીલ કરવા માટે હાથ ધરેલા પ્રયાસોમાં શૈલેષ ગાંધીએ જણાવ્યું હતું કે હું એવું દ્રઢપણે માનું છું કે મોટા ભાગના વૈધાનિક નિર્ણયો સામે કોઈપણ જાતના તર્ક વગર મનાઈહુકમ આપવા જોઈએ નહીં. પરંતુ જ્યારે આરટીઆઈ એક્ટનો મામલો આવે છે ત્યારે અદાલતમાં કમિશનરોના અનેક નિર્ણયો સામે સ્ટે આપવામાં આવે છે, ત્યાર બાદ તેઓ તેમાં ૫-૧૦-૧૫ વર્ષની પ્રક્રિયામાં જતાં રહે છે અને આ રીતે સામાન્ય નાગરિક અદાલત જઈ શકતો નથી કે કેસ લડી શકતો નથી. શૈલેષ ગાંધીએ જણાવ્યું હતું કે આ અનિષ્ટ પાછળનું કારણ એ હકીકત છે કે જાહેર સત્તાવાળાઓ સામાન્યતઃ માહિતી આપવા માગતાં નથી અથવા તેઓ જાહેર સત્તાવાળાઓ છે તે વાત સ્વીકારતા નથી. આથી તેઓ અદાલતમાં જાય છે અને મનાઈહુકમ મેળવવાનો પ્રયાસ કરે છે. વ્યાપક રીતે જોઈએ તો આવી હજાર જેટલી મેટર્સ છે કે જેની સામે આ રીતે સ્ટે આપવામાં આવે છે. પૂર્વ સીઆઈસીએ જણાવ્યું હતું કે ચિંતાજનક વાત એ છે કે કમિશનના રૂલિંગ સામે કાયદાનો ભંગ કરીને ચેલેન્જને દાખલ કરવામાં આવે છે. આરટીઆઈ એક્ટમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે આરટીઆઈ માટે કમિશન સિવાય કોઈ અપીલ શક્ય નથી. આથી કોઈપણ કોર્ટ કાયદાકીય દ્રષ્ટિએ ઈન્ફર્મેશન કમિશન સામે અપીલ સાંભળી શકે નહી. હાઈકોર્ટ પાસે રીટનું જ્યુરીશડીક્શન છે સુપ્રીમકોર્ટના વિવિધ ચુકાદાઓમાં તેની વ્યાખ્યા આપવામાં આવી છે. વાસ્તવમાં એક ચુકાદામાં તો એટલી હદે કહેવામાં આવ્યું હતું કે રીટ જ્યુરીશડીક્શન દ્વારા ખોટા નિર્ણયો પણ સુધારી શકાય નહીં. પત્રમાં આ પાસાનો ઉલ્લેખ કરાયો છે અને જણાવાયું છે કે આરટીઆઈ એક્ટ ૨૦૦૫ની કલમ -૨૩ અનુસાર આ એક્ટ હેઠળ કરવામાં આવેલ કોઈપણ આદેશના સંદર્ભમાં કોઈપણ કોર્ટ કોઈ પણ દાવો, અરજી કે અન્ય કાનૂની પ્રક્રિયાને સ્વીકારશે નહી અને આ એક્ટ હેઠળ અપીલ સિવાય અન્ય કોઈ રીતે આવા આદેશ સામે સવાલ ઉઠાવાશે નહીં. આ રીતે સંસદે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આખરી અપીલ પણ ઈન્ફર્મેશન કમિશનમાં જ થશે. તેમણે વધુમાં એવો દાવો કર્યો હતો કે આ બધાનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને સરળતાથી મનાઈહુકમ આપવામાં આવે છે. આરટીઆઈ એક્ટના કાયદા માટે આ નુકસાનકારક છે.

શું બીજી ઓક્ટોબરે રાજઘાટ ખાતે કોમવાદી નફરત ભડકાવવામાં આવી ?

પ્રતિષ્ઠિત ગાંધીવાદી પ્રો. વિપીન કે ત્રિપાઠીએ મુસ્લિમ વિરોધી અને ખેડૂત વિરોધી લાગણીઓને ભડકાવતું ભાષણ રાજઘાટ ખાતે સાંભળ્યું અને તેઓ ધ્રૂજી ઉઠ્યા

(એજન્સી) તા.૫

જાણીતા ગાંધીવાદી, કર્મશીલ એવા પ્રો. વિપીન કે ત્રિપાઠીએ ૨,ઓક્ટો. મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટની મુલાકાત લીધી હતી. તેમણે આ વર્ષે ત્યાં જે કંઈ જોયું તેનાથી તેઓ ધ્રૂજી ઊઠ્યાં હતાં. તેઓ તેને યાદ કરતાં જણાવે છે કે જ્યારે તેઓ એક ટેન્ટમાં ગયાં તો ત્યાં ૩૦ લોકો ચરખો કાંતી રહ્યાં હતા અને તેમણે નિવૃત્ત પ્રો.સીતા બીમરા તરીકે ઓળખાતી એક મહિલા કેટલાક શ્રોતાઓને સંબોધી રહ્યાં હતાં તેને સાંભળ્યાં હતાં. પ્રો.ત્રિપાઠીના જણાવ્યાં અનુસાર સીતા બીમરાએ હિંદીને પ્રોત્સાહિત કરવા માટે પર્યાપ્ત કાર્યવાહી નહી કરનાર અગાઉના વડા પ્રધાનોને દોષિત ઠરાવ્યાં હતાં અને તેમણે ખેડૂતોના આંદોલનને દલાલ આંદોલન અથવા દલાલ ચળવળ તરીકે ગણાવી હતી. આ મહિલાએ એવું જણાવ્યું હતું કે હિંદુ ધર્મ ખતરામાં છે અને તેમણે એક હિંદુ છોકરાની વાત કરી કે જેણે મુસ્લિમની દાઢી ખેંચીને ધર્માંતરણ પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. પ્રો.ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ ભાષણ અમાનવીય અને અભદ્ર હતું અને તેથી તેમણે તેનો વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે મેં ટેન્ટના માર્જિન પરથી



કહ્યું હતું કે સીતાજી આપ ઐસે કૈસે બોલ સકતે હૈ ? તેમની પુત્રી અને શાંતિ કર્મશીલ રાખીએ પણ આ નફરત ભડકાવતા ભાષણ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. રાખીએ આ ઘટનાને યાદ કરતાં જણાવ્યું કે તે મહિલા જે વાંધાજનક વાત કરી રહી હતી તે સાંભળવુ ખરેખર વ્યગ્ર હતું. પરંતુ તેમને સાંભળી રહેલ ટોળાઓ ખાસ કરીને જ્યારે હિંદુ ખતરેમે હૈ એવું વાક્ય એ મહિલા બોલતાં હતાં ત્યારે તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યાં હતાં. જો કે ટોળામાંથી કેટલાકે આ ભડકાઉ ભાષણનો વિરોધ કરનાર પ્રો.ત્રિપાઠી અને તેમની પુત્રી સામે અવાજ બુલંદ કર્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ શાંતિમાં ખલેલ પહોંચાડી રહ્યાં છે. તેમની પુત્રી રાખી જણાવે છે કે ગાંધી જયંતીએ રાજઘાટ ખાતે કોમી નફરત ભડકાવવામાં આવી રહી હતી. પ્રો.ત્રિપાઠીના જણાવ્યા પ્રમાણે ગાંધી સમાધિ એક એવું સ્થળ છે જે સત્ય, નમ્રતા અને દમન તેમજ નફરત સામે લડવા માટે પ્રેરીત કરે છે પરંતુ હવે આવા લોકો તે પણ ગાંધી જયંતીએ ભડકાઉ ભાષણ કરી રહ્યાં છે.

સરહદો બદલાય છે અને લોકો સ્થળાંતર કરે છે તો પછી ખરેખર ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ કોણ છે ?

(એજન્સી) તા.૫

આસામ ફરીથી ખોટા કારણોસર સમાચારમાં છે. એક ભયાનક વીડિયો વાયરલ થયો છે જેમાં કેમેરાથી સજ્જ એક સત્તાવાર ફોટોગ્રાફર થોડી ક્ષણ પૂર્વે પોલીસ દ્વારા ઠાર કરવામાં આવેલ શખ્સ પર નૃત્ય કરે છે. થોડા સમય પૂર્વે આસામ અને મિઝોરમ પોલીસ વચ્ચે જુલાઈમાં સરહદી અથડામણમાં છ આસામ પોલીસકર્મીઓ માર્યા ગયાં હતાં અને આ ઘટના પણ તાજેતરમાં જે તોફાનો ફાટી નીકળ્યાં તેના કારણરુપ છે કારણ કે રોષ ધુંધવાઈ રહ્યો છે. આ બર્બરતાના કેન્દ્રમાં રાજ્યની નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝન્સ પ્રોસેસ છે અને અટકાયતી છાવણીઓનું નિર્માણ છે. આસામ એક માત્ર રાજ્ય છે જેણે એનઆરસીનો અમલ કર્યો છે જેમાં ચાર વર્ષ સુધી રૂા.૧૬૦૦ કરોડ ખર્ચ્યા બાદ ૧૯ લાખ લોકોની બાદબાકી થઈ છે. એટલે સુધી કે ભાજપ અને ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન કે જેના તેઓ હિમાયતી હતા તેમણે પણ એનઆરસીને ફગાવી દીધી છે. તેમને એવું લાગી રહ્યું છે કે મોટી સંખ્યામાં બંગાળી હિંદુઓ, ગુરખાઓ અને આદિવાસીઓ સહિત ૧૯ લાખ લોકો આસામમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ જાહેર થયાં છે અને તેઓ વર્ષોથી આમથી તેમ

ફંગોળાતા રહ્યાં છે. આસામમાં ગેરકાયદે માઈગ્રન્ટ્સ એક લાક્ષણિક ચિત્ર ઊભું કરે છે જેમાં કાળી ચામડી ધરાવતાં લૂંગી અને ગંજીમાં સજ્જ એવા બંગાળી મુસ્લિમ કિસાનનું ચિત્ર સામે આવે છે. એનઆરસી પૂર્વે આસામમાં અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સની ગણતરી કરવાનો કોઈએ પ્રયાસ કર્યો ન હતો. રાજ્ય અને કેન્દ્ર ખાતે ભાજપ સરકાર તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે રંજન ગોગોઈની દેખરેખ હેઠળ આ પ્રયાસ કરાયો હતો. જે ખેડૂતને ઠાર મરાયા હતા તે મોઈનુલ હકના પિતા જણાવે છે કે તેમને પરિવાર ત્રણ પેઢીઓથી આસામમાં વસે છે. ૧૯૦૫માં પ્રથમ વખત બંગાળના ભાગલા થયા હતા ત્યારે મુખ્યત્વે માઈમેનસિંહથી ખેડૂતોની હિજરત વધી ગઈ હતી અને ત્યારબાદ નકશાઓના પુનઃ આલેખનને કારણે પૂર્વ બંગાળ અને આસામ શિલોંગ ગ્રીષ્મ રાજધાની અને ઢાકા શિયાળુ રાજધાની તરીકે સિંગલ પ્રોવિન્સ બન્યાં હતાં. એ વખતે ઈસ્ટ બેંગાલમાંથી જે લોકો આસામમાં હિજરત કરી ગયા હતા. તેઓ એક જ દેશમાં અને એક જ પ્રાંતમાં હેરાફેરી કરી રહ્યાં હતા. આથી જમીન ભૂખ્યા ખેડૂતોના અનિયંત્રિત માઈગ્રેશન ૧૫ વર્ષ કરતાં ઓછા સમયમાં એક મોટી સમસ્યારુપ બની ગયું છે અને આમ સરહદો બદલાય છે અને લોકો સ્થળાંતર કરે છે તો પછી વેધક સવાલ એ છે કે ખરેખર ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ કોણ છે ?

જ્યારે સરદાર પટેલ ગૃહ પ્રધાન હતા ત્યારે નાથુરામ ગોડ્સેને લાંબા અને ન્યાયિક ખટલાની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો

(એજન્સી) તા.૫

હું શનિવારે ગાંધી જયંતી પર આ લખી રહી છું ત્યારે તેમનો હત્યારો ગોડ્સે ટ્વીટર પર ટ્રેન્ડ થયેલો જોવા મળે છે. મને આશ્ચર્ય થાય છે કે સુસભ્ય અને આધ્યાત્મિક ગણાતા સમાજમાં હિંસાનો આટલો મહિમા કેમ ગાવામાં આવે છે ? ભારતમાં હવે અહિંસા અને વૈશ્વિક ભ્રાતૃત્વની ભાવના નાબૂદ થતી જોવા મળે છે. અગાઉ પણ ગોડ્સે જેવા ઓછાયા જોવા મળતાં હતાં પરંતુ કાયદાની બીકે તેઓ ખુલ્લેઆમ પોતાને વ્યક્ત કરી શકતાં ન હતાં પરંતુ આજે દેશમાં કાયદો-વ્યવસ્થા અને લોકતંત્રના અભાવે આપણે જાણે કટ્ટરવાદીઓ બની ગયાં છીએ અને આજ કારણસર મહાત્માના જન્મદિવસે ગોડ્સે ટ્રેન્ડ થઈ શકે છે. ૨૯/૧૧ના આતંકી અજમલ કસાબની સામે ખટલાની કાર્યવાહી ચાલતી હતી ત્યારે એક ફ્રેન્ડની ફ્રેંડ એવી ધનિક વેપારીના પત્ની પેડર રોડ પરના ડ્રોઈંગરૂમમાં બેઠા બેઠા એવું કહેતાં હતાં કે અજમલ કસાબ સામે ખટલો ચલાવવાની શી જરુર છે ? અજમલ કસાબને તો નજીકના કોઈપણ ઝાડ પર લટકાવી દેવો જોઈએ. આમ ઉદારવાદી લોકતંત્રમાં આવી વાતો થઈ શકે છે. પરંતુ વાસ્તવમાં લોકતંત્રમાં ગદ્દાર અને દેશદ્રોહી સામે પણ ખટલાની કાર્યવાહી થવી જોઈએ. મહાત્મા ગાંધીની હત્યા માટે ફાંસીએ લટકાવતા પહેલા નાથુરામ ગોડ્સે સામે પણ લાંબો અને ન્યાયિક ખટલાની કાર્યવાહી ચાલી હતી કે જ્યારે સરદાર પટેલ ગૃહ પ્રધાન હતા. પરંતુ એ

મહિલાને આ વાત ગળે ઉતરતી ન હતી. મે જ્યારે એમને પૂછ્યું કે ધારો કે તમારા પુત્રને જ કોઈ અપરાધ બદલ નજીકના ઝાડ પર લટકાવી દેવામાં આવે ત્યારે કેવું લાગશે ? ત્યારે તેમણે એવું જણાવ્યું હતું કે જો મારો પુત્ર ગુનેગાર હશે તો હું ક્યારેય બચાવ નહીં કરું. એ વાત અલગ છે કે થોડા મહિના બાદ જ્યારે તેમનો એક માત્ર પુત્ર ડ્રગ્ઝની હેરાફેરીના શકના આધારે ઝડપાયો હતો અને તેના વકીલો તેનો સંપર્ક કરે તે પહેલા તેને લોકઅપમાં માર મારવામાં આવ્યો હતો. ત્યાર તેમની માતાએ બુમરાણો મચાવી દીધી હતી કે તેમના પુત્રને ગુનેગાર છે એવું તેમણે કઈ રીતે માની લીધું ? તેમનો પુત્ર એટલો આઘાતગ્રસ્ત હતો કે તેનો પરિવાર તેમના સાથે હવે અમેરિકા સ્થળાંતર કરી ગયાં છે અને તેઓ પરત આવ્યાં નથી.

ખેડા જિ.પં.ની વાઘરોલી બેઠક ભાજપે જાળવી રાખી

ડાકોર નગરપાલિકામાં પાંચ, ખેડા પાલિકામાં ત્રણ બેઠક પર ભાજપના ઉમેદવારોનો વિજય

ત્રણ તા.પં.ની ચાર બેઠકો પૈકી બે બેઠક પર કોંગ્રેસ, એક આપ અને એક ભાજપે મેળવી

નડિયાદ, તા.૫

ખેડા જિલ્લામાં યોજાયેલી પેટાચૂંટણીમાં આજે જે તે તાલુકા મથકે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. આ મતગણતરીના પરિણામમાં જિલ્લા પંચાયતની વાંઘરોલી બેઠક ભાજપના જાળવી રાખી છે. જયારે ૩ તાલુકા પંચાયતની ચાર બેઠકોના પરિણામમાં કોંગ્રેસે મહેલજ અને જાવોલ સીટ પર પંજો જમાવ્યો છે. જયારે ખેડા તાલુકાની રઢુ બેઠક પર ભાજપે અને માતર તાલુકા પંચાયતની ભલાડા બેઠક પર આમ આદમી પાર્ટીએ વિજય મેળવ્યો છે. આ સિવાઈ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપે દબદબો રાખ્યો છે. જેમાં ખેડા પાલિકામાં ત્રણ બેઠકો ભાજપ પાસે જયારે ડાકોર નગરપાલિકામાં આઠ પૈકી પાચ બેઠક ભાજપે કબ્જે કરી છે.

ખેડા જિલ્લા પંચાયતની વાંઘરોલી બેઠક પર ભાજપના દીપસિંહ અભેસિંહ રાઠોડ, કોંગ્રેસના વાઘજીભાઈ કાભભાઈ પરમાર અને આમ આદમી પાર્ટીના કૌશિક ગીરવતભાઈ પરમાર વચ્ચે ત્રીપાંખીયો જંગ ખેલાયો હતો. જેમાં ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડને ૫૫૩૪ મત, કોંગ્રેસના ઉમેદવાર ૩૮૭૮ મત અને આમ આદમી પાર્ટીના કૌશિકકુમાર પરમારને ૧૫૦૧ મત મળ્યા છે. આમ ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડ આ બેઠક પર ૧૬૫૬ મતથી જીત થઈ છે.

ખેડા તાલુકા પંચાયતની રઢુ બેઠકની પેટા ચૂંટણીમાં પર ભાજપે ભગવો લહેરાયો છે. આ દરમિયાન કનુભાઈને ૧૮૫૮ અને મુકેશકુમારને ૧૧૩૧ મત મળ્યા છે. આમ ભાજપના કનુભાઈ સોલંકી આ બેઠક પર ૭૨૭ મતથી વિજેતા જાહેર થતાં તેમના કાર્યકરો ગેલમાં આવી ગયા હતા.

માતર તાલુકા પંચાયતની ભલાડા બેઠકની પેટાચૂંટણીમાં ત્રી પક્ષી જંગ ખેલાયો હતો. અહીંયા ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર હતી. જેમાં આમ આદમી પાર્ટીનો વિજય થયો છે. ભાજપના ઉમેદવાર જગદીશ બાબુભાઈ સોલંકીને ૧૦૧૭ મત, કોંગ્રેસના રમેશ બાબરભાઈ પરમારને ૧૩૮૫ મત જયારે આમ આદમી પાર્ટીના ધીરૂભાઈ ગોતાભાઈ પરમારને ૧૮૫૯ મત મળ્યા છે. ઉપરાંત ૬૭ મત નોટાની અંદર પડ્યા છે. આમ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ધીરુભાઈ પરમારનો ૪૭૪ મતથી વિજય થયો છે.

માતર તાલુકા પંચાયતની મહેલજ બેઠક પર ભાજપ કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે સીધો જંગ હતો. અહીંયા ભાજપના અજીજનબીબી સહાદતમીંયા મલેકને ૧૫૦૧ મત, કોંગ્રેસના જાબીરહુસેન શેખુમીયા મલેકને ૧૫૪૮ જયારે અપક્ષમાંથી ઉભેલા સાદતમીંયા અલીમીંયા મલેકને ૩૪૩ મત મળ્યા છે. આમ અહીંયા ૪૭ મતથી કોંગ્રેસના જાબીરહુસેન મલેક વિજય બન્યા છે.

નડિયાદ તાલુકા પંચાયતની જાવોલ બેઠક પર ભાજપના અરવિંદ સોમાભાઈ પરમારને ૧૮૨૧ મત તથા કોંગ્રેસના ઈશ્વરભાઈ ભાનુભાઈ સોઢાને ૧૮૪૯ મત મળ્યા છે. આમ ૨૮ મતથી અહીંયા કોંગ્રેસના ઉમેદવાર ઈશ્વરભાઈ સોઢા વિજેતા થયા છે.

ડાકોર નગરપાલિકાની કુલ ૪ વોર્ડની આઠ બેઠકોની ચૂંટણી યોજાઈ હતી વોર્ડ નં.૧ એક બેઠક માટે થયેલ ચૂંટણીમાં અપક્ષના સુમિત્રાબેન ભરતસિંહ ચૌહાણને ૬૭૫ મત, અપક્ષના અન્ય ઉર્મીલાબેન ભરતભાઈ ચાવડાને ૧૯૨ મત, અપક્ષના અન્ય ઉમેદવાર જ્યોત્સનાબેન અજયકુમાર પટેલ ૪૧૯ મત જયારે ભાજપના સંગીતાબેન અશોકભાઈ વસાવાને ૫૯૦ મત મળ્યા હતા. આમ અપક્ષ સુમિત્રાબેનને સૌથી વધુ મત મળતા આ વોર્ડમાં તેઓ વિજેતા થયા છે.

ડાકોર નગરપાલિકાના વોર્ડ નંબર ૪માં બે બેઠકોની ચૂંટણી હતી. બને બેઠકો અપક્ષે કબજે કરી છે જેમા અપક્ષના મમતબેન કેતનકુમાર શાહને ૯૨૭ મત, તેમજ અપક્ષના અન્ય કામાક્ષી પુંડારીકકુમાર ખંભોળજાને ૧૨૧૩ મત,મળતા તેમનો વિજય થયો છે

આમ આદમી પાર્ટીના જલ્પાબેન આશીષભાઈ સેવકને ૧૨૦ મત, ભાજપના દીપલબેન પ્રણવભાઈ શાહને ૫૬૫ મત જયારે ભાજપના અન્ય પ્રજ્ઞાબેન પ્રજ્ઞેશકુમાર ઉપાધ્યાયને ૫૪૨ મત મળ્યા છે. આમ અપક્ષના મમતબેન શાહ અને કામાક્ષી ખંભોળજા વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ડાકોર નગરપાલિકાના વોર્ડ નંબર ૬માં ૧ બેઠકની ચૂંટણી હતી. અપક્ષના અરૂણકુમાર બાબુભાઈ પરમારને ૩૦૬ મત, ભાજપના ચૈતન્યકુમાર મહેશભાઈ ઉપાધ્યાયને ૧૦૦૨ મત અને આમ આદમી પાર્ટીના જીતેશકુમાર ઘનશ્યામભાઈ સેવકને ૮૦ મત મળ્યા છે. આમ ભાજપના ઉમેદવાર ચૈતન્ય ઉપાધ્યાયને જંગી મત મળતાં તેઓ વિજેતા જાહેર થયા છે.

ડાકોર નગરપાલિકાના વોર્ડ નંબર ૭માં ૪ બેઠકોની ચૂંટણીમાં ભાજપે ચારે ચાર કબ્જે કરી છે. ભાજપના દક્ષાબેન ગૌતમકુમાર પટેલને ૮૨૨ મત, ભાજપના હેમલબેન મનીષકુમાર ભટ્ટને ૯૫૪ મત, ભાજપના તેજેન્દ્રસિંહ રણજીતસિંહ હાડાને ૧૨૦૩ મત, ભાજપના કૃણાલસિંહ યોગેન્દ્રસિંહ પરમાર ૧૦૩૮ મત તથા અપક્ષના નીતાબેન રાજેન્દ્રકુમાર શાહને ૨૬૧ મત મળ્યા છે. આમ ભાજપના ઉપરોક્ત ચારેય ઉમેદવાર વિજેતા બન્યા છે.

ખેડા નગરપાલિકા ૨ જુદા જુદા વોર્ડની ત્રણ બેઠક ની પેટાચૂંટણીયોજાઈ હતી આ ત્રણ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. ખેડા નગરપાલિકાની વોર્ડ નં. ૧માં બે બેઠકોની પેટા ચૂંટણીમાં અપક્ષના જયેશભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટને ૫૦૬ મત, અપક્ષના જાગૃતિબેન વિજયકુમાર વાઘેલાને ૫૪૨ મત, અપક્ષના કલ્પેશભાઈ રસીકભાઈ પટેલને ૫૪૯ મત, અપક્ષના કેશુભાઈ ફતેસિંગ વાઘેલાને ૪૨૩ મત, અપક્ષના રાવળ અસોમતી હર્ષદભાઈને ૩૯૮ મત, અપક્ષના મન્સુરી બાબુભાઈ આદમભાઈને ૯૬ મત અને અપક્ષના જેતુનબીબી ફૈજમહંમદ સંધીને ૧૧૦ મત મળ્યા છે. જયારે ભાજપના ઉમેદવાર જીગીશાબેન સંજયભાઈ વાઘેલાને ૭૩૦ તથા ભાજપના લક્ષ્મણભાઈ મનુભાઈ ગોહિલને ૮૫૬ મત મળતા આ બન્ને ભાજપના ઉમેદવાર વિજય બન્યા છે.

આ સાથે ખેડા વોર્ડ નંબર ૬માં ૧ એક બેઠક ની ચૂંટણી હતી. અપક્ષના ગાંધી મિત્તલકુમાર કિરીટભાઈને ૧૦૦૬ મત જયારે ભાજપના મૌલેશકુમાર નંદુભાઈ કા. પટેલને ૧૨૯૫ મત મળ્યા છે. આમ ભાજપના ઉમેદવાર મૌલેશનો વિજય થયો છે.

આણંદમાં આશા વર્કરોએ આરોગ્ય અધિકારીના પૂતળા સાથે સૂત્રોચ્ચાર કરી રેલી કાઢી

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫

આણંદ જિલ્લામાં કોરોના મહામારી દરમિયાન કોરોના વોરિયર્સ તરીકે કામગીરી કરનાર આશા વર્કરો અને ફેસિલિટીટેર બહેનોને કોરોના ભથ્થું નહીં ચૂકવી ભ્રષ્ટાચાર કર્યો હોવાના આક્ષેપ સાથે આજે આશાવર્કરો અને ફેસિલિટેર મહિલાઓ દ્વારા આરોગ્ય અધિકારીના પૂતળા સાથે રેલી કાઢી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આણંદ શહેરના શાસ્ત્રી સ્ટેડિયમ ખાતે મહિલા શક્તિ સેનાના કન્વીનર ચંદ્રિકાબેન સોલંકીના નેતૃત્વમાં આશાવર્કર અને ફેસિલિટીટેર બહેનોએ એકત્ર થઈ આશાવર્કરો અને ફેસિલિટેર મહિલાઓને જુલાઈ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ સુધીનું કોરોના ભથ્થું નહીં ચૂકવી અન્યાય કરવામાં આવેલ છે. તેમજ રાજયના આરોગ્ય કમિશનર દ્વારા કોરોના ભથ્થું ચૂકવવા પરિપત્ર કરી આદેશ આપ્યો હોવા છતાં આશાવર્કરોને ભથ્થું ચૂકવવામાં આવ્યું નથી અને ગ્રાન્ટની રકમમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આશાવર્કરોએ મુખ્ય આરોગ્ય અધિકારીના પૂતળા સાથે રેલી કાઢી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ કર્યા હતા.

આ અંગે જિલ્લા વિકાસ અધિકારી બી.જી.પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ અંગે તપાસ કરી ભથ્થાના નાણાં મળી રહે તે માટે કાર્યવાહી કરવામાં આવશે.

ભરૂચ પાલિકાના વોર્ડ-૧૦ની પેટાચૂંટણીમાં AIMIMના ઉમેદવાર સાદીકા શેખનો વિજય

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૫

ભરૂચ પાલિકાના વોર્ડ નંબર ૧૦ અને તાલુકા પંચાયતની નિકોરાની બંને મહિલા બેઠકો પર રવિવારે યોજાયેલી પેટા ચૂંટણીમાં નિકોરામાં BJPએ સત્તા જાળવી રાખી છે. જયારે ભરૂચ પાલિકાની વોર્ડ નંબર ૧૦ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ગઢમાં પતંગ બીજી બાજી મારી ગયું છે. AIMIMએ કોંગ્રેસ, ભાજપ અને આપને હરાવી જીત મેળવી છે.

ભરૂચ પાલિકા વોર્ડ નંબર ૧૦માં કોંગ્રેસી મહિલા કોર્પોરેટર અસમાબેન શેખ અને ભરૂચ તાલુકાની નિકોરા બેઠકના ભાજપી સભ્ય ધર્મીષ્ટા પટેલનું કોરાનાથી નિધન થતા બંને બેઠકો ખાલી પડી હતી. બંને ખાલી પડેલી મહિલા બેઠક માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. મત ગણતરીમાં કોંગ્રેસના ગઢ એવા ભરૂચ વોર્ડ નંબર ૧૦ની મહિલા બેઠક માટે ભાજપ, કોંગ્રેસ, આપ અને AIMIM વચ્ચે ચતુશકોનીય ચૂંટણી જંગમાં AIMIM બાજી મારી ગયું હતું. BJPના ફાતમા ફઝલ પટેલને ૧૪૦૦ મત, કોંગ્રેસના સાયરા મોહમ્મદ શેખને ૧૩૦૩ જયારે AAPના ફરીદા ઝફર શેખને માત્ર ૧૮૦ મત મળ્યા હતા. જયારે AIMIMના સાદીકા શેખનો જંગી ૨૮૦૮ મતે વિજય થયો હતો.

નિકોરા બેઠક ભાજપે જાળવી રાખી

ભરૂચ તાલુકાની નિકોરા બેઠક ઉપર ૩૦૫૭ મતો સાથે BJPના રેવાબેન કલ્પેશભાઈ પટેલનો ભવ્ય વિજય થયો છે. જયારે કોંગ્રેસના માધુરીબેન પ્રકાશભાઈ વસાવાને માત્ર ૧૬૯૮ મત મળ્યાં હતાં.

સુરત સાયબર ક્રાઈમની કાર્યવાહી

કિડની વેચવાની લોભામણી જાહેરાત કરતાં વધુ એક આફ્રિકન સાગરિતની ધરપકડ

સુરત, તા.૫

દેશની ૪૦ જેટલી નામાંકિત હોસ્પિટલોના નામની ફેક વેબસાઈટ બનાવી તેમાં કીડની સેલ કરવાથી ચાર કરોડથી સાત કરોડ રૂપિયા મેળશે તેવી લોભામણી જાહેરાત કરી નાનપુરાના કાર દલાલને વિશ્વાસમાં લઈ ટુકડે ટુકડે કરી કુલ રૂપિયા ૧૪.૭૮ લાખ ખંખેરી લેનાર ટોળકીના આગઉ ત્રણ નાઈઝેરિયનને ઝડપી પાડ્યા બાદ તેમને બેંક એકાઉન્ટ પ્રોવાઈટ કરનાર આફ્રિકન સાગરીતને બેંગ્લોર ખાતેથી ઝડપી પાડ્યો છે.

આ કેસમાં સાયબર ક્રાઈમની ટીમે ટોટી ડેગો ગ્રેગોરી કૌફ્ફુ ટોટી ઓગસ્ટિન (ઉ.વ.૩૩. રહે, નારાયનૂનપ્પા લેઆઉટસ વિગ્રોનગર બેંગ્લોર, મૂળ પ્રશ્ચિમ આફ્રિકા) અને ટીકેન્દ્રજીત ધીરેનચંદ્રા બોરો (રહે, બેંગ્લોર) અને ગ્રોગોરીને ઝડપી પાડ્યા બાદ આજરોજ તેમને બેંક ઍકાઉન્ટ પ્રોવાઈટ કરનાર આફ્રિકન પૌલ કેમેરા પેટેરને બેંગ્લોર ખાતેથી ઝડપી પાડ્યો છે.

ઢોર પૂરવા માટે પતરાનો શેડ ડમ્પીંગ યાર્ડમાં બનાવાતા લોકોમાં રોષ

ભભૂકેલા રોષને જોઈ દાહોદ પાલિકા ઢોરો માટે અન્યત્ર જગ્યા ફાળવી શકે

દાહોદ, તા.૫

દાહોદ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા એ અકસ્માતનો ભય વધારી દેતા અને દાહોદવાસીઓની આ સમસ્યાને વાચા આપવામાં મીડિયાએ મહત્ત્વનો ભાગ ભજવતા કેટલાય વર્ષો બાદ સ્થાનિક તંત્રના સત્તાધીશોને નાછૂટકે આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે મજબૂર થવું પડ્યું અને તે માટે રખડતા ઢોરોને પકડવા માટે તથા પકડાયેલા ઢોરોની સાચવણી માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા જુદી-જુદી એજન્સીઓને કામ આપવામાં આવ્યું. રખડતા ઢોરોને પકડવા માટેની કામગીરી જી એજન્સીને આપવામાં આવી છે, તે એજન્સી પોતાની કામગીરી શરૂ કરવા તૈયાર છે પણ પકડાયેલ ઢોરો ક્યાં રાખવા તે પ્રશ્નો ઉદ્દભવતા દાહોદ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ઢોરો રાખવા માટે સમગ્ર દાહોદનું સૂકો અને ભીનો કચરો જ્યાં ઠાલવવામાં આવે છે તેવી ગંદકી યુક્ત જગ્યા એવા ડમ્પીંગયાર્ડમાં પતરાનો એક શેડ બનાવી આપવામાં આવ્યો. પાલિકાના આવા નિર્ણય સામે વિરોધનો વંટોળ ફૂંકાતા પાલિકાના આવા વિવાદી નિર્ણયને બદલવા અને ગાયો તથા અન્ય રખડતાં પશુઓને રાખવા અન્ય જગ્યા ફાળવવાની માંગ શહેરભરમાં ઊઠવા પામતા પાલિકાના સત્તાધીશો આ મામલે ફેલાયેલા લોકરોષને પારખી જઈ પોતાનો નિર્ણય બદલશે તેવા સંજોગો અને સંકેતો જોવા મળી રહ્યા છે અને ટૂંક સમયમાં જ અન્ય જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાના ચક્રો ગતિમાન થયાનું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગીર-સોમનાથ માહિતી ખાતાના અનવર સોઢાની દ્વારકામાં બદલી

વેરાવળ, તા.૫

ગીર સોમનાથ જિલ્લાના માહિતી ખાતાના યશસ્વી, નમ્ર કર્મચારી અનવર સોઢાની દ્વારકા જિલ્લામાં બદલી થયેલ છે. જિલ્લામાં છેલ્લા પંદર વર્ષથી સુપેરે કવરેજ કામગીરી બજાવનાર તેઓની ત્રણ-ત્રણ વખત તેના વતન નજીક બદલી થયેલ હોવા છતાં અહીંની તેઓની સારી કામગીરી ખાસ કરીને કોરોના અને તૌકતે તથા વાયુ વાવાઝોડા સમયે દિવસ-રાત જોયા વગર કરેલા કવરેજને ધ્યાને લઈ વહીવટી તંત્ર તરફથી બદલીનો ઓર્ડર સ્થગિત કરાયો હતો અને તત્કાલિન જિલ્લા કલેક્ટરે તેમને સારી કામગીરી બદલ પ્રમાણપત્ર પણ એનાયત કરેલ છે.

તા.૨૪-૨-૧૯૬૭ ના રોજ કચ્છમાં જન્મેલા તેઓ ૧૯૮૭થી ખેડબ્રહ્માણમાં જોડાયા ત્યારબાદ પંચમહાલ, સંતરામપુર, દ્વારકા, ધાનેરા, બનાસકાંઠા, મુન્દ્રા અને ભૂજ તેમજ ભચાઉ ધરતીકંપ વખતે ફરજ બજાવી હતી. છેલ્લા ૩૩ વર્ષથી માહિતી ખાતામાં કાર્યરત છે. તેમને મળેલી સફળતા તત્કાલિન જિલ્લા માહિતી અધિકારીઓ-સાથી પરીવાર સમાન સ્ટાફ, જિલ્લા વહીવટી તંત્રનો સહયોગના ટીમ વર્કથી જ પરિણામલક્ષી લક્ષ્ય કામગીરી થઈ હોવાનું જણાવ્યું હતું. તેઓને દ્વારકાની કામગીરી સાથો સાથ જામનગર જિલ્લા માહિતીખાતા ખાતે કામગીરી બજાવવાની રહેશે. જેઓ જામનગર ખાતે હાજર થયેલ છે.

પાવીજેતપુર ખાતે આદિવાસીઓના ધરણા સતત ચોથા દિવસે યથાવત્

પાવીજેતપુર ખાતે આદિવાસીઓના જાતિના દાખલા મુદ્દે ગાંધી જયંતીના દિવસથી શરૂ થયેલા પ્રતિક ધરણા ચોથા દિવસે પણ યથાવત્ રહ્યા છે અને આજે દક્ષિણ વિભાગના કેટલાક સરપંચો અને વકીલ અગ્રણીઓએ યુવાનોની મુલાકાત લઈને તેઓને આંદોલનમાં સહભાગી બનીને બળ પૂરૂં પાડ્યું હતું. **(તસવીર :- આસીફ ખત્રી, પાવીજેતપુર)**

કોડીનારમાં નવરાત્રી નિમિત્તે શાંતિ સમિતિની મીટિંગ યોજાઈ

કોડીનાર પોલીસ સ્ટેશનમાં આજે નવરાત્રીને અનુલક્ષીને શાંતિ સમિતિની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કોડીનારના પી.આઈ. એસ.એન. ચુડાસમાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી શાંતિ સમિતિની મિટિંગમાં આગામી નવરાત્રી અને દશેરાના તહેવાર સરકારી ગાઈડલાઈન મુજબ શાંતિપૂર્ણ રીતે ઉજવણી કરવા પી. આઈ.ચુડાસમાએ અનુરોધ કરતા હિન્દૂ મુસ્લિમ સમાજના આગેવાનોએ નવરાત્રી અને દશેરાનો તહેવાર સરકારી ગાઈડલાઈન સાથે શાંતિપૂર્ણ અને ભાઈચારા સાથે ઉજવવાની ખાત્રી આપી હતી. (તસવીર : અલ્તાફ મુઘલ, કોડીનાર)

પાવીજેતપુરના ઠલકી અને કિકાવાડા ગામેથી સાપ-અજગરનું રેસ્ક્યુ કરાયું

પાવીજેતપુર તાલુકાના ઠલકી ગામેથી ૮થી ૧૦ ફૂટ લાંબો ધામણ સાપ તથા કિકાવાડા ગામેથી ૧૪ ફૂટ લાંબો તેમજ ૪૫ કિલો વજનવાળો અજગર પકડી જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડવામાં આવ્યા હતા.

વાપીની હાઈસ્કૂલમાં ગાંધી જયંતી નિમિત્તે પ્રોગ્રામ યોજાયો

વાપી, તા.૫

વાપીમાં ઈમરાનનગરની પાછળ આવેલા ગીતાનગરમાં અલનુર ઉર્દૂ હાઈસ્કૂલ તરફથી ગાંધી જયંતીને યાદ કરીને શાળાના વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીજીના આદર્શોને અપનાવવા તથા માર્ગદર્શન આપવા માટે એક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વક્તવ્ય સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. આ વક્તવ્ય સ્પર્ધામાં ધોરણ ૬થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સ્વચ્છતા, સોશિયલ મીડિયા તથા વર્તમાન સમયમાં વિધાર્થીઓમાં જાગૃતિ જેવા વિષયો પર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા પ્રવચનો આપવામાં આવ્યા હતા.

કઠલાલના છીપડી પાટિયા પાસે ડમ્પરની અડફેટે રાહદારીનું મોત

નડિયાદ, તા.૫

કઠલાલ તાલુકાના છીપડી મૂળ અને કામ ધંધા અર્થે અમદાવાદમાં રહેતા એક દરજી પરિવાર પોતાનું જૂનું મકાન સાફ-સફાઈ કરવા માટે છીપડી આવ્યા હતા તે વખતે છીપડી પાટીયા પાસે રોડ ક્રોસ કરવા જતા ડમ્પરની અડફેટે ઘરના મોભીનું મોત નીપજયું હોવાનું જાણવા મળે છે

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ કઠલાલ તાલુકાના છીપડીમાં રહેતા દશરથ રમણભાઈ દરજી અમદાવાદના ઓઢવમાં રહી કપડા સીવવાનું કામ કરે છે તેવો તેમની પત્ની સુમિત્રાબેન સાથે પોતાના વતન છીપડી આવ્યા હતા અને નવરાત્રી હોય મકાનની સાફ-સફાઈ કરવાની કામગીરી હાથ ધરી હતી પરંતુ મજૂરની જરૂર પડતા તેમણે સુમિત્રાબેન જણાવ્યું હતું કે હું ગામમાંથી મજુર ને લઈને આવું છું તેમ કહી દશરથભાઈ રમણલાલ ઉમર ૫૦ છીપડી પાટીયા પાસે મજુરની શોધમાં ગયા હતા તે વખતે રોડ ક્રોસ કરતી વખતે ડમ્પરની અડફેટે દશરથભાઈ આવી જતા ગંભીર ઈજાના કારણે તેમનું મોત નીપજ્યું છે આ બનાવ અંગે મૃતકની પત્ની સુમિત્રાબેન એ કઠલાલ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

ડભોઈ નજીક ટ્રકની અડફેટે કારચાલક પતિનું મોત : પત્ની ઈજાગ્રસ્ત

ડભોઈ, તા.૫

ડભોઈના તળાવપુરા વિસ્તારમાં રહેતા હાજી ઈમ્તિયાઝ અબ્દુલકાદર મન્સુરીનાઓ પોતાની પત્ની સાથે વડોદરાથી પોતાની કારમાં ડભોઈ પરત આવી રહ્યા હતા, તે દરમિયાન ડભોઈ સરિતા ક્રોસિંગ રેલવે ઓવરબ્રિજનું કામ ચાલુ હોય ડાઈવર્ઝન ચૂકી જતાં અને રોંગ સાઈડમાં ટ્રકચાલક પૂરઝડપે ટ્રક હંકારી સામે આવતી ઈમ્તિયાઝભાઈની કારને ટક્કર મારી હતી, જેમાં ચાલક ઈમ્તિયાઝભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું, તો તેમના પત્નીને ઈજાઓ થતાં નજીકના હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. સમગ્ર બનાવમાં ટ્રકચાલક સ્થળ ઉપર જ ટ્રક મૂકી ભાગી છૂટ્યો હતો, તો પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈ ટ્રક કબજે કરી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે

શ્રમજીવી પરિવારોના ઝૂંપડાં તોડી નંખાતા કોંગ્રેસ દ્વારા મામ.ને આવેદન

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં સરકારી જગ્યામાં આવેલ ઝુંપડા તોડી નાંખતા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા બે ઘર બનેલ ઝુપડપટ્ટી ના રહીશો સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવી વૈકલ્પિક વ્યવસ્થા મળી શકે એ માટેની માંગ કરવામાં આવી હતી. અંકલેશ્વરના ગડખોલ પાટિયા ખાતે સરકારી જગ્યા પર છેલ્લા ૩૦ વર્ષથી શ્રમજીવી પરિવારો ઝુંપડા બાંધીને રહેતા હતા જો કે તંત્ર દ્વારા ઝુંપડા હટાવી લેવામાં આવતા શ્રમજીવી પરિવારો બેઘર બન્યા છે છેલ્લા ૩૦ વર્ષથી રહેતા પરિવારોના બાળકો નજીકની સ્કૂલમાં અભ્યાસ કરે છે અને તમામ ઝુંપડપટ્ટી વાસીના ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ માં રહેઠાણ પણ આ સ્થળ દર્શાવ્યું છે અને તેઓ મતદાન પણ કરે છે ત્યારે તંત્ર દ્વારા ઝુંપડાઓને તોડી નાંખવામાં આવતા શ્રમજીવી પરિવારો બેઘર થયા છે. ચોમાસાની ઋતુ હોય ત્યારે બે ઘર થયેલ ગરીબો જશે ક્યાં એ મોટો પ્રશ્ન ઊભો થયો છે. સરકાર દ્વારા ઝુંપડા તોડવામાં આવ્યા પણ તેની સામે વૈકલ્પિક સુવિધા આપવા માટે આ પરિવારોની પડખે તાલુકા કોંગ્રેસ આવી છે બેઘર બનેલ પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થા માટે શહેર કોંગ્રેસે બેઘર પરિવારો સાથે સરકારને રજૂઆત પહોંચે તે માટે લેખિતમાં અંકલેશ્વર મામલતદાર આવેદનપત્ર પાઠવ્યું હતું આ આવેદનમાં શહેર કોંગ્રેસ પ્રમુખ જગતસિંહ વાસડિયા, મગન પટેલ, ચેતન પટેલ, નુરૂ કુરેશી, મનુભાઈ સોલંકી સહિતના કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.

વડોદરા શહેર નજીક

લાંછનપુર ખાતે વધુ એક યુવાન ડૂબ્યો : ફાયર ટીમ દ્વારા શોધખોળ જારી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરા નજીક મહીસાગરના કિનારે આવેલા લાંછનપુર ગામે સંખ્યાબંધ યુવક-યુવતીઓ ડૂબવાના બનાવો બન્યા હોવા છતાં તંત્રની બેદરકારીને કારણે હજી પણ આવા બનાવો સતત બની રહ્યા છે. ઉપરોક્ત સ્થળે વધુ એક યુવક ડૂબી જતાં તેની શોધખોળ માટે વડોદરા ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાવલી ખાતે રહેતો અશ્વિન નામનો યુવક ગઈકાલે તેના મિત્રો સાથે લાંછનપુર ગયો હતો તે દરમિયાન પથ્થર પર ઊભા રહી હાથ પગ ધોવા જતા તેનો પગ લપસ્યો હતો. યુવકને બચાવ માટે તેનિ મિત્રએ પ્રયત્ન કર્યો હતો પરંતુ તેને બચાવી શક્યો ન હતો. લાપતા યુવકને શોધવા માટે આખરે સાવલી પોલીસ દ્વારા વડોદરા ફાયરબ્રિગેડની મદદ માગવામાં આવી હતી. દરજીપુરા ફાયર બ્રિગેડની ટીમ આજે સવારથી ધસમસતા પ્રવાહમાં બોટ લઈ યુવકને શોધી રહી છે પરંતુ બપોર સુધી તેનો કોઈ પત્તો મળ્યો નથી.

ઉલ્લેખનીય છે કે, લાંછનપુરા ખાતે મહીસાગરના રમણીય સ્થળે વડોદરાના આસપાસથી યુવક-યુવતીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે અને પાણીના વહેણમાં તણાવાના વારંવાર બનાવ બનતા હોય છે. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ યુવતીનો ભોગ લેનાર ઉપરોક્ત સ્થળે ચેકડેમ બનાવવાની યોજના અને મંજૂરી મળી છે. પરંતુ હજી સુધી કામ શરૂ થયું નથી. તંત્ર માત્ર ચેતવણીના બોર્ડ મૂકીને સંતોષ માની રહ્યું છે.

પરબડા તા.પં. બેઠક પર ભાજપ ઉમેદવારનો વિજય

હિંમતનગર, તા.૫

હિંમતનગર તાલુકાના પરબડા તાલુકા પંચાયતની બેઠક માટે યોજાયેલ ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો. કોંગ્રેસને ૨૩૯૨ મત જયારે ભાજપને ૨૪૩૮ મત મળતાં ભાજપના ઉમેદવાર ૪૬ મતોથી વિજેતા બન્યા હતા. પરબડા તાલુકા પંચાયતની બેઠક માટે કુલ ૭૯૨૯ મતદારોમાંથી ૫૨૬૬ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા કુલ ૬૬.૪૦ ટકા મતદારોએ મતદાન કર્યુહતું. જેનું પરિણામ આજરોજ આવી જતા ભાજપના ઉમેદવાર ભરતકુમાર બાબુભાઈ જાદવ ૨૪૩૮ મત મેળવી વિજેતા બન્યા હતા. જયારે કોંગ્રેસના ઉમેદવાર સંજય કુમાર કાનજીભાઈ સુતરીયાને ૨૩૯૨ મત મળ્યા હતા. તો આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રવીણ જેઠાભાઈ વણકરને ૨૭૮ મત મળ્યા હતા અને બસપાના ઉમેદવાર અજય કુમાર દિનેશ કુમાર પરમારને માત્ર ૭૫ મત મળ્યા હતા.

નામ બદલેલ છે

મારું જૂનું નામ

ધીવાલા ફરાહ અસગર

બદલી નવું નામ

ધીવાલા ફરીદા અસગર રાખેલ છે.

સરનામું : નાના સુથારવાડા, લુણાવાડા, મહીસાગર-389230

મે. ગોધરાના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા

જન્મ/મરણ અરજી નંબરઃ ૩૨૨/૨૦૨૦

અરજદારઃ- (૧) ભુરીબેન કનુભાઈ બારીઆ રહે.નદી ફળીયું, મુ.ઓરવાડા, તા.ગોધરા, જિ.પંચમહાલ

-ઃવિરૂદ્ધઃ-

સામાવાળાઃ-(૧) જન્મ મરણ રજીસ્ટ્રાર,તલાટી કમ મંત્રીશ્રી, ઓરવાડા, ગ્રામ પંચાયતની કચેરી, ઓરવાડા,તા. ગોધરા

-ઃજાહેર નોટિસઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના સસરા નામે ''સોમાભાઈ કડવાભાઈ બારીઆ''નું મરણ તા.૨૦/૧૦/૨૦૦૬ના રોજ મોજે.ઓરવાડા, તા.ગોધરા ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના સસરા નામે ''સોમાભાઈ કડવાભાઈ બારીઆ''ના મરણની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાના રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૦૨/૧૧/૨૦૨૧ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ. ૦૪/૧૦/૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન.બી.રાજપુત)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ગોધરા પ્રાન્ત ગોધરા

સ્ટુડન્ટ્સ વેલ્ફેર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ડીઈઓને રજૂઆત

રખિયાલ મ્યુનિ. ઉર્દૂ હાઈસ્કૂલમાં ઉર્દૂના જાણકાર શિક્ષકોની ભરતી કરવા માંગ

કોરોના વેક્સિન માટે ફાળવેલ રૂમ ખાલી કરાવવા પણ માંગ

અમદાવાદ,તા.૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત રખિયાલ મ્યુનિસિપલ ઉર્દૂ સ્કૂલ ઉર્દૂ માધ્યમની એક માત્ર મ્યુનિ. હાઈસ્કૂલ છે જયાં હાલ ૬૬૦થી વધુ વિદ્યાર્થીઓ કે જેમાં ૮૦ ટકાથી વધુ છોકરીઓ અભ્યાસ કરે છે. પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે વર્ષ ૨૦૧૩માં ધોરણ ૧૧ અને ૧૨ ધોરણનો સમાવેશ કરાયા છતાં એક પણ કાયમી શિક્ષકની નિમણૂક કરવામાં આવી નથી આ સ્કૂલમાં ૧૦ શિક્ષકોની જરૂરિયાત છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી સહિતના પદાધિકારીઓને પત્ર પાઠવી રખિયાલ મ્યુનિસિપલ ઉર્દૂ હાઈસ્કૂલમાં પાયાની સુવિધાઓનો અભાવ અને શિક્ષકોની ખાલી જગ્યા ભરવા અંગે પત્ર પાઠવી વિનંતી કરતા સ્ટુડન્ટસ વેલ્ફેર એન્ડ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ અહેસાન શેખે જણાવ્યું છે કે આ સ્કૂલમાં છેલ્લે વર્ષ ૨૦૦૯માં ડીઈઓની મંજૂરી સાથે ભરતી કરવામાં આવી હતી તે વખતે આ સ્કૂલ ધોરણ ૧૦ સુધી જ હતી ત્યાર બાદ વર્ષ ૨૦૧૩માં આ સ્કૂલને ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ એક પણ શિક્ષકની નિમણૂક કરવામાં આવી ન હતી. હાલ આ હાઈસ્કૂલમાં સોશિયલ સ્ટડીઝ, ભાષા, સાયકોલોજી, શારીરિક શિક્ષણ, ચિત્ર વગેરેના મળી ૧૦ જેટલા શિક્ષકોની જરૂરિયાત છે. બીજી સમસ્યા એ છે કે આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વેકસીન માટે આ સ્કૂલના કેટલાક રૂમ ફાળવવામાં આવ્યા છે. આથી હાલ બાળકોને અડધો સમય જ ભણાવવામાં આવે છે. જેનાથી બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે. આ બાબતને ધ્યાને રાખી વહેલીતકે આ સ્કૂલમાં ઉર્દૂના જાણકાર લાયક શિક્ષકોની ભરતી કરવા તેમજ બિનશૈક્ષણિક કાર્ય માટે ફાળવેલા રૂમ વહેલીતકે ખાલી કરાવવા વિનંતી કરી છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

નવરાત્રિમાં ૪૦૦ વ્યક્તિની મર્યાદામાં રાત્રિના ૧૨ સુધી શેરી ગરબાને મંજૂરી

ધંધાકીય ગરબાના આયોજકોને ઉજવીણીની પરવાનગી અપાશે નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરમાં કોરોના મહામારીને પગલે હાલ રાત્રી કરફ્યુનો અમલ જારી છે. જે આગામી ૧૦ ઓક્ટોબર સુધી રાત્રીના ૧૨થી સવારના ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે. તે દરમિયાન નવરાત્રિ આવતી હોવાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી શેરી ગરબા સહિત તહેવારોની ઉજવણી કરી શકાશે.

તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોપ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલુન, બ્યુટી પાર્લર, રેસ્ટોરન્ટસ, અઠવાડીક ગુજરી, બજાર, હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે, રેસ્ટોરન્ટસની હોમ ડિલિવરી રાત્રિના ૧૨ સુધી થઈ શકશે, જીમ અને વાંચનાલયો ૭૫ ટકા ક્ષમતા જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૧૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લા રાખી શકાશે. લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે (ડિજીટલ ગુજરાત પોર્ટલ) પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે. અંતિમક્રિયા,દફનવિધી માટે મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત એસ.ઓ.પી ને આધિન ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે. ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન ક્લાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે ચાલુ રાખી શકાશે. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન, તથા શાળા, કોલેજો અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગે પરીક્ષાઓ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત એસ.ઓ.પી સાથે યોજી શકાશે. સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦ ટકા કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે. વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ મહત્તમ ૭૫ ટકા કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે. સ્પા સેન્ટરો બંધ રહેશે. ઉપરોકત તમામને જણાવેલ બાબતો સંદર્ભમાં તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજીયાત રહેશે. જે વ્યક્તિઓના આર.ટી.પી.સી.આર ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં આર.ટી.પી.સી.આર ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી હોસ્પીટલની ડીસ્ચાર્જ સમરીની તારીખથી ૯૦ દિવસ પુર્ણ થયા બાદ તુરંત વેકસીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે, નવરાત્રિ દરમિયાન રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી શેરી, સોસાયટી, ફ્લેટમાં ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં ગરબાનું આયોજન તેમજ દુર્ગા પૂજા, શરદપૂર્ણિમા, દશેરાના તહેવારની ઉજવણી કરી શકાશે. ગરબા/ઉજવણીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિઓએ કોરોના વેક્સિનના બે ડોઝ લીધેલ હોવા જોઈએ, આવા આયોજનમાં લાઉડ સ્પીકર કે ધ્વનિ નિયંત્રણ અંગેના સુપ્રિમ કોર્ટના આદેશોનું પાલન કરવાનું રહેશે. પરંતુ પાર્ટી પ્લોટ, કલબ, ખુલ્લી જગ્યાએ કે અન્ય કોઈપણ જગ્યાએ કે જ્યાં કોમર્શિયલ રીતે ગરબાનું આયોજન કરવામાં આવતું હોય તેવા સ્થળોએ નવરાત્રિની ઉજવણીની પરવાનગી આપવામાં આવશે નહીં, અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં મુસાફરોને આર.ટી.પી.સી.આર ટેસ્ટ સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

દહેજ અંગે શારીરિક અને માનસિક ત્રાસ આપવા બદલ

ગાંધીધામની મહિલાએ અમદાવાદના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી

તારા બાપે કંઈ આપ્યું નથી, રૂપિયા લઈ આવ તેવો ફરિયાદમાં આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

કચ્છ જિલ્લાના ગાંધીધામની પરિણીતાને નાની નાની બાબતોમાં હેરાન કરી દહેજની માગણી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવા સબબ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુ સસરા વિરૂદ્ધ પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે અમદાવાદ પાલડી સ્થિત આશિયાના એપાર્ટમેન્ટમાં રહેતા સાસરિયાઓ સામે ફરિયાદ દાખલ કરી છે. હાલ ગાંધીધામમાં પોતાના પીયરમાં રહેતી અંજુમન મનસુરી નામની પરિણીતાએ કચ્છ પૂર્વ ગાંધીધામ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના નિકાહ ૪-૯-૨૦૧૧ના રોજ અમદાવાદના અનિસ યુનુસ મનસુરી સાથે થયા હતા. સંતાનમાં તેમને બે પુત્રીઓ છે. લગ્નના થોડા દિવસો બાદ તેમના સાસુ બિસ્મીલ્લા મનસુરી અને સસરા યુનુસ મનસુરી ભેગા મળી તેમના પતિને ચઢામણી કરતા હોવાથી તેમના પતિ પરિણીતાને અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા તેમજ બધા ભેગા મળી પરિણીતાને મનફાવે તેવી ગાળો બોલતા અને મારકુટ કરતા હતા. ઉપરાંત દહેજ બાબતે મેણાટોણા મારતા કે તારા બાપે કંઈ આપ્યું નથી તારા બાપ પાસેથી રૂપિયા લઈ આવ તેમ કહેતા હતા. પરિણીતાએ લખાવેલી ફરિયાદ મુજબ તેમના પતિ અને સાસુ સસરા અવારનવાર મારી સાથે ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. એક દિવસ તો મારા પતિએ મારા સાસુની ચઢામણીના કારણે તું મારે જોઈતી નથી હું તને કોઈક દિવસ જાનથી મારી નાખીશ તેમ કહી વારે ઘડીએ મારી નાખવાની ધમકી આપતા અને ઘર ખર્ચ પણ આપતા નહીં પરિણીતાની ફરિયાદ મુજબ તેમને અવારનવાર તેમના માવતરને ત્યાં કાઢી મુકતા પરંતુ મારા માતા-પિતા ઘર મેળે સમાધાન કરી મને પાછા મુકી જતા તેમ છતાં મારા પતિ અને સાસુ સસરાના સ્વભાવમાં કંઈ ફરક પડતો નહી, હું મારી બંને પુત્રીઓના ભવિષ્ય વિશે વિચારી બધો ત્રાસ સહન કરતી હતી. બે મહિના પહેલા પણ આજ રીતે ઝઘડો થતા પરિણીતા પતિ અને સાસુ સસરાના ત્રાસથી કંટાળી માતા પિતાને ત્યાં ગાંધીધામ જતા રહ્યા હતા. ત્યાર બાદ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

કચ્છમાં ૨૪ કલાકમાં ભૂકંપના પાંચ આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ

૨.૧થી ૩.૫ની તીવ્રતાના આંચકા અનુભવાયા • ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ, દુધાઈ અને કંડલા ગામ નજીક નોંધાયું

અમદાવાદ, તા.૫

સૌરાષ્ટ્ર અને કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાય છે જેને લઈને લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે. ત્યારે મંગળવારના રોજ કચ્છમાં ૨૪ કલાકના સમયગાળામાં ભૂકંપના પાંચ જેટલા આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ ઊભો થયો છે. ૨.૧થી ૩.૫ની તીવ્રતાના આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી ગયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ, દુધાઈ અને કંડલા ગામ નજીક નોંધાયું હતું. ફરી એકવાર કચ્છને ધરતી ધ્રૂજી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. માત્ર ૨૪ કલાકની અંદર જ એક પછી એક પછી એક એમ ભૂકંપના ૫ આંચકા અનુભવાયા છે, જેના લીધે લોકોમાં ભયનો માહોલ છે અને ઘરમાંથી દોડીને બહાર આપી ગયા હતા. ૨૪ કલાકની અંદર પાંચમી વાર છે જ્યારે કચ્છની ધરતી હલવા લાગી હતી. રિક્ટર સ્કેલ પર આ તમામ આંચકા ૨.૧થી ૩.૫ની તીવ્રતાના છે. પહેલો આંચકો



મંગળવારે રાત્રે ૧૧:૦૭ વાગે આવ્યો હતો, તે ૩.૫ની તીવ્રતાનો હતો. ત્યારબાદ મોડી રાત્રે ૧:૪૧ વાગે ૨.૪ની તીવ્રતાનો, ૧:૫૭ વાગે ૨.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ રાત્રે કોઈ આંચકો અનુભવાયો ન હતો. જો કે, સવારે ૭:૦૪ વાગે ૨.૧ અને ૭:૩૦ વાગે ૨.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉ, દુધાઈ અને કંડલા ગામ નજીક નોંધાયું હતું. અત્રે ઉલ્લેખનીય ગત થોડા સમયથી કચ્છના મેન લેંડ ફોલ્ડ લાઈન ફરીથી સક્રિય થઈ છે, તેના લીધે આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતાનો ભૂકંપનો ખતરો છે. કચ્છમાં ચાર ફોલ્ડ લાઈન છે તેના લીધે અવાર-નવાર નાના-મોટા ભૂકંપના આંચકા આવતા રહે છે.

મુખ્યમંત્રીએ ઐતિહાસિક જીત બદલ આભાર માન્યો

ગાંધીનગરમાં ૪૧ બેઠક મેળવી હવે ભાજપને વિધાનસભામાં ૧૮૨ બેઠકનો ટાર્ગેટ

આપ પર નિશાન; ગુજરાતમાં ત્રીજી પાર્ટી માટે કોઈ જગ્યા નથી

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના શાસનમાં યોજાયેલી સૌ પહેલી મહાનગરપાલિકા ચૂંટણીમાં ભાજપને જંગી વિજય પ્રાપ્ત થયો છે. ગાંધીનગરમાં પક્ષને મળેલી ઐતિહાસિક જીત પર પોતાની પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રીએ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં ભાજપને ૪૪માંથી ૪૧ બેઠક મળી છે, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો જીતવાના ટાર્ગેટ સાથે ચાલવાનું છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ભાજપમાં સંગઠન અને ચૂંટાયેલી પાંખ તાલમેલથી કામ કરે છે. તેમણે કહ્યું હતું કે આખા દેશમાં ભાજપનું શાસન હશે તો પણ કાર્યકર્તાઓએ જનતા વચ્ચે રહીને કામ કરવું પડશે. મુખ્યમંત્રીએ ગાંધીનગરની જવાબદારી જેમને સોંપવામાં આવી હતી તેવા પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને અભિનંદન પણ પાઠવ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ગાંધીનગરની જીત અંગે જણાવ્યું હતું કે, કોરોના ઉપરાંત સામાન્ય સ્થિતિમાં પણ લોકો સાથે ભાજપના કાર્યકર્તાઓએ સંપર્ક જાળવી રાખ્યો અને જનતાની નાની-મોટી તકલીફમાં તેની સાથે રહ્યા. જેના કારણે ગાંધીનગર સહિત ગુજરાતની બીજી ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ગાંધીનગર મ્યુ. કોર્પોરેશનમાં વર્ષ ૨૦૧૧માં ભાજપ પાસે ૧૭ અને કોંગ્રેસ પાસે ૧૫ બેઠકો હતી. જેની સામે આજે ભાજપે ૪૧ બેઠકો જીતી છે, અને કોંગ્રેસને માત્ર બે બેઠક મળી છે. પાટીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ત્રીજી પાર્ટી માટે કોઈ જગ્યા નથી. ગુજરાતના શાણા મતદારો કયા પક્ષને મત આપવાથી જળવાશે તે સારી રીતે સમજે છે, અને તે રીતે જ મતદાન પણ કરે છે. આમ આદમી પાર્ટીનું નામ લીધા વિના પાટીલે કહ્યું હતું કે, જેઓ ખૂબ ગાજ્યા હતા પરંતુ વરસ્યા નહીં તેમને એક જ સીટ મળી છે. પાટીલે આમ આદમી પાર્ટી પર નિશાન તાકતા જણાવ્યું હતું કે તેમણે ગુજરાતની જે પણ ટિકિટ બુક કરાવી હોય તે રદ કરાવી દેવી જોઈએ કારણકે ગુજરાતની પ્રજાએ તેમને રિજેક્ટ કર્યા છે.

કાશ્મીરમાં પ્રાચીન મંદિરમાં તોડફોડ, પોલીસે FIR નોંધી

(એજન્સી) તા.૫

જમ્મુ-કાશ્મીરમાં ઉપદ્રવિયોએ ફરી એક વખત કાશ્મીરી પંડિતોની આસ્થા પર પ્રહાર કર્યો છે. અહીંના અનંતનાગમાં શનિવારે બરઘશેખા ભવાનીના મંદિર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન મંદિરમાં ભારે તોડફોડ પણ કરાઈ હતી. પોલીસે આ સમગ્ર ઘટનાને લઈને એફઆઈઆર દાખલ કરી છે. જ્યારે તપાસ માટે એસઆઈટીની પણ રચના કરવામાં આવી છે. બરઘશેખા ભવાનીનું મંદિર કાશ્મીર ઘાટીના અનંતનાગ જિલ્લાના મટ્ટન પહાડો પર આવેલું છે જેને કાશ્મીરી પંડિતોની આસ્થાનું પ્રતિક પણ માનવામાં આવે છે. એવા અહેવાલો છે કે, મટ્ટન પહાડો પર બરઘશેખા ભવાની મંદિરને કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા અપવિત્ર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, આ મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના મહિલા ઉમેદવારના અવસાનથી ખાલી બેઠક પર

ભરૂચ ન.પા.માં વધુ એક બેઠક જીતતા AIMIMનો બે બેઠક પર કબજો

અમદાવાદ,તા.૫

ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના ઉમેદવાર સાદીકાબીબી શાહનવાઝ શેખ ભરૂચ નગરપાલિકાની પેટાચૂંટણીમાં ૧૪૦૯ મતોની જંગી લીડથી વીજયી નિવડયા છે. તેબદલ એઆઈએમઆઈએમના પ્રદેશ પ્રમુખ સાબીર કાબલીવાલાએ નિરીક્ષકો કાર્યકરો તથા મતદારોનો આભાર માન્યો છે. ભરૂચ નગરપાલિકામાં એઆઈએમઆઈએમના એક ઉમેદવાર અગાઉ સામાન્ય ચૂંટણીમાં વિજેતા બન્યા હતા દરમ્યાન વોર્ડ નંબર ૧૦ના કોંગ્રેસના મહિલા ઉમેદવારનું અવસાન થતા પેટાચૂંટણી કરવાની નોબત આવી હતી. જેમાં ભાજપ કોંગ્રેસ અને આપ અને એઆઈએમઆઈએમ એમ ચારે પક્ષોએ મુસ્લિમ મહિલાઓને ટિકિટ આપી હતી. જેમાં આજરોજ વોર્ડ નંબર ૧૦ના પરિણામ જાહેર થતા એઆઈએમઆઈએમના મહિલા ઉમેદવાર સાદીકાબીબી શેખ સૌથી વધુ ૨૮૦૯ મત મેળવી વિજયી નીવડયા છે. તેઓ ભાજપના ઉમેદવાર ફાતમાબેન ફઝલ પટેલને હરાવ્યા છે. ફાતમાબેનને ૧૪૦૦ મત મળ્યા છે. જયારે કોંગ્રેસના ઉમેદવાર સાયરાબેન મોહમ્મદ શેખને ૧૩૦૩ તથા આપના ઉમેદવાર ફરિદાબાનુ ઝફર શેખને ૧૮૦ મત મળ્યા છે. જયારે ૩૯ મત નોટામાં પડયા છે. આમ ચારે મુસ્લિમ મહિલા ઉમેદવારો વચ્ચે જંગ હોવા છતાં સાદીકાબીબી પ્રચંડ બહુમતીથી ચૂંટાઈ આવતા ભરૂચ ન.પા.માં એઆઈએમઆઈએમની બે બેઠકો થઈ ગઈ છે.

પતિ-પત્ની સાથે નથી રહી શકતા તો એક-બીજાને છોડવા જ સારૂં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી,તા.૫

સુપ્રીમકોર્ટે એક પતિ-પત્નીના કેસમાં સુનાવણી કરતા જણાવ્યું છે કે જો પતિ-પત્ની એક સાથે નથી રહી શકતા તો તેમણે એક બીજાને છોડી દેવા જ સારૂં છે જો કે આ મામલો એક દંપતિનો છે, જે ૧૯૯૫માં લગ્ન પછી માત્ર પાંચ દિવસ સાથે રહ્યા છે. પત્નીએ હાઈકોર્ટ દ્વારા જારી તલાકના આદેશની વિરૂદ્ધ સુપ્રીમકોર્ટમાં અરજી કરી હતી. કેસની સુનાવણી કરતા જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ એએન બોપન્નાની પીઠે મહિલાને જણાવ્યું કે તેણે વ્યવહારીક થવું જોઈએ તે આખું જીવન અદાલતમાં એક બીજાની સાથે લડતા સાર નથી કરી શકતા બંનેની ઉંમર ૫૦ અને ૫૫ વર્ષ છે. અદાલતે દંપતીને ભથ્થું લઈ પરસ્પર નિર્ણય લેવાનું જણાવ્યું છે. સાથે જ પત્નીની અરજી પર ડિસેમ્બરમાં નિર્ણય લેવાનું જણાવ્યું છે મહિલા તરફથી રજૂ કરાયેલ વકીલે સુપ્રીમકોર્ટમાં જણાવ્યું છે કે હાઈકોર્ટ તરફથી તલાકને પરવાનગી આપવી ખોટી છે. વકીલનું આ પણ કહેવુ છે કે હાઈકોર્ટની આ વાતની પણ અવગણના કરી છે કે સમજૂતીનું સમ્માન કરવામાં આવ્યું નથી. તે ઉપરાંત પતિ દ્વારા રજુ વકીલે જણાવ્યું છે કે ૧૯૯૫માં લગ્ન પછીથી જ તેનું જીવન નષ્ટ થઈ ગયું. બંનેનું લગ્ન જીવન માત્ર પાંચ દિવસ ચાલ્યું હતું. પતિના વકીલે જણાવ્યું છે કે ક્રુરતા અને લગ્નના પરિવર્તનીય તુટના આધારે તલાકની પરવાનગી આપવી બરાબર હતું તેમના દ્વારા જણાવવામાં આવ્યું છે કે પતિ હવે પત્નીની સાથે રહેવા ઈચ્છતી નથી અને તે તેને ભરણપોષણ આપવા રાજી છે. પતિના વકીલે દાવો કર્યો છે કે ૧૩ જુલાઈ ૧૯૯૫એ લગ્ન પછી તેની પત્નીએ તેની પર અગરતલા સ્થિત પોતાના ઘરમાં ઘર જમાઈ બનીને રહેવાનું દબાણ નાખ્યું હતું. તે સંપન્ન પરિવારથી છે. તેના પિતા આઈએએસ અધિકારી હતા. જયારે પતિ રાજી ના થયો તો તે તેને છોડીને પીયર જતી રહી ત્યારથી બંને અલગ છે.

ગાંધી જયંતી નિમિત્તે મફત રોગ નિદાન કેમ્પ તથા કોરોના વેક્સિનેશન કેમ્પ યોજાયો

૧૫૨મી ગાંધી જયંતિ નિમિતે અન્સારી વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ, સિમ્બા ગ્રુપ, માનવ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ અને GCS હોસ્પિટલના સંયુકત ઉપક્રમે પીપલજ રોડ ખાતે આવેલ ગણેશ નગરમાં મફત રોગ નિદાન કેમ્પ અને કોરોના વેક્સિન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં બાળ રોગ, આંખ રોગ ફિઝિશિયન સહિતના તબીબોએ સેવાઓ આપી હતી કેમ્પમાં ૨૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે મ્યુ.કાઉન્સિલરો શહેજાદ ખાન પઠાણ, સલીમ સાબુવાલા, રફીક શેઠજી, રમીલાબેન પરમાર, જમના બેન વેગડા, શાહજહાં અન્સારી, દાણીલીમડા વોર્ડ પ્રમુખ ઈમરાન મકરાણી સહિત સ્થાનિક આગેવાનો અન્સારી વિકાસ ચેરિટેબલના પ્રમુખ મુફીસ અહેમદ અંસારી. સિમ્બા ગ્રુપના પ્રમુખ મુજીબ ખાન પઠાણ. શાહઝમાન ખાન (બાબા ખાન) માનવ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈદરીસ પટેલ, વિષ્ણુભાઈ ભરવાડ, ગફફારખાન પઠાણ માનવ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના નયના બેન ચુડાસમા, ગોસિયા બાનું શેખ અને માનવ અધિકાર પ્રોટેક્શન શહેર પ્રમુખ આસિફ ખાન પઠાણ વરિષ્ઠ સચિવ હાસમ સૈયદ રાજદંડ તંત્રી સજ્જાદ બોઝ, અજીજ બુખારી વગેરેએ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

કાશ્મીરમાં ત્રણ ત્રાસવાદી હુમલામાં ત્રણ લોકોનાં મોત

(એજન્સી) શ્રીનગર, તા.૫

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં આતંકીઓએ ફરી સામાન્ય લોકોને નિશાન બનાવ્યા છે. આતંકીઓએ બે કલાકની અંદર ૩ નાગરિકોની હત્યા કરી છે. સૌથી પહેલા આતંકવાદીઓએ શ્રીનગરના ઈકબાલ પાર્કની પાસે બિંદરુ મેડિકેટના માલિક માખન લાલની ગોળી મારીને હત્યા કરી. ત્યાર બાદ સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. બિંદરુની હત્યા પર પૂર્વ સીએમ ઉમર અબ્દુલાએ શોક વ્યક્ત કર્યો હતો અને આ ઘટનાની નિંદા કરી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે, કાશ્મીરી પંડિત સમુદાયથી બિંદરુ તે કેટલાક લોકોમાં સામેલ હતા જેઓ ૧૯૯૦ના દાયકામાં જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ શરૂ થયા બાદ પલાયન નહોતુ કર્યું. બિંદરુ પોતાની પત્ની સાથે અહીં જ રહ્યા અને સતત પોતાની ફાર્મસી બિંદરુ મેડિકેટ ચલાવતા રહ્યા.

આ ઉપરાંત બિંદરુની હત્યા બાદ શ્રીનગરમાં આતંકીઓએ એક પાણીપૂરી વેંચનાર સ્ટ્રીટ વેંડરની ગોળી મારીને હત્યા કરી હતી. સ્ટ્રીટ વેંડરની ઓળખ બિહારના ભાગલપુર નિવાસી વીરેન્દ્ર પાસવાનના રૂપમાં કરવામાં આવી છે. આ પહેલા ઉત્તરી કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના હાજિલ વિસ્તારમાં અજાણ્યા બંદૂકધારીઓએ વધુ એક નાગરિકની ગોળી મારીને હત્યા કરી હતી. SUMO પ્રેસિડેન્ટ નાયદખાઈ મોહમ્મદ શફી ઉર્ફે સોનૂને આતંકવાદીઓએ ગોળી મારી દીધી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો હતો, જો કે તેમને ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો.

અપોલો ખાતે ૯૨ વર્ષીય વૃદ્ધનું

છાતી કે હૃદય ખોલ્યા વિના મીટ્રલ વાલ્વ લીકેજ સ્ટીચ કરીને બંધ કરાયું

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં પ્રથમ પ્રકારની અદ્યતન ટેકનોલોજી પ્રક્રિયામાં ૯૨ વર્ષીય વયોવૃદ્ધિના મીટ્રલ વાલ્વમાં લીકેજને અપોલો સીવીએચએફ હોસ્પિટલમાં નવીન નોન- ઈન્વેસિવ પર્કયુટેનિયસ મીટ્રલ વાલ્વ રીપેર (પીએમવીઆર) ટકેનિકનો ઉપયોગ કરીને સુધારવામાં આવ્યું હતું. આ લીકેજને મીટ્રાકિલપનો ઉપયોગ કરીને છાતીને ખોલ્યા વિના કે હૃદયને ખોલ્યા વિના કિલપ્ઠ કરવામાં આવ્યું અથવા સારવાર કરવામાં આવી ૯૨ વર્ષીય દર્દી ઘણા વર્ષોથી વાલ્વ લીકેજને કારણે હૃદયની સમસ્યાઓથી પીડાતા હતા. કેટલીય સારવાર પછી પણ તેમની તબિયતમાં સુધારો થયો ન હોતો. તેમને વધુ નિદાન માટે અપોલો સીવીએચએફમાં રીફર કરવામાં આવ્યા હતા. અપોલો સીવીએચએફમાં કાર્ડિયોલોજી સર્વિસીસના ડાયરેકટર ડો. સમીર દાણીના નેતૃતવમાં એક ટીમે સંપૂર્ણ તપાસ કરી હતી અને નોન-ઈન્વેસિવ પદ્ધતિનો ઉપયોગ કરીને લીકેજ કિલપ કરવાનો નિર્ણય લીધો હતો.

રાજ્ય સરકારે છૂટછાટ આપતા સોસાયટીઓ નવરાત્રીની અનોખી ઉજવણી કરવા તૈયાર

અમદાવાદ,તા.૫

નવરાત્રી નજીક છે અને ગુજરાત સરકારે આઠ શહેરોમાં રાત્રી કરફ્યુમાં એક કલાક રાહત આપી છે. અને નવ દિવસના તહેવાર દરમ્યાન હાઉસીંગ સોસાયટીઓમાં અને શેરીઓમાં નવરાત્રીમાં ગરબા કાર્યક્રમોની મંજૂરી આપી છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસોમાં સતત ઘટાડો થતો હોવાથી કેટલાક ધોરણો સરકારે આ મંજૂરી આપી છે, સરકારી માર્ગદર્શિકા સાથે ગાલા ગ્લોરી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, દક્ષિણ બોપલ દ્વારા ૯ દિવસના ગરબા ઈવેન્ટનું આયોજન કર્યું છે.

શાહનવાઝ શેખની ડીપીસીસી માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ તરીકે નિમણૂક

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન ઈમરાન પ્રતાપગઢી દ્વારા અમદાવાદ જમાલપુર વોર્ડના પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર અને હાલ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની માઈનોરીટી ડિપાર્ટમેન્ટના નેશનલ કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શાહનવાઝ શેખની તાત્કાલિક અસરથી દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટી માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ મધ્યપ્રદેશ કોંગ્રેસ કમિટી માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ તરીકેની તેમની જવાબદારી યથાવત રહેશે. તેમ એક યાદીમાં એઆઈસીસી માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન ઈમરાન પ્રતાપગઢીએ જણાવ્યું છે.

ફેસબૂક કમાણી કરવા માટે નફરત ફેલાવતી સામગ્રી પોસ્ટ કરે છે : પૂર્વ કર્મચારીનો આક્ષેપ

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૫

ફેસબૂક સતત નફરત ફેલાવવાનું માધ્યમ બન્યું છે. કંપનીને તે રોકવાની કોઈ દરકાર નથી. આ દાવો હવે વ્હીસલબ્લોઅર બની ગયેલી ફેસબૂક કંપનીની એક પૂર્વ અધિકારીએ કર્યો છે. આ અધિકારીએ પોતાના દાવાના પક્ષમાં મહત્ત્વના દસ્તાવેજો જારી કર્યા છે. ફ્રાન્સીસ હાઉગેન નામની આ અધિકારી આજે અમેરિકી સંસદની એક સમિતિ સમક્ષ જુબાની આપનાર છે. એક ટીવી કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે, તેઓ શા માટે મોઢું ખોલવા તૈયાર થયા છે તેમણે કહ્યું હતું કે, મને એ બાબતની પરેશાની હતી કે, આ કંપની જન સુરક્ષાની ઉપર માત્ર નફાને મહત્ત્વ આપે છે. ફેસબૂકની નજર માત્ર પૈસા કમાવવાની છે. તેમણે કહ્યું છે કે, મેં વોલસ્ટ્રીટ જર્નલ અને અમેરિકાના કાનૂનને લાગુ કરતા વિભાગોને અનેક દસ્તાવેજો સોંપ્યા છે જે જાહેર કરે છે. ફેસબૂક કંપની નફરત-હિંસા-દુષ્પ્રચાર રોકવાના પોતાના પ્રયાસોને લઈને ખોટું બોલે છે. આજે ફેસબૂક જે રીતે મોજુદ છે જેનાથી તે સમાજને તોડે છે. વિશ્વભરમાં જાતીગત હિંસા-રંગભેદનું કારણ બની રહ્યું

છે. તેઓ કહે છે કે, ફેસબૂકમાં કામ કરતા મને લાગ્યું કે, કંપનીને દુષ્પ્રચાર રોકવામાં કોઈ રસ નથી. કંપનીએ જે માર્ગ પસંદ કર્યો છે તેના ગંભીર પરિણામ આવી રહ્યા છે.

પ.બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીની 'દ્વારે રેશન' યોજના સામે સુપ્રીમ કોર્ટમાં પડકાર

ઓલ ઈન્ડિયા રેશન ડીલર ફેડરેશને મમતા બેનરજીના ઘરઆંગણે રેશનના પ્રોજેક્ટને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

(એજન્સી) તા.૫

રેશન વિક્રેતાઓના એક અખિલ ભારતીય સંગઠને પ.બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીના 'દ્વારે રેશન' (ઘર આંગણે રેશન) પ્રોજેક્ટ સામે સુપ્રીમકોર્ટમાં એક પિટિશન દાખલ કરીને તેને પડકાર ફેંક્યો છે. અહેવાલો અનુસાર તેમના મતે આ નીતિ અવ્યવહારુ અને મૂર્ખામીભરી છે. ઓલ ઈન્ડિયા રેશન ડીલર્સ ફેડરેશનના મહામંત્રી વિશ્વાંભર બાસુએ જણાવ્યું હતું કે કોઈ પણ રીતે દ્વારે રેશન પ્રોજેક્ટનો અમલ કરવો શક્ય નથી. મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને રાજ્યના મુખ્ય સચિવ હરીકિષ્ન દ્વિવેદી સાથે અનેક મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા થઈ ચૂકી છે. ફેડરેશને અગાઉ હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો હતો પરંતુ ત્યારે ચુકાદો સરકારની તરફેણમાં આવ્યો હતો. હવે આ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. શુક્રવારે દિલ્હી ખાતે એક પત્રકાર

પરિષદમાં બાસુએ જણાવ્યું હતું કે સુપ્રીમકોર્ટ આગામી સપ્તાહે આ કેસની સુનાવણી કરશે. રેશન વિક્રેતાઓએ એવો દાવો કર્યો છે કે પ.બંગાળ સહિત દેશમાં કોઈપણ રાજ્ય પાસે મુખ્ય પ્રધાનના ઘરઆંગણે રેશનના પ્રોજેક્ટનો અમલ કરવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ નથી. મેનપાવરના ઈસ્યૂ ઉપરાંત વિક્રેતાઓએ જ્યારે તેઓ ઘર આંગણે રેશનનું વિતરણ કરવાનું નક્કી કરશે એ દિવસે તેમની દુકાનો બંધ રાખવી પડશે. આ પરિસ્થિતિમાં સ્ટોર પર જે ગ્રાહકો આવશે તેમને ખાલી હાથે પાછા ફરવું પડશે. અહેવાલો અનુસાર આ જ કારણસર વિક્રેતાઓ સીએમ મમતાની આ યોજનાનો વિરોધ કરી રહ્યાં છે.

બિહારના કિશનગંજને 'કાશ્મીર' તરીકે કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે ?

કિશનગંજ બિહારનો મુસ્લિમ બહુમતી ધરાવતો જિલ્લો છે, તાજેતરમાં, હિંદુત્વના નેતાઓએ આ પ્રદેશની સરખામણી 'કલમ ૩૭૦ સાથેના કાશ્મીરની' સાથે કરવાનું શરૂ કર્યું ત્યારથી આ જિલ્લો પ્રકાશમાં આવ્યો છે' TCNનો ગ્રાઉન્ડ રિપોર્ટ આ વિવાદાસ્પદ દાવા પાછળ શું છે તે તપાસે છે

બિહાર - નીતિશકુમાર શાસિત બિહારમાં કિશનગંજ ભારતના ૨૫૦ સૌથી પછાત જિલ્લાઓમાંનો એક છે. કટ્ટરપંથી હિન્દુત્વ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના એક અધિકારીએ તાજેતરમાં અનિષ્ટ રીતે કાશ્મીર સાથે આ વિસ્તારની સરખામણી કરતા કહ્યું કે આ જિલ્લો 'કલમ ૩૭૦ સાથેના કાશ્મીર' જેવો બની રહ્યો છે. લગભગ ૨૦૦૦ કિલોમીટર દૂર, ભારતના આ પૂર્વ ભાગમાં કાશ્મીર સાથે કદાચ માત્ર એક જ વસ્તુ સમાન છે; તે મુખ્યત્વે મુસ્લિમ વસ્તી છે, ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં ૧૬,૯૦,૯૪૮ લોકોમાંથી અંદાજિત ૭૦ ટકા લોકો મુસ્લિમ છે. સીમાંચલ વિસ્તારના અન્ય જિલ્લાઓમાં બિહારનો આ એકમાત્ર મુસ્લિમ બહુમતી ધરાવતો જિલ્લો કિશનગંજ હિન્દુત્વવાદીઓના નિશાના હેઠળ આવ્યો છે. સીમાંચલમાં અરરિયા, કટિહાર અને પૂર્ણિયા જેવા અન્ય જિલ્લાઓ પણ છે જ્યાં મુસ્લિમોની વસ્તી નોંધપાત્ર રીતે વધારે છે.

વાંધો શું છે ?

વીએચપીના અધિકારી અશોકકુમારના જણાવ્યા અનુસાર, જિલ્લામાં હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે કારણ કે ''રોહિંગ્યા અને બાંગ્લાદેશી ઘૂસણખોરો વધી રહ્યા છે.'' આ કટ્ટરપંથી નેતાએ આરોપ લગાવ્યો કે સ્થાનિક મુસ્લિમો ઘૂસણખોરોને જમીન પૂરી પાડી રહ્યા છે. ''કિશનગંજમાં સ્થિતિ કલમ ૩૭૦ સાથેના કાશ્મીર જેવી બની રહી છે. હિન્દુઓને અસુરક્ષિત લાગે છે. કુમારે ધમકી આપી કે જો હિન્દુઓની પુત્રીઓ અને ગૌ માતાની સુરક્ષાની ગેરંટી ન હોય તો અમે હિન્દુ મહા પંચાયતનું આયોજન કરીશું. આને ઓછા જાણીતા વ્યક્તિના એક-નિવેદન તરીકે નકારી શકાય છે. પરંતુ મામલો ઊંડો અને નાજુક છે. ઊંડો એટલા માટે છે કે કટ્ટરપંથી હિન્દુત્વવાદી દળો લાંબા સમયથી 'બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી'ના આ પ્રચારને ચગાવી રહ્યા છે. આ પ્રવચનમાં એકમાત્ર ફેરફાર, કથિત 'રોહિંગ્યા ઘૂસણખોરો'ને ઉમેરવાનો છે. નાજુક એટલા માટે કે તાજેતરના પટના હાઈકોર્ટના આદેશથી રાજ્ય સરકાર અને પરિણામે જિલ્લા વહીવટીતંત્રને આવા નિર્દેશો બહાર પાડવાની ફરજ પડી છે જે મુસ્લિમ સમુદાય માટે મોટી સમસ્યા ઊભી કરી શકે છે. ખતરો એ છે કે કોઈપણ કટ્ટરપંથી તત્વ મુસ્લિમોને નિશાન બનાવી શકે છે અને તેમને 'ગેરકાયદેસર સ્થળાંતર કરનારા' તરીકે ઓળખાવી શકે છે. કિશનગંજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા પત્રમાં પટના હાઈકોર્ટના નીચેના ભાગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે: હકીકતમાં, અમે વિચારણા કરી રહ્યા છીએ કે લોકોને સંવેદનશીલ બનાવવાની આવી પ્રક્રિયા, સરહદી વિસ્તારોની સાથે સાથે, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા બંને દ્વારા જોરશોરથી હાથ ધરવામાં આવવી જોઈએ, તેમજ જાહેર ઉત્સાહી વ્યક્તિઓ/એનજીઓને ગેરકાયદે સ્થળાંતર કરનારાઓને દેશનિકાલ કરવા માટે સાંકળી લેવું એ મહત્ત્વનું અને રાષ્ટ્રીય હિતમાં છે. આ ઓર્ડર ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ, Cr. WJC નંબર ૩૯૦/૨૦૨૦ બાંગ્લાદેશી મહિલા વિ. બિહાર રાજ્ય અને અન્યમાં પાસ કરવામાં આવ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, જ્યારે પટના ખાતે નારી નિકેતનમાં રાખવામાં આવેલી બે બાંગ્લાદેશી મહિલાઓને દેશનિકાલ કરવામાં આવી હતી તેથી આ કેસ બંધ થવો જોઈએ. બે મહિલાઓને પટના રેલવે જંકશન પર પકડવામાં આવી હતી જેમણે દાવો કર્યો હતો કે તેમની તસ્કરી કરવામાં આવી હતી અને મુંબઈ લઈ જવામાં આવી રહી હતી. કોર્ટે કેસ બંધ કર્યો ન હતો અને રાજ્ય સરકારને 'ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ'ને ઓળખવા માટે લોકોને સંવેદનશીલ બનાવવાનું કહ્યું હતું, અને તેમને અટકાયત કેન્દ્ર બનાવવાનો આદેશ પણ આપ્યો હતો. ઘણા કાનૂની પંડિતો દલીલ કરે છે કે જ્યારે 'ગેરકાયદે સ્થળાંતર કરનારાઓની સંખ્યા પર કોઈ અભ્યાસ નથી, ત્યારે અટકાયત કેન્દ્રની સ્થાપના માટેનો આદેશ સમજ બહાર છે. નવ દિવસ પછી, બિહાર

સરકારના ગૃહ વિભાગે એક પત્ર જારી કર્યો, જે કહેવાતા ગેરકાયદે સ્થળાંતર કરનારાઓ વિશે બિહારના ઓછામાં ઓછા બે જિલ્લાઓના સ્થાનિક નિર્દેશોનો આધાર બન્યો. તે સ્પષ્ટ નથી કે આ પત્ર બિહારના તમામ જિલ્લાઓને મોકલવામાં આવ્યો છે, અથવા અન્ય જિલ્લાઓને જેમણે સમાન નિર્દેશ જારી કર્યા છે. કિશનગંજના જિલ્લા મેજિસ્ટ્રેટ આદિત્ય પ્રકાશે તે પત્રમાં જિલ્લા જનસંપર્ક અધિકારીને સંબોધિત કરતા કહ્યું છે કે તેને અત્યંત મહત્વપૂર્ણ માને અને લોક જાગૃતિ ફેલાવવા માટે ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ માધ્યમથી તમામ જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપે અને સ્થાનિક વહીવટીતંત્રને વિવિધ સ્થળોએ આવા શંકાસ્પદ અથવા ગેરકાયદે સ્થળાંતર કરનારાઓ, ખાસ કરીને સરહદી વિસ્તારોમાં રહેતા હોય તેની માહિતી આપે. આ પત્ર ગૃહ વિભાગ દ્વારા ૨૮ ઓગસ્ટના રોજ મોકલવામાં આવેલા પત્રનો ઉલ્લેખ કરે છે.

તેવી જ રીતે, સિવાન એસ.પી.નો બીજો વાયરલ પત્ર એક સામાન્ય નોટિસમાં કહે છે કે ''જો તમે કોઈ વિદેશી, મોટેભાગે બાંગ્લાદેશી, તમારી નજીક ગેરકાયદેસર રીતે રહેતા હોય તો સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરો અને તેમની સામેની કાનૂની કાર્યવાહીમાં મદદ કરો.'' આ પત્ર ૨૯ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ સહી થયેલ છે. નોંધનીય છે કે, સિવાનમાં કોઈ આંતરરાષ્ટ્રીય સરહદ નથી. ઘણા લોકો દલીલ કરે છે કે વહીવટી નિર્દેશો આડકતરી રીતે નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) જેવા છે જે મુસ્લિમ સમુદાય માટે ચોક્કસ સમસ્યા ઊભી કરશે. આ નોંધપાત્ર રીતે આસામ NRC કરતાં વધુ ખતરનાક છે કારણ કે અહીં આદેશો લોકોને 'સંવેદનશીલ' કરવાનું કહે છે અને આમ કોઈને પણ 'ગેરકાયદેસર સ્થળાંતર કરનાર' હોવાનો આરોપ લગાવવાનો અધિકાર આપે છે. સીમાંચલમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના પાંચ ધારાસભ્યો છે. AIMIMના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ ૭ સપ્ટેમ્બરે ટ્વીટ કર્યું હતું કે બિહાર સરકાર બે સરકારી નિર્દેશોને જોડીને પાછલા બારણે NRC લાગુ કરી રહી છે. તેમણે દલીલ કરી હતી કે કાનૂની જોગવાઈઓનો સમાન દુરુપયોગ આસામમાં પણ કરવામાં આવ્યો હતો. તેમના મતે, ઘણા પ્રખ્યાત ભારતીયોને ફસાવવામાં આવ્યા છે અને તેમને ભારે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને સંઘ પરિવાર દુષ્પ્રચાર કરી રહ્યું છે કે સીમાંચલના નાગરિકો ઘૂસણખોર છે. તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને યાદ અપાવ્યું કે કોઈને પણ દેશમાંથી હાંકી કાઢવામાં આવશે નહીં અને દરેક લોકો ભારતીય છે. ઓવૈસીએ પ્રશ્ન કર્યો, ''તો પછી, આ એનઆરસી પાછળના દરવાજાથી કેમ લાગુ કરવામાં આવી રહી છે?'' તાજેતરના ઝેરીલા શાબ્દિક હુમલા, કોર્ટના આદેશ અને વહીવટી આદેશે આ મુદ્દાને ખૂબ જટિલ બનાવી દીધો છે. પરંતુ હિન્દુત્વવાદીઓ લાંબા સમયથી આની જ રાહ જોઈ રહ્યા હતા.

સ્થાનિક પત્રકાર તન્ઝિલ આસિફે TwoCircles.netને કહ્યું કે તેમના માટે આવા કોમવાદી વિભાજનકારી પ્રચારને આગળ વધારવો એ નવી વાત નથી. ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહ મંત્રાલયના જુનિયર મંત્રી, નિત્યાનંદ રાયે ૨૦૧૮માં અરેરિયા સંસદીય બેઠકની પેટાચૂંટણી દરમિયાન દાવો કર્યો હતો કે જો આરજેડી (લાલુપ્રસાદનું રાષ્ટ્રીય જનતા દળ) જીતી જશે તો અરેરિયા આઈએસઆઈનો અડ્ડો બની જશે. (પાકિસ્તાની જાસૂસી એજન્સી). વર્તમાન નીતિશ કુમારની સરકારમાં એક મંત્રી રામ સુરત રાયે તાજેતરમાં દાવો કર્યો હતો કે 'ઘૂસણખોરો' સીમાંચલમાં મોટી સંખ્યામાં આવી રહ્યા છે જેઓ 'સ્થાનિક દલાલોની મદદથી જમીન ખરીદી રહ્યા છે.' AIMIMના બિહાર પ્રમુખ અને અમૌરના ધારાસભ્ય અખ્તરુલ ઈમાને TwoCircles.netને કહ્યું કે જો ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓની ઓળખ કરવામાં આવે તો કોઈ સમસ્યા નથી પરંતુ તેઓ સૂચવે છે કે આની જવાબદારી તે વ્યક્તિ પર હોવી જોઈએ જે કોઈને બિન-ભારતીય તરીકે ઓળખાવે છે. તેઓ પૂછે છે કે, ''ભારતીયોએ શા માટે સાબિત કરવું જોઈએ કે તેઓ તેમના વતન ભારતમાં, ભારતીય છે?'' અખ્તરુલ ઈમાને કહ્યું કે વહીવટીતંત્રએ એવા લોકોને જેલના સળિયા પાછળ ધકેલવાની જરૂર છે જેઓ આ વિસ્તારને કોમવાદી લાઈનો પર લઈ જવા અને મુસ્લિમ સમુદાય પ્રત્યે નફરત ફેલાવવા 'વિદેશીઓ'નો મુદ્દો ઉઠાવી રહ્યા છે. તેમણે આગળ કહ્યું કે કિશનગંજની પડોશી પશ્ચિમ બંગાળ સાથે સરહદ હોવાથી, ''કેટલાક બંગાળીઓ અહીં આવે છે અને સ્થાનિક ભાષા સૂરજપુરીમાં પણ બાંગ્લા સાથે કેટલીક સમાનતા છે પરંતુ તે ક્યારેય બાંગ્લાદેશી હોવાનો પુરાવો નથી.'' તે કહે છે ''આ વિસ્તારમાં કોઈ બાંગ્લાદેશ નથી.''

તેમણે કહ્યું કે આઝાદી સમયે સીમાંચલ એક સમૃદ્ધ વિસ્તાર હતો પરંતુ સરકારની સતત ઉદાસીનતા અને ઉપેક્ષાએ કિશનગંજ સહિત વિકાસના મોરચે આ વિસ્તારને દયનીય બનાવ્યો છે. સંજોગોવશાત્, કિશનગંજનો સાક્ષરતા દર ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં બિહારમાં સૌથી ઓછો ૫૭.૦૪ હતો. કિશનગંજ જિલ્લાની સત્તાવાર વેબસાઇટમાં પ્રવાસન સ્થળ તરીકે માત્ર એક જ સ્થળનો ઉલ્લેખ છે જે મહાનંદા નદીકે છે, જે કિશનગંજ શહેરના રેલવે સ્ટેશનથી છ કિલોમીટર દૂર છે. મહાનંદા નદી નસીબનું ભિશ્રણ છે કારણ કે તે તેના પૂર સાથે ભારે મુશ્કેલીઓ લાવે છે.

કિશનગંજમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનું પ્રસ્તાવિત કેન્દ્ર છે જ્યાં લગભગ ૨૦ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે પરંતુ તે પણ વિવાદમાં ઘેરાયેલું છે. તેનું ભાગ્ય અદ્ધરતાલ છે કારણ કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે મહાનંદાની નજીકના આ કેમ્પસનું બાંધકામ અટકાવી દીધું છે. હાલમાં, તે માત્ર થોડા અભ્યાસક્રમો સાથે કેટલીક નાની ઈમારતોમાં ચલાવવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી નીતિશકુમારે સીમાંચલની પરિસ્થિતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી પરંતુ તેમની પાર્ટી જનતા દળ યુનાઈટેડના એક અધિકારી અને ભૂતપૂર્વ ધારાસભ્ય મુજાહિદ આલમે દલીલ કરી હતી કે NRC વિરુદ્ધનો પ્રસ્તાવ બિહાર વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો છે.

આગળ ઉમેરતા તેમણે કહ્યું કે, ''પટના હાઈકોર્ટના આદેશ સામે રાહત મેળવવા માટે તેઓએ સુપ્રીમ કોર્ટમાં જવું જોઈએ.'' તેમ છતાં તે ખાતરી આપે છે કે જો કોઈ સાચી વ્યક્તિ પર આરોપ લગાવવામાં આવશે તો તેઓ તેનો વિરોધ કરશે.

- સમી અહમદ (સૌ. : ટુ સર્કલ.નેટ)

શું સપ્તાહના માત્ર ત્રણ જ દિવસ કામ ? : એક સ્ટાર્ટઅપે હવે ટેલેન્ટને આકર્ષવા આ પ્રયોગ શરૂ કર્યો છે

અભ્યાસ દ્વારા એવું બહાર આવ્યું છે કે, સપ્તાહમાં ઓછા દિવસ કામ કરવાથી કર્મચારીની પ્રોડક્ટિવિટી વધે છે

(એજન્સી) તા.૫

ટેકનોલોજી ટેલેન્ટની અછતના કારણે ભારતીય કંપનીઓ હવે તેમના કર્મચારીઓને વધુ વેકેશન ટાઈમ અને પિતૃત્વ રજા જેવી ઓફરો કરી રહ્યાં છે. બેંગ્લુરુનું એક સ્ટાર્ટઅપ સપ્તાહમાં ત્રણ દિવસ જ કામ કરવાની ઓફર કરે છે. ફીનટેક કંપની સ્લાઈસ પ્રવર્તમાન ૮૦ ટકાના માર્કેટ દરે સેલરી સાથે એક સપ્તાહના ત્રણ દિવસ કામ કરવાની શરતે નવો સ્ટાફ હાયર કરે છે. કંપનીના સંસ્થાપક રાજન બજાજે એક ફોન મુલાકાતમાં જણાવ્યું હતું કે આ કામનું ભવિષ્ય છે. લોકો હવે કોઈ પણ નોકરી સાથે બંધાવા માગતાં નથી. વૈશ્વિક રોકાણકારો દેશમાં ટેક્સ સ્ટાર્ટઅપમાં અબજો ડોલર રોકી રહ્યાં છે જેને કારણે ઉદ્યોગ સાહસિકોને ટીમ તૈયાર કરવાનું દબાણ હોય છે. જ્યારે બીજી બાજુ બજારમાં ટેકનિકલ ટેલેન્ટની જંગી અછત છે અને આઈટી આઉટ સોર્સર સિલિકોન

વેલી જાયન્ટ્સ, ગ્લોબલ રીટેલર્સ અને વોલસ્ટ્રીટ બેંક ટેકનોલોજી સેન્ટર સેંકડો સ્ટાર્ટઅપ સાથે એન્જિનિયરીંગ અને પ્રોડક્ટ ટેલેન્ટ માટે સ્પર્ધા કરી રહ્યાં છે. સ્લાઈસ કંપનીમાં ૪૫૦ કર્મચારીઓ છે અને આગામી ત્રણ વર્ષમાં ૧૦૦૦ એન્જિનિયર અને પ્રોડક્ટ્સ મેનેજરની ભરતી કરવા માગે છે. બજાજે સપ્તાહના ત્રણ દિવસ કામ કરવા પાછળના લોજીકને સમજાવતાં જણાવ્યું કે વર્કર્સને સપ્તાહના ત્રણ દિવસ કામ કરવા માટે પગાર અને પૂરા લાભો મળશે અને તેઓ બાકીના સમય સ્ટાર્ટઅપ ડ્રીમને સાકાર કરવા પાછળ ખર્ચશે. ઓછા દિવસના સપ્તાહ માટેની હિલચાલ આમ તો છેલ્લા એક સદીથી ચાલી રહી છે. ૧૯૨૬માં હેન્ડ્રી ફોર્ડે ઉત્પાદકતા પ્રભાવિત થશે નહીં એવા પ્રયોગ બાદ અગાઉ સપ્તાહના છ દિવસ કામકાજ માટેના હતાં તેના સ્થાને ફાઈવ ડે વીક અપનાવ્યું હતું. ટૂંકા સપ્તાહના પુરસ્કર્તાઓ એવા અભ્યાસોને ટાંકે છે કે જેમાં એવું જણાવાયું છે કે આયર્લેન્ડ અને આઈસલેન્ડમાં આ પ્રયોગ કર્યા બાદ એવું સામે આવ્યું છે કે સપ્તાહમાં ઓછા દિવસ કામકાજના રાખવાથી કર્મચારીઓની ઉત્પાદકતા અને સુખાકારી વધે છે. એમેઝોન કંપનીએ પણ ૨૦૧૮માં ચુનંદા કર્મચારીઓ માટે ચાર દિવસના સપ્તાહનો પાયલટ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આમ સ્લાઈસે પણ હવે ત્રણ દિવસના ઓપ્શનની ઓફર કરવાનું શરૂ કરી દીધું છે. ૨૦૧૬માં સ્થપાયેલ સ્ટાર્ટઅપ દેશભરમાં યુવાનોને કેડિટ કાર્ડની ઓફર કરવાનું સ્પેશિયલાઈઝેશન ધરાવે છે.

શું અરબાઝ મુલ્લાની હત્યા ૧૭ હજાર રૂપિયાની લાંચ માટે કરવામાં આવી હતી ?

(એજન્સી) તા.૫

૨૪ વર્ષીય અરબાઝ આફતાબ મુલ્લાની કથિત રીતે બેલાગવીમાં હત્યા કરવામાં આવી તેના છ મહિના પહેલા, તેણે જમણેરી સંગઠન રામ સેના તરફથી તેના જીવન માટે ખતરો હતો. તેના પરિવારે ધ ક્વિન્ટને જણાવ્યું હતું. ૨૬ સપ્ટેમ્બરના રોજ, મુલ્લાને રામ સેના નેતાઓને ''ખુશ'' રાખવા માટે ૧૭,૦૦૦ રૂપિયાની લાંચ આપવાનું કહેવામાં આવ્યું હતું. જ્યારે પરિવારે આ ચૂકવણી કરી ન હતી, તો શનિવાર, ૨ ઓક્ટોબરે કર્ણાટકના ખાનપુર નજીક રેલવે ટ્રેક પર મુલ્લાનું ધડથી અલગ માથું અને પગ મળી આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે તેની હત્યા ૨૯ સપ્ટેમ્બર બુધવારે કરવામાં આવી હતી. મુલ્લા નામના મુસ્લિમ યુવકની હત્યા એટલા માટે કરવામાં આવી હતી કારણ કે તેના એક હિંદુ મહિલા સાથે બે વર્ષથી સંબંધ હતા. કર્ણાટક પોલીસે આ કેસમાં રામ સેના સાથેના જોડાણ સાથે આઠ લોકોની ધરપકડ કરી છે. મુલ્લાના પરિવારને એક વર્ષ પહેલા આ સંબંધની જાણ થતાં તેઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. મૃતક અને તેની પ્રેમિકા ખાનપુરના મારુતિનગરમાં પાડોશી હતા. આ છોકરી પાડોશી હોવાથી, લગભગ એક વર્ષ સુધી અરબાઝના ઘરે નિયમિત આવતી હતી. તેના પરિવારને ડર હતો કે આ ઘટના કોમી તણાવ પેદા કરશે. ૨૯ સપ્ટેમ્બર, બુધવારે નોંધાયેલી ફરિયાદમાં મુલ્લા ૨૮ સપ્ટેમ્બર, મંગળવારે તેના બેલાગવી સ્થિત ઘરેથી ગુમ થઈ ગયો હતો. તેનું કુટુંબ, જે ૨૦૨૦ સુધી ખાનપુર ખાતે રહેતું હતું તે મુલ્લાના આગ્રહથી છ મહિના પહેલા બેલાગવી શિફ્ટ થયો હતો. ત્યાં સુધીમાં, રામ સેનાના સ્થાનિક નેતાઓએ તેને ભયંકર પરિણામની ચેતવણી આપી હતી. તે ચિંતિત હતો, તેણે પહેલા છોકરીથી પોતાને દૂર કરવાનો પ્રયાસ કર્યો અને ટૂંક સમયમાં જ સમજાયું કે તે આવું કરી શકતો નથી. છોકરી પણ સંબંધ ચાલુ

રાખવા માટે ખૂબ જ ઉત્સુક હતી અને અરબાઝ તેને ખૂબ પ્રેમ કરતો હતો. મુલ્લાના ડરનું કારણ કથિત રીતે રામ સેનાના નેતાઓ, પુંડલિક મહારાજ અને ભીજરે સાથેની મુલાકાત હતી. મુલ્લાને તેમની માતા સાથે નેતાઓને મળવા માટે એકાંત સ્થળે બોલાવવામાં આવ્યા હતા. તેઓએ તેને છોકરીથી દૂર રહેવા કહ્યું હતું. તેઓએ તેને કહ્યું કે જો તે આવું નહીં કરે તો તેના પર હુમલો કરવામાં આવશે. જો કે, મુલ્લાએ તેની ગર્લફ્રેન્ડ સાથે ફોન પર અને રૂબરૂમાં સંપર્ક ચાલુ રાખ્યો હતો. મુલ્લાનો પરિવાર ખાનપુરમાં નવું મકાન બનાવી રહ્યો હતો, તેથી છેલ્લા છ મહિનામાં તે વિસ્તારની મુલાકાત પણ વધી હતી. પરિવારને સમજાયું કે મુલ્લા હજુ પણ ભય હેઠળ છે અને તેમણે સ્થાનિક મસ્જિદના જમાતનો સંપર્ક કર્યો હતો. જોકે, ધાર્મિક સંસ્થાએ આ કેસમાં હસ્તક્ષેપ કર્યો ન હતો. જમાતના નેતાઓએ માત્ર પરિવારને અરબાઝને સલાહ આપવા કહ્યું હતું. મુલ્લાને મોટાભાગે વોટ્સએપ પર ધમકીભર્યા કોલ આવતા હતા. જ્યારે તેણે એક નંબર બ્લોક કર્યો ત્યારે બીજા નંબર પરથી વધુ ધમકીઓ આવતી હતી. પરંતુ તેઓ હંમેશા મહારાજ અને સેનાના અન્ય નેતાઓ સાથેની બેઠકનો ઉલ્લેખ કરતા હતા તે ગુમ થયાના ત્રણ દિવસ પહેલા, મુલ્લા અને તેની માતાને ફરીથી રામસેનાના નેતાઓ સાથે બેઠક માટે બોલાવવામાં આવ્યા હતા. ખાનપુર ખાતે યોજાયેલી બેઠકમાં તેમને તેમની ગર્લફ્રેન્ડના તમામ ફોટા તેમના ફોન પરથી ડિલીટ કરવા માટે કહેવામાં આવ્યું હતું. તેમના પરિવારે હવે આરોપ લગાવ્યો છે કે નેતાઓને ''ખુશ'' રાખવા માટે મુલ્લાને 'તુષ્ટિકરણની રકમ 'ચૂકવવાનું પણ કહેવામાં આવ્યું હતું. તેઓએ તેના પરિવારને ૧૭,૦૦૦ રૂપિયા ચૂકવવા કહ્યું હતું. તેમની પાસે તાત્કાલિક રોકડ રકમ નહોતી અને તેઓ ચૂકવણી કરે તો પણ ધમકીઓ બંધ થશે કે નહીં તેની ખાતરી નહોતી. મુલ્લાની માતાએ પેટીએમ પર રકમ ચૂકવવાનું વચન આપ્યું હતું. જો કે, ચુકવણી કરવામાં આવી ન હતી. શું આ રકમ માટે મુલ્લાની હત્યા કરવામાં આવી હતી ? તેનો પરિવાર વિચારે છે કે મુલ્લાનો જીવ બચાવવા માટે તેઓએ રકમ ચૂકવવી જોઈતી હતી. તેઓ કહે છે કે, જો અમે ચૂકવણી કરી હોત, તો તેઓએ વધુ પૈસા માંગ્યા હોત. પરંતુ ઓછામાં ઓછું તેનો જીવ બચી ગયો હોત. હાલમાં, કેસની તપાસ કરી રહેલા બેલાગવી પોલીસ કર્મચારીઓએ જણાવ્યું હતું કે મુલ્લાની હત્યા થઈ હોય શકે છે કારણ કે તે કેટલાક સ્થાનિક નેતાઓની નજરમાં હતો. આ હત્યામાં તેની ગર્લફ્રેન્ડના પરિવારની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે ધ ક્વિન્ટને જણાવ્યું હતું.

(સૌ. : ધ ક્વિન્ટ)

ભરૂચ જિલ્લાના અગ્રણી કોંગ્રેસી આગેવાન અને

વાલિયા ગણેશના પૂર્વ ચેરમેન સંદીપ માંગરોલાને ઉચાપત કેસમાં બે દિ'ના રિમાન્ડ

૮૫ કરોડની ઉચાપતની ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ધરપકડ કરી ૧૫ કલાક મેરેથોન પૂછપરછ કરી

ભરૂચ, તા.૫

વાલિયાની ગણેશ સુગર ફેક્ટરીના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસ અગ્રણી સંદીપ માંગરોલાની સોમવારે ૮૫ કરોડના આર્થિક કૌભાંડમાં ધરપકડ થયા બાદ તેઓની ૧૫ કલાક સુધી મેરેથોન પૂછપરછ ચાલી હતી. મંગળવારે સાંજે પોલીસે ઉચાપતના મૂળ સુધી પહોંચવા ૧૦ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં કોર્ટે બે દિવસના રિમાન્ડ આપ્યા હતા.

વાલિયાની વટારીયા શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસ આગેવાન સંદીપસિંહ માંગરોલા સહિત ૮ લોકો સામે ૮૫ કરોડની ઉચાપતના ગુનામાં સોમવારે તત્કાલીન ચેરમેનની ધરપકડ બાદ ભરૂચ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં સહકારી અને રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે.

વાલિયા પોલીસ મથકે રવિવારે મધરાતે ૨૦ ફરિયાદ દાખલ કરાયા બાદ સોમવારે બપોરે સંદીપ માંગરોલાની ધરપકડ કરાઈ હતી. પોલીસ દ્વારા તેઓની સુગર ફેક્ટરીને અન્ય ૮ આરોપીઓ સાથે મળી ૮૫ કરોડની કરાયેલી ઉચાપત અંગે ૧૫ કલાક સુધી પૂછપરછ ચાલી હતી.

સુગર ફેક્ટરીને આર્થિક રીતે ખોખલું કરી દેનારી અને ૧૮૦૦૦ સભાસદોની જીવાદોરી સમાન ગણેશ સુગરમાં અચરાયેલી આ ઉચાપતમાં સંદીપ માંગરોલાના રિમાન્ડ મંજૂર થયા બાદ અન્ય ૮ આરોપીઓની ધરપકડનો દોર તેજ બની શકે છે. ગણેશ સુગરમાં વહીવટ કર્તાઓ દ્વારા ફરિયાદ મુજબ આચરાયેલા ૮૫ કરોડનું કથિત કૌભાંડ બહાર આવ્યા બાદ રાજ્યની અન્ય સુગર ફેક્ટરીઓના આર્થિક વ્યવહારોની પણ તપાસ થઈ શકે છે. સાથે જ પોલીસ સાથે આ કૌભાંડની તપાસમાં ઈક્મટેક્ષ વિભાગ અને જીએસટી વિભાગ સહિતની એજન્સીઓ જોડાઈ શકે છે.

હાલ તો પૂર્વ ચેરમેનની ધરપકડ બાદ તત્કાલીન MD બનેસિંહ સુરસિંહ ડોડીયા, તત્કાલીન ચીફ એકાઉન્ટન નરપતસિંહ, તત્કાલીન ગણેશ સુગરના વહીવટી કર્મચારીઓ, અભિરાજ એજન્સીના માલિકો, કીંજલ કેમીકલ્સ પ્રા.લી, અમદાવાદ મહેશ એન્ટરપ્રાઈઝના માલિકો, અંકલેશ્વર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના તત્કાલીન મેનેજર તથા કર્મચારીઓ પણ ધરપકડથી બચવા દોડતા થઈ ગયા છે.

ધારાસભ્યો સહિતના મુસ્લિમ આગેવાનોનું પ્રતિનિધિમંડળ DGPને મળ્યું

ઈદે મિલાદના જુલૂસ સહિતના કાર્યક્રમો સરકારી ગાઈડલાઈન સાથે ઉજવવા મંજૂરી આપવા માંગ

DGPએ હકારાત્મક રીતે સાંભળી યોગ્ય નિર્ણય લેવા ખાતરી આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

આગામી ૧૯ અથવા ૨૦ ઓક્ટોબરના રોજ ઈદે મિલાદુન્નબીનો પવિત્ર તહેવાર આવી રહ્યો હોવાથી જુલૂસ સહિતના કાર્યક્રમો માટે સરકારી ગાઈડલાઈનના ચુસ્ત પાલન સાથે ઉજવણી કરવાની મંજૂરી આપવા ત્રણે મુસ્લિમ ધારાસભ્યો સહિતના મુસ્લિમ આગેવાનોના પ્રતિનિધિમંડળે રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયાને રૂબરૂ મળી આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

ઈદે મિલાદુન્નબી પર્વના જુલૂસની મંજૂરી બાબતે મુસ્લિમ આગેવાનોએ ગુજરાતના ડીજીપીની રૂબરૂ મુલાકાત કરી હતી. જેમાં ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, ધારાસભ્ય મુહમ્મદ જાવેદ પીરજાદા, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાન પઠાણ, ઈકબાલ શેખ એડવોકેટ, જુનેદ શેખ, મુનીર કલીમી (ઈદે મિલાદ કમિટીના ટ્રસ્ટી), રફીકભાઈ કાદરી, જી.પી. ચાવાલા, ઉસ્માનભાઈ કુરેશી, સલીમ ઘીવાલા, શાહીદ શેખ (સિવિલ એન્જિનિયર), આબીદ એડવોકેટ હાજર રહ્યા હતા. ડીજીપીની મુલાકાત દરમિયાન સમગ્ર ગુજરાતમાં ઈદે મિલાદુન્નબીના જુલૂસ માટે અને શાંતિપૂર્વક કોરોનાની ગાઈડલાઈન મુજબ તહેવાર ઉજવવા સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજ તરફથી માગણી કરવામાં આવી છે. ઉપરોક્ત માગણીને ડીજીપી દ્વારા હકારાત્મક રીતે સાંભળવામાં આવી હતી. હાલ કોરોના ગાઈડલાઈન, એસઓપી તેમજ રથયાત્રા-ગણેશ ઉત્સવ-નવરાત્રિ જેવા તહેવારો અને વર્તમાન સંજોગોને અનુરૂપ પર્વોને ધ્યાનમાં રાખી આવતા સપ્તાહ સુધી હકારાત્મક યોગ્ય નિર્ણય લેવાની ખાત્રી આપી હતી.

પાટણમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં ગૃહમંત્રી સંઘવીનું ઉદ્‌બોધન

ગુજસીટોક અંતર્ગત ગુનો આચરતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે

એસ.પી. કચેરી ખાતે યોજાયેલી કોન્ફરન્સમાં DGP સહિતના પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૫

પાટણ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ રજૂ કરેલી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગૃહ રાજ્યમંત્રીએ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગૃહ રાજ્યમંત્રીને માહિતી આપતા એસ.પી.એ જણાવ્યું હતું કે, સરહદ સાથે જોડાયેલા પાટણ જિલ્લામાં ઈન્ટેલિજન્સ સેવાઓ સારી બને તે માટે અખંડ ભારત પોલીસ મિત્ર યોજના અંતર્ગત પોલીસ જવાન, ગ્રામ રક્ષક દળના જવાનો તથા હોમગાર્ડના જવાનો કામગીરી કરી રહ્યા છે. સાથે જ પગીની મદદ અને બી.એસ.એફ. સાથે પોલીસ

(તસવીર : ઈલ્મુદ્દીન સૈયદ, પાટણ)

જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા છે. વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ પાટણ, રાધનપુર અને સિદ્ધપુર શહેર ખાતે કુલ ૯૧ સ્થળોએ ૪૯૬ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવશે. હાલ ૨૪ કલાક કાર્યરત એવા કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર પર સતત મોનિટરીંગના કારણે જિલ્લામાં ચેઈન સ્નેચિંગ, લૂંટ અને ચોરી જેવી ઘટનાઓમાં સતત ઘટાડો થવા પામ્યો છે. ક્રાઈમ કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવેલી વિગતોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગાંજો, અફીણ અને પોષડોડા જેવા માદક પદાર્થોનો ઉપયોગ અને હેરફેર કરનાર સામે તપાસ હાથ ધરી ઝડપથી તેમની અટકાયત થાય તે જરૂરી છે. ગુજસીટોક અંતર્ગત ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમને અંજામ આપતા લોકો, લેન્ડ ગ્રેબિંગ એક્ટ તથા ફાઈનાન્સિયલ ફ્રોડ આચરતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ગૃહ રાજ્યમંત્રી દ્વારા પાટણ ક્રાઈમ રિપોર્ટસ વેબ પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સાથે જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં તથા કોરોના વાયરસ મહામારીની સ્થિતિમાં શ્રેષ્ઠતમ કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ અને પોલીસકર્મીઓને ગૃહ રાજ્યમંત્રીના હસ્તે પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ ક્રાઈમ કોન્ફરન્સમાં અધિક પોલીસ મહાનિર્દેશક નરસિમ્હા કોમાર, પોલીસ મહાનિરીક્ષક જે.આર. મોથલિયા, જિલ્લા કલેક્ટર સુપ્રીતસિંઘ ગુલાટી અને નાયબ પોલીસ અધિક્ષક સહિતના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ મનપાના વોર્ડ નં.-૮ની પેટાચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવાર રઝાક હાલાનો વિજય

રઝાકભાઈને ૪૫૭૬ મત, હરીફ ઉમેદવારને ૩૮૦૫ મત મળ્યા

જૂનાગઢ,તા.૫

જૂનાગઢ મહા નગરપાલિકાની વોર્ડ નં.૮ની ખાલી પડેલી બેઠક ઉપર રવિવારે પેટાચૂંટણી યોજવામાં આવી હતી અને આજરોજ પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી અંકિત પન્નુની ઉપસ્થિતિમાં મતગણતરી કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને મત ગણતરી પૂર્ણ થતા કોંગ્રેસના ઉમેદવાર રઝાકભાઈ હુસેનભાઈ હાલાને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા. વોર્ડ નં.૮ની યોજાયેલી પેટાચૂંટણીમાં કુલ મત ૭૧૫૮માંથી ભાજપના ઉમેદવાર અશ્વિન પરી છગનપરી ગોસ્વામીને માત્ર ૬૩૭ મત મળ્યા હતા. જ્યારે એનસીપીના ઉમેદવાર મહેબુબભાઈ યાકુબભાઈ વિઘાને ૩૮૦૫ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના રઝાકભાઈ હુસેનભાઈ હાલાને ૪૫૭૬ મત મળ્યા હતા. આ ઉપરાંત ૧૪૦ મત નોટામાં ગયા હતા. મત ગણતરી પૂર્ણ થતા વોર્ડ નં.૮ની બેઠક ઉપર રઝાકભાઈ હુસેનભાઈ હાલાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આજે ચૂંટણી પરિણામ જાહેર થતા વોર્ડ નં.૮ની બેઠક ઉપર રઝાકભાઈ હુસેનભાઈ હાલા વિજેતા બનતા તેમના ટેકેદારો અને ચાહકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

ભિલોડા તા.પં.ની ઉબસલ બેઠક પર આપ ઉમેદવારનો વિજય

મોડાસા નગરપાલિકા તથા બાયડના હઠીપુરા તા.પં. બેઠક પર ભાજપ ઉમેદવારો વિજયી

મોડાસા, તા.૫

ભિલોડા તાલુકામાં આમ આદમી પાર્ટીએ બાજી મારતા આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરા ચડાણ સાબીત થઈ શકે છે.

અરવલ્લી જિલ્લામાં યોજાયેલી પેટા ચૂંટણીમાં જિલ્લા પંચાયતની એક બાયડ તાલુકા પંચાયત અને મોડાસા પાલિકા વોર્ડ.નં-૨માં ભાજપનો ભગવો લહેરાયો હતો ભિલોડા તાલુકા પંચાયતની ઉબસલ બેઠક પર ભાજપ-કોંગ્રેસ પર ઝાડુ ફરી વળતા આમ આદમી પાર્ટીના યુવા નેતાની ભવ્ય જીત થઈ છે. ભિલોડા તાલુકાની જિલ્લા પંચાયત નાંદોજ બેઠક પર ૭૫૪૯ જંગી મતોની લીડ સાથે ભાજપના નિલાબેન મોડીયાનો ભવ્ય વિજય થયા હતા. ભાજપ-૧૦૪૭૭, જીતેન્દ્રકુમાર નાનજીભાઈ બરંડા, આપ- ૧૫૪૧, સંજયકુમાર કાવજીભાઈ ફનાત, કોંગ્રેસ-૨૯૨૮ મત મળ્યા હતા. ૧. બાયડની હઠીપુરા તા.પં બેઠકમાં ભાજપના ઉમેદવાર રણછોડસિંહ સોલંકી ૨૩૬૭ મતથી જીત્યા. ૨. મોડાસા નગરપાલિકાના વોર્ડ-૦૨માં ભાજપના અર્જુન રાઠોડ ૧૫૮૫ મતથી જીત્યા. ૩. ભિલોડાની ઉબસલ તા.પં બેઠક પર આમ આદમી પાર્ટીના રૂપસિંહ ભગોરા ૧૦૧૫ મતે જીત્યા, કોંગ્રેસને ૮૩૮ અને ભાજપને ૧૨૨૯ મત મળ્યા આ બેઠક અગાઉ અપક્ષ પાસે હતી.

સાવરકુંડલા ખાતે ઓલ ઈન્ડિયા ગુજરાત ક્ષત્રિય કડિયા સમાજનું યુવા સંમેલન યોજાયું

સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલા ખાતે યુવાનો અને યુવા નેતૃત્વને ક્રાંતિકારી વિચારને વેગ આપવા માટે ઓલ ઈન્ડિયા ગુજરાત ક્ષત્રિય કડિયા સમાજનું યુવા સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા જ્ઞાતિ પ્રમુખ ભરતભાઈ ટાંક ઉર્વીબેન ભરતભાઈ ટાંક સહિત જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તળાજા નગરપાલિકાની બંને બેઠક પર ભાજપનો દબદબો

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લાના તળાજા નગરપાલિકાની પેટાચૂંટણીમાં વોર્ડ ૪ અને ૬ની ચૂંટણીની આજે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં બન્ને બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. આ બન્ને બેઠકો આ અગાઉ પણ ભાજપ પાસે જ હતી. તેથી બન્ને બેઠકો ભાજપે પોતાની પાસે જાળવી રાખી હતી. આ ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાખીયો જંગ જામ્યો હતો. આ ચૂંટણીમાં ભાજપનો વિજય થતા ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાવનગર જિલ્લાના તળાજા શહેરમાં નગરપાલિકાની ખાલી પડેલી બે વોર્ડની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ ખેલાયો હતો વોર્ડ નંબર ચાર માં ભાજપના ઉમેદવાર ધરમશીભાઈ વેગડનો ૪૮૩ મતે ભવ્ય વિજય થયો હતો. એ જ રીતે વોર્ડ નંબર ૬માં ભાજપના ઉમેદવાર રેખાબેન ઉપાધ્યાયનો ૪૬૯ મતથી ભવ્ય વિજય થયો હતો. આમ ભાજપે બન્ને બેઠકો જાળવી રાખી હતી.

કોળિયાકની બેઠક પર કોંગ્રેસની જીત

ભાવનગર તાલુકા પંચાયત ગુંદી-કોળિયાક પેટા ચૂંટણીમાં એક બેઠકની મત ગણતરી આજે હાથ ધરવામાં આવતા કોંગ્રેસના ઉમેદવાર યોગેશભાઈ લાડવાનો ૧૨૪ મતે ભવ્ય વિજય થયો હતો. આ બેઠક કોંગ્રેસે જીતી લેતા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કોંગી કાર્યકરોએ આતશબાજી કરી એક બીજાના મો મિઠા કરાવી વિજયની ખુશી વ્યક્ત કરી હતી. આ બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી વચ્ચે ત્રિપાખીયો જંગ જામ્યો હતો. જેમાં આજે મતગણતરી હાથ ધરાતા કોંગ્રેસના ઉમેદવારનો આજે વિજય થયો હતો.

આણંદના મોગર ગામે વીજ બિલના પૈસા બાબતે ભાઈએ ભાઈની હત્યા કરી

આણંદ, તા.૫

આણંદ તાલુકાના મોગર ગામે લાઈટ બિલ બાબતે બોલાચાલી થતાં મોટાભાઈએ નાનાભાઈને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી, તેમાં ઉશ્કેરાઈ જઈને પેટના ભાગે છરીનો ઘા ઝીંકીને ગંભીર ઈજા પહોંચાડતા સારવાર માટે આણંદની હોસ્પિટલમાં ખસેડાયો હતો, જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. વાસદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિજયભાઈ સમસેરભાઈ ખોખર મોગર ગામે આવેલા ફળિયામાં રહે છે, તેની બાજુમાં તેનો મોટાભાઈ અનીલ ખોખર રહે છે. ત્રણેય ભાઈઓના મકાનો વચ્ચે એક જ મીટર આવેલું છે, જેથી લાઈટ બિલ ભરવા બાબતે અનિલભાઈએ બોલાચાલી કરી હતી, અને તું મીટર લઈ લે તેમ કહી વિજય સાથે ઝઘડો કર્યો હતો. વિજયે જીઈબીમાં રજૂઆત કરી છે તેમ કહી લાઈટ બિલના પૈસા બાબતે ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા અનીલે પોતાના નાનાભાઈ વિજયને ગડદાપાટુનો માર મારી પેટના ભાગે છરી મારી દેતા તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે વાસદ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે હત્યા કરનાર આરોપી અનિલને પણ મારામારીમાં ઈજાઓ પહોંચી હોય તેને ત્વરિત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

યુ.પી.ના લખીમપુરમાં

ખેડૂતો પર થયેલ હુમલાના વિરોધમાં સાબરકાંઠા જિલ્લા કલે.ને આવેદન

હિંમતનગર, તા.૫

આજરોજ સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા લખીમપુર ઉત્તરપ્રદેશ પ્રદેશમાં ખેડૂતો પર થયેલા હુમલાના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં કેન્દ્રના રાજ્યમંત્રી રાજીનામું આપે અને ખેડૂતોના હત્યારાઓને સજા આપવામાં આવે અને પ્રિયંકાગાંધીને જેલ મુક્ત કરવાની માગણી સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેશ પટેલ, સુરેશ પટેલ, નંદુ પટેલ, અશોક પટેલ, બલવંત સિહ દેવડા, રતનબેન સુતરિયા, જયોતિબેન દવે, કમલાબેન પરમાર, પ્રિયવદન પટેલ, ટી.વી.પટેલ, યુસુફભાઈ બચ્ચા, શોએબભાઈ મેમણ, સીમાબેન, ઉત્તમભાઈ, કાંતિકાકા, દાઉદભાઈ મન્સૂરી તથા કોંગ્રેસનાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ તા.પં.ની ઘડકણ બેઠક પર ભાજપ ઉમેદવારનો વિજય

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયતની ઘડકણ બેઠકના સદસ્યની પેટા ચૂંટણીમા ભાજપના ઉમેદવારનો ૮૨૨ મતોથી વિજય થયો છે.

પ્રાંતિજના ઘડકણ તાલુકા સદસ્યનુ અકસ્માતમા મોત બાદ ખાલી પડેલ સદસ્યની બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ હતી. જેમા ભાજપ-કોંગેસ અને આપ ત્રણેય પક્ષો વચ્ચે ત્રિકોણીયો મુકાબલો હતો. જેનુ પરિણામ આજે જાહેર થતા ભાજપનો ભગવો લહેરાયો હતો. જેમાં ભાજપના સુખડ ગામના ઉમેદવાર ચતુરસિંહ કાળુસિંહ ડાભીને-૨૬૫૭ મતો મળતા ૮૨૨ મતોથી વિજય થયો છે. કોંગ્રેસના જયકુમાર ગાંડાભાઈ પટેલને-૧૮૩૫ મત તથા આમ આદમી પાર્ટીના રાજેશકુમાર ભીખાભાઈ સુથારને-૧૪૩ મત મળ્યા છે. ભાજપનો ભગવો લહેરાતા ભાજપ કાર્યકરો સર્મથકો દ્વારા ડીજે સાથે વિજેતા ઉમેદવારનો વરઘોડો નીકળ્યો હતો.

મેઘરજના લિંભોઈ ગામે મળેલ મૃતદેહનો મામલો

સાસરિયાએ મહિલાની હત્યા કરી હોવાના આક્ષેપ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત

પિયર પક્ષે જિલ્લા પોલીસ વડા પાસેથી તપાસની માંગ કરી

મેઘરજ, તા.૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના લિંભોઈ ગામે ૫૫ વર્ષીય મૃતક મહિલાની લાશ પોતાના જ ઘરના પાછળના ભાગેથી લોહીલુહાણ હાલતમાં મળતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે ત્યારે પિયરજનોએ હત્યાની આશંકા દર્શાવી તપાસની માંગ સાથે ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત કરી છે. મૃતક મહિલાના ભાઈ બાબુલાલ ડામોર રહે.સાદડિયા રાજસ્થાનની જાહેરાતના આધારે મૃતક મહિલાના પતિ અને પરિવારજનોએ મહિલાનું મોત નીપજાવ્યું હોવાની શંકા દર્શાવતા મેઘરજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે મૃતકના ભાઈએ મૃતકને માથામાં કુહાડી અને ધારીયા જેવા હથિયારથી તેના પતિ અને પરિવારજનોએ હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરી હત્યારાઓ સામે હત્યાનો ગુનો દાખલ કરવા અને અગાઉ પણ મૃતકને જમીન સરખી કરવા બાબતે મારઝુડ કરી કાઢી મૂકવામાં આવતી હોવાથી અને તને પતાવી દેવાની છે તેવી ધમકીઓ પણ પતી અને સાસરિયાઓ દ્વારા આપતા હોવાથી જિલ્લા પોલીસ વડા અને રાજ્ય ગૃહમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત કરી છે.

ભાવનગરની પોક્સો કોર્ટનો ચુકાદો

બળાત્કાર ગુજારી સગીરાને માતા બનાવનાર આરોપીને આજીવન કેદ

ભાવનગર, તા.૫

ત્રણ વર્ષ પૂર્વે સિહોર તાલુકાના મઢડા ગામે રહેતા ૪૫ વર્ષીય આધેડ શખ્સે એક સગીરાને છરી બતાવી, ધાક-ધમકી આપી અવાર-નવાર બળાત્કાર ગુજારતા સગીરાએ બાળકીને જન્મ આપ્યો હતો. આ અંગેની જે તે સમયે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેનો કેસ આજરોજ ભાવનગરના સ્પેશિયલ જજ (પોક્સો) અને બીજા એડિશનલ સેસન્સ જજ એ.બી. ભોજકની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલની દલીલો, આધાર, પુરાવા, સક્ષીઓ વગેરે ધ્યાને લઈ આરોપી સામે પોક્સો હેઠળ ગુનો સાબિત માની આજીવન કેદની સજા અને રોકડ દંડ તેમજ ભોગ બનનારને રૂા.૬ લાખનું વળત્ર ચૂકવી આપવા અદાલતે હુકમ કર્યો હતો. આરોપી ઘનશ્યામ હીરાભાઈ વૈઠા સામે પોક્સો એક્ટની કલમ ૬ મુજબના ગુના સબબ કસૂરવાર ઠરાવી આરોપીને આજીવન કેદની સજા અને રોકડા રૂા.૧૦ હજારનો દંડ અને આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષની સજા અદાલતે ફટકારી હતી.

અવસાન નોંધ

જંબુસર

જંબુસર એસ.ટી. ડેપો પાસે પગરખાની દુકાન ધરાવતા વેપારી હાજી ઈસ્માઈલ મુશા ટેલર આજ રોજ સવારે પંચાવન વર્ષની વયે હૃદયરોગના હુમલામાં અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. બપોરના ઝોહરની નમાઝ બાદ મર્હૂમની જનાઝાની નમાઝ અદા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા. મર્હૂમને કુંઢળ-મહાપુરા ગામ નજીક આવેલ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા.

વાગરા પોલીસમથકે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રાજ્ય કક્ષાના વનમહોત્સવ નિમિત્તે વાગરા પોલીસમથકે વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું. આ તબક્કે વાગરા પો.સ.ઈ.વિક્રમસિંહ રાણા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાગરા પોલીસ મથકના જવાનો તથા જીઆરડી સભ્યો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : સૈયદ અમજદ, વાગરા)

કોડીનાર ધારાસભ્યના ઉપવાસ આંદોલનનો અંત

પોલીસતંત્રએ ખાતરી આપતા ધારાસભ્યના ઉપવાસ આંદોલન પૂર્ણ કર્યા

કોડીનાર તા.૫

કોડીનાર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ ધમધમતા દેશી દારૂના હાટડાઓ અને દક્ષિણામૂર્તિના શૈક્ષણિક ઝોન વિસ્તારમાં ચાલતી દેશી દારૂની મીની ફેક્ટરીઓની બદી દૂર કરવા માટે છેલ્લા ચાર દિવસથી મામલતદાર કચેરી સામે પ્રતીક ઉપવાસ આંદોલન ઉપર ઉતરેલા ધારાસભ્ય મોહનભાઈ વાળાની ઉપવાસી છાવણીની આજરોજ ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમબ્રાન્ચના પીઆઈ કે.જે.ચૌહાણ અને કોડીનારના પીઆઈ સંદીપસિંહ ચુડાસમાએ મુલાકાત લઈ ધારાસભ્યની રજૂઆત સાંભળી તેમની તમામ માગણી ઓ ઉપર તંત્ર દ્વારા પૂરતું ધ્યાન આપવા ઉપરાંત કોડીનારના જાહેર સ્થળો ઉપર વેચતા દારૂના ધંધાર્થીઓ સામે લીધેલા પગલાંઓ વિશે વાકેફ કરી હવે પછી પણ જો ક્યાંય આવી પ્રવૃતિઓ નજર આવે તો માત્ર ધ્યાન દોરવામાં આવશે તો તેમની સામે કડક પગલાં લેવા ઉપરાંત શૈક્ષણિક ઝોન વિસ્તારમાં ક્યાંય પણ આવી પ્રવૃતિ ચલાવી નહીં લેવાઈ તેવી મૌખિક ખાત્રી પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવતા ધારાસભ્ય મોહનભાઈ વાળાના ઉપવાસનો અંત આવ્યો હતો. આ ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા હરી ઓમ પોલીસ ચોકી અને પાણી દરવાજા ખાતેની પોલીસ ચોકી પણ નવરાત્રિ દરમિયાન ચાલુ કરી દેવા ખાત્રી આપી હતી.

તેલંગણામાં મુસ્લિમો માટે પણ દલિત બંધુ જેવી યોજના અમલમાં મૂકવામાં આવશે : તેલંગણાના મુખ્યમંત્રી

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

મંગળવારે મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ (કેસીઆર) એ જણાવ્યું હતું તેલંગણામાં મુસ્લિમો માટે પણ દલિત બંધુ જેવી યોજના અમલમાં મૂકવામાં આવશે. ટીઆરએસ સુપ્રીમોએ એક પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે અન્ય તમામ યોજનાઓ જેવી કે અનુસૂચિત જાતિઓ (એસસી) માટે ફી ભરપાઈ એ રાબેતા મુજબ ચાલુ રહેશે. હૈદરાબાદમાં ચાલી રહેલા વિધાનસભા સત્રમાં બોલતા મુખ્યમંત્રી કેસીઆર એ કહ્યું કે ‘‘ઈન્શાઅલ્લાહ આપણે સમાન રીતે આગળ વધીશું. મુસ્લિમોમાં પણ ઘણા લોકો પછાત છે, આપણે તે જાણીએ છીએ. હું કહું છું કે તેલંગાણામાં દરેક વ્યક્તિના ચહેરા પર ચમક હોવી જોઈએ, પછી તે મુસ્લિમ હોય, દલિત હોય, અથવા આપણા બીસી (પછાત વર્ગ)ના ભાઈઓ હોય’’ કેસીઆરે એમ પણ કહ્યું હતું કે દલિત બંધુ યોજના, જેના અંતર્ગત દરેક લાભાર્થીને ૧૦ લાખ રૂપિયા મળશે, તે તેમના ઉત્થાન માટેનો માત્ર એક માર્ગ છે. દલિત બંધુ યોજના કોઈના ઘરને સોનામાં ફેરવશે નહીં. અને જ્યાં સુધી મુસ્લિમોની વાત છે, અમારી સરકાર પહેલાની સરકારો કરતા ઘણી સારી રીતે કામ કરી રહી છે. અમે મુસ્લિમોને વધુ શિષ્યવૃત્તિ આપી છે અને IAS/IPS ઉમેદવારોને તાલીમ પણ આપી છે. તેલંગાણાના મુખ્યમંત્રીએ કહ્યું કે લઘુમતી કલ્યાણ માટેના ભંડોળમાં ઘટાડો કરવામાં આવ્યો છે, પરંતુ દરેક વસ્તુ માટે

બજેટમાં કાપ કોવિડ -૧૯ રોગચાળાને કારણે છે. અમે જે પણ વચન આપીએ છીએ તે પૂર્ણ કરીએ છીએ. કોરોનાને કારણે ઘણા રાજ્યો હજુ પ્લસ (ગ્રોથ)માં નથી, મુસ્લિમો માટે ચોક્કસપણે દલિત બંધુ જેવી યોજના અમલમાં મૂકવામાં આવશે. તમામ સમિતિઓએ ઉલ્લેખ કર્યો છે કે મુસ્લિમ સમુદાય ખરાબ સ્થિતિમાં છે. તેમણે માહિતી આપી કે રાજ્યમાં લગભગ ૧૮ લાખ દલિતો છે અને દલિત બંધુ યોજનાના માપદંડ દલિત છે. તે પર્યાપ્ત છે. કેસીઆરની નવી લોન્ચ થયેલી દલિત બંધુ યોજના હેઠળ, હુઝુરાબાદ વિધાનસભા બેઠક, જેની પેટાચૂંટણી ૩૦ ઓક્ટોબરે યોજાવાની છે, તે યોજનાના પાયલોટ પરિચય માટે પસંદ કરવામાં આવી હતી. સપ્ટેમ્બરમાં તેના માટે ૨,૦૦૦ કરોડ રૂપિયા પણ મંજૂર કરવામાં આવ્યા હતા અને બાદમાં કાર્યક્રમના પાયલોટ અમલીકરણના ભાગરૂપે વધુ ચાર મંડળો પણ ઉમેરવામાં આવ્યા હતા.

ખેડૂતોને કચડનાર કાર અમારી હતી, તેમા મારો પુત્ર ન હતો : કેન્દ્રીય મંત્રી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

રવિવારે આઠ લોકોનાં મોત માટે જવાબદાર ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરી હિંસા કાંડમાં પોલીસ ફરિયાદમાં નામ આવેલા આશિષના પિતા કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાએ જણાવ્યું છે કે, હિંસાને ઉગ્ર બનાવનાર ખેડૂતો પર ચડી ગયેલા વાહન અમારૂં જ હતું. જો કે, મંત્રીએ કહ્યું કે, આ ઘટના બની તે સ્થળે ના તો તેઓ કે તેમનો પુત્ર હાજર હતા. અજય મિશ્રાએ સમાચાર એજન્સીને કહ્યું કે, પ્રથમ દિવસથી જ અમે સ્પષ્ટતા કરી છે કે, મહિન્દ્રા થાર અમારી છે જે અમારા નામથી નોંધાયેલી છે. આ કાર અમારા કેટલાક કાર્યકરોને લેવા જઈ રહી હતી. મારો પુત્ર બીજા સ્થળે હતો. સવારે ૧૧ વાગ્યાથી સાંજ સુધી તે અન્ય કાર્યક્રમ આયોજિત કરી રહ્યો હતો. મારો પુત્ર ત્યાં હતો ત્યાં હજારો લોકો હતા. અમારી પાસે ફોટો અને વીડિયો પણ છે. જો તમે તેના કોલ રેકોર્ડિંગ અને સીડીઆર, લોકેશન વગેરે ચેક કરવા માંગો તો કરી શકો છો. હજારો લોકો સોગંદનામું આપવા તૈયાર છે કે, આશિષ મિશ્રા ત્યાં હતો. જ્યાં સુધી કારનો સવાલ છે તો મેં કહ્યું છે કે, મારા ડ્રાઈવરની હત્યા થઈ છે. એક કાર્યકર ભાગી ગયો હતો અને ત્રણ કાર્યકરો ઘાયલ થયા છે અને ત્યારબાદ કાર ત્યાં ઊભી હતી. બાદમાં તેની સાથે એક ફોર્ચ્યુનરને સળગાવી દેવાઈ હતી. આવા લોકો ખેડૂતો ના હોઈ શકે. ખેડૂતો વચ્ચે આ ઉગ્રવાદીઓ છૂપાયેલા છે.

ખેડૂતોની નિર્દયી હત્યા જોઈ આઘાત લાગ્યો : કે.ટી. રામારાવ

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

તેલંગાણાના મંત્રી કે.ટી. રામારાવે મંગળવારે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ખેડૂતોની નિર્દયી અને ઠંડા કલેજે કરાયેલી હત્યાથી તેમને આઘાત લાગ્યો છે. તેલંગાણા રાષ્ટ્ર સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકે પણ કામ કરતાં રામા રાવે ટ્વિટમાં લખ્યું કે, ‘ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરીમાં ખેડૂતોની નિર્દયી અને ઠંડા કલેજે કરાયેલી હત્યાથી આઘાત અને ભયમાં છું.’ મંત્રી તરીકે જાણીતા કેટીઆરે આ બર્બરતાપૂર્ણ ઘટનાની નિંદા કરી છે અને આશા વ્યક્ત કરી છે કે, ષડ્યંત્રકારોને વહેલામાં વહેલી તકે ન્યાના દાયરામાં લાવવામાં આવે. લખીમપુર ખેરીની ઘટનામાં ટીઆરએસ દ્વારા આ પ્રથમ પ્રતિક્રિયા છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ કેટીઆરે પ્રતિક્રિયા આપી હતી.

૩૮ કલાક બાદ પણ મને કોઈ નોટિસ કે FIRની નકલ આપવામાં આવી નથી : ધરપકડ બાદ પ્રિયંકાની પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

લખીમપુરમાં થયેલી હિંસાના પીડિત પરિવારોની મુલાકાત માટે જતા સમયે અધ વચ્ચે પોતાની અટકાયત અને ત્યારબાદ થયેલી ધરપકડ પછી કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, સમગ્ર ઘટનાક્રમને ૩૮ કલાક થવા છતાં મને હજુ સુધી કોઈ નોટિસ કે એફઆઈઆરની નકલ આપવામાં આવી નથી. બીજી તરફ પોલીસે જણાવ્યું હતું કે, પ્રિયંકા અને અન્ય દસ લોકોની શાંતિ ભંગ કરવાના આરોપ બદલ ધરપકડ કરવામાં આવી છે. પ્રિયંકાએ જણાવ્યું હતું કે, લખીમપુર જઈ રહેલા ઘણા વિપક્ષી નેતાઓની ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર દ્વારા ગેરકાયદેસર રીતે ધરપકડ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બંધારણીય જોગવાઈ મુજબ કલમ ૧૫૧ હેઠળ ધરપકડ કરવામાં આવેલી કોઈપણ વ્યક્તિને ૨૪ કલાકથી વધુ સમય સુધી અટકાયતમાં રાખી શકાતી નથી. જો જજ અન્ય જોગવાઈ હેઠળ કોઈ આદેશ આપે તેવી સ્થિતિમાં જ આ કલમ હેઠળ ધરપકડ કરાયેલી વ્યક્તિને અટકાયતમાં રાખી શકાય છે.

રાહુલ ગાંધીના ટ્વિટ બદલ દિલ્હી હાઈકોર્ટે ટ્વિટરને નોટિસ આપી

(એજન્સી) તા.૫

બળાત્કાર અને હત્યાનો ભોગ બનેલી પીડિતાના સંબંધીઓની ઓળખાણ કથિત રીતે જાહેર કરવા બદલ ટ્વિટર અને દિલ્હી પોલીસને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરૂદ્ધ કાર્યવાહી કરવાના નિર્દેશો આપવાની માગણી સાથે દાખલ થયેલી અરજી સંદર્ભે દિલ્હી હાઈકોર્ટે મંગળવારે ટ્વિટરને નોટિસ આપી હતી. આ નોટિસ આપતી વખતે જસ્ટિસ ડી.એન. પટેલ અને જસ્ટિસ જ્યોતિસિંઘે સ્પષ્ટ કર્યું હતું કે, અન્ય પ્રતિવાદીઓને કોઈ નોટિસ આપવામાં નહીં આવે. હવે કોર્ટ ૩૦ નવેમ્બરના રોજ આ અરજી પર સુનાવણી કરશે. આ દરમ્યાન ટ્વિટર વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ સાજન પુવાટ્યાએ કોર્ટને જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીનું ટ્વિટ અમારી નીતિનો પણ ભંગ કરે છે અમે પહેલાં જ તેમનો ટ્વિટ દૂર કરી ચૂક્યા છે અને તેમનો એકાઉન્ટ પણ બ્લોક કરવામાં આવ્યો હતો. દિલ્હીના કેન્ટ વિસ્તારના બળાત્કાર અને હત્યાનો ભોગ બનેલી પીડિતાના પરિવારની ઓળખાણ જાહેર કરવા બદલ રાહુલ ગાંધી સામે જરૂરી પગલાં લેવા માટે નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર) અને દિલ્હી પોલીસને નિર્દેશ આપવાની માગણી સાથે જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી.

હિમાચલપ્રદેશમાં ભાજપને ફટકો ચૂંટણીમાં કોંગ્રેસને ૧૦માંથી ૬ સીટ

(એજન્સી) હિમાચલપ્રદેશ, તા.૫

હિમાચલપ્રદેશ સરકારમાં મંત્રી લાહૌલ સ્પીતિ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ડૉ. રામલાલ માર્કંડેયની સાખ પર પણ દાગ લાગ્યો છે. કારણ કે તે મંત્રી રહેતા પણ જિલ્લા પરિષદમાં બહુમત મેળવી શક્યા નહી. એવામાં અહીં ભાજપાના જિલ્લાધિકારીઓની સાથે સાથે મંત્રીની પણ ઘણી કિરકિરી થઈ છે. માટે મંડી લોકસભામાં થનારી પેટા ચૂંટણી માટે પણ હવે મંત્રીએ પોતાના જ ઉમેદવાર માટે વોટ લેવામાં ઘણી મહેનત કરવી પડશે. ચૂંટણી પરિણામો પછી હવે ઘાટીમાં જિલ્લા પરિષદ ચેરમેન અને ઉપ ચેરમેનના પદ માટે લોબિંગ શરૂ થઈ ગઈ છે. માટે કોંગ્રેસ પાર્ટી પણ પોતાની પાર્ટીથી સંબંધિત સભ્યોમાંથી જિલ્લા પરિષદના ચેરમેન અને વાઈસ ચેરમેન પદો માટે સમીકરણ બેસાડવામાં લાગી ગઈ છે. હિમાચલપ્રદેશમાં થનારી પેટા ચૂંટણી પહેલા ભાજપા માટે માઠા સમાચાર છે. જનજાતીય જિલ્લા લાહૌલ સ્પીતિમાં જિલ્લા પરિષદ ચૂંટણીમાં કોંગ્રેસ સમર્થિત ઉમેદવારોએ લીડ મેળવી છે. આ વિસ્તાર રાજ્યના ટેક્નિકલ શિક્ષા મંત્રી ડૉ. રામલાલ માર્કંડેયનો ગૃહ જિલ્લો પણ છે. એવામાં ભાજપા માટે અહીંના પરિણામો આવનારા સમયમાં સમીકરણ બગાડી શકે છે. ૧૦ વોર્ડમાં ચૂંટણી પરિણામ કોંગ્રેસથી સંબંધિત ઉમેદવારોના પક્ષમાં રહ્યા છે. જ્યાં કોંગ્રેસ સમર્થિત ૬ ઉમેદવારોની જીત થઈ છે, જ્યારે ભાજપા સમર્થિત માત્ર ૪ ઉમેદવારો જીત્યા. લાહૌલ સ્પીતિ મંડી સંસદીય સીટનો જ હિસ્સો છે. અહીના સમીકરણ મંડીમાં ભાજપા ઉમેદવાર પર ભારે ન પડી જાય. જિલ્લા પરિષદ જેવી અગત્યની ચૂંટણીમાં ભાજપાનું પટકાવું આવનારી પેટા ચૂંટણી માટે સારા સંકેત નથી. લાહૌલ સ્પીતિમાં હવે કોંગ્રેસ સમર્થિત ઉમેદવાર જ જિલ્લા પરિષદનો અધ્યક્ષ બનશે. જિલ્લા પરિષદની ચૂંટણી હાલમાં જ સંપન્ન થઈ છે. ૪ ઓક્ટોબરે મતગણતરી હતી. જેમાં લાહૌલ વેલીના ૭ અને સ્પીતિના ૩ જિલ્લા પરિષદ વોર્ડના સભ્યો ચૂંટાયા. સ્પીતિના કાજા ઉપમંડળની ૩ સીટો પર ભાજપાએ કબ્જો કર્યો. પણ લાહૌલ વેલીના ૭ વોર્ડમાંથી ભાજપાને માત્ર એક જ સીટ મળી છે. ૬ પર કોંગ્રેસે કબ્જો કર્યો છે. ઉલ્લેખનીય છે કે જનજાતીય જિલ્લા લાહૌલ સ્પીતિમાં પંચાયતી રાજ ચૂંટણી માટે ૨૯ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે મતદાન થયું હતું અને ત્યાર પછી ૪ ઓક્ટોબરે મતગણતરી થઈ.

LAC પર ચાઈનીઝ એરફોર્સની હાજરી, અમે સંપૂર્ણપણે તૈનાત છીએ : વાયુસેના પ્રમુખ

(એજન્સી) તા.૫

ભારતીય વાયુસેના (આઈએએફ)ના વડા એર ચીફ માર્શલ વી.આર.ચૌધરીએ મંગળવારે જણાવ્યું હતું કે, ચીની વાયુસેના હજુ પણ વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ની બાજુમાં ત્રણ એરબેઝ પર હાજર છે અને ખાતરી આપી છે આઈએએફ સંપૂર્ણપણે તૈનાત અને તૈયાર છે. વાયુસેના દળની ૮૯મી વર્ષગાંઠ પર મીડિયાને સંબોધતા એર ચીફ માર્શલે કહ્યું, વાસ્તવિક નિયંત્રણ રેખા પર પરિસ્થિતિ એ છે ચીની વાયુસેના એલએસીના બાજુમાં ત્રણ એર બેઝ પર હાલમાં હાજર છે અને અમે પણ સંપૂર્ણપણે અમારી બાજુથી તૈયાર છીએ. લદ્દાખ નજીક ચાઈનીઝ એરફોર્સની ક્ષમતાઓ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, બહુવિધરીતે ઊંચાઈ ધરાવતા વિસ્તારમાં ચીનની ક્ષમતા નબળી રહેશે. ચૌધરીએ એમ પણ કહ્યું કે, રાફેલને અપાચેસને સામેલ કરવાથી અમારી લડાઈની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે કહ્યું હતું કે, આઈએએફની નવી લડાઈ પ્રણાલીઓની પ્રક્રિયામાં છે જેથી અમે અમારા વિરોધીઓ પર નિરીક્ષણ રાખી શકીએ. આઈએએફ ચીફે કહ્યું કે, રાફેલ અપાચે અમારા કાફલામાં સામેલ થવાથી લડાઈ શસ્ત્ર સરંજામ વધુ મજબૂત બન્યો છે અને તેથી નવા હથિયારોના સમાવેશ થવાથી અમારી લડત વધુ આક્રમક બનશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સાયબર હુમલાઓથી બચવા માટે અમે અમારા નેટવર્કને વધુ મજબૂત બનાવ્યું છે તેમજ અમારા નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રક્ષણ માટે પૂરતી સલામતી લેવામાં આવી રહી છે. આઈએએફ સશસ્ત્ર દળોમાં એકીકરણ માટે ઉત્સુક છે. તેમણે ઉમેર્યું કે, ત્રણ સેવાઓ દ્વારા સંયુક્ત આયોજન અને કામગીરીના અમલથી તમામ રીતે અમારી લડાઈ ક્ષમતામાં મહત્તમ વધારો થશે. ચૌધરીએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ એર ચીફ માર્શલ આરકેએસ ભદૌરિયા પાસેથી હવાઈ વડા તરીકેનો ચાર્જ સંભાળ્યો. એક એસ ફાઈટર પાયલોટ તે અગાઉ ચીન સાથે સંકટની ટોચ પર લદ્દાખ સેક્ટરનો હવાલો સંભાળી રહ્યો હતો.

પેટ્રોલ, ડીઝલના ભાવ રેકોર્ડબ્રેક સ્તરે પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પેટ્રોલ અને ડીઝલની કિંમતો મંગળવારે ઓલ-ટાઈમ-હાઈ લેવલે પહોંચી ગઈ હતી. કારણ કે, આંતરરાષ્ટ્રી સ્તરે તેલના ભાવ ૨૦૧૪ બાદ સૌથી ઊંચી સપાટી એ વધતા કિમંતોમાં આ ઉછાળો જોવા મળ્યો હતો. સરકારી ઈંધણ રિટેલર્સના ભાવસૂચના મુજબ પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસા પ્રતિ લીટર અને ડીઝલમાં ૩૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આનાથી દિલ્હીમાં પેટ્રોલની કિમંત તેની સૌથી ઊંચી સપાટી ૧૦૨.૬૪ રૂપિયા પ્રતિ લીટર અને મુંબઈમાં ૧૦૮.૬૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલનો ભાવ પણ દિલ્હીમાં ૯૧.૦૭ રૂપિયા અને મુંબઈમાં ૯૮.૩૦ રૂપિયાની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. વસૂલવામાં આવતા સ્થાનિક કરના કારણે બે રાજ્યો વચ્ચે કિંમતોમાં તફાવત જોવા મળી રહ્યો છે. એક સપ્તાહમાં ઈંધણનો દરોમાં છઠ્ઠી વખત વધારો થયો છે જ્યાં મોટા શહેરોમાં પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાથી ઉપર પહોંચી ગયા છે. એ જ રીતે બે સપ્તાહથી ઓછા સમયમાં ડિઝલના ભાવમાં નવમી વખતના વધારા બાદ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, આંધ્રપ્રદેશ અને તેલંગાણા જેવા ઘણા શહેરોમાં ડીઝલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયા છે. બજાર ઉર્જાની કટોકટીનો સામનો કરી રહ્યું હોવા છતાં, ઓપેક + દ્વારા તેના આયોજિત ક્રમિક પુરવઠાને જાળવી રાખવાના નિર્ણયને પગલે આંતરરાષ્ટ્રીય તેલની કિંમતો સાત વર્ષની ઊંચી સપાટીએ પહોંચતી જોવા મળી રહી છે. વૈશ્વિક બેન્ચ માર્ક બ્રેન્ટ ૮૧.૫૧ ડોલર પ્રતિ બેરલ ઉછળ્યો જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ વધીને ૭૭.૭૬ પ્રતિ બેરલ થયો. તેલના મુખ્ય આયાતકાર હોવાના કારણે ભારતની પેટ્રોલ અને ડીઝલની કિમંતો આંતરરાષ્ટ્રીય કિમંતોની સમાન છે. એક મહિના પહેલા બ્રેન્ટ ૭૨ ડોલર પ્રતિ બેરલ કરતા ઓછો હતો. જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિમંતો બંને દિશામાં આગળ વધતી હોવાથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) દ્વારા ૧૮ જુલાઈથી ૨૩ સપ્ટેમ્બર સુધી કોઈ ભાવ વધારો કરવામાં આવ્યો ન હતો. તેના બદલે પેટ્રોલના ભાવમાં ૦.૬૫ રૂપિયા અને ડીઝલમાં ૧.૨૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે, આંતરરાષ્ટ્રીય સ્તરે કિમંતોમાં વધારામાં રાહત ન મળતા ઓએમસીએ અનુક્રમે ૨૪ સપ્ટેમ્બર અને ૨૮ સપ્ટેમ્બરથી પેટ્રોલ અને ડીઝલમાં છૂટક કિમંતે વેચાણ વધારવાનું શરૂ કર્યું છે. ત્યારબાદથી દરમાં પ્રતિ લિટર રૂ.૨.૪૫ પૈસા અને પેટ્રોલના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો થયો છે. જુલાઈ/ઓગસ્ટના ભાવ ઘટાડા પહેલાં ૪ મેથી ૧૭ જુલાઈ વચ્ચે પેટ્રોલના ભાવમાં ૧૧.૪૪ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો હતો. આ સમયગાળા દરમિયાન ડીઝલનો ભાવ ૯.૧૪ રૂપિયા વધ્યો હતો. બળતણની કિમંતોમાં અવિરત થતાં વધારાથી વિપક્ષો દ્વારા ટીકા કરવામાં આવી છે અને તેમણે માંગ કરી છે કે, સરકારે ગ્રાહકોને રાહત આપવા માટે બંને ઈંધણ પર રેકોર્ડ એક્સાઈઝ ડ્યુટી ઘટાડવી જોઈએ. જો કે, સરકાર તેમની આ માંગ સાથે સંમત નથી. ઓઈલ મંત્રી હરદીપસિંહ પુરીએ શનિવારે ઈંધણની કિમંતો વિક્રમી સપાટીએ પંહોચવા અંગે ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના મંત્રાલયના કાર્યક્રમમાં બળતણની કિંમતો વિશે પૂછવામાં આવતા પુરીએ કહ્યું કે, છોડો (કૃપા કરી તેને છોડી દો) અર્થાત આ અંગે વધુ પૃચ્છા કરશો નહીં.

સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા ૬૮ લોકોમાંથી કેટલાકને ટૂંક સમયમાં હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક મળશે ?

(એજન્સી) તા.૫

ન્યાયતંત્રમાં ઉચ્ચસ્તરે થતી નિમણૂક પ્રક્રિયા અંગે જાણકારી ધરાવતા સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી થોડા દિવસોમાં સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા ૬૮ લોકોમાંથી કેટલાકની વિવિધ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક થશે. સૂત્રોએ આ પણ કહ્યું હતું કે, આ નિમણૂકો એક સાથે નહીં થાય. જો કે, પ્રથમ બેચની નિમણૂક માટે સરકારે કેટલાક નામો પર મંજૂરીના મહોર મારી છે. આ વર્ષે ૮ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર દરમ્યાન સુપ્રીમ કોર્ટની કોલેજિયમે દેશની ૧૨ હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની નિમણૂક માટે ૬૮ નામોની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, દેશની ૨૫ હાઈકોર્ટમાં મંજૂર કરાયેલી ન્યાયાધીશોની કુલ સંખ્યા ૧૦૯૮ છે જ્યારે ૧ સપ્ટેમ્બરના રોજ તેમાંથી ૪૬૫ જગ્યાઓ ખાલી હતી. કાયદા મંત્રાલયની વેબસાઈટ પર આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

દેશમાં ૨૦૯ દિવસ બાદ કોરોનાના સૌથી ઓછા કેસ

ચોવીસ કલાકમાં દેશમાં કોરોનાના ૧૮૩૪૬ નવા પોઝિટિવ કેસ

કુલ ૯૧૫૪૬૫૮૨૬ કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે, છેલ્લા ૨૪ કલાકમાં ૭૨,૫૧,૪૧૯ કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કોરોના વાયરસ સંક્રમણના મામલામાં દેશ હવે રાહતની શ્વાસ લઈ રહ્યો છે. ભારતમાં ૨૦૯ દિવસ બાદ કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા છે. કેરળમાં સંક્રમણનું જોર ઘટી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ જેટલા લોકો સંક્રમિત થયા છે જે પૈકી કેરળમાં ૮,૮૫૦ લોકો સંક્રમિત થયા છે. ગુજરાતમાં પણ કોવિડ-૧૯ના કેસો પર મહદઅંશે કાબૂ મેળવાયો છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે મંગળવાર સવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૮,૩૪૬ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨૬૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૮,૫૩,૦૪૮ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કુલ ૯૧,૫૪,૬૫,૮૨૬ કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૨,૫૧,૪૧૯ કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૩૧ લાખ ૫૦ હજાર ૮૮૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૯,૬૩૯ દર્દીઓ સાજા થયા છે. હાલમાં ૨,૫૨,૯૦૨ એક્ટિવ કેસ છે. દેશમાં રિકવરી રેટ ૯૭.૯૦ ટકા થયો છે. અત્યાર સુધીમાં કુલ ૪,૪૯,૨૬૦ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ ઓક્ટોબર, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૭,૫૩,૯૪,૦૪૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. સોમવારના ૨૪ કલાકમાં ૧૧,૪૧,૬૪૨ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૪ કેસ નોંધાયા છે. જેની સામે ૨૨ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૦૦૮૨ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૮.૭૬ ટકા છે.

કરીમગંજના રાતાબારી ચેરાગિક વિસ્તારની ઘટના

હેંગિંગ બ્રિજ તૂટી પડતાં ૩૦ વિદ્યાર્થીઓને ઈજા થઈ

હેંગિંગ બ્રિજ આસામમાં સિંગલા નદીની ઉપર બન્યો છે, વિદ્યાર્થી અને નાગરિક અવર-જવર માટે ઉપયોગ કરે છે

(એજન્સી) દિસપુર, તા.૫

આસામમાં પૂલ તૂટવાના સમાચાર સામે આવ્યા છે, જેમાં ૩૦ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થઈ ગયા. આસામના કરીમગંજ જિલ્લામાં આ હેંગિંગ બ્રિજ તૂટવાથી મોટી ઘટના ઘટી. સોમવારે જે સમયે હેંગિંગ બ્રિજ તૂટ્યો ત્યારે આ તમામ વિદ્યાર્થી સ્કૂલથી પાછા ફરી રહ્યા હતા. ઘટના કરીમગંજના રાતાબારી વિધાનસભામાં આવનાર ચેરાગિક વિસ્તારમાં ઘટી. જાણકારી અનુસાર હેંગિંગ બ્રિજ આસામમાં સિંગલા નદીની ઉપર બન્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થી અને સામાન્ય નાગરિક સ્કૂલ અને અન્ય સ્થળોએ જવા માટે આનો ઉપયોગ કરે છે. સોમવારે ચેરાગી વિદ્યાપીઠ હાઈસ્કૂલના વિદ્યાર્થી ભણીને પાછા ફરી રહ્યા હતા. જે સમયે તે લોકો પાછા ફરી રહ્યા હતા ત્યારે પૂલ તૂટી ગયો. અચાનક પૂલના તૂટવાથી કેટલાક વિદ્યાર્થી નદીમાં પડી ગયા હતા. હેંગિંગ બ્રિજને તૂટતો જોઈ આસપાસના લોકો ફટાફટ તેની તરફ ભાગ્યા અને બાળકોને બચાવ્યા. આ ઘટનામાં ઓછામાં ઓછા ૩૦ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થઈ ગયા. તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગ્રામ વાસીઓએ જણાવ્યું કે, આ હેંગિંગ બ્રિજ ત્રણ વર્ષ પહેલાં બનાવાયો હતો.

અકસ્માતમાં ઘાયલના જીવ બચાવવા સરકારની પહેલ

અકસ્માતમાં ઘાયલને હોસ્પિ. પહોંચાડનારને ૫ હજાર મળશે

રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને યોજના અંગે લેખિત જાણ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

મોદી સરકારે રોડ અકસ્માતમાં ઘાયલ લોકોના જીવ બચાવવા માટે મોટી પહેલ કરી છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રોડ અકસ્માતમાં પીડિતને ગંભીર ઈજા થયાના એક કલાકની અંદર હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને પાંચ હજાર રૂપિયા કેશ આપવાની વાત કરી છે. આ જાણકારી સોમવારે મંત્રાલયે આપી. આ માટે રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રધાન સચિવો અને પરિવહન સચિવોને પત્ર લખ્યો. આ પત્રમાં મંત્રાલયે કહ્યું કે, આ યોજના ૧૫ ઓક્ટોબર ૨૦૨૧થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી પ્રભાવી રહેશે. મંત્રાલયે સોમવારે ‘નેક મદદગારને પુરસ્કાર આપવાની યોજના’ માટે દિશાનિર્દેશ બહાર પાડ્યા. મંત્રાલયે કહ્યું કે, આ યોજનાનો હેતુ ઈમરજન્સી સ્થિતિમાં રોડ દુર્ઘટના પીડિતોની મદદ કરવા માટે નાગરિકોને પ્રેરિત કરવાનો છે. કેશ પુરસ્કારની સાથે એક પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે, આ પુરસ્કાર ઉપરાંત રાષ્ટ્રીય સ્તર પર ૧૦ સૌથી નેક મદદગારોને એક એક લાખ રૂપિયાનો પુરસ્કાર પણ આપવામાં આવશે. અત્રે જણાવવાનું કે, દેશમાં દર વર્ષે લગભઘ ૫ લાખ રોડ અકસ્માતની દુર્ઘટનાઓ ઘટે છે. જેમાં લગભગ ૧.૫ લાખ લોકો માર્યા જાય છે. જ્યારે લગભગ ૪.૫ લાખથી વધુ લોકો રોડ પર અકસ્માતનો ભોગ બને છે. રોડ અકસ્માતમાં મૃત્યુ પામાનારાઓની સંખ્યા અંગે સરકાર ખુબ ચિંતિત છે. કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ તમામ સ્ટેક હોલ્ડર્સને રોડ અકસ્માતમાં થતા મૃત્યુની સંખ્યા ઘટાડવા માટે યોગ્ય પગલાં લેવાનું કહ્યું છે. જ્યારે ૨૦૨૫ સુધીમાં રોડ અકસ્માતમાં થનારા મોતમાં ૫૦ ટકાનો ઘટાડો થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય આવાસ યોજનાના ૭૫,૦૦૦ લાભાર્થીઓને ચાવીઓ સોંપી

લખનૌ , તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લખનૌ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પસંદગી કરાયેલા ૭૫ હજાર લાભાર્થીઓને ઘરોની ચાવી સોંપી. આ ઉપરાંત પીએમએ દેશના આઝાદીના અમૃત મહોત્સવ અવસરે ન્યૂ અર્બન ઈન્ડિયા થીમ સાથે કેન્દ્રીય આવાસન અને શહેરી કાર્ય મંત્રાલય તથા નગર વિકાસ વિભાગ, ઉત્તર પ્રદેશના સંયુક્ત તત્વાવધાનમાં આયોજિત ત્રણ દિવસના કાર્યક્રમની શરૂઆત કરી. કાર્યક્રમમાં યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ પણ સામેલ થયા હતા. પીએમ નરેન્દ્ર મોદીએ સ્માર્ટ સિટી મિશન હેઠળ આગ્રા, અલીગઢ, બરેલી, ઝાંસી, કાનપુર, લખનઉ, પ્રયાગરાજ, સહારનપુર, મુરાદાબાદ અને અયોધ્યામાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, ઈન્ટેલિજન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ અને નગરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અમૃત મિશન હેઠળ પ્રદેશના વિભિન્ન શહેરોમાં યુપી જળ નિગમ દ્વારા નિર્મિત પેયજળ અને સીવરેજની કુલ ૪૭૩૭ કરોડ રૂપિયાની ૭૫ વિકાસ પરિયોજનાઓનું ડિજિટલી લોકાર્પણ/શિલાન્યાસ કર્યો. પીએમ મોદીએ યુપીના ૭૫ જિલ્લાના ૭૫ હજાર લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી (પીએમએવાય-યુ) હેઠળ નિર્મિત ઘરોની ચાવીઓ ડિજિટલ રીતે સોંપી. કાર્યક્રમને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે મને સારું લાગ્યું કે ૩ દિવસ સુધી લખનૌમાં ભારતના શહેરોના નવા સ્વરૂપ પર દેશભરના વિશેષજ્ઞ ભેગા થઈને મંથન કરવાના છે. અહીં જે પ્રદર્શન લાગ્યું છે તે આઝાદીના આ અમૃત મહોત્સવમાં ૭૫ વર્ષની ઉપલબ્ધિઓ અને દેશના નવા સંકલ્પોને સારી પેઠે પ્રદર્શિત કરે છે. તેમણે કહ્યું કે લખનૌએ અટલજીના રૂપમાં એક વિઝનરી, માતા ભારતી માટે સમર્પિત રાષ્ટ્રનાયક દેશને આપ્યા છે. આજે તેમની સ્મૃતિમાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીમાં અટલ બિહારી વાજપેયી ચેર સ્થાપિત કરવામાં આવી રહી છે. મને વિશ્વાસ છે કે આ ચેર અટલજીના વિઝન, તેમના એક્શન, રાષ્ટ્રનિર્માણમાં તેમનું યોગદાન વિશ્વ પટલ પર લાવશે.

આગામી એપ્રિલ મહિનાથી ૧૫ વર્ષ જૂની કાર અને ભારે વાહનોના રજિસ્ટ્રેશન રિન્યુઅલ માટે આઠ ગણી વધુ ફી ચૂકવવી પડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

હવે સત્તાવાર છે કે, વાહન માલિકોએ એપ્રિલ ૨૦૨૨થી ૧૫ વર્ષ જૂની કારના નવીકરણ માટે આઠ ગણી વધુ ફી ચૂકવવી પડશે. તેવી જ રીતે ટ્રક અને બસ જેવા વ્યાવસાયિક ભારે માટે વાહન માલિકોએ ફિટનેસ સર્ટિફિકેટ્સના નવીકરણ માટે લગભગ આઠ ગણા વધારે ચાર્જ ચૂકવવો પડશે. માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે સોમવારે આગામી વર્ષથી નવા શાસનને લાગુ કરવા માટે જાહેરનામું બહાર પાડ્યું છે. જો કે, તેની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારના માલિકો પર કોઈ અસર પડશે નહીં જ્યાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર પહેલેથી જ પ્રતિબંધ છે. અધિસૂચના અનુસાર ૧૫ વર્ષ જૂની કારના રજિસ્ટ્રેશનના નવીનીકરણ પર વર્તમાન શુલ્ક ૬૦૦ રૂપિયાની સરખામણીએ ૫૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવાનો થશે. આ રીતે જૂના બાઈકોના રજિસ્ટ્રેશનના નવીનીકરણનો વર્તમાન શુલ્ક ૩૦૦ રૂપિયા છે તેની સરખામણીએ ૧૦૦૦ રૂપિયા થશે. ૧૫ વર્ષથી વધુ બસ અથવા ટ્રક માટે ફિટનેસ નવીનીકરણ સર્ટિફિકેટ પ્રાપ્ત કરવાનો વર્તમાન શુલ્ક ૧૫૦૦ રૂપિયા છે અને તે વધીને ૧૨,૫૦૦ રૂપિયા થશે. ખાનગી વાહનોના રજિસ્ટ્રેશન માટે નવીનીકરણમાં કોઈપણ પ્રકારના વિલંબ પર પ્રતિ માસ ૩૦૦ રૂપિયા અને વાણિજ્યિક વાહનો માટે ૫૦૦ રૂપિયાની ચૂકવણી કરવાની રહેશે. આ રીતે કોમર્શિયલ વાહનો માટે ફિટનેસ સર્ટિફિકેટના નવીનીકરણમાં વિલંબ થવા પર પ્રત્યેક દિવસના ૫૦ રૂપિયા ચૂકવવા પડશે. રજિસ્ટ્રેશન અને ફિટનેસ પ્રમાણપત્રના નવીનીકરણમાં વૃદ્ધિનો ઉદ્દેશ્ય લોકો પોતાના જૂના વાહનનો સંગ્રહ ના કરે તે છે. ખાનગી વાહનોના મામલે માલિકોએ ૧૫ વર્ષ બાદ દર ૫ વર્ષે રજિસ્ટ્રેશનનું નવીનીકરણ કરાવવાનું રહેશે. આ રીતે એક વ્યાવસાયિક વાહનના ૮ વર્ષ પૂરા થયા બાદ દર વર્ષે ફિટનેસ સર્ટિફિકેટનું નવીનીકરણ ફરજિયાત છે. અધિસૂચનામાં વાહનોના મેન્યુઅલ અને સ્વચાલિત ફિટનેસ પરીક્ષણ માટે શુલ્ક પણ નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે. સરકારનું લક્ષ્ય ફિટનેસ ટેસ્ટની મેન્યુઅલ પ્રણાલીને ખતમ કરવાનું છે, જેમાં હેરફેર અથવા ગેરરીતિ આચરવામાં આવે છે. મંત્રાલયે પોતાની અમ્બ્રેલા સ્વૈચ્છિક વાહન સ્ક્રેપિંગ યોજનાના એક ભાગરૂપે આવા પરીક્ષણ કેન્દ્રોની સ્થાપના માટે નિયમોને સૂચિત કર્યા છે.

હવે રેશનકાર્ડ વગર પણ મફત અનાજ મળી શકશે

(એજન્સી) તા.૫

રેશનકાર્ડના લાભાર્થીઓ માટે એક સારા સમાચાર છે. કેન્દ્ર સરકાર હવે રેશનકાર્ડ વગર પણ મફત રાશન આપી રહી છે. દેશના ઘણા રાજ્યોમાં હવે એ મુજબ મફત અનાજ આપવામાં આવી રહ્યું છે. હવે આ અંતર્ગત, દિલ્હી-એનસીઆરમાં ‘વન નેશન વન રાશન કાર્ડ સ્કીમ’ લાગુ થયા બાદ અન્ય રાજ્યોના લોકોને પણ મફત રાશન મળવાનું શરૂ થયું છે. આ સિવાય યુપી, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઝારખંડમાં એવા લોકોને મફતમાં રાશન આપવામાં આવી રહ્યું છે જેમની પાસે પહેલાંથી જ રેશનકાર્ડ નથી. આ ઉપરાંત દેશમાં નવા રેશનકાર્ડની સાથે જૂના રેશનકાર્ડમાં નામ ઉમેરવા અને કાઢી નાખવાનું કામ પણ ચાલી રહ્યું છે. પરંતુ આ માટે એ જરૂરી છે કે, તમારૂં રેશનકાર્ડ આધાર અથવા બેંક ખાતા સાથે જોડાયેલું હોવું જોઈએ. તાજેતરમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ અને દિલ્હી-એનસીઆરમાં સસ્પેન્ડેડ કાર્ડ પણ જોડવામાં આવ્યા છે. દિલ્હી સરકાર દ્વારા ‘વન નેશન વન રેશન કાર્ડ’ યોજના અંતર્ગત અનાજનું વિતરણ હવે તમામ ઈ-પીઓએસ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યું છે તેના અંતર્ગત લાભાર્થીઓ કાર્ડ વગર પણ મફત રાશન મેળવી શકશે. પરંતુ આ માટે તમારા કાર્ડને આધાર અથવા બેંક ખાતા સાથે જોડવું ફરજિયાત છે. આ સિવાય દિલ્હી સરકારે આ સુવિધા આપી છે કે, જો તમારી તબિયત સારી નથી અથવા કોઈ કારણસર તમે રાશનની દુકાન પર જઈ શકતા નથી, તો કોઈ અન્ય વ્યક્તિ તમારી જગ્યા એટલે કે તમારા કાર્ડ પર રાશન લઈ શકે છે.

ચારધામ યાત્રા : ઉત્તરાખંડ હાઈકોર્ટે શ્રદ્ધાળુઓની દૈનિક મર્યાદા પરનું નિયંત્રણ દૂર કર્યું

કોર્ટે હવે તમામ નિયંત્રણ ઉઠાવી લીધા અને ચાર ધામમાં મેડિકલ સુવિધા પણ રાખવી પડશે, વેક્સિનેશન ફરજિયાત

(એજન્સી) બદ્રીનાથ, તા.૫

કોરોનાની બીજી લહેરનું જોર ઓછુ થયા બાદ હવે ગમે તેટલા ભાવિકો ચાર ધામની યાત્રા કરી શકશે. ભાવિકોની સંખ્યા પરનું નિયંત્રણ ઉઠાવી લેવાનો ઉત્તરાખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. આ પહેલા હાઈકોર્ટે ત્રણ સપ્તાહ અગાઉ ચારધામ યાત્રાને શરત સાથે મંજૂરી આપી હતી અને કહ્યું હતું કે, કેદારનાથમાં ૮૦૦, બદ્રીનાથમાં ૧૦૦૦, ગંગોત્રીમાં ૬૦૦ અને જન્મોત્રીમાં ૪૦૦ ભાવિકો જ એક દિવસમાં દર્શન માટે જઈ શકશે. જોકે એ પછી પણ ભાવિકો મોટી સંખ્યામાં અહિંયા આવી રહ્યા હોવાથી અવ્યવસ્થા સર્જાઈ રહી હતી. ભાવિકોને તંત્ર દ્વારા પાછા પણ મોકલવા પડતા હતા. જેના પગલે સરકારે કોર્ટ સમક્ષ વધારે ભાવિકોને દર્શન કરવા મંજૂરી અપાય તેવી અપીલી કરી હતી. જોકે કોર્ટે હવે તમામ નિયંત્રણ ઉઠાવી લીધા છે અને સાથે સાથે ચાર ધામમાં મેડિકલ સુવિધા પણ રાખવી પડશે. જોકે ભાવિકોએ પણ આ યાત્રા કરવા માટે કોરોના વેક્સીનના બંને ડોઝ લીધા છે તેવુ સર્ટિફિકેટ રાખવુ પડશે. યાત્રા દરમિયાન કોરોનાનો નેગેટિવ રિપોર્ટ બતાવવાની જરૂર નહીં પડે. કોર્ટના આદેશથી રાજ્યના વેપારીઓને પણ રાહત મળશે. કારણકે બે વર્ષથી તેમનો વ્યવસાય પણ ઠપ થયો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભગવો લહેરાયો

કુલ ૨૨૮ પૈકી ૧૭૫ બેઠક પર ભાજપનો કબજો

કોંગ્રેસે ૪૪ બેઠકો મેળવી સંતોષ માન્યો જ્યારે આપને ત્રણ તથા અન્યોને ફાળે છ બેઠકો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકા સહિત નગરપાલિકા જિલ્લા અને તાલુકા પંચાયત તથા મનપાની પેટાચૂંટણીના પરિણામો આવી ગયા છે. અપેક્ષા મુજબ જ ૭૫ ટકાથી વધુ બેઠકો ભાજપે કબજે કરી ભગવો લહેરાવ્યો છે. જ્યારે કોંગ્રેસ ૨૦ ટકા જેટલી બેઠકો મેળવી શકી છે. કુલ ૨૨૮ બેઠકોમાંથી ભાજપે ૧૭૫ બેઠકો કબજે કરી છે. જ્યારે કોંગ્રેસને ૪૪ બેઠક મેળવી સંતોષ માનવો પડયો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત ઓખા, થરા અને ભાણવડ એમ ત્રણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ઉપરાંત જિલ્લા પંચાયતની ૮ બેઠકો, તાલુકા પંચાયતની ૪૪ બેઠકો અમદાવાદ અને જૂનાગઢ મહાનગરપાલિકાની ૩ બેઠકો તથા નગરપાલિકાની ૪૫ બેઠકો માટે યોજાયેલી સામાન્ય ચૂંટણીના પરિણામો જોતા ભાજપે ૩૪ બેઠકો કબજે કરી બુલડોઝર ફેરવી નાખ્યું છે. કોંગ્રેસને ફાળે માત્ર બે જ બેઠકો આવી છે. એ જ રીતે થરા નગરપાલિકાની ૨૪માંથી ૨૦ બેઠક ભાજપ અને ૪ બેઠક સફળતા મેળવી છે. ભાણવડ નગરપાલિકાની ૨૪માંથી ૧૬ બેઠકો કોંગ્રેસે કબજે કરી છે જ્યારે ભાજપને અડધી એટલે કે ૮ બેઠકો મેળવી સંતોષ માનવો પડયો છે. અમદાવાદ મહાનગરપાલિકાની ઈસનપુર અને ચાંદખેડા તથા જૂનાગઢ

ગાંધીનગર મનપા તથા ઓખા અને થરા નગરપાલિકા ભાજપે કબજે કરી જ્યારે ભાણવડ નગરપાલિકા કોંગ્રેસે આંચકી

બેઠકોની પેટાચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા પર ભાજપે સુપડા સાફ કરી ૪૪માંથી ૪૧ બેઠકો કબજે કરી ભગવો લહેરાવ્યો છે. ઓખા નગરપાલિકાની ૩૬ કોંગ્રેસે કબજે કરી છે. જ્યારે ભાણવડ નગરપાલિકા પર ધારાસભ્ય વિક્રમ માડમની અથાગ મહેનતને લીધે ભાજપના પ્રચંડ લહેર વચ્ચે પણ કોંગ્રેસે કબજો જમાવવામાં મનપાની ૧ બેઠક પર પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં અમદાવાદની બંને બેઠકો ભાજપે અને જૂનાગઢની એક બેઠક કોંગ્રેસે કબજે કરી છે. સાત જિલ્લા પંચાયતની ૮ બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી તેમાંથી ભાજપે પાંચ અને કોંગ્રેસે ૩ બેઠકો પર જીત મેળવી છે. તાલુકા પંચાયતની ૪૪ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપે ૨૮ કોંગ્રેસે ૧૩, આપે-૨ અને અપક્ષે-૧ બેઠક જ્યારે નગરપાલિકાની ૪૫ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપે ૩૭, કોંગ્રેસે ત્રણ તથા અન્ય પક્ષો અને અપક્ષોએ ૫ બેઠકો પર કબજો કર્યો છે. આમ કુલ ૨૨૮ બેઠકોની સામાન્ય અને પેટાચૂંટણી યોજાઈ હતી. તે પૈકી ભાજપે ૧૭૫ બેઠકો કબજે કરી સુપડા સાફ કરી નાખ્યા છે. જ્યારે કોંગ્રેસના ફાળે ૪૪ આપને ફાળે-૩ તથા અન્યોને ૬ બેઠકો મળી છે.

ગાંધીનગર મનપામાં ભાજપને સત્તા અપાવવામાં આપ મદદકર્તા બની

સત્તા વિરોધી મતનું વિભાજન કરાવવામાં ભાજપની ચાલ સફળ : કોંગ્રેસ

અમદાવાદ, તા.૫

રાજયમાં યોજાયેલ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની પેટાચૂંટણીના પરિણામો અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજયની ત્રણ નગરપાલિકા પેટાચૂંટણીમાં જામનગર જિલ્લાની ભાણવડ નગરપાલિકામાં કોંગ્રેસપક્ષને ૧૬ બેઠક સંપૂર્ણ બહુમતિથી સાથે જનઆશીર્વાદ મળ્યા છે. ભાણવડ નગરપાલિકા કોંગ્રેસ પક્ષે બહુમતિથી ભાજપ પાસેથી આંચકી લીધી છે. તાલુકા પંચાયતની ૧૪ બેઠકો અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો ઉપર કોંગ્રેસ પક્ષનો વિજય થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૮ની બેઠક પર કોંગ્રેસ પક્ષનો વિજય થયો છે. વોર્ડ નં.૮ની એક બેઠકની પેટાચૂંટણીમાં ભાજપે ડિપોઝિટ ગુમાવી છે. કોંગ્રેસ પક્ષના પંજા ઉપર ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓને કોંગ્રેસ પક્ષ વતી અભિનંદન આપું છું અને સ્થાનિક કાર્યકર્તાઓ, આગેવાનોને પણ અભિનંદન પાઠવું છે. પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને જન સમર્થન, જન આશીર્વાદ આપનાર તમામ મતદાતાઓનો આભાર માનીએ છીએ. ગાંધીનગર મહાનગરપાલિકાના પરિણામનું વિસ્તૃત વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, સત્તા વિરોધી મતનું વિભાજન માટે ભાજપે ગોઠવેલી ચાલ સફળ થઈ છે અને આમ આદમી પાર્ટી ભાજપની 'બી' ટીમ તરીકે ભાજપને સત્તા અપાવવામાં મદદકર્તા બની છે. મતની ટકાવારીના વિભાજનમાં પણ સ્પષ્ટ દેખાય છે.

કોરોના મહામારીમાં લોકોના થયેલાં મોત, પારાવાર મુશ્કેલી, મોંઘવારી, બેરોજગારી સહિતના મુદ્દાઓને પ્રજા હિતમાં વધુ મજબૂતીથી લોકો સુધી પહોંચાડવા માટે મહેનત કરીશું. ગુજરાતના યુવાનો, મહિલાઓ, ખેડૂતોના હક્ક અધિકાર માટે અને ખાસ કરીને શિક્ષણ આરોગ્ય, રોજગાર, મોંઘવારી સહિતના મુદ્દાઓ સાથે પ્રજાના હક્ક, અધિકારની લડત કોંગ્રેસ પક્ષ મક્કમતાથી લડશે.

ગાંધીનગર મનપા પર પ્રથમવાર પ્રચંડ બહુમતી સાથે ભાજપનો કબજો

૪૪ બેઠકોમાંથી ૪૧ બેઠકો પર ભાજપ જ્યારે કોંગ્રેસને માત્ર બે બેઠકો, આપને ૧ બેઠક મળી • આ અગાઉ બંને ચૂંટણીમાં કોંગ્રેસ સત્તાની નજીક પહોંચી ગઈ હોવા છતાં પક્ષપલટુઓને કારણે વંચિત રહી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી ભાજપે પ્રથમવાર સંપૂર્ણ કબજો મેળવ્યો છે. આ અગાઉ ૨૦૧૧માં પાતળી બહુમતી સાથે કોંગ્રેસે સત્તા સંભાળી હતી જ્યારે ૨૦૧૬મા ભાજપ કોંગ્રેસે ૧૬-૧૬ બેઠકો મળતા કોંગ્રેસના કોર્પોરેટરોના પક્ષપલટાથી બંને વખતે ભાજપે સત્તા કબજે કરી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧માં ભાજપે સંપૂર્ણ બહુમતી સાથે ૧૦ વર્ષમાં પ્રથમવાર ગાંધીનગર મનપા કબજે કરી છે. ગાંધીનગર મનપા માટે કુલ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાંથી ૪૧ બેઠકો પર ભાજપે વિજય મેળવ્યો છે. ૧૧ પૈકી ૮ વોર્ડમાં તો ભાજપની આખેઆખી પેનલ જીતી ગઈ છે. જ્યારે વોર્ડ નંબર ૨-મા અને વોર્ડ નં.-૩મા કોંગ્રેસને એક એક બેઠક મળી છે. જ્યારે વોર્ડ નં.૬મા એક બેઠક પર આપના ઉમેદવાર વિજયી થયા છે. આમ આપ આદમી પાર્ટીએ ભલે એક બેઠક મેળવી હોય પરંતુ તેણે કોંગ્રેસનો ખેલ બગાડી નાખ્યો છે. ગાંધીનગર મનપાની ૪૪ બેઠકો પૈકી ૪૧ બેઠકો પર ભાજપે જીત મેળવી છે.કોંગ્રેસને માત્ર ૩ અને આમ આદમી પાર્ટીએ માત્ર એક બેઠક પર જીત મેળવી છે. ભાજપને ૧૦ વર્ષમાં પહેલી વખત આ શહેરમાં સ્પષ્ટ બહુમતી મળી છે. બીજી તરફ ભાજપ પાસે હવે ગુજરાતના તમામ મોટા શહેરોમાં કોર્પોરેશનની સત્તા આવી ચુકી છે. ગાંધીનગરમાં આ વખતે ભાજપ દ્વારા નો રિપિટ થિયરી લાગુ કરવામાં આવી હતી. જેમાં મોટાભાગના સિટિંગ કોર્પોરેટરોનાં પત્તા કપાયાં હતાં. જોકે, આ વખતે પાટનગરમાં કોંગ્રેસના વોટ આમ આદમી પાર્ટીએ તોડ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કારણકે, આપના આગમનથી ભાજપને ખાસ ફરક પડ્યો હોય તેવું જણાતું નથી, પરંતુ કોંગ્રેસને તેનાથી મોટો ફટકો પડ્યો છે. પ્રારંભિક અંદાજો અનુસાર, આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના વોટ તોડ્યા છે. જોકે, સુરત મ્યુ. કોર્પોરેશનમાં આશ્ચર્યજનક દેખાવ કરનારી આમ આદમી પાર્ટી ગાંધીનગરની ચૂંટણીમાં ખાસ ઝળકી શકી નથી. રાજ્યમાં હાલમાં જ સત્તા પરિવર્તન થયું છે. પૂર્વ સીએમ વિજય રૂપાણી અને તેમના તમામ મંત્રીઓની એક્ઝિટ બાદ નવા સીએમ ભૂપેન્દ્ર પટેલ અને તેમની ટીમને ગુજરાતના શાસનની ધૂરા સોંપવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલના સત્તામાં આવ્યા બાદ પહેલીવાર રાજ્યમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપનો દેખાવ ઉત્કૃષ્ટ રહેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રથમ ટ્રાયલમાં પાસ થયા છે.

ગાંધીનગરમાં જીત્યા પણ રૂપાણી અને બાવળિયાના ગઢમાં નિરાશા હાથ લાગી

રાજકોટ જિલ્લા પંચાયતની બે અને ઉપલેટા નગરપાલિકાની વોર્ડ નં.-૫ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની જીત

રાજ્યમાં ગાંધીનગર મનપાની સાથે-સાથે ખાલી પડેલી, નગરપાલિકા, તાલુકા પંચાય અને જિલ્લા પંચાયતની બેઠક પર પણ ચૂંટણી યોજાઈ હતી. ગાંધીનગર મહાનગરપાલિકા ભાજપે કબજે કરી છે અને ત્યાં જીતની ઉજવણી પણ શરૂ થઈ ગઈ છે. ત્યારે બીજી તરફ રાજકોટ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ખાલી બેઠકોની ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ મંત્રી કુંવરજી બાવળિયાના ગઢમાં ગાબડું પડ્યું છે. રાજકોટ જિલ્લા પંચાયતની સાણથલી અને શિવરાજપુર બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની જીત થઇ છે. આ બે બેઠકની જવાબદારી પૂર્વ મંત્રી કુંવરજી બાવળિયાને સોંપવામાં આવી છે. તો બીજી તરફ ઉપલેટા નગરપાલિકાની વોર્ડ નંબર પની પેટાચૂંટણીમાં પણ ભાજપનો પરાજય થયો છે. મહત્ત્વની વાત છે કે, રાજકોટ જિલ્લા પંચાયતની સાણથલી અને શિવરાજપુર આ બંને બેઠક જસદણમાં આવે છે. તેથી તેની જવાબદારી પૂર્વ કેબીનેટ મંત્રી કુંવરજી બાવળીયાને સોંપવામાં આવી હતી. પણ તેઓ આ બેઠક ભાજપને જીતાડવામાં સમર્થ ન રહ્યા તેમના ગઢમાં ગાબડું પડ્યું અને તેનો સીધો ફટકો વિજય રૂપાણીના હોમટાઉનમાં પડ્યો છે.

અમદાવાદ સિવિલમાં GCRIની સોનેરી સિદ્ધિ

ભારતમાં અત્યારસુધીના સૌથી મોટા ૧૦ સે.મી.ના બ્રાઉન ટ્યુમરની સફળ સર્જરી

• ઉત્તરપ્રદેશના શોભનાથ ગુપ્તાના જડબામાં નાના ચણા જેવડી ગાંઠ ધીરે-ધીરે વધીને ૧૦ સેન્ટીમીટરની થઈ ગઈ હતી
• શરીરમાં હિમોગ્લોબિન ઘટી જવાથી દર્દી બોલે, ચાવે કે બાયોપ્સી લેવામાં આવે ત્યારે મોંઢામાંથી સતત રક્તસ્રાવ થતો હતો

અમદાવાદ, તા.૫

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (જીસીઆરઆઈ)માં ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા ૧૦ સે.મી. કદના બ્રાઉન ટ્યુમરની સફળ સર્જરી કરાઈ છે. આ સાથે જીસીઆરઆઈએ વધુ એક સિદ્ધિનું સોપાન સર કર્યું છે.

ભારતમાં અત્યાર સુધીમાં બ્રાઉન ટ્યુમરના નોંધાયેલા કેસમાં ટ્યુમરનું કદ મહત્તમ ૪ x ૩ સેન્ટિમિટરનું નોંધાયું છે, જ્યારે જીસીઆરઆઈમાં જે ટ્યુમરની સર્જરી થઈ છે તે ટ્યુમરનું કદ ૧૦ ટ ૧૦ સેન્ટિમિટરનું છે. આમ આ અત્યાર સુધીનું સૌથી મોટું જડબાનું બ્રાઉન ટ્યુમર છે.

જીસીઆરઆઈમાં ભારતના અત્યાર સુધીના સૌથી મોટા કદના બ્રાઉન ટ્યૂમરની સર્જરી જે દર્દી પર થઈ છે તે દર્દી પણ ઉત્તર પ્રદેશના નિવાસી છે. ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાના અમેઠી ગામમાં રહેતા શોભનાથ ગુમાના જડબામાં માર્ચ ૨૦૨૧થી નાના ચણાં જેવડી ગાંઠ થઈ હતી જે ધીરે ધીરે વધીને ૧૦ સેન્ટિમિટરની થઈ ગઈ હતી. જુલાઈ ૨૦૨૧ના અંતમાં તેઓ જીસીઆરઆઈમાં આવ્યા તે પહેલા તેમણે ઉત્તર પ્રદેશની અલગ અલગ ૪-૫ હોસ્પિટલ્સમાં ઈલાજ માટે ગયા હતાં, પરંતુ ક્યાંય સંતોષજનક સારવાર થઈ નહોતી. દર્દીની આર્થિક સ્થિતિ પણ ખરાબ હતી અને તે મોંઘી સારવાર કરાવી શકે તેમ નહોતા. આખરે એક નજીકના સગાએ જીસીઆરઆઈ વિશે વાત કરતા શોભનાથ આશાના છેલ્લા કિરણ સમાન જીસીઆરઆઈમાં આવ્યા હતા. જીસીઆરઆઈમાં શોભનાથ ગુમાના ટ્યુમરનો સચોટ તાગ મેળવવા માટે સીટી સ્કેન સહિતના તેમના જુદા-જુદા ટેસ્ટ કરવામાં આવ્યા અને આ પેરા થાઈરોઈડનું ટ્યુમર હોવાનું નિદાન થયા બાદ તેમની સર્જરી કરવાનો નિર્ણય લેવાયો. બ્રાઉન ટ્યુમર હોવાના કારણે દર્દીનું હિમોગ્લોબિનનું સ્તર સાવ ઘટી ગયું હતું. આ ડોક્ટર્સ માટે એક જટિલ સમસ્યા હતી, કેમકે આટલા ઓછા લોહીમાં પણ દર્દીની સર્જરી કરીને આટલું મોટું ટ્યુમર કાઢવું તથા દર્દીના જડબામાં પ્લેટિંગની પ્રક્રિયા કરવી તે સૌથી મોટો પડકાર હતો. જેના કારણે સર્જરી પહેલા, સર્જરી દરમિયાન અને તે પછી પણ તેમને લોહી ચડાવવામાં આવ્યું હતું. સર્જરીમાં શોભનાથના ટ્યુમરના મુખ્ય કારણ સમાન થાઈરોઈડની ગ્રંથિ દૂર કરવામાં આવી હતી. આ સર્જરી અંગે માહિતી આપતા જીસીઆરઆઈના હેડ એન્ડ નેક વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રિયાંક રાઠોડે જણાવ્યું કે, શરીરમાં થાઈરોડની પાછળ ચાર બટન જેવડી નાની ગ્રંથિ હોય છે જે પેરા થાઈરોઇડ તરીકે ઓળખાય છે, તેનું શરીરમાં મુખ્ય કામ કૅલ્શિયમનું સ્તર જાળવવાનું હોય છે. પેરા થાઈરોઇડ જો વધુ કૅલ્શિયમનું સ્તર વધઘટ થાય તો શરીરના મોટા હાડકામાં ટ્યુમર થવાની સંભાવના રહેલી હોય છે, જેને બ્રાઉન ટ્યુમર તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનું ટ્યુમર શરીરના બીજા હાડકામાં થવું સામાન્ય ઘટના છે, પણ જડબામાં એ ટ્યુમર થવું ખુબ દુર્લભ હોય છે અને આ પ્રકારનું ટ્યુમર પ્રત્યેક દસ લાખ વ્યક્તિએ એકમાં જોવા મળે છે. વાસ્તવમાં આ એક પ્રકારની ગાંઠ હોય છે. આ ટ્યુમર બ્રાઉન ટ્યુમર તરીકે ઓળખાય છે કારણકે આવા ટ્યુમરમાં લોહીનું પ્રમાણ વધારે હોય છે, જેના કારણે તેનો રંગ કથ્થઈ થઈ જાય છે. આ ટ્યુમરમાં દર્દીના શરીરમાં હિમોગ્લોબિન ઘટી જાય છે કારણ કે દર્દી બોલે, ચાવે કે બાયોપ્સી લેવામાં આવે ત્યારે મોઢામાંથી બ્લડ લોસ વધુ થાય છે. શોભનાથ ભાઈના કિસ્સામાં તો ટ્યુમરને સાદો સ્પર્શ કરવામાં આવે તો પણ બ્લડિંગ થતુ હતું. જો શોભનાથ ગુપ્તાનું ઓપરેશન ન થયું હોત તો ટ્યુમર બીજા હાડકામાં પણ આ ટ્યુમર થવાની શક્યતા હતી. શરીરમાં વધારાના કેલ્શિયમનો નિકાલ કરવાનું કામ કરતી કિડનીને પણ ગંભીર ક્ષતિ પહોંચવાની સંભાવના રહેલી હતી. પથરીની સમસ્યા પણ થઈ શકે તેમ હતી. સર્જરી બાદ શોભનાથ ગુપ્તાને સમયાંતરે કેલ્શિયમના ઈન્જેક્શન તથા સ્કેન તકેદારીના ભાગરૂપે કરવામાં આવશે. આના સ્કેન બહાર ખુબ મોંઘા થાય છે જે જીસીઆરઆઈમાં વિનામૂલ્યે થાય છે. શોભનાથ પર જે સર્જરી થઈ છે તે અન્ય ખાનગી હોસ્પિટલોમાં કદાચ રૂા. ૪-૫ લાખમાં થઈ હોત, જે જીસીઆરઆઈમાં તદ્દન વિનામૂલ્યે સંપન્ન થઈ છે.

પ્રવાસી શિક્ષકો માટે એજન્સીના બદલે રોજગાર કચેરીનો સહારો લેવા માગણી

છ વર્ષથી પ્રવાસી શિક્ષકોના મહેનતાણા વધ્યા ન હોય વધારો કરવા સંચાલક મંડળની રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજ્યના પ્રવાસી શિક્ષકોને લઈને સંચાલક મંડળ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. જેમાં સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે પ્રવાસી શિક્ષકોના મહેનતાણા ૬ વર્ષ પહેલા નક્કી કરાયા હોય તેમાં વધારો કરવા માંગણી કરી છે. ઉપરાંત પ્રવાસી શિક્ષક માટે એજન્સીના બદલે જિલ્લાની રોજગાર કચેરીમાંથી જ નિમણુંક થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં ૨૦૧૫માં પ્રવાસી શિક્ષક એટલે કે તાસ દિઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરવાની પધ્ધતિ અમલમાં આવી હતી. જેમાં પ્રાથમિક શિક્ષણમાં તાસ દીઠ રૂ. ૫૦ મુજબ દૈનિક ૬ તાસના મહત્તમ રૂ. ૩૦૦, માધ્યમિક શિક્ષણમાં તાસ દીઠ રૂ. ૭૫ પ્રમાણે મહત્તમ રૂ. ૪૫૦ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં તાસ દીઠ રૂ. ૯૦ મુજબ મહત્તમ રૂ. ૫૪૦ ચુકવવા માટે મંજુરી અપાઈ હતી. પ્રાથમિક શિક્ષણમાં તાસ પધ્ધતિ ન હોય ત્યાં દૈનિક મહત્તમ રૂ. ૩૦૦ અને માસિક રૂ. ૭૫૦૦થી વધે નહી તે રીતે, માધ્યમિકમાં માસિક રૂ. ૧૩૪૦૦થી વધે નહી તે રીતે અને ઉચ્ચતર માધ્યમિકમાં માસિક રૂ. ૧૩૭૦૦થી વધે નહીં તે રીતે ચુકવવાનું નક્કી કરાયું હતું. જે તે વખતે તાસ દિઠ મહેનતાણું નક્કી કરતી વખતે ફિક્સ પગારના શિક્ષકોના પગારની રકમની ગણતરી ધ્યાનમાં લેવામાં આવી હોય તેમ જણાતું હતું. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીય ભરતી સમિતી દ્વારા ભરતી કરવામાં આવતા કાયમી ફિક્સ પગારી કર્મચારીઓના વેતનમાં અંદાજે ૩થી ૪ ગણો વધારો થયો છે, તેને જોતા તાસ દીઠ મહેનતાણું વધારવા માટે સંચાલક મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે. સંચાલક મંડળ દ્વારા મહેનતાણા માટે ભલામણ કરી છે તે મુજબ પ્રાથમિકમાં તાસ દીઠ રૂ. ૭૫ અને મહત્તમ રૂ. ૪૫૦, માધ્યમિકમાં તાસ દીઠ રૂ. ૧૦૦ અને મહત્તમ રૂ. ૬૦૦ તથા ઉચ્ચતર માધ્યમિકમાં તાસ દીઠ રૂ. ૧૫૦ અને મહત્તમ રૂ. ૯૦૦ રાખવા જણાવ્યું છે. ઉપરાંત પ્રવાસી શિક્ષકોને લઈને કેટલીક વિસંગતતાઓ દુર કરવા માટે પણ જણાવાયું છે. પ્રવાસી શિક્ષક એજન્સી થકી રાખવા માટે જણાવાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના નગરોમાં

વરસાદથી નુકસાન થયેલા માર્ગોની મરામત માટે રૂા. ૭૪ કરોડની ફાળવણી

મુખ્યમંત્રી સડક યોજના અન્વયે પાલિકાઓને ૩૦ લાખથી ૭૫ લાખ રૂપિયા ફાળવાશે

અમદાવાદ, તા.૫

રાજ્યમાં ભારે વરસાદને કારણે આ વર્ષે રાજ્યના નગરોમાં માર્ગ રસ્તાઓને થયેલા નુકસાનની મરામત અને રોડ રિસરફેસના કામો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭૪.૭૦ કરોડ રૂપિયા મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત તત્કાલ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં આ ચોમાસા દરમ્યાન ભારે થયેલા વરસાદ અને હજુ પણ વરસાદની સ્થિતિ જોતાં શહેરી વિસ્તારોમાં રસ્તા માર્ગોને જે નુકસાન થયું છે. તેનું રિપેરીંગ, રિસરફેસ તેમજ નાગરિક સુવિધા વૃદ્ધિના માર્ગ મરામત કામોમાં થર્મો પ્લાસ્ટિક રોડ પેઈન્ટ, કર્બ પેઈન્ટ, સ્ટ્રીટ લાઈટ બોર્ડ અને રોડ સેફટીના કામો વગેરે માટે આ રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ કામો ઝડપથી હાથ ધરાય અને નાગરિકોને આવાગમનની સરળતા રહે તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તે હેતુસર તત્કાલ દરેક નગરપાલિકાઓને આ રકમ ફાળવવાનો જનહિત અભિગમ મુખ્યમંત્રીએ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્યની 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને ૭૫ લાખ, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને પ્રત્યેકને ૬૦ લાખ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને ૪૫ લાખ તેમજ 'ડ' વર્ગની ૪૪ નગરપાલિકાઓને પ્રત્યેકને ૩૦ લાખ એમ રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓને સમગ્રતયા ૭૪.૭૦ કરોડ રૂપિયા રોડ રસ્તા રિપેરીંગ, રિસરફેસીંગના કામો માટે ફાળવવામાં આવ્યા છે.

ભરૂચ નગરપાલિકા વોર્ડ નંબર 10માં AIMIMના મહિલા ઉમેદવારની જીત

AIMIM - સાદીકાબીબી શેખ - 2809
BJP- ફાતમાબેન ફઝલ પટેલ - 1400
CONGRESS-સાયરાબેન મોહમ્મદ શેખ - 1303
AAP- ફરીદબાનુ ઝફર શેખ - 180
નોટા - 39

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS